પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ખેલાયેલાં

વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ

ભાગ ૨

● નગેન્દ્ર વિજય

પચાસ રૂપિયા

VISIT…

LANZAROTE
Caliente.com



વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ

ભાગ ૨

લેખક :

નગેન્દ્ર વિજય

■

મુખપૃષ્ઠ ડિઝાઇન :

હર્ષલ પુષ્કર્ણા

■

મુદ્રક અને પ્રકાશક :

મૌર્ય મીડિયા

અમદાવાદ

■

મુદ્રણસ્થાન :

એલાઇડ ઑફસેટ પ્રિન્ટર્સ

ગોમતીપુર, અમદાવાદ

■

કિંમત :

પચાસ રૂપિયા

■

વેબસાઇટ :

www.safari-india.com

માનવતવારીખનું સૌથી લોહીયાળ એવું બીજું વિશ્વયુદ્ધ ૧૯૪૫માં પૂરૂં થયું એ પછી વિજેતા દેશોએ યુદ્ધની ઐતિહાસિક તવારીખ લખી. યુદ્ધનો ઇતિહાસ લખવાનો અધિકાર હંમેશા વિજેતા ભોગવે. પરિણામે વિશ્વયુદ્ધના વિજેતા દેશોએ તવારીખમાં પોતાના સાહસો તથા દેશના સાહસિકોના મ્હોંફાટ વખાણ કર્યાં. બીજી તરફ ઇતિહાસકારોએ ટીકાત્મક વલણ દાખવીને જાપાન તથા જર્મનીને વિશ્વયુદ્ધનો ભડકો ફેલાવવા માટે દોષિત ઠરાવ્યા. વધુ અણગમો તેમણે એડોલ્ફ હિટલર પ્રત્યે દાખવ્યો, કેમ કે એ સરમુખત્યારે બીજા વિશ્વયુદ્ધની હોળી પ્રગટાવી હતી. કદાચ એટલે જ હિટલરનું ચિતરણ એક ખલનાયક તરીકે કરવામાં આવ્યું. નવાઇની વાત તો એ કે સમગ્ર માનવજાતના દિમાગમાં હિટલરનું એ વ્યક્તિત્વ ફીટ બેસી ગયું ! સિક્કાની બીજી બાજુ તપાસવાની કોઇએ તસ્દી સુદ્ધાં લીધી નહિ. જર્મન સરમુખત્યારે બ્રિટન, રશિયા, ઑસ્ટ્રિયા-હંગેરી, પોલેન્ડ, ફ્રાન્સ વગેરે દેશોને યુદ્ધમોરચે કયા કારણસર પડકાર્યા તેનું સંશોધન કરવાનુંય કોઇને સૂઝ્યું નહિ. બન્યું છેવટે એવું કે એડોલ્ફ હિટલરની પિછાણ વર્ષો સુધી ખલનાયક તરીકેની રહી !

પચાસેક વર્ષ પછી આજે સ્થિતિ બદલાઇ છે. ગઇ કાલનો ખલનાયક હિટલર હવે કરોડો લોકોનો હિરો બન્યો છે. કારણ એટલું જ કે હિટલરના વ્યક્તિત્વની બીજી બાજુ તપાસવામાં છેલ્લાં કેટલાંક વર્ષથી અનેક લોકો રસ લેતા થયા છે. ૧૯૧૮માં પહેલું વિશ્વયુદ્ધ પૂરૂં થયા પછી વિજેતા દેશોએ યુદ્ધનો ખર્ચ વસૂલ કરવા માટે જર્મની પર કરોડો ડોલરની પેનલ્ટી ઠોકી બેસાડી, જર્મનીના કારખાનાં કબજે કર્યાં, ઘણુંખરૂં પશુધન પણ આંચકી લીધું, શસ્ત્રસરંજામ તફડાવી લીધો તથા દરેક પ્રજાજનને આર્થિક રીતે પાયમાલ કરી નાખ્યા ત્યારે એક એડોલ્ફ હિટલર નામનો ભડવીર પોતાના દેશની પ્રજાને વિદેશી સત્તાઓના જોરજુલમોમાંથી બચાવવા મેદાને પડે તો તેને હિરો ગણવો કે વિલન ? બેશક બ્રિટન, ફ્રાન્સ, પોલેન્ડ વગેરે દેશો માટે હિટલર ખલનાયક ખરો, પરંતુ ખુદ જર્મનીની પ્રજા તેને ખલનાયક તરીકે ઓળખાવે તે યોગ્ય ખરૂં?


એડોલ્ફ હિટલરના વ્યક્તિત્વનું જમા પાસું ગુજરાતી સાહિત્યમાં પ્રથમ વાર 'સફારી' મેગેઝિને ઊંડાણપૂર્વક સમજાવ્યું ત્યારે હિટલર પ્રત્યે વાચકોનો અભિગમ સદંતર બદલાયો. જર્મન સરમુખત્યારને વાચકોએ દેશદ્રોહી નહિ, પરંતુ દેશભક્ત તરીકે ઓળખ્યો. પ્રસ્તુત અંકમાં રજૂ કરેલી યુદ્ધકથાઓ અગાઉ 'સફારી'માં પ્રગટ થઇ ચૂકી છે. દરેક કથા સસ્પેન્સ અને સાહસથી ભરપૂર તો છે ઉપરાંત દરેકમાં એડોલ્ફ હિટલરના વ્યક્તિત્વની ઝાંખી કરાવવામાં આવી છે. પરિણામે કથા વાંચ્યા પછી હિટલરને હિરો ગણવો કે તેની પિછાણ ખલનાયક તરીકે જ રહેવા દેવી એ નક્કી કરવાનું કામ વાચકોનું !

--*હર્ષલ પુષ્કર્ણા*

અનુક્રમ



1



'ગ્રાફ સ્પી' સામે બ્રિટીશ યુદ્ધજહાજોનો સંગ્રામ


શિકારી કૂતરાઓ પડછંદ વાઘને ત્રણ દિશામાં ઘેરી વારાફરતી તેનું માંસ કોચે તેમ ત્રણ બ્રિટીશ ક્રૂઝરો સમુદ્રી વાઘ ગણાતા જર્મન યુદ્ધજહાજ 'ગ્રાફ સ્પી' સામે લાગલગાટ દોઢ કલાક લડી અને છેવટે મરણતોલ રીતે તેને જખમી કરીને જ દમ લીધો! દરિયાઈ સંગ્રામ ભલે માત્ર દોઢ કલાક સુધી ચાલ્યો, છતાં તે દરમ્યાન સરેરાશ એક મિનિટદીઠ પાંચ તોપગોળા છોડવામાં આવ્યા હતા ! અંદાજે સાડા સાતસો !

ઇતિહાસમાં હંમેશ માટે યાદગાર રહી જાય તેવો ગોઝારો દિવસ : સપ્ટેમ્બર ૧, ૧૯૩૯.

હિટલરનું પ્રચંડ ઘોડાપૂર જેવું નાઝી સૈન્ય વહેલી સવારે ૬:૦૦ વાગ્યે અચાનક પૂર્વ સરહદ ઓળંગીને પડોશી દેશ પોલેન્ડમાં દાખલ થયું અને ત્યાંના લશ્કરને સાબદા કે સજ્જ થવાનો સમય આપ્યા વગર જ આખો દેશ જીતી લીધો. બીજા વિશ્વવિગ્રહનો તે હુમલા સાથે આરંભ થયો, કેમ કે બ્રિટને તથા ફ્રાન્સે હિટલરના જર્મની સામે તરત યુદ્ધ જાહેર કર્યું. પહેલાં વિશ્વવિગ્રહમાં તે બન્ને દેશોએ જર્મનીને બહુ ખરાબ રીતે પરાજય આપ્યો હતો એટલું જ નહિ, પણ જર્મની પાસે ત્યાર બાદ ખંડણી વસૂલ કરતા હતા. આથી પોલેન્ડને હરાવ્યા પછી હિટલર તેમની સામે પણ લડ્યા વિના અને જૂનો હિસાબ ચૂક્તે લીધા વિના જંપે તેમ ન હતો. બ્રિટનને તથા ફ્રાન્સને થયું કે જર્મન સરમુખત્યારનો મુકાબલો જો વહેલીતકે ન કરાય તો યુરોપના બીજા દેશો જીતીને એ વધુ તાકાતવાન બને. સૌ પ્રથમ તો જર્મનીનાં બંદરો પાસે નાકાબંધીનો પહેરો ગોઠવવો રહ્યો, જેથી તેમાં રહેલાં શક્તિશાળી જર્મન યુદ્ધજહાજો બહાર નીકળી ખુલ્લા સમુદ્રમાં આવે નહિ. હિટલરે 'બિસ્માર્ક', 'ટિર્પિટ્ઝ', 'સ્કેર્નહોર્સ્ટ', 'પ્રિન્સ યુજેન', 'શીયર' વગેરે પ્રચંડ યુદ્ધજહાજો ખાસ બીજું વિશ્વયુદ્ધ લડવા માટે અને જીતવા માટે બંધાવ્યાં હતાં. પહેલા વિશ્વયુદ્ધમાં હાર્યા પછી જર્મનીને વિજેતા દેશોનો હુકમ મળેલો કે તેણે અમુક ટન કરતાં વધુ મોટાં યુદ્ધજહાજો ન બાંધવાં તેમજ અમુક સંખ્યા કરતાં વધુ સબમરિનોનું પણ બાંધકામ ન કરવું, છતાં આવા હુકમને ગણકારે તે હિટલર શેનો ?


આ નાઝી સરમુખત્યારે દુશ્મનોને ખરો ડિંગો તો બીજું વિશ્વયુદ્ધ શરૂ કર્યા પછી દેખાડ્યો. એક તરફ સપ્ટેમ્બર ૧, ૧૯૩૯નાં રોજ તેનું

◆ હિટલરનું પોકેટ બેટલશિપ 'ગ્રાફ સ્પી' દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગરમાં ચોમેર ફરી વળ્યું અને બ્રિટનના નાકે દમ આણી દીધો



સૈન્ય પોલેન્ડમાં ઘૂસ્યું, તો બીજી તરફ 'બિસ્માર્ક' સહિત ઘણાંખરાં મહાકાય જર્મન યુદ્ધજહાજો પોતાનાં નૌકામથકો છોડી ચૂપચાપ બહાર નીકળી ગયાં. બ્રિટીશ અને ફ્રેન્ચ જહાજોના કાફલા જર્મન નૌકામથકો પાસે ઘેરો નાખવા માટે પહોંચ્યાં ત્યારે બધા તોફાની ઘોડા જાણે કે તબેલા છોડીને નાસી ગયા હતા ! દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગર તરફ જતા રહેલા એક મારકણા ઘોડાનું નામ હતું : 'ગ્રાફ સ્પી.'

'ગ્રાફ સ્પી'નો ફોટો બરાબર ધારીને જુઓ. હિટલરે 'બિસ્માર્ક' અને 'ટિર્પિટ્ઝ' તો જાણે બહુ મોટા કદનાં બનાવ્યાં હતાં, માટે પચાસેક હજાર ટનનાં એ યુદ્ધજહાજો અંગ્રેજીમાં બેટલશિપ કહેવાતાં હતાં. પરંતુ એ પહેલાં બનેલું 'ગ્રાફ સ્પી' બેટલશિપ નહિ. પોકેટ બેટલશિપ હતું. વજન ૧૦,૦૦૦ ટન--એટલે કે મોટી ક્રૂઝર મનવાર જેટલું, છતાં બળુકી તોપો બેટલશિપની ! હિટલરે 'ગ્રાફ સ્પી'ના બાંધકામમાં ચાલાકી જ વાપરી હતી. પ્રથમ વિશ્વયુદ્ધમાં હારેલું જર્મની અમુક કદ સુધીનાં યુદ્ધજહાજો બાંધી શકે તેવા જાલિમ કાયદાનો હિટલરે શરૂઆતે ફરજિયાત અમલ કરવો પડ્યો હતો. અંગ્રેજ તથા ફ્રેન્ચ નિરીક્ષકો જહાજવાડામાં બંધાતા નવા યુદ્ધજહાજનું પણ કદ તપાસ્યા બાદ પાછા જતા રહે એટલે નાઝી સરમુખત્યાર તે જહાજ પર જંગી તોપો ફીટ કરાવતો હતો. આ ચાલબાજી કરવામાં જર્મન નૌકાદળને બે મોટા ફાયદા થયા : પહેલો એ કે પોકેટ બેટલશિપ તરીકે બનેલું યુદ્ધજહાજ અસલમાં બેટલશિપ જેવડી તોતિંગ અને ભયાનક તોપો વડે સજ્જ હોય, એટલે સાગરસંગ્રામમાં દુશ્મન ક્રૂઝરોનો અથવા ડિસ્ટ્રોયરોનો તે ક્યાંય ઘડોલાડવો કરી નાખે. બીજો ફાયદો ઓછા વજનને લીધે મળે, કારણ કે બેટલશિપ કરતાં પોકેટ બેટલશિપ વધુ ઝડપી હોય અને સામસામી ગોલંદાજી વખતે સ્ફૂર્તિલા દાવપેચ પણ તે ખેલી જાણે.



♦ હિટલરે વિદેશી હકૂમતોની પરવા કર્યા વગર અનેક મોટાં યુદ્ધજહાજો બાંધ્યાં હતાં

આ બન્ને ગુણો પ્રભાવશાળી એવા 'ગ્રાફ સ્પી'માં પણ હતા. વજન તો ૧૦,૦૦૦ ટન, પરંતુ આગળ ત્રણ અને પાછળ ત્રણ એમ કુલ છ મોટી તોપો ૧૧''ના વ્યાસના મુખવાળી હતી! (એક ફૂટ કરતાં સહેજ ઓછા વ્યાસનો ત્રણ ફીટ લાંબો તોપગોળો પણ કલ્પી લો !) વધુમાં ૫.૯''ના વ્યાસની બીજી આઠ તોપો, ૪.૧૧''ના વ્યાસની છ વિમાનવિરોધી તોપો, આઠ નાની વિમાનવિરોધી તોપો, ૨૧''ના વ્યાસની આઠ ટોરપિડો ટ્યૂબ અને તે બધાં શસ્ત્રો વડે જેમનો શિકાર કરવાનો થાય તે દુશ્મન જહાજોને શોધવા સમુદ્રી આકાશમાં પેટ્રોલિંગ કરે તેવાં બે વિમાનો ! એક વિમાન હેન્કેલ પ્રકારનું હતું, જ્યારે બીજું આરાડો જાતનું હતું. ગિલોલ જેવા સ્ટીમ (વરાળ થકી ચાલતા) કેટેપૉલ્ટ વડે તેમને આકાશમાં ચડાવવા માટે ખાસ વ્યવસ્થા હતી. પેટ્રોલિંગના અંતે તેઓ જળસપાટી પર ઊતરે, 'ગ્રાફ સ્પી'ના પડખા નજીક સરકે અને તૂતક પર ગોઠવેલી યાંત્રિક ક્રેન તેમને અદ્ધર કરી પાછાં તેમનાં પ્લેટફોર્મ પર મૂકી દે. 'ગ્રાફ સ્પી'ની આટલી જબ્બર તાકાતને લીધે જર્મન નૌકાસેનાપતિ એડમિરલ એરિક રેયડર તે યુદ્ધજહાજને સમુદ્રના વાઘ તરીકે ઓળખાવતો હતો.

દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગરમાં તે વાઘે સખત હાહાકાર મચાવ્યો. વિશ્વયુદ્ધ અચાનક ફાટી નીકળ્યું હતું, એટલે બ્રિટન પાસે બળતણનો અને શસ્ત્રસરંજામ બનાવવા માટેના કાચા માલનો અનામત પુરવઠો ન હતો. આ જથ્થો તાબડતોબ મંગાવવાનો વખત આવ્યો. કાપડ તથા અનાજ તો હંમેશા આયાત કરવું પડતું હતું, જેની સામે નિકાસવેપાર પણ ચાલવો જોઈએ. 'ગ્રાફ સ્પી'ના કપ્તાન હાન્સ લેંગ્સડોર્ફે નક્કી કર્યું કે દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગરમાં અંગ્રેજોનાં માલવાહક જહાજોને સંચારબંધીનો કાયદો લાગુ પાડી દેવો. હિટલરે પોતાનાં બધાં યુદ્ધજહાજોને એ જ સૂચના આપી હતી. વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યાના પહેલા જ અઠવાડિયે પહેલું બ્રિટીશ વ્યાપારી જહાજ 'ગ્રાફ સ્પી'નો શિકાર બન્યું. આ જહાજને માત્ર દસ મિનિટમાં જળસમાધિ મળી અને વખતસર સમુદ્રમાં કૂદી પડેલા બહુ થોડા અંગ્રેજ ખલાસીઓ તરતા રહી શક્યા. 'ગ્રાફ સ્પી'ની સાથે હંકારતા 'આલ્ટમાર્ક' નામના જર્મન ઊતારૂ જહાજે તેમને ઉગારી લીધા, પરંતુ યુદ્ધકેદી તરીકે એ સૌને તૂતક નીચેના બંધ ભંડકિયામાં કેદ પકડી રાખ્યા.

દિવસો પછી બીજા અને ત્યાર બાદ ત્રીજા બ્રિટીશ માલવાહક જહાજના બિલકુલ એવા જ હાલ થયા. આ વખતે પણ જે થોડા ઘણા અંગ્રેજ ખલાસીઓ બચી જવા પામ્યા તેઓ 'આલ્ટમાર્ક'માં જર્મનીના યુદ્ધકેદી બન્યા. 'ગ્રાફ સ્પી'ના કપ્તાન હાન્સ લેંગ્સડોર્ફનો એક સિદ્ધાંત કે દુશ્મનના ગમે તે જહાજને કશી દયા ખાધા વગર ડૂબાડવું, પણ જહાજ સમુદ્રમાં ગરક થયા પછી જે ખલાસીઓ ફાંફાં મારીને તરી રહ્યા હોય અથવા લાઇફ બોટમાં હોય તેમને મધદરિયે નસીબના ભરોસે છોડી દેવા નહિ. લડાઈમાં પણ લાચાર દુશ્મન ખલાસીઓ પ્રત્યે નિર્દયી વર્તન કરવું તે શૂરવીર લડવૈયાને ન શોભે, માટે તેણે 'આલ્ટમાર્ક'ને પોતાની સાથે જ રાખ્યું હતું. બીજી રીતે જોવા બેસો તો એ યુદ્ધ કેવું કે જેમાં એક જહાજ દુશ્મનો પર ઠંડે કલેજે હુમલો કરે અને તેનું સાથી જહાજ ત્યાર બાદ આગળ વધી રહ્યાસહ્યા દુશ્મનોને ઉગારે !




વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યાના પહેલા જ અઠવાડિયે બ્રિટીશ વ્યાપારી જહાજ 'ગ્રાફ સ્પી'નો શિકાર બન્યું અને સમુદ્રમાં ગરક થઈ ગયું

એક રાત્રે કપ્તાન લેંગ્સડોર્ફે અણધારી રીતે બહુ મોટો શિકાર કર્યો. ક્ષિતિજ પર તેણે 'ડોરિસ સ્ટાર' નામની બ્રિટીશ આગબોટને હંકારતી

દીઠી. લેંગ્સડોર્ફે તેને પહેલી જ નજરે ઓળખી કાઢી, કારણ કે તે જાણીતી સિરિઝની પેસેન્જર આગબોટ હતી. અલબત્ત, વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યા પછી સામાન્ય મુસાફરો તેમાં પ્રવાસ ખેડતા હોય તે જરાય શક્ય ન હતું. બ્રિટીશ નૌકાદળે શસ્ત્રસજ્જ સૈનિકોને દેશદેશાવરના મોરચે પહોંચાડવા બધી પેસેન્જર આગબોટોને રોકી લીધી હતી.

'નિશાન લો !' કપ્તાન લેંગ્સડોર્ફે ઑર્ડર છોડ્યો. 'બબ્બેના રાઉન્ડમાં ગોલંદાજી ચલાવો !'


એક રાઉન્ડ એટલે માત્ર એક તોપગોળો, માટે વારાફરતી બે તોપોએ વીજળીના કડાકા જેવો અવાજ કરી પોતપોતાના ગોળા ઓકી કાઢ્યા. દરેક ગોળાનું વજન લગભગ ૨૦૦ કિલોગ્રામ હતું ! હવાને ચીરતી વખતે એ દરેકે કિકિયારીના તીક્ષ્ણ અવાજો કર્યા અને પછી જબરજસ્ત ધડાકા સાથે આગના ભડકા ઊઠ્યા ! ક્ષિતિજ પર 'ડોરિસ સ્ટાર'ના ફુરચા નીકળતા જોવા મળ્યા. 'ગ્રાફ સ્પી'ના જર્મન નાવિકોએ હર્ષનાદો કર્યા. કેટલાક જણા તોપચી ટુકડીને સચોટ નિશાન લેવા બદલ શાબાશી આપવા દોડ્યા. જ્યારે પેલી આગબોટ પર અંગ્રેજો પર શું વીત્યું હોય એ તો માત્ર તેમને ખબર હતી! 'ડોરિસ સ્ટાર' ઝડપભેર ડૂબવા લાગી. તોપગોળાના ભયંકર વિસ્ફોટમાં અનેક જણા તત્કાળ માર્યા ગયા હતા. બળતણના જથ્થામાં પ્રચંડ આગ લાગવાને કારણે બીજા અનેક જીવતા બળી રહ્યા હતા. બધી લાઈફબોટ ઊતારવા જેટલો પણ સમય ન બચ્યો, એટલે 'ડોરિસ સ્ટાર' ડૂબ્યા પછી તોફાની વમળમાં ફસાવું પડે એ બીકે ઘણા અંગ્રેજ સૈનિકો તથા ખલાસીઓ જલદી બહાર કૂદી પડ્યા. ફરી વખત 'આલ્ટમાર્ક' જહાજ તે દુશ્મનોને બચાવવા માટે આગળ વધ્યું. આ વખતે તો 'આલ્ટમાર્ક' પર એટલા બધા યુદ્ધકેદીઓ ખડકાયા કે કુલ સ્કોર ૩૦૦નો થયો. નીચે ભંડકિયામાં વધુ કેદીઓ સમાવવા માટે જગ્યા ન રહી, એટલે કપ્તાન હાન્સ લેંગ્સડોર્ફે તે જહાજને સ્વદેશ જવાનો હુકમ આપ્યો.



◆ મધદરિયે પચ્ચીસ કિલોમીટર છેટેના દુશ્મન યુદ્ધજહાજને પણ ગોળાનો જીવલેણ સ્વાદ ચખાડી શકતી 'ગ્રાફ સ્પી'ની દરેક તોપનું નાળચું ૧૧''ના વ્યાસનું હતું--અને ગોળો ૨૦૦ કિલોગ્રામનો !

દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગરમાં 'ગ્રાફ સ્પી' પોતે એક પછી એક દુશ્મન જહાજને ખતમ કરતું રહ્યું. હિટલરના તો આનંદનો પાર ન હતો, જ્યારે બ્રિટનના વિન્સ્ટન ચર્ચિલ એકદમ ચિંતામાં હતા. વિશ્વયુદ્ધ શરૂ થયું તેના ફક્ત ત્રણ મહિનામાં 'ગ્રાફ સ્પી'ના લેંગ્સડોર્ફે નવ બ્રિટીશ જહાજોને ફૂંકી દીધાં, જેમનું કુલ વજન ૫૦,૦૦૦ ટન કરતાં વધારે હતું. 'આલ્ટમાર્ક'ના ગયા પછી જે બ્રિટીશ જહાજોને ડુબાડવામાં આવ્યાં તેમના બધા મળીને ૨૯ ખલાસીઓ તથા કપ્તાનો 'ગ્રાફ સ્પી' પર જર્મનોના યુદ્ધકેદીઓ બન્યા. આમાં જેઓ સૌ પ્રથમ કેદી તરીકે પકડાયા તેમનું નસીબ જરા કલ્પી જુઓ. 'ગ્રાફ સ્પી'માં રહીને જ તેમણે પોતાનાં માલવાહક બ્રિટીશ જહાજોનો ખુરદો નીકળતો જોયો, દેશબાંધવોને મરતા દીઠા અને પછી કેટલાક ઘાયલોને 'ગ્રાફ સ્પી'ના તૂતક પર કેદી તરીકે લાવવામાં આવ્યા તે દ્રશ્ય પણ તેઓ લાચારીપૂર્વક જોતા રહ્યા ! આ પોકેટ બેટલશિપ હજી કેટલાં બ્રિટીશ જહાજોનો ભોગ લેશે એ પ્રશ્ન અંગ્રેજ કેદીઓને મૂંઝવતો હતો.


◆ આ ફોટામાં પોકેટ બેટલશિપના તૂતક પર ગોઠવેલું હેન્કેલ પ્રકારનું લડાયક-કમ-જાસૂસી પ્લેન દેખાય છે



◆

ડિસેમ્બર ૧૩, ૧૯૩૯નો બુધવાર અને સમય વહેલી પરોઢનો...

ઊંચા કૂવાસ્થંભ (બ્રિજ) પર કપ્તાન હાન્સ લેંગ્સડોર્ફ દસમા શિકારને પોતાના દૂરબીન વડે શોધતો હતો--અને શિકાર તેને મળ્યો પણ ખરો ! ઘણા કિલોમીટર છેટે ફ્રેન્ચ વ્યાપારી સ્ટીમર 'ફોર્મોસા'




♦ એક માલવાહક જહાજ 'ગ્રાફ સ્પી'નો શિકાર બન્યા પછી તેની અંતિમ ક્ષણોનું આર્ટિસ્ટે દોરેલું ચિત્ર

ધીમા વેગે હંકારી રહી હતી ! લેંગ્સડોર્ફે તરત સુકાનીને એ તરફ દિશા બદલવા માટે સૂચના આપી. તોપચીઓ પણ ડ્યૂટી પર લાગી ગયા. શિકારને ઝડપથી આંબી લેવા 'ગ્રાફ સ્પી' કલાકના ૪૨ કિલોમીટરના વેગે આગળ ધસવા માંડ્યું.

હજી તો માંડ પાંચેક મિનિટ વીતી ત્યાં કેપ્ટન લેંગ્સડોર્ફે ક્ષિતિજ પાછળ એક લડાયક મનવારના કૂવાસ્થંભની ટોચ દીઠી અને તેણે બૂમ પાડી : 'યુદ્ધ માટે તૈયારી કરો ! જલદી ! એક દુશ્મન મનવાર આપણી તરફ આવે છે !'

પોકેટ બેટલશિપ પર બીજી જ ક્ષણે ચેતવણીનો આલાર્મ વાગ્યો, જે સાંભળીને અંગ્રેજ યુદ્ધકેદીઓ ચોંકી પડયા. વળી એકાદ કમનસીબ વ્યાપારી જહાજનો ભોગ લેવાય છે કે શું ? હવે કોનો વારો આવ્યો ? યુદ્ધકેદી ટુકડીનો મુખ્ય સરદાર કેપ્ટન પેટ્રિક ડોવ નામનો અંગ્રેજ નૌકાઅફસર હતો, જેના માલવાહક જહાજને લેંગ્સડોર્ફે થોડા દિવસ પહેલાં જ ડૂબાવ્યું હતું. અત્યારે તૂતક નીચેના ફાલકામાં તેને બીજા કેદીઓ ભેગો પૂરી રખાયો હતો. 'ગ્રાફ સ્પી'ની તોપનો જોરદાર ધડાકો તેણે સાંભળ્યો એટલે કલ્પી લીધું કે જોતજોતામાં વ્યાપારી જહાજના બાર વાગી જવાના, ત્યાં વળી બીજો અને ત્રીજો ધડાકો પણ થયો ! અને પછી ચોથો અને પાંચમો ધડાકો પણ થયો ત્યારે કેપ્ટન પેટ્રિક ડોવ બોલી ઊઠયો : 'આપણી મનવારો આવી પહોંચી છે !'

♦ જર્મન પોકેટ બેટલશિપને ખતમ કરવા નીકળેલો કોમોડર હેન્રી હારવૂડ




એકદમ સાચી અટકળ હતી, કેમ કે સામેનું જહાજ લડાયક ન હોય તો લેંગ્સડોર્ફના પોકેટ બેટલશિપે આટલા બધા તોપગોળાનો સામટો મારો ચલાવવાનો થાય જ નહિ. 'એક્સિટિર' નામની બ્રિટીશ ક્રૂઝર સાચે જ 'ગ્રાફ સ્પી'ને સજા કરવા ધસી આવતી હતી ! ક્રૂઝર એટલે પોકેટ બેટલશિપ કરતાં સહેજ નાની મનવાર કે જે મુખ્યત્વે તોપો વડે જ સામસામી ગોલંદાજીનું યુદ્ધ ખેલે. 'એક્સિટિર' ૮,૩૦૦ ટનની પોલાદી ક્રૂઝર હતી અને ૮''ના વ્યાસવાળી તેની છએ છ તોપોના ગોળા હવે 'ગ્રાફ સ્પી' તરફ ફેંકાતા હતા. થોડી જ વારમાં એક ગોળો જર્મન પોકેટ બેટલશિપના પોલાદી પડખાને વાગ્યો. 'એક્સિટિર'ના કેપ્ટન બેલે પોતાના તોપચી જવાનોને શાબાશી આપી : 'હિંમતભેર ફાયરિંગ ચાલુ રાખો! દુશ્મન જહાજની ઝડપ અને દિશા બરાબર ધ્યાનમાં લો !'

પરંતુ માત્ર પાનો ચડાવવાથી શું વળે ? પૂરા ૬૦૯ ફીટ લાંબું અને ૬૭ ફીટ પહોળું 'ગ્રાફ સ્પી' સરેરાશ ૪'' જાડું બખ્તર ધરાવતું હતું, માટે ગોળો બિલકુલ સીધી લીટીમાં ન ટીચાય તો એ બખ્તર તૂટે નહિ. વળી દુશ્મન યુદ્ધજહાજ આઠ-નવ કિલોમીટર છેટે હોય અને સામસામાં બન્ને યુદ્ધજહાજો કલાકના પાંત્રીસ-ચાલીસ કિલોમીટરના વેગે ધસતાં હોય ત્યારે તોપ વડે નિશાન તાકવાનું કામ પણ કેટલું મુશ્કેલ ! ગોળો સરેરાશ પંદર સેકન્ડે તેના નિશાન લગી પહોંચે ત્યાં સુધીમાં દુશ્મન યુદ્ધજહાજ આઘુંપાછું ખસી ગયું હોય અને ગોળો માત્ર પાણીને વીંધે. આથી ગોળો થોડી વારે પડે ત્યારે દુશ્મન ક્યાં હોય તેની ગણતરી માંડીને ફાયરિંગ કરવું જોઇએ. 'ગ્રાફ સ્પી'નો કપ્તાન હાન્સ લેંગ્સડોર્ફ દૂરબીન વડે 'એક્સિટિર'ની તોપોના ચમકારા જોયા પછી દર વખતે સુકાનીને દિશા બદલવા માટે સૂચના આપતો ગયો, પણ એવામાં તેણે ડાબી અને જમણી તરફ વધુ બે ક્રૂઝરો દીઠી ! માર્યા ઠાર ! એક નહિ, ત્રણ બ્રિટીશ ક્રૂઝરો સાથે તેના પોકેટ બેટલશિપે એકલા લડવાનું હતું ! હવે તેને લાગ્યું કે પડકાર જેવો તેવો ન હતો. અંગ્રેજો પાસે ભલે પ્રમાણમાં નાની તોપો હોય, છતાં બળવાન વાઘને પણ જંગલી કૂતરાઓ ઝનૂનપૂર્વક ઘેરી વળી સતત જખમો પહોંચાડતા રહે અને ધરાર કેડો ન મૂકે ત્યારે વાઘ ક્યાં સુધી લડત આપે ?

'એક્સિટિર' સાથે યુદ્ધમાં જોડાયેલી એક ક્રૂઝર ૭,૦૩૦ ટનની 'એકિલિસ' હતી, જ્યારે 'એજેક્સ' નામની બીજી ક્રૂઝરનું વજન ૬,૯૮૫ ટન હતું. બન્ને ક્રૂઝરો ૬''ના વ્યાસવાળી આઠ તોપો

વડે સજ્જ હતી અને તે દરેક તોપને જો અલગ ત્રાજવે જોખી હોય તો વજન પોણા સાત ટન કરતાં ઓછું નહિ ! ધ્વજજહાજનો વાવટો 'એજેક્સ' પર ફરકી રહ્યો હતો, કારણ કે ત્રણેય ક્રૂઝરોનો બાહોશ સેનાપતિ કોમોડર હેન્રી હારવૂડ 'એજેક્સ'માં હતો. અલબત્ત, ભારતની દ્રષ્ટિએ ઐતિહાસિક ક્રૂઝર તો 'એકિલિસ' ગણાય, કેમ કે આઝાદી પછી તેને આપણા નૌકાદળમાં ધ્વજજહાજ તરીકે સ્થાન મળ્યું અને તેના કપ્તાન ડબલ્યુ. ઇ. પેરીને ભારતના પહેલા નૌકાસેનાપતિનો હોદ્દો મળ્યો. 'એકિલિસ'નું નામ 'દિલ્હી' રાખવામાં આવ્યું.

દક્ષિણ ગોળાર્ધમાં ડિસેમ્બર મહિના દરમ્યાન ઉનાળા જેવું વાતાવરણ હોય, એટલે સૂર્યોદય વહેલો થયો હતો અને ચોખ્ખા હવામાનમાં નજર બહુ દૂર સુધી પહોંચી શકતી હતી. 'એકિલિસ'ના કન્ટ્રોલ ટાવરમાં બેઠેલા લેફ્ટનન્ટ વૉશબોર્ને તો પોતાની સામેના ડેશબોર્ડ જેવા ડિસ્પ્લે પર જ નજર માંડી રાખી હતી. આ ડિસ્પ્લે પર વારાફરતી આઠ લીલા બલ્બ પ્રકાશવા લાગ્યા, જેનો અર્થ એ કે તોપચીઓ આઠેય તોપોમાં ગોળા અને ચાર્જ ભરી ચૂક્યા હતા. વોઇસ પાઇપમાં બોલી તેણે બ્રિજ પરના કેપ્ટન પેરીને જાણ કરી : 'તોપો તૈયાર છે, સર !'



◆ 'એકિલિસ'ની આઠ મોટી તોપો ૬'' વ્યાસના નાળચા વાટે પચાસ કિલોગ્રામના ગોળા ફેંકી શકતી હતી

'ફાયર !' કેપ્ટન પેરીએ હુકમ આપ્યો.

'ફાયર વન !' લેફટનન્ટ વૉશબોર્ને તે હુકમ તોપચીઓને આપ્યો.

પહેલી તોપે કાનમાં ધાક બેસાડી દેતી ગર્જના કરી અને સાથોસાથ ચીની દૈત્યની જેમ આગના કેસરી લબકારા કાઢ્યા. આખી ક્રૂઝર હચમચી ઊઠી. ક્ષણભર માટે તેનો પ્રવાસ અટકી પડ્યો, કેમ કે તોપની બહાર નીકળતા ગોળાને લીધે તેને પાછળ તરફ પ્રચંડ ધક્કો વાગ્યો.

'ફાયર ટુ !' વૉશબોર્ને બીજો ગોળો દાગવાની સૂચના આપી.

બેડ લક ! 'એકિલિસ'ના પ્રથમ બન્ને તોપગોળાનું નિશાન ખાલી ગયું. જર્મન પોકેટ બેટલશિપે પોતાનાં ૫૪,૦૦૦ હોર્સપાવરનાં શક્તિશાળી એન્જિનો વડે પૂરવેગે અચાનક દિશા બદલી નાખી, માટે ગોળા તેની ડાબી તરફ પડ્યા--અને જ્યાં પડ્યા ત્યાં સમુદ્રમાં પચાસ ફીટ ઊંચા ફૂવારા ઊડ્યા ! પરંતુ યુદ્ધનો હજી તો આરંભ થયો હતો. બ્રિટનની ત્રણ ક્રૂઝરો વડે ઘેરાયેલું હિટલરનું યુદ્ધજહાજ ક્યાં સુધી લડત આપી શકે તે જોવાનું !



'એકિલિસ'ની પહેલી તોપે કાનમાં ધાક બેસાડી દેતી ગર્જના કરી અને સાથોસાથ ચીની દૈત્યની જેમ આગના કેસરી લબકારા કાઢ્યા

દરિયાઇ યુદ્ધના વર્ણનમાં અહીં જરાક પૂરતો બ્રેક પાડીને યુદ્ધજહાજોના તોપખાના વિશે અમુક વિગતો જાણી લઇએ, જેથી આવા સાગરસંગ્રામના દાવપેચ સમજવાનું પણ સહેલું બને. વખત જતાં 'દિલ્હી' બનેલી 'એકિલિસ'નું જ દ્રષ્ટાંત લો. ઊંચા બ્રિજ પર રહીને કેપ્ટન ડબ્લ્યુ. ઇ. પેરી વાયરલેસ દ્વારા 'એજેક્સ' સાથે એકધારો સંપર્ક રાખી સેનાપતિ કોમોડર હેન્રી હારવૂડના આદેશો મેળવતો હતો. હારવૂડ તેને વ્યૂહરચનાનો ખ્યાલ આપે તે પછી કેપ્ટન પેરી બ્રિજના (પાણી વગરની પાઇપ જેવા) વૉઇસ પાઇપ વડે લેફ્ટનન્ટ વૉશબોર્નને કન્ટ્રોલ ટાવરમાં સૂચનાઓ મોકલતો હતો. વૉશબોર્ન ત્યાર બાદ ગોલંદાજીના કુશળ ગણતરીબાજોને નિશાન લેવાનું કહે, એટલે તે નિષ્ણાતો વિવિધ પરિબળોના આધારે હિસાબ લગાવે. 'એકિલિસ'ની ઝડપ અને દિશા તથા 'ગ્રાફ સ્પી'ની ઝડપ અને દિશા જાણ્યા પછી ફક્ત એ નક્કી કરવાનું હોય કે તોપના નાળચાનું લેવલ શું રાખવું ? ચોક્કસ અંશનો ખૂણો નક્કી કરાયા બાદ હાઇડ્રોલિક યંત્રો પોણા સાત ટનના ભારેખમ નાળચાને એ મુજબ ગોઠવે, તોપચી પણ યંત્રો વડે જ ખાસ્સા ૫૦ કિલોગ્રામનો ગોળો તે નાળચાના પાછલા ભાગમાં સરકાવે અને છેવટે તે ગોળા પાછળ સરેરાશ ૧૩.૫ કિલોગ્રામનો સ્ફોટક ચાર્જ મૂકીને નાળચું બંધ કરી દે. તોપ ફૂટે ત્યારે વાસ્તવમાં તો એ સ્ફોટક ચાર્જ (દારૂ) ફૂટે, જેની ધગધગતી વરાળને બેફામપણે વિસ્તરવા માટે જગ્યા ન મળે એટલે જગ્યા કરવા માટે તે ૫૦ કિલોગ્રામના ગોળાને જ નાળચાના ખુલ્લા છેડા તરફ સેકન્ડના ૧,૫૦૦ ફીટ જેટલા બેસુમાર વેગે બહાર ધકેલે ! આ રીતે કેપ્ટન પેરીના 'એકિલિસ'નો સરેરાશ તોપગોળો આકાશમાં ક્યારેક ૧૯,૦૦૦ ફીટ ઊંચે ચડીને કમાનાકાર માર્ગે 'ગ્રાફ સ્પી' પર તરાપ મારતો હતો! દરમ્યાન તોપનું નાળચું તપી ગયું હોય અને ધાતુ ફૂલવાને લીધે નાળચાનો વ્યાસ બદલાયો હોય, માટે તોપને ઠંડી પાડ્યા વગર બીજી વાર તેને વાપરી શકાય નહિ. નાળચાની અંદર ચાર્જના બાકી રહેલા અવશેષો પણ યાંત્રિક સાધનો વડે સાફ કરવાં જોઇએ. અલબત્ત, તોપચી ટુકડી તે કામ આટોપતી હોય એટલો વખત બીજી તોપો વારાફરતી ગોલંદાજી ચાલુ રાખે. 'એકિલિસ'માં ૮''ના વ્યાસવાળી કુલ છ મુખ્ય તોપો હતી. એન્ટિ-ઍરક્રાફ્ટ તોપો અને ટોરપિડો ટ્યૂબ વળી જુદી.

દક્ષિણ અમેરિકાના પૂર્વ કાંઠે મધદરિયે 'ગ્રાફ સ્પી' સામેનું યુદ્ધ

સવારે બરાબર ૬:૨૨ના સમયે શરૂ થયું હતું. દિવસ પૂરો થાય ત્યાં સુધીમાં કોને ખબર શું બને ? સેનાપતિ કોમોડર હારવૂડે 'એકિલિસ'ના કેપ્ટન પેરીને, 'એક્સિટિર'ના કેપ્ટન બેલને તથા 'એજેક્સ'ના કેપ્ટન વૂડહાઉસને ફરી વખત સૂચના આપી : 'દુશ્મનને ત્રણ દિશામાં ઘેરી રાખવાનો પ્લાન આપણે બદલવાનો નથી. એક ક્રૂઝર ખસે ત્યારે બાકીની બે પણ તેના મુજબ પોતાનું સ્થાન ફેરવે અને ફાયરિંગ ચાલુ જ રાખે !'

આ પ્લાનને કારણે 'ગ્રાફ સ્પી'ના કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફે પોતાની તોપો ત્રણ ભાગે વહેંચી દેવાનો વારો આવ્યો, પરંતુ જર્મન તોપચીઓ ગાંજ્યા જાય એવા ન હતા. નિશાનબાજીમાં પણ તેઓ બાહોશ હતા, કારણ કે વિશ્વયુદ્ધ ખેલવાનું જ છે એમ ધારી જર્મન નૌકાસેનાપતિ એડમિરલ એરિક રેયડરે તેમને સખત તાલીમ આપી હતી.


દરિયાઇ યુદ્ધમાં ગોલંદાજો કેટલી સૂક્ષ્મ ગણતરીઓ કરે તે આપણે જોયું, પરંતુ કરેલી ગણતરી પર ઘણીવાર કેવું પાણી ફરી વળે તે પણ જુઓ : હારવૂડની 'એજેક્સ'ના બે ગોળા જ્યારે 'ગ્રાફ સ્પી'ની સહેજ આગળ પડ્યા ત્યારે તોપોના કન્ટ્રોલ મથકમાં ટેબલ પર તેમની ગણતરી સુધારવાના કામે તરત લાગી ગયા. મિનિટવારમાં નવાં સમીકરણો તેમણે માંડ પૂરાં કર્યાં ત્યાં તો 'ગ્રાફ સ્પી'ના બે ગોળા 'એજેક્સ'ની બન્ને તરફ પાણીમાં ધુબાકાભેર પડ્યા ! હારવૂડે પોતાની સાથે જ બ્રિજમાં રહીને ડ્યુટી બજાવતા કેપ્ટન વૂડહાઉસને હુકમ કર્યો : 'જલદી ૩૦ ડિગ્રીનો વળાંક લો ! જમણી તરફ !'

કલાકના ચાલીસ કિલોમીટરના વેગે હંકારતી 'એજેક્સ'નો મોરો અચાનક ફર્યો, એટલે તે ક્રૂઝર વિરુદ્ધ દિશામાં સખત નમી પડી અને કેટલાય ખલાસીઓ દીવાલો અને યંત્રો સાથે અફળાયા. પરંતુ ક્રૂઝર પોતે સમયસર વળીને બચી જવા પામી, કારણ કે 'ગ્રાફ સ્પી'ના વધુ બે તોતિંગ ગોળા એ જ ઠેકાણે પડ્યા કે જ્યાં 'એજેક્સ' થોડી સેકન્ડો પહેલાં હતી ! હવે 'એજેક્સ'નું સ્થાન બદલાયું, માટે તેના ગોલંદાજોએ શત્રુનું સચોટ નિશાન લેવા માટે નવેસરની ગણતરી કરવાનો વખત આવ્યો ! કેપ્ટન પેરીની 'એકિલિસ' પણ દુશ્મન જહાજો સાથે આવા જ આટાપાટા ખેલતી હતી.

દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગરના શાંત પાણીને ચાર યુદ્ધજહાજો બેફામપણે વલોવતાં હતાં. નાની-મોટી કુલ મળીને પચાસ કરતાં વધુ તોપો આકાશી વીજળીના કડાકાની જેમ ગરજતી હતી. જળસપાટી પર અહીંતહીં ટીચાતા તેમના ગોળાને લીધે સફેદ ફીણવાળા જબરજસ્ત ફૂવારા ચડતા હતા. સૂર્યોદય વખતના સ્વચ્છ વાતાવરણમાં તોપોનો વધુ ને વધુ ધુમાડો પથરાયે જતો હતો. આ તુમુલ ગોલંદાજી વચ્ચે અચાનક ક્યારે અને કેવા મોતનો ભેટો થાય તે કહી શકાય નહિ. કોઇ ખલાસી પહેલા જ બોમ્બધડાકામાં માર્યો જાય, કોઇ બળતણના ભંડારની આગમાં ભડથું બને, કોઇ પોતાના જહાજ સાથે ડૂબે, તો કોઇ વળી તરતો રહ્યા પછી અંતે શાર્ક માછલીનો કોળિયો બને!

કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફનું 'ગ્રાફ સ્પી' ભલે એકલું હતું, પણ તેનો દરેક તોપગોળો વધુ છેટે પહોંચી શકતો હતો. બ્રિટીશ ક્રૂઝરો 'ગ્રાફ સ્પી' સુધી પોતાના ગોળા પહોંચાડવા જેટલી નજીક જાય તે પહેલાં તેમના પર કારમી તોપવર્ષા થવા લાગતી હતી. હિટલરના મારકણા પોકેટ બેટલશિપે તેનો પહેલો સ્વાદ 'એજેક્સ'ને ચખાડ્યો. આ ક્રૂઝરના પડખાનું બખ્તર તેણે વીંધી નાખ્યું. 'એજેક્સ'નું નસીબ સારું કે જળસપાટી નીચે ફટકો ન વાગ્યો, છતાં તેના પાંચેક ખલાસીઓ તત્કાળ માર્યા ગયા. બીજા અનેક લોહીલુહાણ થયા. કેપ્ટન પેરી તેની 'એકિલિસ'ને બચાવવા માટે પણ દાવપેચ ખેલતો હતો. ફાયરિંગ કરવાનું હોય એ સમયે જરાકવાર પૂરતી એ ક્રૂઝર સીધા માર્ગે હંકારીને ઓચિંતો તીવ્ર વળાંક લેતી હતી. વળાંકની દિશા અને ડિગ્રી પણ હંમેશા બદલાતી હતી.

પરંતુ આવા દાવપેચમાં નસીબ પણ કેટલો વખત સાથ આપે ? ઉપરાઉપરી ત્રણ ગોળા 'એકિલિસ'ની નજીક પડ્યા, ધડાકાભેર ફાટ્યા અને તેના પોલાદી ટુકડા છેક એ ક્રૂઝરના બ્રિજ તથા કન્ટ્રોલ ટાવર સુધી ઊડ્યા. આ ફૂવાસ્થંભને ચોતરફ આવરી લેતું જાડું બખ્તર તૂટી ગયું. કેપ્ટન પેરીના બન્ને પગે જખમો થયા. એક પગનું તો હાડકું જ ભાંગી ગયું. લોહીથી તરબોળ હાલતે તેને સ્ટ્રેચરમાં નાખી સારવાર માટે બીજે ખસેડવો પડ્યો. બ્રિજ પર વાયરલેસ સંભાળતા બે ઑપરેટરો તો એ જ વખતે માર્યા ગયા અને વધુ ચાર જણા થોડી વાર પછી મૃત્યુ પામ્યા. ઇજા પામેલા ખલાસી પૈકી કેટલાકની સ્થિતિ પણ ગંભીર હતી. સૌથી મોટી સમસ્યા એ કે કન્ટ્રોલ ટાવરમાં તોડફોડ થયા પછી 'ગ્રાફ સ્પી' સામે અસરકારક તોપમારો કરી શકાય તેમ ન હતો. યાંત્રિક સાધનો વગર સચોટ નેમ તાકવાનું ફાવે જ નહિ.



જર્મન યુદ્ધજહાજના કેપ્ટન લેંગ્સડોર્ફે 'એકિલિસ' તથા 'એજેક્સ' કરતાં પણ વધુ દાઝ તો 'એક્સિટિર' પર કાઢી, કેમ કે એ મોટી ક્રૂઝર વધુ રૂઆબ મારતી હતી. 'એક્સિટિર'ની તોપનાં નાળચાંનો વ્યાસ ૬''ને બદલે ૮''નો હોવાને લીધે તેના પ્રચંડ ગોળા પણ દૂર સુધી ફેંકાતા હતા. જર્મન યુદ્ધજહાજને તેણે એક પછી એક કરીને ચાર ફટકા લગાવ્યા ત્યારે કેપ્ટન લેંગ્સડોર્ફનો પિત્તો ગયો.

'દુશ્મનની ચોતરફ સામટા ગોળા વરસાવો !' તેણે હુકમ આપ્યો. હવે તે સૌ પહેલાં 'એક્સિટિર'ના ફુરચા કાઢવા

માગતો હતો. 'ગ્રાફ સ્પી'ની ચાર મોટી તથા ચાર નાની તોપો એ ક્રૂઝર તરફ વળી અને સામટા અનેક ગોળા છૂટવા લાગ્યા.


--અને ત્યાર પછી એ પડછંદ ક્રૂઝરના જે હાલ થયા તેનું તો શું વર્ણન કરવું ? બિહામણી કિકિયારી સાથે આવતા જર્મન તોપગોળા 'એક્સિટિર'ના કન્ટ્રોલ ટાવર, તોપો, બ્રિજ તૂતક વગેરેનો નાશ કરવા લાગ્યા. ક્રૂઝરનું બાંધકામ જાણે ૨'' જાડા પોલાદનું નહિ, પણ નર્યા પૂંઠાનું હોય એમ તેના ભુક્કા નીકળતા રહ્યા. એક ગોળો પાછલા મિનારાને વાગ્યો અને ત્યાં ફરજ બજાવતા આઠ ખલાસીઓ તત્કાળ માર્યા ગયા. બીજા ગોળાએ આગલી બે તોપોને જડમૂળ સહિત છૂટી પાડી દીધી. 'એક્સિટિર'ના કેપ્ટન બેલની હિંમત, સમયસૂચકતા અને હોંશિયારીનું પણ શું વર્ણન કરવું ? દુશ્મનના અનેક ઘા તેણે સરસ યુક્તિ અજમાવીને ચૂકાવ્યા. 'ગ્રાફ સ્પી'ની તોપ ફૂટે એ વખતનો ચમકારો દૂરબીન વડે જોયા પછી કેપ્ટન બેલ દિશા બદલવાના ફરમાન સાથે પાણીમાં ડેપ્થ ચાર્જ (જળગોળો) ફેંકવાનો પણ હુકમ આપતો હતો. આ ડેપ્થ ચાર્જ ભળતી જગ્યાએ ફાટે ત્યારે જર્મનો એમ સમજે કે તેમનો જ તોપગોળો ત્યાં પડ્યો, એટલે તેઓ બીજું નિશાન તે ગણતરીના આધારે લેતા હતા. અંતે ખોટી રકમનો દાખલો પણ ખોટો પડતો હતો અને જખમી 'એક્સિટિર' ખરાખરીના મરણતોલ ઘા ચૂકાવ્યે જતી હતી.

આમ છતાં જર્મન પોકેટ બેટલશિપે તે ક્રૂઝરને ભયંકર ફટકા માર્યા. ઊંચા બ્રિજનું (કૂવાસ્થંભનું) બાંધકામ નમી પડ્યું ત્યારે હજી પણ ત્યાં રહીને હુકમો આપ્યે જતા કેપ્ટન બેલે જોયું કે નીચે તૂતક પર બધે જ પોલાદનો વેરણછેરણ ભંગાર પડ્યો હતો. ઘવાયેલા અને મરેલા ખલાસીઓ લોહી વડે તરબોળ હતા. અમુક ધડ તો હાથ-પગ કે માથા વગરનાં હતાં ! ક્રૂઝરની એક સિવાય બધી જ તોપો ખરી પડી હતી અથવા નકામી બની હતી. પરંતુ છેલ્લી તોપ કામ આપતી રહી ત્યાં સુધી કેપ્ટન બેલના રહ્યાસહ્યા તોપચીઓ જંપ્યા નહિ. હિટલરના સમુદ્રી વાઘ જેવા યુદ્ધજહાજ સામે તેમણે ફાયરિંગ ચાલુ રાખ્યું ! 'ગ્રાફ સ્પી'ના પડખામાં કેટલાય ગોળા ઝીંકી દીધા ! કેપ્ટન બેલ પોતે એવો મરણિયો બન્યો કે 'એક્સિટિર'ને તેણે ચીલવેગે 'ગ્રાફ સ્પી' તરફ આગળ વધાર્યું ! જળસમાધિ નક્કી જ હોય તો પછી ઍટલાન્ટિકની કબરમાં દુશ્મન જહાજને પણ સાથે કેમ લેતા ન જવું ?

'એકિલિસ'માં તેમજ 'એજેક્સ'માં સૌના શ્વાસ અદ્ધર ચડી ગયા. બેલની ક્રૂઝર સામે ચાલીને મોતના જડબા તરફ ધસતી હતી ! ક્રૂઝરની એકમાત્ર સાજીસમી તોપના ગોળા વારાફરતી 'ગ્રાફ સ્પી'ને વાગતા હતા ! 'ગ્રાફ સ્પી'ના બહુ મહત્ત્વનાં અંગોને ૫.૫'' જાડા પોલાદી બખ્તરનું રક્ષણ હતું, તો પણ એ પોલાદનાં એક પછી એક ગાપચાં નીકળતાં હતાં !

'એક્સિટિર'ની છેલ્લી તોપે અચાનક ગરજવાનું બંધ કર્યું. પોકેટ બેટલશિપના અનેક ફટકા ખાધા પછી તેનાં પણ યંત્રો ખોટકાઇ ગયાં.

'તોપ ચાલતી નથી, સર !' વોઇસ પાઇપમાં કેપ્ટન બેલને મુખ્ય તોપચીનો અવાજ સંભળાયો.



♦ કોમોડર હેન્રી હારવૂડ જેના બ્રિજ પર રહીને યુદ્ધના દાવપેચ ઘડતો હતો તે બ્રિટીશ જહાજ 'એજેક્સ'

'સુકાન ફેરવો અને શક્ય એટલી ઝડપે પીછેહઠ કરો ! જલદી !' બેલે તેના તોપચીને હુકમ આપ્યો.

ક્રૂઝરે તરત વળાંક લીધો, જે પૂરા ૧૮૦°નો હતો. આ દ્રશ્ય 'ગ્રાફ સ્પી'ના કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફે પોતાના દૂરબીન વડે જોયું કે તરત એ સમજી ગયો કે શત્રુ ક્રૂઝર લડવા માટે લાયક રહી ન હતી, માટે અંગ્રેજ કપ્તાન યુદ્ધમોરચો છોડી જતો હતો. પરંતુ લેંગ્સડોર્ફ તે શિકારને જતો કરે ખરો ? 'ગ્રાફ સ્પી'ને તેણે 'એક્સિટિર'ની દિશામાં મહત્તમ વેગે હંકારી મૂક્યું. હવે એ લાચાર તથા જખમી ક્રૂઝરનો ખુરદો કાઢવાનું જરાય મુશ્કેલ ન હતું.

આ ચોંકાવનારૂં દ્રશ્ય ત્યાર પછી કોમોડર હેન્રી હારવૂડ પોતાના દૂરબીન થકી ફાટી આંખે જોતો રહ્યો ! આદમખોર વાઘ જાણે સાચેસાચ વાંસે લાગ્યો હોય તેમ પંગુ 'એક્સિટિર' ભાગતી હતી અને 'ગ્રાફ સ્પી'ના તોપગોળા એ ક્રૂઝરની ચારેબાજુ સમુદ્રમાં પડી ફાટતા હતા.




'એક્સિટિર'ની છેલ્લી તોપે અચાનક ગરજવાનું બંધ કર્યું. પોકેટ બેટલશિપના અનેક ફટકા ખાધા પછી તેનાં યંત્રો ખોટકાઇ ગયાં.

હારવૂડને લાગ્યું કે 'એજેક્સ' તથા 'એકિલિસ' જો સામી છાતીએ જર્મનોને લડત ન આપે તો 'એક્સિટિર' બચી શકે નહિ. સહેજ પણ ખચકાયા વગર તેણે ખતરનાક જુગાર ખેલી નાખ્યો. બન્ને ક્રૂઝરોને 'ગ્રાફ સ્પી' તરફ પૂરઝડપે આગળ વધારી અને ગોલંદાજી કરી દુશ્મનનું ધ્યાન પોતાની બાજુ ખેચ્યું ! સામે ચાલીને માર ખાવા જેવું જ એ પગલું હતું, પણ થાય શું ?

શિકારમાં સતત ખલેલ પહોંચાડતી બન્ને ક્રૂઝરો પર લેંગ્સડોર્ફને દાઝ ચડી અને ત્યાં વળી તેણે 'એજેક્સ'ના બે ટોરપિડોને 'ગ્રાફ સ્પી' તરફ આવતા દીઠા ! શાર્કની જેમ તેઓ આગળ વધતા ગયા તેમ

પાછળ સફેદ ફીણના લીટા પડતા ગયા. લેંગ્સડોર્ફે તેમનો ઘા ચૂકાવવા યુદ્ધજહાજને તરત ૧૫૦ ડિગ્રીનો વળાંક આપ્યો, પણ ત્યાં વળી 'એજેક્સે' વધુ બે ટોરપિડો પાણીમાં વહેતા મૂક્યા. ફરી યુદ્ધજહાજે ટર્ન લેવો પડ્યો. એ પછી તરત કેટલાક ગોળાની તેના પર ઝડી વરસી. હજી જાણે બાકી રહેતું હોય તેમ 'એક્સિટિર'ના કેપ્ટન બેલે જતાં જતાં પોતાના છ ટોરપિડો 'ગ્રાફ સ્પી' તરફ રવાના કર્યા. જર્મન યુદ્ધજહાજે વળી દિશા બદલીને નાસવું પડ્યું.

હવે તો કેપ્ટન લેંગ્સડોર્ફનો ગુસ્સો કાબૂમાં રહ્યો નહિ. જર્મન તોપચીઓ પણ ઝનૂને ચડ્યા. લાગલગાટ સવા કલાક થયે યુદ્ધ ચાલતું હતું, છતાં તેઓ એકેય બ્રિટીશ ક્રૂઝરને ડુબાડી શક્યા ન હતા. અધૂરામાં પૂરું, 'એક્સિટિર' નાસી છૂટી હતી. પરિણામે 'એજેક્સ' તેમજ 'એકિલિસ' પૈકી એકાદનો તો અંત લાવવો જ રહ્યો.



♦ બીજા વિશ્વયુદ્ધ પછી આપણા નૌકાદળમાં ધ્વજજહાજ બનેલી 'દિલ્હી', જેનું મૂળ નામ 'એકિલિસ' હતું

લેંગ્સડોર્ફે છેવટનો જે તોપમારો ચલાવ્યો તેમાં 'એજેક્સ'ના બેય મિનારા તૂટી ગયા. બ્રિજ પર કોમોડર હારવૂડ અને કેપ્ટન વૂડહાઉસ આબાદ રીતે બચી જવા પામ્યા, છતાં થોડી જ વારમાં ૧૧''ના વ્યાસનો એક મહાકાય ગોળો 'એજેક્સ'ના તૂતક પર ટીચાયો, પોલાદ તોડીને નીચેના ફાલકામાં ગયો અને ત્યાં ધ...ડા...મ... કરતો ફાટ્યો ! આંતરિક બાંધકામના ફૂરચા નીકળી ગયા. ઘણા ખલાસીઓ ત્યાં ડ્યૂટી પર હતા, જેમાંના એકેયને મરણચીસ નાખવાનો પણ સમય મળ્યો નહિ. સૌ માર્યા ગયા; તૂતક પરના ખલાસીઓ પણ ઘવાયા.

'ફાલકામાં આગ લાગી છે !' કોમોડર હારવૂડને રીપોર્ટ મળ્યો.

'ભડકા બૂઝાવવા માટે બધું કરી છૂટો ! નહિતર આપણે બધા માર્યા જઇશું !' હારવૂડે હુકમ આપ્યો. 'ઘાયલોને હમણાં સારવાર આપવાનું પણ રહેવા દો !'

હારવૂડને ચિંતા થવાનું કારણ એ કે તૂતક નીચે તોપગોળાના સ્ફોટક ચાર્જનો જથ્થો પડ્યો હતો. કોરડાઇટ તરીકે ઓળખાતા તે દારૂગોળામાં એકાદ તણખો પણ ઝરે તો સામટો બધો જથ્થો ફાટીને આખી મનવારના જ ફૂરચા કાઢી નાખે ! આગના ભડકાને એ તરફ ફેલાતા રોકવા માટે પાણીનો યાંત્રિક બંબો ચાલુ કરવામાં આવ્યો, પરંતુ તેમાં પાણી જ ન આવ્યું ! હોઝપાઇપનો બીજો છેડો સમુદ્રમાં નાખી માંડ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો.

પરંતુ 'એજેક્સ' લાંબો સમય લડી શકે તેમ ન હતી. કુલ ૩૦૦ ગોળા તેણે વાપરી નાખ્યા પછી માત્ર ૫૦ બાકી રહ્યા હતા. વળી ફક્ત ત્રણ તોપો સલામત રહી હતી. 'એકિલિસ' સાવ એકલી લડીને તો 'ગ્રાફ સ્પી'ને શી રીતે પહોંચે ? ગંભીર જખમો તેને પણ થયા હતા. અગાઉ કન્ટ્રોલ ટાવરને સખત નુકસાન પહોંચ્યું હતું, માટે તોપો બરાબર નિશાન તરફ ગોઠવાતી ન હતી.

બસ, હવે 'ગ્રાફ સ્પી'ને વધુ લડત આપી શકાય નહિ. સવાને બદલે દોઢ કલાક ચાલેલા યુદ્ધમાં એ પોકેટ બેટલશિપને તો જાણે એકેય મોટો જખમ થયો હોય એમ લાગતું ન હતું.

હકીકતમાં 'ગ્રાફ સ્પી'ને કેવા ગંભીર જખમો થયા એ તો માત્ર કેપ્ટન લેંગ્સડોર્ફ જાણતો હતો. યુદ્ધજહાજમાં છ ઠેકાણેથી સમુદ્રનું પાણી અંદર ઘૂસી આવતું હતું, જેને પમ્પ વડે બહાર ફેંકવા માટે જર્મન ખલાસીઓ પારાવાર મહેનત કરતા હતા. કુલ ૩૭ ખલાસીઓ બ્રિટીશ ક્રૂઝરોની ગોલંદાજીમાં માર્યા ગયા હતા, જ્યારે પોણોસો જેટલા ઘવાયા હતા. 'ગ્રાફ સ્પી'નું બખ્તર અનેક જગ્યાએ વીંધાયું હતું. તૂતક પર જે તોપગોળા ફાટ્યા તેમણે કેટલીક તોપોને નકામી કરી દીધી હતી.

બ્રિટીશ ક્રૂઝરો જ્યારે 'ગ્રાફ સ્પી'નો કેડો મૂકી પોતાની ઓથ માટે ધૂમાડાના ગોટા કાઢતી દૂર જતી રહી ત્યારે કેપ્ટન લેંગ્સડોર્ફ પોતાના યુદ્ધજહાજમાં નુકસાન તપાસવા નીકળ્યો. પોકેટ બેટલશિપના ખરેખર બૂરા હાલ થયા હતા. લડાઇમાં વધુ ભાગ લેવાનું ઠીક, ઍટલાન્ટિક મહાસાગર ઓળંગીને સ્વદેશ પાછા ફરવાનું પણ અશક્ય હતું. દુશ્મનોના તોપમારામાં રસોડું અને ખોરાક નાશ પામ્યાં હતાં, એટલે જીવતા રહેલા સૌ જર્મનોએ આખો દિવસ કાળા પાઉં અને લીંબુવાળા પાણી પર ગુજાર્યો હતો. જહાજમાં બળતણ પણ ખૂટી ગયું હતું. 'ગ્રાફ સ્પી' આટલી ખરાબ હાલતે સમુદ્ર પર હંકારી શકે નહિ. સૌ પહેલાં તેનું સમારકામ કરવું જોઇએ. ઘાયલ સૈનિકોને પણ સારવારની જરૂર હતી. ખુદ કપ્તાન લેંગ્સડોર્ફનો જમણો હાથ તોપગોળાની કરચો પેસી જવાને લીધે જખમી થયો હતો, એટલે તેણે હાથે પાટા બાંધ્યા હતા.

ખરી મુસીબત હતી. લેંગ્સડોર્ફ અત્યંત બહાદુર અને લોખંડી મનોબળનો કપ્તાન હતો, છતાં શું કરવું એ તેને સમજાયું નહિ. હિટલરની નાઝી હકૂમતને પૂછ્યા વગર તેને આવા નાજૂક સંજોગોમાં મહત્ત્વના નિર્ણયો લેવા માટે સત્તા પણ ન હતી. ડિસેમ્બર, ૧૩, ૧૯૩૯ની એ જ સાંજે તેણે જર્મન નૌકાસેનાપતિ એડમિરલ એરિક રેયડરને પૂરી વિગતો સાથે વાયરલેસ સંદેશો મોકલાવ્યો.

એડમિરલે પાટનગર બર્લિનમાં હિટલર સાથે વાત કરી. થોડા કલાક પછી કેપ્ટન લેંગ્સડોર્ફને સૂચના મળી કે તેણે દક્ષિણ અમેરિકી દેશ ઉરૂગ્વેના મોન્ટેવિડિયો બંદરમાં આશ્રય લેવો અને ત્યાં જ 'ગ્રાફ સ્પી'નું જરૂરી સમારકામ કરી બ્રિટનને નવો પડકાર ફેંકવો !

ઉરૂગ્વે દેશ ત્યારે બીજા વિશ્વયુદ્ધમાં સામેલ થયો ન હતો. ઉરૂગ્વેની પ્લેટ (લા પ્લાટા) નદીના મુખમાં 'ગ્રાફ સ્પી' દાખલ થયું અને ત્યાં આશ્રય લેવા માટે ઉરૂગ્વે સરકારની પરવાનગી માગી. સરકારે માત્ર ૭૨ કલાક સુધી 'ગ્રાફ સ્પી'ને રોકવાની છૂટ આપી. પોકેટ બેટલશિપનું

સમારકામ આટલા ટૂંકા સમયમાં કરી શકાય નહિ, છતાં લેંગ્સડોર્ફ તદ્દન લાચાર હતો. જખમી, લૂલું અને પુષ્કળ નાનાં-મોટાં ગાબડાંવાળું એ જર્મન જહાજ આસ્તે આસ્તે હંકારતું મોન્ટેવિડિયોના બારામાં પ્રવેશ્યું.

બરાબર એ જ વખતે ઉત્તર ઍટલાન્ટિક મહાસાગરમાં હંકારતાં બ્રિટનનાં કેટલાંક યુદ્ધજહાજોને બ્રિટીશ નૌકાસેનાપતિનો મેસેજ પહોંચ્યો: 'મોન્ટેવિડિયો તરફ આગળ વધો અને જર્મન પોકેટ બેટલશિપ બહાર નીકળે કે તરત મુકાબલો કરો !'

ખરો રોમાંચક ખેલ હવે શરૂ થવાનો હતો ! મોરાથી સુકાન લગી 'ગ્રાફ સ્પી'ને દુશ્મન તોપગોળાનો સખત માર પડ્યો હતો અને નુકસાન પહોંચ્યું હતું. બ્રિટીશ ક્રૂઝરોના મુખ્ય સેનાપતિ કોમોડર હેન્રી હારવૂડે તેના પર ત્રણ દિશામાં પ્રચંડ ગોલંદાજી કરી હતી એટલે જરૂરી સમારકામ વગર તો ફરી પાછો ત્રણ ક્રૂઝરોના સંયુક્ત આક્રમણ સામે મુકાબલો કરવાનું અશક્ય હતું. હવે જો કે જર્મન પોકેટ બેટલશિપે નવા યુદ્ધમાં મુકાબલો ફક્ત બે ક્રૂઝરોનો ('એકિલિસ' તથા 'એજેક્સ'નો) કરવાનો થાય, કેમ કે ત્રીજી ક્રૂઝર 'એક્સિટિર'ના હાલ અત્યંત બૂરા થયા હતા. 'એક્સિટિર'ને 'ગ્રાફ સ્પિ'એ ઘણું નુકસાન પહોંચાડ્યું હતું. બ્રિજ, તોપો, કન્ટ્રોલ ટાવર, તૂતક વગેરે બધાનો કચ્ચરઘાણ વળી ગયા પછીયે ૮,૩૦૦ ટનની ક્રૂઝર તરતી રહી શકી એ ખરેખર નવાઇ ! બાકી તો કેપ્ટન બેલે જોયું તેમ પોતાની 'એક્સિટિર'ના પચાસ ટકા ખલાસીઓ માર્યા ગયા હતા અથવા હંમેશ માટે પંગુ બન્યા હતા. મનવારમાં ઠેકઠેકાણે પડેલાં બાકોરાં વાટે સમુદ્રનું પાણી ધોધરૂપે અંદર ઘૂસી આવતું હતું. મુસીબત એ કે પાણીને બહાર કાઢવાનો માત્ર એક પમ્પ સલામત રહી શક્યો હતો. વળી મનવારનું એક જ એન્જિન કામ આપતું હતું. આથી કેપ્ટન બેલે 'એક્સિટિર'નું રીપેરિંગ કરાવવા તેને ફોકલેન્ડ ટાપુ તરફ વાળી. ફોકલેન્ડ પર અંગ્રેજોનું રાજ હતું. બ્રિટીશ નૌકાદળનું ત્યાં જંગી મથક પણ હતું.

આગામી પાને બતાવેલા દક્ષિણ અમેરિકાના નકશામાં ફોકલેન્ડનું સ્થાન જોવા સાથે ઉરૂગ્વેની ભૂગોળ પણ તપાસો. ઉરૂગ્વે તથા આર્જેન્ટિના વચ્ચે આવેલી ૨૭૫ કિલોમીટર લાંબી જે પ્લેટ નદીના મુખમાં 'ગ્રાફ સ્પી' દાખલ થયું તેનું મૂળ નામ તો રીઓ 'દ લા પ્લાટા એટલે કે ચાંદીની નદી હતું. ઇ. સ. ૧૫૧૬માં યુરોપી વહાણવટી સેબાસ્ટિન કેબોટે આવું નામ એટલા માટે પસંદ કર્યું કે ત્રિકોણાકાર પ્રદેશના બેય કાંઠે વસતા આદિવાસી ઇન્ડિયનોને તેણે ચાંદીનાં થોકબંધ આભૂષણો પહેરીને ફરતા દીઠા હતા. આથી નદીના પટમાં ચાંદીના કુદરતી ભંડારો હોવાનું તેણે ધારી લીધું હતું--અને વાત સાચી પણ હતી. ઉરૂગ્વે નદી તથા પારાના નદી વડે બનતું મુખ ચાંદી વડે ખરેખર સમૃદ્ધ હતું.

'દુશ્મનની પાછળ સલામત અંતર રાખીને રીવર પ્લેટ તરફ હંકારો !' કોમોડર હારવૂડે 'એજેક્સ'ના કેપ્ટન વૂડહાઉસને જણાવ્યું. આ સૂચના તેણે બીજી ક્રૂઝર 'એકિલિસ'ને પણ આપી. હારવૂડ પોતે 'એજેક્સ' પર રહી યુદ્ધનું સંચાલન કરતો હતો.


'પરંતુ આપણે મોન્ટેવિડિયો બંદરમાં પ્રવેશી કેમ શકીએ ?' વાયરલેસ પર 'એકિલિસ'ના નાયબ કપ્તાને પૂછાવ્યું. આ ક્રૂઝરનો સરદાર (અને સ્વતંત્ર ભારતનો પહેલો નૌકાસેનાપતિ) કેપ્ટન ડબ્લ્યુ. ઇ. પેરી તો યુદ્ધમાં ખરાબ રીતે જખમી થયો હતો. પગનું હાડકું ભાંગી ગયા પછી જહાજનું સુકાનીપદ તેણે નાયબ કપ્તાનને સોંપ્યું હતું.

'આપણે બંદરમાં જવું નથી.' હારવૂડે કહ્યું. 'પોકેટ બેટલશિપ ફરી વખત બહાર નીકળે ત્યારે નવું આક્રમણ કરવા માટે નદીના મુખ પાસે જાપ્તો રાખવાનો છે. નૌકાદળનાં બીજાં યુદ્ધજહાજોને પણ અહીં તાબડતોબ આવવાનો મેં સંદેશો મોકલી આપ્યો છે.'


આ નવો ખેલ જામ્યો તે દિવસ ડિસેમ્બર ૧૩, ૧૯૩૯ના બુધવારનો હતો અને સવારના નવ વાગ્યા હતા. થોડા સમય પહેલાં જ ૭:૩૦ વાગ્યે યુદ્ધ અટક્યું હતું.

ઉરૂગ્વે દેશ બીજા વિશ્વયુદ્ધમાં હજી તટસ્થ રહ્યો હતો. બ્રિટનનો કે જર્મનીનો પક્ષ તેણે લીધો ન હતો, એટલે તેના મોન્ટેવિડિયો બંદરમાં પ્રવેશીને 'ગ્રાફ સ્પી' પર જીવલેણ હુમલો કરવા માટે સોનેરી તક હોવા છતાં કોમોડર હારવૂડ લાચાર હતો. પરંતુ 'ગ્રાફ સ્પી' કેટલો વખત એ બંદરમાં છૂપાયેલું રહી શકવાનું ? વહેલામોડા તેણે ખુલ્લા સમુદ્રમાં આવવું રહ્યું--અને ત્યાર પછીયે તે બ્રિટીશ ક્રૂઝરોને જબ્બર લડત તો આપી શકે નહિ, કેમ કે સવારના યુદ્ધમાં પોતાનો ખાસ્સો દારૂગોળો તેણે વાપરી નાખ્યો હતો. જાપાનનું પુરવઠા જહાજ 'તાકોમા' ક્યારનું 'ગ્રાફ સ્પી' માટેના નવા દારૂગોળા અને બળતણ સાથે નીકળ્યું હતું, પણ હારવૂડ તેને રીવર પ્લેટ સુધી પહોંચવા જ દેવા માગતો ન હતો.

♦ ઉરૂગ્વેના મોન્ટેવિડિયો બંદરમાં મરામ્મત કરાવવા માટે દાખલ થતું જખમી જર્મન જહાજ 'ગ્રાફ સ્પી'



બંદરમાં પુરાયેલું પોકેટ બેટલશિપ



બપોર વીતી અને સાંજ પડી. રાત્રિનો અંધકાર ઘેરાવા લાગ્યો. ઉરુગ્વેના પાટનગર મોન્ટેવિડિયોમાં વાયુવેગે સમાચાર ફેલાયા કે હિટલરનું પોકેટ બેટલશિપ એકાએક તેમના બંદરે ટપકી પડ્યું હતું. લોકોમાં ગભરાટ વ્યાપી ગયો. બે કદાવર પાડા લડે એમાં ઝાડનું નખ્ખોદ વળી જાય એવું જો બન્યું તો ? વિશ્વયુદ્ધમાં કશી લેવા કે દેવા વગર તેમના દેશે પણ ઝંપલાવવું પડે એ બીકે સૌને 'ગ્રાફ સ્પી' અંગે વધુ જાણવા માટે આતુરતા જાગી. નાગરિકોનાં ટોળેટોળાં બંદરગાહ તરફ જવાં લાગ્યાં. પરંતુ લંગર નાખીને પડેલું તે યુદ્ધજહાજ અંધારામાં દેખાતું ન હતું. લાઇટો ગાયબ હતી. હિટલરના સ્વસ્તિક ચિહ્નવાળો ધ્વજ પણ કેપ્ટન લેંગ્સડોર્ફે સંકેલી લેવો પડ્યો હતો, કારણ કે લડાયક દેશનો વાવટો તટસ્થ દેશના બારામાં લહેરાતો રાખ્યો હોય તો પછી ત્યાં આશરો જ મળી શકે નહિ.

લા પ્લાટાના બન્ને કાંઠે ભારે મેદની જામી. આખી રાત શહેરના લોકો ટાંપી રહ્યા કે ક્યારે પાછું અજવાળું થાય અને જર્મન પોકેટ બેટલશિપના જખમો નજરે જોઇએ ! સૌના મનમાં સરખી જ ઉત્કંઠા તથા સરખો જ ઉચાટ કે હિટલરના માનીતા અને મારકણા યુદ્ધજહાજનું અંતે શું થશે ? ઉરુગ્વે છોડીને તે ક્યારે પાછું ખુલ્લા મહાસાગરમાં જશે? કે પછી અંગ્રેજોના તથા જર્મનોના પણ નૌકા-કાફલા મોન્ટેવિડિયોમાં હલ્લો કરી ઘૂસી આવતાં તેમના શાંતિપ્રિય દેશે નાહક બીજા વિશ્વયુદ્ધમાં ઘસડાવું પડશે?

ઉરુગ્વે સરકારને પણ ઓછી ચિંતા ન હતી. હિટલરના 'ગ્રાફ સ્પી'ને જાકારો અપાય તો એ સરમુખત્યારનો પિત્તો જાય અને 'ગ્રાફ સ્પી'ને લાંબો સમય આશરો દેવાય તો અંગ્રેજો વળી ઉરુગ્વેને જર્મનીનું દોસ્ત અને પોતાનું દુશ્મન રાષ્ટ્ર જાહેર કરી કોને ખબર શી સજા ફરમાવે ! ઉરુગ્વેના વિદેશપ્રધાન ડૉ. આલ્બર્ટો ગુઆની ક્યાંય સુધી પોતાની ઑફિસમાં વિચાર કરતા બેસી રહ્યા. હિટલરે કડક રીતે ચીમકી આપેલી, માટે ઉરુગ્વેના પ્રમુખે 'ગ્રાફ સ્પી'ને આશરો દેવો પડ્યો હતો. પરંતુ ત્યાર બાદ તરત બ્રિટનના સર્વોચ્ચ નૌકાસેનાપતિ વિન્સ્ટન ચર્ચિલનો મેસેજ આવ્યો કે, 'ઉરુગ્વે જો તટસ્થ દેશ હોય તો વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર યુદ્ધજહાજને તમે મદદ કરી જ શકો નહિ ! બ્રિટીશ મનવારોને અમે ઉરુગ્વેના જળ-વિસ્તારની બહાર ખુલ્લા સમુદ્રમાં રોકી પાડી છે, જ્યારે તમે જર્મન પોકેટ બેટલશિપને મહેમાન બનાવ્યું છે !'

વિદેશપ્રધાન ડૉ. આલ્બર્ટો ગુઆની માટે જબરી કટોકટી જાગી. ઊંઘ હરામ બની. ઉરુગ્વેના હાલ સાપે છછૂંદર ગળ્યા જેવા હતા. હિટલરનું ભેજું ન છટકે એટલા ખાતર ઘાયલ 'ગ્રાફ સ્પી'ને મોન્ટેવિડિયોમાં પ્રવેશ અપાયો, તો હવે વળી બ્રિટનના વિન્સ્ટન ચર્ચિલ ઉરુગ્વેને દાટી મારી રહ્યા હતા. ચર્ચિલને ખુશ રાખવા માટે 'ગ્રાફ સ્પી' નામના છછૂંદરને જો બહાર નીકળી જવાનો હુકમ અપાય તો ખુલ્લા સમુદ્રમાં બ્રિટીશ મનવારો અચૂક તેનો ખાત્મો કરી નાખે, કેમ કે સમુદ્રી વાઘ કહેવાતું 'ગ્રાફ સ્પી' અત્યારે છછૂંદર જેવું જ લાચાર હતું. લડવાની સહેજ પણ શક્તિ તેનામાં ન હતી, એટલે બહાર જતાવેંત તેનું મોત થાય એ નક્કી હતું. હિટલરનો ગુસ્સો ત્યાર પછી ઝાલ્યો રહે ખરો ? વિશ્વયુદ્ધમાં જર્મની છેવટે હારી જાય તો વાંધો નહિ, પણ વિજય જર્મનીનો થાય તો હિટલર ઉરુગ્વે પર દાઝ કાઢ્યા વગર ન જંપે ! એ જ રીતે જર્મનીનો પક્ષ તાણ્યા પછી બ્રિટન રખે વિશ્વયુદ્ધમાં જીતે તો અંગ્રેજો ઉરુગ્વેને માફી ન આપે ! આર્જેન્ટિના દેશના ફોકલેન્ડ ટાપુસમૂહની જેમ ઉરુગ્વેને પણ તેઓ પોતાનું તાબેદાર બનાવે !

◆

મધરાતનો સમય થયો. બર્લિનથી અને લંડનથી ડૉ. ગુઆનીને સતત વાયરલેસ સંદેશા મળતા હતા. એક સંદેશો 'શિયાળ તાણે સીમ ભણી' જેવો અને બીજો સંદેશો 'કૂતરું તાણે ગામ ભણી' જેવો ! ઉપાધિમાં હજી જાણે કશુંક બાકી રહેતું હોય તેમ મોન્ટેવિડિયોમાં આવેલી જર્મન તથા બ્રિટીશ એલચી કચેરીના રાજદૂતો ડૉ. ગુઆનીને ફોન પર ફોન કરતા હતા. બન્ને જણા તેને રૂબરૂ મળી પોતપોતાની વાત કહેવા માગતા હતા. વાત કહેવાના બહાને ધમકી જ આપવા માગતા હતા.

પરોઢનું અજવાળું થાય એ પહેલાં ૩:૩૦ વાગ્યે ડૉ. ગુઆનીએ જર્મન રાજદૂત હેર લેંગમાનને તથા 'ગ્રાફ સ્પી'ના કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફને પોતાની ઓફિસે બોલાવ્યા. ઊંચા બાંધાના લેંગ્સડોર્ફ નૌકાદળના સફેદ યુનિફોર્મમાં સજ્જ હતો. કમરે આલિશાન તલવાર લટકતી હતી. હાથ પર થયેલા જખમો દ્વારા તેને પુષ્કળ લોહી નીકળ્યું હતું, માટે પાટો લાલઘૂમ હતો. ઉજાગરા તેમજ થાકને લીધે તેનામાં જોર રહ્યું ન હતું, જ્યારે હેર લેંગમાન તો હિટલર વતી રૂઆબ છાંટવા લાંબો કોટ, સફેદ હાથમોજાં અને ફેશનેબલ હેટ પહેરીને આવ્યો હતો.



દુનિયાભરનાં અખબારોમાં મોટા અક્ષરે સમાચાર ચમક્યા કે જર્મન પોકેટ બેટલશિપ 'ગ્રાફ સ્પી' ઉરૂગ્વેના બંદરે ફસાયું છે !

'મને ખબર મળ્યા કે તમારા જહાજને પુષ્કળ નુકસાન થયું છે.' વિદેશપ્રધાને કેપ્ટન સાથે જ વાત શરૂ કરી.

'હા, મારા છત્રીસ ખલાસીઓ માર્યા ગયા છે, જેમના મૃતદેહો હજી જહાજ પર છે.' કેપ્ટન લેંગ્સડોર્ફ બોલ્યો. 'વધુ સાઠ જણા બહુ ગંભીર રીતે ઘવાયા છે. મારી વિનંતી છે કે સમારકામ પૂરું થાય ત્યાં સુધી મોન્ટેવિડિયો બંદરમાં પડાવ નાખવા માટે અમને મંજૂરી આપો...'

'બર્લિનથી તમારી સરકારે પણ વાયરલેસ દ્વારા એ જ વિનંતી મોકલી છે. આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ તમને મદદ કરવામાં મને જરાય વાંધો નથી. પરંતુ એક મુદ્દો ધ્યાનમાં રાખજો.' વિદેશપ્રધાને કહ્યું. 'કાયદો એવો છે કે પરદેશી જહાજ સમુદ્ર પર સલામત રીતે હંકારી ન શકે એટલી હદે નુકસાન પામ્યું હોય તો જ તેને અમે રીપેરિંગ પૂરતું રોકાણ કરવા મંજૂરી આપી શકીએ. આથી સવારે અમારા દેશના જહાજી એન્જિનિયરો 'ગ્રાફ સ્પી' પર આવશે, જહાજની હાલત જોશે અને પછી ખુલ્લા સમુદ્રમાં તેને સલામતીપૂર્વક હંકારવા માટે જેટલું સમારકામ જરૂરી હોય એટલું જ રીપેરિંગ તમે કરી શકશો.'

કેપ્ટનની સાથે આવેલા રૂઆબખોર જર્મન રાજદૂતે ઘણીબધી દલીલો કરી. વિદેશપ્રધાન ડૉ. આલ્બર્ટો ગુઆનીએ તેને ફરી ફરીને એકનો એક જવાબ આપ્યો : 'બાકીની વાત કાલે !'

ઊભા થતી વખતે રાજદૂત લેંગમાનનો ગુસ્સો સમાતો ન હતો, પણ સમુદ્રી વાઘ 'ગ્રાફ સ્પી'ના હાલ અત્યારે છછૂંદર જેવા હોય ત્યારે એ કરે શું ?


'હેઈલ હિટલર !' નાઝી ઢબે તેણે સેલ્યુટ મારી, જ્યારે કેપ્ટન લેંગ્સડોર્ફે ચૂપચાપ પોતાના જખમી હાથ વડે નૌકાદળની સ્ટાઈલમાં વિદેશપ્રધાનને નમ્ર રીતે સલામ આપી.

દુનિયાભરનાં અખબારોમાં બીજે દિવસે મોટા અક્ષરે સમાચાર ચમક્યા કે પ્રખ્યાત જર્મન પોકેટ બેટલશિપ 'ગ્રાફ સ્પી' ઉરૂગ્વેના બંદરે ફસાયું છે અને તે બહાર નીકળે કે તરત ગોલંદાજી વડે તેને ફૂંકી દેવા માટે બ્રિટીશ મનવારો લા પ્લાટાના મુખ સામે તોપોનાં નાળચાં તાકીને રાહ જુએ છે !

દરમ્યાન લેંગ્સડોર્ફ વહેલી પરોઢના સમયે પાછો યુદ્ધજહાજ પર આવ્યો. બર્લિનને તેણે કોડ લેંન્ગ્વેજમાં વાયરલેસ સંદેશો મોકલી ઉરૂગ્વેના વિદેશમંત્રી સાથે થયેલી વાતચીત અંગે માહિતી આપી. વળતો જવાબ પણ તરત આવ્યો : 'બેટલશિપનાં શક્ય એટલાં ગાબડાંને કેનવાસ વડે ઢાંકી દો ! ઉરૂગ્વેના જહાજી એન્જિનિયરો તપાસ માટે આવે તે પહેલાં શક્ય એટલું બધું જ ઠીકઠાક કરી નાખો !'

આ પ્રકારનો જવાબ કેમ આવ્યો ? 'ગ્રાફ સ્પી'ને થયેલું નુકસાન છૂપાવવા પાછળનો હેતુ શો ? ઊલટું, યુદ્ધજહાજને થયું હોય એ બધું


♦ *ઘાયલ વાઘના કેવા હાલહવાલ ! ડિસેમ્બર ૧૩, ૧૯૩૯ની મોડી સવારે મોન્ટેવિડિયો બંદરમાં આશરો લેનાર 'ગ્રાફ સ્પી' બૂરી રીતે જખમી થયું હતું. બ્રિટીશ તોપોના ગોળાએ તેનાં બન્ને પડખાંમાં સંખ્યાબંધ ગાબડાં પાડી દીધાં હતાં. ઊંચા તૂતક પરનું આરાડો પ્રકારનું જાસૂસી-કમ-લડાયક પ્લેન ઓળખાય તેવું રહ્યું ન હતું*



નુકસાન ઉરૂગ્વેના એન્જિનિયરોને રજેરજ દેખાડવામાં આવે તો રીપેરિંગ માટે વધુ સમય મળે કે નહિ ?

પણ ના, હિટલર એવું માનતો ન હતો. હિટલરના સર્વોચ્ચ નૌકાસેનાપતિ એડમિરલ એરિક રેયડરને પણ થયું કે 'ગ્રાફ સ્પી' મરણતોલ રીતે જખમી હોવાનું અંગ્રેજોને ખબર પડી જાય તો અચૂક તેને ખતમ કરવા માટે વધુ મનવારોને ઉરૂગ્વે તરફ મોકલે ! અંગ્રેજોની હિંમત ખૂલી જાય અને નકામી મુસીબત ખડી થાય એ કરતાં એવો જ ડોળ કરવો કે 'ગ્રાફ સ્પી' હજી જોરદાર લડત આપી શકે તેમ હતું.

બિચારો લેંગ્સડોર્ફ ! હિટલરના આદેશનું તે પાલન ન કરે તો જાય ક્યાં ? આદેશ ભૂલભરેલો હતો. 'ગ્રાફ સ્પી'નું નુકસાન ઢાંકી દીધા પછી ઉરૂગ્વેના જહાજી એન્જિનિયરો તેના સમારકામ માટે ઓછો સમય આપે તે ચોખ્ખી જ વાત હતી. આ સમય પૂરો થાય ત્યાં સુધીમાં 'ગ્રાફ સ્પી'નું સમારકામ હજી ન પૂરૂં થયું હોય, એટલે લેંગ્સડોર્ફે તેને પંગુ હાલતે જ ખુલ્લા સમુદ્ર તરફ હંકારી જવું રહ્યું, જ્યાં 'એજેક્સ' તથા 'એકિલિસ' નામના બે જંગલી કૂતરા તેને ફાડી ખાવા તૈયાર જ હતા !



♦ કોમોડર હેન્રી હારવૂડની ક્રૂઝર 'એજેક્સ', જેણે અંત સુધી જર્મન જહાજ 'ગ્રાફ સ્પી'નો પીછો ન છોડ્યો

અગાઉ આપણે જોયું તેમ 'ગ્રાફ સ્પી' પર ઓગણત્રીસ જેટલા અંગ્રેજ યુદ્ધકેદીઓ પણ હતા. દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગરમાં જે બ્રિટીશ વ્યાપારી જહાજો 'ગ્રાફ સ્પી'નો ભોગ બન્યાં તેમના બચી ગયેલા નાવિકોને યુદ્ધકેદી તરીકે પકડવામાં આવ્યા હતા. લેંગ્સડોર્ફે તેમના સરદાર કેપ્ટન પેટ્રિક ડૉવને પોતાની કેબિનમાં બોલાવ્યો અને કહ્યું : 'કેપ્ટન ! તમારા માટે યુદ્ધ પૂરૂં થયું છે. હવે તમે સૌ આઝાદ છો! યુદ્ધ હંમેશા બહાદુરો વચ્ચે થાય છે અને સાચા બહાદુરો એ કહેવાય કે જેઓ યુદ્ધ પછી દુશ્મનાવટ ભુલી એકમેકના દોસ્ત બને ! હવે આપણે બન્ને દોસ્ત પણ છીએ !' લેંગ્સડોર્ફે પોતાનો ઘવાયેલો હાથ કેપ્ટન ડૉવ સાથે મિલાવ્યો.

અંગ્રેજ કેપ્ટન તો ફાટેલી આંખે ઘડીભર તેને જોતો જ રહ્યો ! કોઈવાર રમતગમતમાં હરીફ ટીમનો કપ્તાન ખેલદિલી દેખાડે એ તેણે સાંભળેલું, જ્યારે અહીં દુશ્મન નૌકાદળનો કપ્તાન અદ્દભુત ખેલદિલી બતાવતો હતો !

'અમને મુક્ત કરવા માટે તમારો આભાર, કેપ્ટન !' પેટ્રિક ડૉવ ગળગળા સાદે માંડ બોલ્યો. 'હવે તમે શું કરશો ?'

'ઉરૂગ્વે સરકારને મેં અરજ કરી છે કે રીપેરિંગ પૂરૂં થાય ત્યાં સુધી અમને બંદરગાહમાં રોકાવા દે.' લેંગ્સડોર્ફે જવાબ દીધો. 'સૌ પહેલાં હું મારા શહીદ નાવિકોની લશ્કરી માન સાથે અંતિમવિધિનો બંદોબસ્ત કરવા માગું છું.'

'કેપ્ટન !' બ્રિટીશ કપ્તાને તરત કહ્યું. 'મારી પણ એક નાની અરજ છે. નાવિકોને શ્રદ્ધાંજલિ આપવા માટે સ્મશાનયાત્રામાં મને હાજર રહેવા દેજો !'

પેટ્રિક ડૉવ અને તેના સાથીદારોને એ જ સવારે આઝાદી મળી. 'ગ્રાફ સ્પી'ની એક બચાવ નૌકા પર બેસાડી તેમને કાંઠે મોકલી દેવામાં આવ્યા. બ્રિટીશ એલચી કચેરીના અધિકારીઓ તેમને લેવા માટે ત્યાં હાજર જ હતા. યુદ્ધજહાજની દશા અંગે કેપ્ટન ડૉવને તેમણે અનેક સવાલો કર્યા, પરંતુ ડૉવને કશી ખબર ન હતી. દરિયાઇ યુદ્ધ દરમ્યાન બધા અંગ્રેજ યુદ્ધકેદીઓ નીચલા ભંડકિયામાં બંધ હતા.

ડિસેમ્બર ૧૪, ૧૯૩૯ના તે દિવસે બપોરે મોન્ટેવિડિયોમાં બ્રિટીશ એલચી કચેરીનો રાજદૂત યુજેન ડ્રેક ઉરૂગ્વેના વિદેશપ્રધાન ડૉ. આલ્બર્ટો ગુઆનીને મળવા ગયો. યુદ્ધને લગતો આંતરરાષ્ટ્રીય કાયદો તેને વાંચી સંભળાવ્યો : 'યુદ્ધમાં જે દેશ ભાગ ન લેતો હોય તેણે લડાયક દેશના યુદ્ધજહાજની તાકાત વધે એવું તેનું રીપેરિંગ ન કરી આપવું જોઇએ...'

'આ બધું મને ખબર છે !' વિદેશપ્રધાને તરત રોકડું પરખાવ્યું. 'તમારા દુશ્મનનું જહાજ આપમેળે હંકારીને સ્વદેશ પહોંચી શકે એટલા પૂરતું જ તેનું સમારકામ કરવા માટે અમે છૂટ આપી છે, સમજ્યા? અને તમારી ધમકી તમારી પાસે જ રાખો ! અમને ડરાવવાનો પ્રયત્ન કરતા નહિ !'

બ્રિટીશ એલચી છોભીલો પડીને જતો રહ્યો. ઉરૂગ્વે સરકાર રખે જર્મન પોકેટ બેટલશિપનું પૂરેપૂરૂં સમારકામ થવા દે એમ ધારી તેણે પોતાના દેશને ચેતવણીનો સંદેશો મોકલ્યો. બ્રિટનના સર્વોચ્ચ નૌકાસેનાપતિ વિન્સ્ટન ચર્ચિલ તરત સાબદા બન્યા. હવે 'ગ્રાફ સ્પી' પર ચોવીસે કલાક જાપ્તો રાખવો જોઇએ, એટલે તેમણે બ્રિટીશ ગુપ્તચરખાતાના બે જાસૂસોને તરત મોન્ટેવિડિયો જવા સૂચના આપી. રોજેરોજ પોતાનો સિક્રેટ રીપોર્ટ પણ રવાના કરવા તેમને જણાવ્યું. મોન્ટેવિડિયોના બંદર નજીક બહુ ઊંચું એવું બહુમાળી મકાન હતું. રેક્સ મિલર અને જૉક મેક્કોલ નામના એ બન્ને જાસૂસોએ ત્યાં ટોચનો ફ્લેટ ભાડે રાખી તેમાં બળવાન દૂરબીનો તથા કેમેરા ગોઠવ્યાં. અહીંથી લગભગ એક કિલોમીટર છેટેનું 'ગ્રાફ સ્પી' બરાબર દેખાતું હતું. ફોટા ડેવલપ કરી નિરાંતે સૂક્ષ્મદર્શક કાચ વડે 'ગ્રાફ સ્પી'ના જખમો અવલોકી શકાય તે માટે જાસૂસોએ ડાર્ક રૂમ પણ બનાવ્યો.

દરમ્યાન બંદરમાં વચ્ચોવચ લંગર નાખીને પડેલા 'ગ્રાફ સ્પી' પર શું બનતું હતું ? જર્મન નાવિકો જુસ્સાભેર રીપેરિંગના કામે લાગી ગયા હતા. વેલ્ડિંગ કરીને તેઓ વારાફરતી દરેક ગાબડામાં પોલાદનાં જાડાં પાટિયાં બેસાડતા હતા. ઉરૂગ્વેના જહાજી એન્જિનિયરો ચેકિંગ માટે

આવે તે પહેલાં તો બધું કામ પૂરું થાય નહિ, એટલે નાવિકોએ કેટલાંક ગાબડાં પર ફક્ત કેનવાસ લગાડી એ કાપડને ઢાંકવા રંગનો થપેડો મારી દેવો પડતો હતો. બ્રિટનની ત્રણ ક્રૂઝરો સામે એકલું લડનાર જર્મન પોકેટ બેટલશિપ પ્રચંડ યુદ્ધ પછીયે અડીખમ દેખાવું જોઇએ--નહિતર ઍટલાન્ટિક મહાસાગરમાં ડંકો વગાડી ચૂકેલા જર્મન નૌકાદળનો દુશ્મનોને કશો ડર જ રહે નહિ. હિટલર બીજી પણ એક ચાલબાજી કરવા માગતો હતો. ઉરૂગ્વેના જહાજ એન્જિનિયરો ચેકિંગ કરીને જતા રહે અને 'ગ્રાફ સ્પી'ના સમારકામ માટે ચોક્કસ મુદત આપે તેના અમુક સમય પછી કેનવાસના મલમપટ્ટા કાઢી લેવા ! ઉરૂગ્વેની સરકારને ત્યાર બાદ જણાવવું કે ચેકિંગ બરાબર થયું ન હોવાને લીધે થોડો વધુ સમય આપો ! સરકાર એન્જિનિયરોને ફરી વાર મોકલે એ વખતે તેમને ખુલ્લા જખમો બતાવવા પણ ખરા !



♦ મોન્ટેવિડિયોમાં જર્મન રાજદૂત લેંગ્સમાન (ડાબી તરફ) સાથે 'ગ્રાફ સ્પી' અંગે ચર્ચા કરતો સફેદ યુનિફોર્મવાળો કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફ

એ જ ખતમ થયેલા દુશ્મન જર્મન શહીદોને માનભેર દફનાવવા માટે અંગ્રેજો પોતે સ્મશાનયાત્રામાં જોડાયા હતા ! માનવતા આનું નામ ! અને માનવજાત પણ આનું નામ ! કોઇના મનમાં અત્યારે લગીરે વેરભાવના ન હતી, છતાં કરોડો માણસો વિરૂદ્ધ કરોડો માણસોનું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હતું!

આ દ્રશ્ય મોન્ટેવિડિયોના લોકોને પણ અત્યંત કરૂણ લાગ્યું. અફસરોની પાછળ ૩૬ તોપગાડીઓ ધીમા વેગે હંકારી રહી હતી. દરેક ખુલ્લી ગાડી પર ફૂલોના ઢગલા વચ્ચે અકેક શબપેટી હતી, જેના પર સ્વસ્તિક ચિહ્નવાળો જર્મન રાષ્ટ્રધ્વજ લપેટવામાં આવ્યો હતો. શબપેટી માંહ્યલા શહીદ જર્મન નાવિકોએ અંતે હંમેશ માટે ક્યાં પોઢી જવાનું હતું ? મોન્ટેવિડિયોના બ્રિટીશ કબ્રસ્તાનમાં ! કોઇ બીજા કબ્રસ્તાનમાં સામટા ૩૬ મૃતદેહોને સાઇડ-બાય-સાઇડ દફનાવવા પૂરતી મોકળી જગ્યા

ઉરૂગ્વેના એન્જિનિયરો બપોરે આવ્યા, ચેકિંગ કર્યું, 'ગ્રાફ સ્પી'ના જ કાચા નકશા જેવા ડાયાગ્રામ પર અકેક ગાબડાનું માર્કિંગ દેખાડતા લીટા દોર્યા અને પછી વિદાય લીધી.

બીજી સવારે ડિસેમ્બર ૧૪, ૧૯૩૯ના રોજ ગુરૂવારે મોન્ટેવિડિયોમાં કબ્રસ્તાન તરફ જતા માર્ગ પર ભીડનો પાર નહિ. રસ્તાની બન્ને તરફ લાખો સ્ત્રી-પુરૂષો અને બાળકો એકઠાં થયાં હતાં. કેટલાક જણાના હાથમાં ફૂલોના ગુચ્છા હતા. શોરબકોર તો ઠીક, કોઇ હરફ સુદ્ધાં કાઢતું ન હતું. પ્રસંગ જ એવો હતો.

થોડી વાર બાદ લશ્કરી બેન્ડનો અવાજ વાતાવરણમાં ગૂંજવા લાગ્યો. લશ્કરી દબદબાભેર સ્મશાનયાત્રા આવતી જોવા મળી. સૌની મોખરે કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફ શિસ્તપૂર્વક કદમો માંડી ચાલતો હતો. એ જ સફેદ યુનિફોર્મ, એ જ સુશોભિત તલવાર અને માથા પર સ્વસ્તિકના ચિહ્નવાળી રોનકદાર કેપ ! મોન્ટેવિડિયોના લોકો તેના પ્રભાવશાળી વ્યક્તિત્વને એકીટશે જોતા રહ્યા.

લેંગ્સડોર્ફની બાજુમાં જાણે ખભેખભા મિલાવતો હોય એમ ચાલતો અને કાળા યુનિફોર્મને લીધે જુદો દેખાતો નૌકાઅફસર કોણ હતો ?

બ્રિટીશ જહાજનો કેપ્ટન પેટ્રિક ડૉવ કે જેને થોડા જ કલાક પહેલાં લેંગ્સડોર્ફે યુદ્ધકેદી તરીકે મુક્ત કર્યો હતો ! માત્ર કેપ્ટન નહિ, પરંતુ તેના બધા અંગ્રેજ સાથીદારો અત્યારે સ્મશાનયાત્રામાં જર્મન સાથે કદમ મિલાવતા ચાલી રહ્યા હતા અને જર્મનોના દુ:ખે પોતે દુ:ખી હતા. આ તે કેવા પ્રકારનો વિશ્વવિગ્રહ ? પહેલાં જર્મન યુદ્ધજહાજે બ્રિટીશ જહાજોને ડૂબાવ્યા અને તેમના નાવિકોનો ભોગ લીધો. એ પછી બ્રિટીશ મનવારોએ જર્મન નાવિકોને તોપો વડે ખતમ કર્યા. હવે

ન હતી, એટલે મોન્ટેવિડિયોમાં રહેતા અંગ્રેજોએ પોતાના કબ્રસ્તાનમાં ગોઠવણ કરી આપી હતી !

ઊંડા ખાડામાં કતારબંધ શબપેટીઓ મૂકાયા પછી 'ગ્રાફ સ્પી'ના નાવિકોએ ભારે હૈયે તે ખાડો પૂરી દીધો. માટીનો છેલ્લો ઢગલો કેપ્ટન લેંગ્સડોર્ફે કર્યો. શહીદોને આખરી વિદાય આપતું બ્યુગલ વાગ્યું. સૌ એટેન્શનમાં ખડા રહી ગયા. કેપ્ટન પેટ્રિક ડૉવ તો લગભગ રડી પડ્યો. કેપ્ટન લેંગ્સડોર્ફ તરફ ફરીને તેણે સેલ્યુટ મારી અને ધીમા અવાજે બોલ્યો : 'આપણે કદાચ ફરી વખત ન મળીએ. ઇશ્વરને મારી પ્રાર્થના છે કે એ તમને અને તમારા જહાજને સલામત રાખે.'

બન્ને ખેલદિલ બહાદુરો છૂટા પડ્યા--કાયમને માટે છેલ્લીવાર !

શિકારી કૂતરાઓ જ્યારે બહાર સતત ટાંપીને રાહ જોતા હોય ત્યારે મોન્ટેવિડિયો નામની બોડમાં પુરાયેલા જખમી વાઘ જેવું 'ગ્રાફ સ્પી' શું સલામત રહી શકવાનું હતું ? રહી શકે તો પણ ક્યાં સુધી ?

એ સાંજે ૭:૦૦ વાગ્યે કેપ્ટન લેંગ્સડોર્ફ અને જર્મન રાજદૂત લેંગ્સમાન ફરી વખત ઉરૂગ્વેના વિદેશપ્રધાન ડૉ. આલ્બર્ટો ગુઆનીને મળવા ગયા. વિદેશપ્રધાને જ તરત હાજર થવા માટે તેડું મોકલ્યું હતું.

'સમારકામમાં હજી કેટલો સમય લાગે ?' તેણે કેપ્ટનને પૂછ્યું.

'બે અઠવાડિયાં.' લેંગ્સડોર્ફે કહ્યું.

'પરંતુ મારા એન્જિનિયરો કહે છે કે માત્ર અડતાલીસ કલાક લાગે.'


'સર ! ચોસઠ તોપગોળા તો જહાજના બ્રિજને અને કન્ટ્રોલ ટાવરને વાગ્યા છે...'

'પાંસઠ !' વિદેશપ્રધાને લેખિત રીપોર્ટ વાંચીને કહ્યું. 'તમારા કરતાં મારા એન્જિનિયરોએ વધુ બારીક તપાસ કરી છે ! જુઓ, હું તમને

બોંતેર કલાકનો સમય આપું છું. રવિવાર, ડિસેમ્બર ૧૭ અને સમય રાત્રે ૮:૦૦ વાગ્યાનો ! આ સમય વીત્યા પછી જો યુદ્ધજહાજ મોન્ટેવિડિયો બંદરમાં હશે તો અમે તેને જપ્ત કરીશું અથવા ટગનૌકા વડે તાણી ખુલ્લા સમુદ્રમાં મોકલી આપીશું !'

કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફ અને લેંગ્સમાને હવે આગળ કશું બોલવાનું જ રહેતું ન હતું.

--અને કરવાનું શું બાકી રહ્યું? બોંતેર કલાકમાં 'ગ્રાફ સ્પી'ને ફરી વખત લડવા માટે તૈયાર કરી શકાય નહિ. અધૂરામાં પૂરૂં, બ્રિટીશ ક્રૂઝર 'એક્સિટિર' પોતાના સમારકામ માટે ફોકલેન્ડ ટાપુસમુહ તરફ જતી રહી, તો રીવર પ્લેટ (લા પ્લાટા) નજીક તેનું સ્થાન લેવા વિન્સ્ટન ચર્ચિલે 'કમ્બરલેન્ડ' નામની બીજી ક્રૂઝરને મોકલી આપી હતી ! 'એકિલિસ' તથા 'એજેક્સ' સાથે તેણે પણ ઘેરો નાખ્યો હતો !



♦ શહીદ જર્મન નાવિકોને માનભેર દફનાવ્યા પછી બ્રિટનના કેપ્ટન પેટ્રિક ડૉવે (ડાબી બાજુ) અને જર્મન કેપ્ટન લેંગ્સડોર્ફે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી

ઊંચા બહુમાળી મકાનમાં રહીને 'ગ્રાફ સ્પી' પર જાસૂસી કરતા પેલા રેક્સ મિલર અને જૉક મેક્કોલ નામના ગુપ્તચરો પણ જેવા તેવા જેમ્સ બોન્ડ ન હતા. ઉરૂગ્વે સરકારમાં તેમણે કેટલાક બાતમીદારોને ફોડી રાખ્યા હતા. 'ગ્રાફ સ્પી'ને બોંતેર કલાકનો સમય અપાયો તે વાત તેમણે જાણી લીધી. થોડા કલાક પછી રાત્રિના અંધકારમાં પણ તેમણે દૂરબીન વડે 'ગ્રાફ સ્પી' તરફ નજર માંડી તો સફેદ ધુમાડો નીકળતો દેખાયો. થોડી મિનિટો બાદ તે ધુમાડો અટકી ગયો અને કેટલાક સમયે ફરી દેખાયો ! બોઇલરનું ટેસ્ટિંગ થતું હતું ? કેપ્ટન લેંગ્સડોર્ફ 'ગ્રાફ સ્પી'નાં એન્જિનો ચેક કરાવતો હતો ? પરંતુ કારણ શું ? બોંતેર કલાક પૂરા થવાને તો હજી વાર હતી ! શું અંધારમાં જ 'ગ્રાફ સ્પી'ને ઍટલાન્ટિક મહાસાગર તરફ હંકારી તે ગુપચૂપ નાસી છૂટવા માગતો હતો ? જો એમ હોય તો 'એજેક્સ'ના કોમોડર હેન્રી હારવૂડને ચેતવવો જોઇએ.



મદદ ? અને વળી જર્મન જાસૂસોની ? મેક્કોલને આશ્ચર્ય થયું. પરંતુ જાતનો તે જાસૂસ, એટલે તરકીબ સમજવામાં વાર ન લાગી

જૉક મેક્કોલ સહેજ પણ સમય ગુમાવ્યા વગર દોડ્યો, નીચે રસ્તા પર આવ્યો, ટેક્સી પકડી અને સમુદ્રકાંઠે પહોંચીને છૂપી રીતે મોટરબોટમાં બેસી 'એજેક્સ' તરફ હંકાર્યો. દરમ્યાન બહુમાળી મકાનના ફ્લેટમાં તેના સાથી જાસૂસ રેક્સ મિલરે આખી રાત પોતાનું દૂરબીન 'ગ્રાફ સ્પી' તરફ માંડેલું રાખ્યું.

પરોઢિયે મેક્કોલ પાછો ફર્યો. મિલરને તેણે કહ્યું : 'કોમોડર હારવૂડ ચિંતામાં છે, કારણ કે તેની પાસે ત્રણ મનવારો હોવા છતાં લા પ્લાટાનું મુખ ૧૬૦ કિલોમીટર પહોળું છે. આથી રાતના અંધકારમાં પોકેટ બેટલશિપ પૂરપાટ હંકારી જાય તો કદાચ નજરે પણ ચડે નહિ.'

'ઓત્તારી !' મિલરે લમણે હાથ દીધો. 'આપણાં બીજા યુદ્ધજહાજો તો મંગળવાર પહેલાં અહીં સુધી પહોંચી શકવાનાં નથી !'

પાંચેક મિનિટ બન્ને જાસૂસો ચૂપ બેસી રહ્યા--અને ત્યાં વળી મિલર બોલ્યો : 'મને એક તરકીબ સૂઝે છે. હિટલરના જાસૂસો આપણી બ્યુએનોસ એરિસ ખાતેની એલચી કચેરીના ટેલિફોનનો બધો વાર્તાલાપ સાંભળે છે. આર્જેન્ટિના સરકાર તેમને રોકતી નથી કે પકડતી નથી. આપણે તેમની મદદ લઇએ.'

'મદદ ? અને વળી જર્મન જાસૂસોની ?' મેક્કોલને આશ્ચર્ય થયું. પરંતુ જાતનો તો એ પણ અઠંગ જાસૂસ, એટલે તરકીબ સમજવામાં વાર ન લાગી. મિલરને બદલે તેણે જ બ્યુએનોસ એરિસના બ્રિટીશ રાજદૂતને મોડી સવારે ફોન જોડ્યો. 'ગ્રાફ સ્પી' વિશે બધું જ ભરડવા માંડ્યો.

'આ જાતની ગુપ્ત વાતો ટેલિફોન પર ન કરાય, મેક્કોલ !' રાજદૂતે ગુસ્સામાં કહ્યું.

'ઇમરજન્સી છે, એટલે તો ફોન કર્યો ! આપણાં બે મોટાં યુદ્ધજહાજો રીવર પ્લેટ તરફ પૂરપાટ આવે છે. નૌકાદળનો હુકમ છે કે તેમના માટે તમે ૨,૦૦૦ ટન જેટલા બળતણનો તાકીદે બંદોબસ્ત કરો !'

બ્રિટીશ રાજદૂત તો સજ્જડબંબ ! કશું બોલવા જાય એ પહેલાં મેક્કોલે સંદેશો આસ્તે આસ્તે રીપીટ કર્યો, જેથી દુશ્મન ગુપ્તચરોએ અગાઉ તેની વાત બરાબર ન સાંભળી હોય તો ફરી ખુલાસાવાર સાંભળી લે ! બ્રિટીશ રાજદૂતને બોલવાનો મોકો આપ્યા વગર તેણે રિસીવર મૂકી દીધું.

આ છૂપા વાર્તાલાપનો રીપોર્ટ જર્મન ગુપ્તચરો મારફત જર્મન નૌકાદળના સેનાપતિ એડમિરલ એરિક રેયડરને મળ્યા વગર રહેવાનો હતો ? થોડા જ કલાકોમાં રેયડરના કાને એ વાત પહોંચી. મિલરે તથા મેક્કોલે પાછી બીજી પણ એક યુક્તિ કરી આર્જેન્ટિનાની રાજધાની બ્યુએનોસ એરિસમાં તેમજ ઉરૂગ્વેના પાટનગર મોન્ટેવિડિયોમાં તેમણે કેટલાક ઓળખીતા લોકોને ફોન જોડી એવું પૂછ્યું કે બ્રિટીશ નૌકાદળે તેના વિમાનવાહક જહાજ 'આર્ક રોયલ'ને તથા વિરાટ યુદ્ધજહાજ 'રીનાઉન'ને પૂરઝડપે રીવર પ્લેટ તરફ રવાના કર્યાં હોવાના સમાચાર શું સાચા ? કે પછી માત્ર અફવા ?

આ પ્રશ્ન ત્યાર પછી તો બન્ને શહેરોમાં બધા જણા એકબીજાને પૂછવા લાગ્યા એટલું જ નહિ, પણ બીજે દિવસે વર્તમાનપત્રોએ તે સમાચાર પ્રગટ કર્યા ! બ્રિટીશ નૌકાદળે ખરૂં જોતાં એકમાત્ર 'કમ્બરલેન્ડ' મનવારને 'એક્સિટિર'નું સ્થાન લેવા ખાતર મોકલી હતી. કોઇ બીજું યુદ્ધજહાજ તેની પાસે દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં હતું નહિ, તો મોકલે ક્યાંથી ?

પરંતુ કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફ અફવાને સાચી વાત સમજી બેઠો. 'ગ્રાફ સ્પી'ની બચાવનૌકા હંકારીને મોડી સવારે તે કાંઠે ગયો અને ત્યાં રાહ જોતા જર્મન રાજદૂત લેંગ્સમાન સાથે વાતચીત કરી. મિલર અને મેક્કોલ દૂરબીન વડે તે દ્રશ્ય આતુર નજરે જોતા રહ્યા. લેંગ્સડોર્ફ ત્યાર બાદ પાછો 'ગ્રાફ સ્પી' પર ગયો.

સસ્પેન્સ ! 'આર્ક રોયલ'નું તથા 'રીનાઉન'નું મોન્ટેવિડિયો સુધી આગમન થવામાં હજી કેટલોક સમય નીકળી જાય એમ ધારી કેપ્ટન લેંગ્સડોર્ફ હવે સપાટાબંધ 'ગ્રાફ સ્પી'ને મધદરિયા તરફ હંકારી જવાનો કે શું ? કોઇ પણ રીતે લેંગ્સડોર્ફને એવો ચાન્સ ન મળે એ માટે બન્ને અંગ્રેજ જાસૂસો તરત કામે લાગી ગયા. બીજી એક યુક્તિ અમલમાં મૂકી.

◆

ડિસેમ્બર ૧૫, ૧૯૩૯નો શુક્રવાર અને સમય ૬:૧૫ વાગ્યે સાંજનો.

મોન્ટેવિડિયોના બારામાં રહેલા 'એશવર્થ' નામના બ્રિટીશ માલવાહક જહાજે પોતાના માલની હેરફેરનું કામ અધૂરૂં મૂકી અચાનક લંગર ઊપાડ્યું. કેપ્ટન લેંગ્સડોર્ફનું ધ્યાન ખેંચવા બે-ત્રણ વખત ભૂંગળું વગાડી તે બહાર નીકળી ગયું. લેંગ્સડોર્ફે તેને જતું દીઠું કે કેમ એ તો શી ખબર, પણ હવે એ પોતે બીજા ૨૪ કલાક સુધી 'ગ્રાફ સ્પી'ને બહાર કાઢી શકે તેમ ન હતો. વિગ્રહના આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ દુશ્મનનું માલવાહક જહાજ તટસ્થ દેશના બંદરને છોડી જાય ત્યારે એ જહાજનો શિકાર કરી શકતા યુદ્ધજહાજને બીજા ૨૪ કલાક સુધી મધદરિયે જવામાટે પરવાનગી મળે નહિ. માલવાહક જહાજને સલામત અંતર સુધી દૂર નીકળી જવા ખાતર એટલો સમય આપવો જોઇએ.


◆ બ્રિટનના સર્વોચ્ચ નૌકાસેનાપતિ વિન્સ્ટન ચર્ચિલ

આમ 'ગ્રાફ સ્પી' આગામી દિવસે યાને કે શનિવારે સાંજે ૬:૧૫ પહેલાં ખસી શકે તેમ ન હતું--અને વળી શનિવારે મોડી બપોરનો સમય થયો ત્યાં તો 'ડંગ્સ્ટર ગ્રેન્જ' નામના બીજા એક બ્રિટીશ વ્યાપારી જહાજે લંગર ઊપાડ્યું ! બિચારો લેંગ્સડોર્ફ સમસમી રહ્યો. હવે રવિવારે સૂર્યાસ્ત થાય ત્યાં લગી તેણે રાહ જોયા વગર છૂટકો નહિ. દરમ્યાન પેલાં 'આર્ક રોયલ' અને 'રીનાઉન' અચૂક ટપકી પડવાનાં હતાં. એ પછી સુરક્ષિત બંદર છોડીને બહાર નીકળતું 'ગ્રાફ સ્પી' પરબારૂં જાય મોતના જડબામાં !

આ જર્મન કપ્તાન હતાશ તો જરાય થયો ન હતો, છતાં સંજોગો જ એવા ગોઠવાયા કે તે પોતાના જુસ્સાનો પરચો દુશ્મનોને આપી શકે નહિ. હિંસક વાઘ પણ જ્યારે પાંજરામાં કેદ થાય ત્યારે લાચાર બને. એ જ હાલત લેંગ્સડોર્ફની હતી. શનિવારે રાતના દસેક વાગ્યે તે ફરી વખત બચાવનૌકાને કાંઠા તરફ હંકારી જર્મન એલચી કચેરી પર ગયો. અહીંથી તેણે ખાસ ટેલિફોન વડે બર્લિન ખાતેના એડમિરલ રેયડર સાથે વાત કરી અને ત્યાર પછી ખુદ હિટલરને પોતાના કફોડા હાલ કહી સંભળાવ્યા. ખાસ તો એ યાદ અપાવ્યું કે મોન્ટેવિડિયોમાં રોકાણની મુદત પૂરી થાય કે તરત ઉરુગ્વે સરકાર આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે 'ગ્રાફ સ્પી'ને જપ્ત કરી શકે અને યુદ્ધ પૂરૂં ન થાય ત્યાં લગી જર્મનોને તેમનું પોકેટ બેટલશિપ પરત ન મળે. હિટલરે જવાબમાં લેંગ્સડોર્ફને કશીક સૂચના આપી.

કપ્તાન પાછો 'ગ્રાફ સ્પી' પર આવ્યો. ઊંચા બહુમાળી મકાનમાં રહીને જાસૂસી કરતા રેક્સ મિલરે તથા જૉક મેક્કોલે વહેલી સવારે જોયું તો પોકેટ બેટલશિપ પર દોડધામ મચી હતી. જર્મન નાવિકો પોતપોતાનો સામાન ભરેલા કેનવાસના થેલા તૂતક પર ખડકી રહ્યા હતા. થોડીવારે કેટલીક બચાવનૌકાઓ એક પછી એક કરીને જળસપાટી પર ઉતરી, નાવિકો તેમાં ગોઠવાયા અને યુદ્ધજહાજનો હંમેશ માટે ત્યાગ કરતા હોય એમ હલેસાં મારી દૂર જવા લાગ્યા. 'ગ્રાફ સ્પી'નું પુરવઠા જહાજ 'તાકોમા' બ્રિટીશ ક્રૂઝરોને હાથતાળી આપી મોન્ટેવિડિયોમાં આવી પહોંચ્યું હતું. નાવિકોએ તેની દિશા પકડી.

મોન્ટેવિડિયો શહેરમાં ફરી પાછું સનસનાટીનું વાતાવરણ જામ્યું. અધૂરૂં નાટક જાણે શરૂ થયું હોય તેમ હજારો લોકો બંદર તરફ દોડ્યા. આસપાસનાં મકાનોની બારીમાં અને છાપરે પણ લોકોનો ઝમેલો એકઠો થયો. આ તરફ મિલર અને મેક્કોલ પણ ગૂંચવાયા કે કેપ્ટન લેંગ્સડોર્ફ શું કરવા માગતો હતો ?

આમ ને આમ કલાકો પસાર થયા. મધ્યાહ્ન પછી બપોર નમવા લાગી. સૂર્ય આથમવા માંડ્યો ત્યાં સુધી કશું ન બન્યું, પરંતુ બરાબર ૬:૩૦ વાગ્યે 'ગ્રાફ સ્પી'ના પડખા નજીક પડેલી મોટરલોન્ચ અને ટગ નૌકાઓ દૂર ખસવા માંડી. યુદ્ધજહાજનાં એન્જિનો શરૂ થયાનો અવાજ સંભળાયો. યુદ્ધજહાજે લંગર પણ ઊંચક્યું.

'માય ગોડ !' મિલર બોલી પડ્યો. 'આ માણસ શું કરવા માગે છે ?'

'હું ધારૂં છું કે તે હારવૂડ સાથે યુદ્ધ ખેલવા તૈયાર થયો છે !' કહી મેક્કોલે ખૂબ છેટે ક્ષિતિજ તરફ દૂરબીન ઘૂમાવ્યું. 'એજેક્સ', 'કમ્બરલેન્ડ' તથા 'એકિલિસ' ત્યાં ટપકાં જેવી દેખાતી હતી.

'નહિ!' મિલરે કહ્યું. 'હિટલર એવા યુદ્ધ માટે કદી મંજૂરી ન આપે કે જેમાં તેનું પ્રિય યુદ્ધજહાજ દુશ્મનોના હાથે નાશ પામે !'

રીવર પ્લેટના વહેણ સાથે હંકારતું 'ગ્રાફ સ્પી' સમુદ્રની દિશામાં આગળ વધ્યું. પાછળ 'તાકોમા' અને કેટલીક મોટરલોન્ચ એ બાજુ જવા લાગી. કાંઠા પર સોપો પડી ગયો. આ દ્રશ્ય ક્રૂઝર 'એજેક્સ'ના બ્રિજ પરનો બ્રિટીશ કોમોડર હેન્રી હારવૂડ પણ ચકળવકળ આંખે જોતો રહ્યો. 'એન્જિનો ચાલુ કરો ! ફુલ સ્ટીમ ! તોપો તૈયાર રાખો !' તેણે વારાફરતી હુકમો આપ્યા.

સૌના જીવ તાળવે અને શ્વાસ અદ્ધર ! 'ગ્રાફ સ્પી'ની જાણે સાથે રહેવા માગતા હોય તેમ મોન્ટેવિડિયોના કાંઠા પર લોકો પણ વળાંક લેતા રસ્તે આગળ દોડ્યા અને કેટલાકે પોતાની મોટરો ક્રમશઃ આગળ હંકારી. ખુલ્લા સમુદ્રમાં અમુક કિલોમીટરનું અંતર કાપીને અચાનક જર્મન યુદ્ધજહાજ અટક્યું. ખાલી મોટરલોન્ચ તેની નજીક સરકી. 'ગ્રાફ સ્પી'ના નાવિકો વારાફરતી તે લોન્ચમાં ટ્રાન્સફર થવા માંડ્યા, જેમને છેવટે 'તાકોમા' જહાજે પોતાના તૂતક પર ખેંચી લીધા. સમય એ

વખતે સૂર્યાસ્ત પછી બરાબર ૭:૫૦નો હતો. વધુ ચાર મિનિટો વીતી.

'ધ...ડા...મ...!' વાતાવરણને કંપાવતો ધડાકો થયો. 'ધ...ડા...મ...' બીજો પ્રચંડ અવાજ વાતાવરણમાં ગાજ્યો.

--અને પછી લાલ, કેસરી અને પીળી અગ્નિશિખાઓ ચોમેર ફેલાવા લાગી ! હિટલરનું ભવ્ય યુદ્ધજહાજ ધૂમધડાકા સાથે ફાટી રહ્યું હતું ! કાળાડિબાંગ ધુમાડા પણ નીકળી રહ્યા હતા ! નહિ, બ્રિટીશ ક્રૂઝરોએ તેના પર તોપમારો ચલાવ્યો ન હતો. દુશ્મનોના હાથે મરવાને બદલે એ યુદ્ધજહાજ પોતે જ ભંડકિયામાં રહેલો બારૂદ ફોડીને જાણે કે આત્મહત્યા કરતું હતું. નસીબમાં જો મોત લખાયું હોય તો ભલે એ મોત આવતું, પણ તેનો યશ જાની દુશ્મનને શા માટે આપવો ?




'ગ્રાફ સ્પી'ની રહીસહી કાયા જમણા પડખે નમી. હિટલરના માનીતા જહાજે હળવે હળવે જળસમાધિ લેવાનું શરૂ કર્યું !

'એજેક્સ'ના બ્રિજ પર બ્રિટીશ સરદાર હેન્રી હારવૂડ એકદમ ફિક્કા ચહેરે 'ગ્રાફ સ્પી'ના અંજામને જોતો રહ્યો. ખરેખર તેણે ભોઠા પડવાનો સમય આવ્યો હતો. કુલ પચાસ હજાર ટનનાં અંગ્રેજ માલવાહક જહાજોને સાગરપેટાળમાં મોકલી દેનાર મહાકાય અને મારકણા 'ગ્રાફ સ્પી'ને તે જળસમાધિ આપવા માગતો હતો. વેરનું બરાબર સાટું તેને વાળવું હતું. શિકારને તેણે બરાબર સપડાવ્યો પણ હતો--અને છતાં આટલી તપશ્ચર્યાને અંતે શું વળ્યું ? શિકારે પોતાના જ હાથે મરવાનું પસંદ કરી દુશ્મનને હાથતાળી આપી હતી !

મોન્ટેવિડિયોમાં લોકો તો રીતસર ચીસાચીસ કરવા લાગ્યા. 'ગ્રાફ સ્પી'ના શસ્ત્રભંડારમાં તોપગોળા અને ટોરપિડો એક પછી એક ફાટતાં જાય તેમ એ યુદ્ધજહાજના પોલાદી બખ્તરનાં પાટિયાં છૂટાં પડીને હવામાં ફેંકાતાં હતાં. સંધ્યાના આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા વચ્ચે આંજી દેતી જ્વાળાઓ લબકારા મારતી હતી. ઘડીકવાર પહેલાનું અકબંધ યુદ્ધજહાજ વિનાશક રીતે વિસર્જન પામવા માંડ્યું અને હજારો ડઘાયેલા લોકો આઘાતભરી નજરે તેને જોતા જ રહી ગયા ! સૂર્ય ડૂબી ચૂક્યો હતો, છતાં આકાશ લાલચોળ હતું. ધગધગતા પોલાદના ટુકડા જેમ સમુદ્રમાં પડતા ગયા તેમ વરાળના છૂંકારા પેદા થતા હતા. દરિયાનું પાણી સાચેસાચ ઉકળી રહ્યું હતું, કેમ કે બારૂદનું ટેમ્પરેચર ૨૦૦૦° સેલ્શિયસ કરતાં ઓછું હોય નહિ. 'ગ્રાફ સ્પી'ની રહીસહી કાયા આખરે જમણા પડખે નમી. હળવે હળવે જળસમાધિ લેવાનું શરૂ કર્યું અને છેવટે તેણે રીવર પ્લેટના છીછરા તળિયે હંમેશ માટે ચિરનિદ્રામાં લંબાવી દીધું ! સપાટીની બહાર તેનો માત્ર કેટલોક ભંગાર ડોકાતો રહ્યો. એક સમયના રૂપકડા યુદ્ધજહાજને આખરે મોતે ભરખી લીધું.

બીજા જર્મન નાવિકો સાથે કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફ પણ 'તાકોમા' જહાજ પર રહીને ભીની આંખે 'ગ્રાફ સ્પી'નો કરુણ અંજામ જોતો તેને ક્યાંય સુધી લશ્કરી સલામ આપતો રહ્યો. આખરે 'તાકોમા' બ્યુએનોસ એરિસ તરફ રવાના થયું ત્યારે લેંગ્સડોર્ફ પોતાનાં આંસુ રોકી શક્યો નહિ. નૌકાદળની પ્રણાલિકા મુજબ જહાજ એટલે દેહ અને કપ્તાન તેનો પ્રાણ, માટે જહાજ નાશ પામ્યા બાદ કપ્તાનને પોતાનું જીવન પણ નિરર્થક લાગે. આમ છતાં કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફે જીવતા રહેવું જરૂરી હતું. 'ગ્રાફ સ્પી'ના જર્મન નાવિકોને તેણે આર્જેન્ટિના ખાતે બ્યુએનોસ એરિસના જર્મન દૂતાવાસમાં હેમખેમ પહોંચાડવાના હતા.

◆ 'ગ્રાફ સ્પી'ના ભંડકિયામાં પહેલો દારૂગોળો ફાટ્યો અને પ્રચંડ યુદ્ધજહાજ જમણા પડખે નમવા લાગ્યું. મોન્ટિવિડિયો બંદર અને લા પ્લાટાના મુખ પાસે ઍટલાન્ટિક મહાસાગરના છીછરા પાણીમાં છેવટે તે ડૂબવા લાગ્યું



આ કામ બહાદુર દેશભક્ત લેંગ્સડોર્ફે ડિસેમ્બર ૨૦, ૧૯૩૯ના રોજ પૂરું કર્યું અને પછી ત્યાં જ એકાંત રૂમમાં તેણે શાહી જર્મન નૌકાદળનો ધ્વજ ઓઢી બિછાના પર છેલ્લી વખત લંબાવ્યું. પિસ્તોલનું નાળચું પોતાના લમણે તાકીને ટ્રીગર દાબી...અને તેના પણ એ જ હાલ થયા કે જે 'ગ્રાફ સ્પી'ના થયા હતા !

પરંતુ એક પ્રશ્નનો જવાબ આપી શકો છો ? 'બેટલ ઑફ રીવર પ્લેટ' તરીકે જાણીતા બનેલા ઐતિહાસિક સમુદ્ર યુદ્ધમાં આખરે વિજય કોનો ગણવો ? જર્મન કેપ્ટન હાન્સ લેંગ્સડોર્ફ સહિત આખા 'ગ્રાફ સ્પી'ને ફૂંકી દેવા માગતા બ્રિટીશ કોમોડર હારવૂડનો કે પોતાના જ 'ગ્રાફ સ્પી'નો જાતે નાશ કરી અંતે પોતાનું પણ બલિદાન આપનાર કેપ્ટન લેંગ્સડોર્ફનો ?■




2

બીજા વિશ્વયુદ્ધની બાજી પલટી નાખનાર પાયલટો : 'ધ ડેમ બસ્ટર્સ'

સપ્ટેમ્બર ૧, ૧૯૩૯ ના રોજ બીજા વિશ્વયુદ્ધનો પ્રથમ તણખો ઝર્યો એ પછી ફાટી નીકળેલા યુદ્ધમાં જગતના કુલ ૫૬ દેશોના કરોડો નિર્દોષ લોકો હોમાઈ ગયા. આ થ્રીલર સત્યકથા બ્રિટીશ એર ફોર્સના સાહસિક પાયલટોને લગતી છે, જેમણે રીતસર પાણીનાં ઘોડાપૂર સર્જીને બીજા વિશ્વયુદ્ધનો ભડકો બુઝાવવામાં મોટો ફાળો આપ્યો. કથા વાંચ્યા પછી જરૂર એમ થવાનું કે આને કહેવાય જવાઁમર્દી!

સપ્ટેમ્બર ૧, ૧૯૩૯ ની વહેલી પરોઢે હિટલરના 'શ્લેઝવિગ હોલ્સ્ટાઇન' નામના યુદ્ધજહાજે પોલેન્ડના ડાન્ઝિગ બંદરગાહ પર ફાયરિંગ કર્યું એ સાથે બીજા વિશ્વયુદ્ધનો આરંભ થયો. હિટલરનું ઘોડાપૂર જેવું સૈન્ય ત્યાર બાદ પોલેન્ડ પર એકાએક ફરી વળ્યું. સૈન્ય પણ કેવું જબરજસ્ત ! હાથી જાણે કીડીને છૂંદવા નીકળ્યો હોય તેમ ડિવિઝનો ૫૫ હતી. દરેકમાં ૨૭,૦૦૦ સૈનિકો હતા. આ પૈકી રણગાડીઓ ધરાવતી ડિવિઝનો ૬ હતી. હવાઈ આક્રમણ માટે એ જ વખતે બે એન્જિનોવાળાં ૬૪૮ બોમ્બર વિમાનો, ૨૧૯ ડાઇવ બોમ્બર વિમાનો, ૨૧૦ ફાઇટરો, ૩૦ ગ્રાઉન્ડ ઍટેક વિમાનો, ૪૭૪ જાસૂસી અને ૩૪૮ સૈનિકવાહક વિમાનોનાં ધાડાં પોલેન્ડના આકાશમાં ચડ્યાં ! બધું મળીને ૧,૯૨૯ વિમાનો ! આની સામે પોલેન્ડનું સૈન્ય ફક્ત ૩૦ ડિવિઝનોનું તથા ૧૧ ઘોડેસવાર બ્રિગેડોનું બનેલું હતું. વાયુસેના તો ફક્ત કહેવા પૂરતી હતી! જોતજોતામાં પોલેન્ડનો કચ્ચરઘાણ વળ્યો !

બ્રિટન અને ફ્રાન્સ પામી ગયા કે પોલેન્ડનો ઘડોલાડવો થયા બાદ તેમનો વારો આવવાનો, માટે આગામી દિવસે (સપ્ટેમ્બર ૩, ૧૯૩૯ના રોજ) તેમણે જર્મની સામે યુદ્ધનું એલાન કર્યું. આ બન્ને રાષ્ટ્રોના બ્રિટીશહિન્દ અને ફ્રેન્ચ હિન્દીચીન જેવા ગુલામ દેશો તો અનેક હતા, જેમણે પણ યુદ્ધમાં ધરાર સામેલ થવું પડ્યું. આમ જર્મની-પોલેન્ડનું યુદ્ધ આપોઆપ વિશ્વયુદ્ધ બન્યું. હિટલરની બીકે જર્મનીના પશ્ચિમ તરફના પડોશી દેશો બેલ્જિયમ, લક્ઝેમ્બર્ગ અને નેધરલેન્ડે પણ બ્રિટનને તેમજ ફ્રાન્સને સાથ આપવાનું નક્કી કર્યું, એટલે દાવાનળ ઓર સળગ્યો ! જર્મન યુદ્ધજહાજ 'શ્લેઝવિગ હોલ્સ્ટાઇન'ના એક તોપગોળાએ વેરેલા તણખાનું જ એ પરિણામ ! હિટલરને શરૂઆતના તબક્કે માત્ર પોલેન્ડનો મૂળ જર્મન સામ્રાજ્યવાળો પ્રદેશ જીતવામાં રસ હતો, પણ હવે તેણે યુરોપના સામટા કેટલાય દેશો સામે બાથ ભીડવાનો સમય આવ્યો. જર્મનીમાં યુદ્ધજહાજો બાંધતા જહાજવાડાને તથા રણગાડીઓ, વિમાનો, તોપો, બોમ્બગોળા, મશીનગનો વગેરે બનાવતાં કારખાનાંને તેણે ચોવીસે કલાક પોતાનું કામકાજ ચાલુ રાખવાનો કડક હુકમ ફરમાવ્યો.



♦ વિશ્વયુદ્ધ શરૂ થયું કે તરત જ હિટલરે ઘણાખરા યુરોપી દેશોને કબજે લીધા

એક તરફ જર્મની અને બીજી તરફ યુરોપના ડઝનેક દેશો ! સૌ ભેગા મળીને સામટું આક્રમણ યોજે તો જર્મનીને ધૂળ ફાકતું કરી દેવામાં વાર કેટલી ? બ્રિટન, ફ્રાન્સ, નેધરલેન્ડ, બેલ્જિયમ વગેરે દેશોએ મે ૧૦, ૧૯૪૦ના રોજ એ પ્રકારનો જ સંયુક્ત મોરચો ગોઠવ્યો. પશ્ચિમમાં જર્મન સરહદે પોતાની કુલ ૧૪૪ ડિવિઝનો ખડકી દીધી ! હિટલરે જવાબરૂપે ૧૪૧ નાઝી ડિવિઝનોને રાતોરાત સરહદ તરફ મોકલી. બ્રિટન અને તેના મિત્રદેશો પાસે ૩,૩૮૩ રણગાડીઓ હતી, તો નાઝી લશ્કર ૨,૩૩૫ રણગાડીઓ વડે સજ્જ હતું.

બ્રિટન સહિત મિત્રદેશોનાં વિમાનો લગભગ ૩,૦૦૦ જ્યારે લુફ્ટવાફ કહેવાતા જર્મન હવાઇદળે ૪,૦૨૦ વિમાનો તૈયાર રાખ્યાં ! આ દરેક જંગી આંકડો વાંચીને જ તે સંગ્રામનું રૌદ્ર સ્વરૂપ કલ્પી લેજો. વિમાનોની ધમધમાટી વડે સતત છ અઠવાડિયાં સુધી આકાશ ગાજતું રહ્યું. વિનાશક બોમ્બના અને તોપગોળાના કર્ણભેદી ધડાકા વાતાવરણને કંપાવતા રહ્યા. સૈનિકો જાણે ડી.ડી.ટી.નો શિકાર બનતાં મગતરાં હોય તેમ રોજના સરેરાશ ૨,૦૦૦ લેખે મરતા રહ્યા.


♦ હિટલરના નાઝી હવાઇદળનો વડો એર માર્શલ હેરમાન ગોરિંગ


છેવટનું પરિણામ ? હિટલરે પોતાના ૩૦,૦૦૦ સૈનિકોના ભોગે બેલ્જિયમ, લક્ઝેમ્બર્ગ તથા નેધરલેન્ડને જીતી લીધા. થોડા દિવસ પછી ફ્રાન્સને પણ કચડી નાખ્યું. નોર્વેને તથા ડેન્માર્કને તો ક્યારનો પરાજય મળી ચૂક્યો હતો. યુરોપમાં બાકી રહ્યા હંગેરી, રોમાનિયા, બલ્ગેરિયા અને ઇટાલિ, જેમણે હિટલરનો તરખાટ જોયા બાદ જર્મન છાવણીમાં ભળી જવાનું નક્કી કર્યું ! ઊગતા સૂર્યને કોણ ન પૂજે ? યુરોપની મુખ્યભૂમિ પરના બધા દેશો એ રીતે જર્મન સૈન્યનાં ઘોડાપૂરમાં તણાયા અથવા જર્મનીના તાબેદાર દોસ્ત બન્યા.

હવે વારો બ્રિટનનો ! મુખ્યભૂમિ કરતાં અલગ પડી જતું બ્રિટન પોતે ચોતરફી સમુદ્ર વચ્ચે સુરક્ષિત હતું, જ્યારે બ્રિટીશ હવાઇદળનાં વિમાનો જર્મની પર ભીષણ બોમ્બમારો કરી શકતાં હતાં. હિટલરનો વાયુસેનાપતિ એર માર્શલ હેરમાન ગોરિંગ પણ બ્રિટન પર વળતા આકાશી હુમલા કરાવતો હતો. ગોરિંગના હવાઇદળ લુફ્ટવાફ પાસે વિમાનો તો પારાવાર હતાં, કેમ કે ૧૯૪૦ના અરસામાં જર્મન કારખાનાં દરરોજ સરેરાશ ૨૮ વિમાનો બનાવતાં હતાં ! ઉત્પાદન જોરશોરમાં ચાલતું હતું, એટલે ગોરિંગે સમગ્ર બ્રિટનને રગદોળી નાખવા એ જ વર્ષે (ઑગષ્ટ ૧૫, ૧૯૪૦ના રોજ) કુલ ૩,૦૦૦ વિમાનો સાથે હવાઇ આક્રમણ શરૂ કરાવ્યું. હિટલરની ગણતરી એ કે દુશ્મનનાં હાડકાં ખોખરાં થાય એ પછી સમુદ્રમાર્ગે તેના પર હલ્લો બોલાવવો અને યુદ્ધ આટોપી લેવું, પણ તેના કમનસીબે લુફ્ટવાફના પાયલટોએ બ્રિટન પર બધું મળીને ૩૧,૦૦૦ ટન બોમ્બ વરસાવ્યા છતાં અંગ્રેજો ડગ્યા નહિ. એકલા લંડન શહેર પર વિમાનોએ ૧૮,૮૦૦ ટન બોમ્બ ઝીંક્યા હતા. અંદાજે ૪૧,૦૦૦ લોકો જર્મન હુમલામાં માર્યા ગયા હતા. હજારો મકાનો ધરાશાયી બન્યાં હતાં--અને છતાં બ્રિટને મચક ન આપી તે ન આપી. ઊલ્ટું, વધારે નુકશાન લુફ્ટવાફને થયું, જેણે એકાદ મહિનામાં ૧,૭૩૩ વિમાનો ગુમાવ્યાં ! હિટલર સમસમી રહ્યો. એર માર્શલ ગોરિંગ પર તે દાઝે ભરાયો, છતાં 'બૅટલ ઑફ બ્રિટન' તરીકે મશહૂર બનેલા એ યુદ્ધ દરમ્યાન જે ધબડકો વળ્યો તેમાં ગોરિંગનો પણ વાંક નહિ. વિશ્વયુદ્ધ શરૂ થયું એ પહેલાં સર રોબર્ટ વૉટસનવોટ નામના વીજાણુનિષ્ણાતે રેડારયંત્રની શોધ કરી નાખી હતી. ઇંગ્લિશ ખાડીના સાગરકિનારે બ્રિટને ઠેર ઠેર આવાં યંત્રોનાં ટાવર બાંધ્યાં હતાં. 'બૅટલ ઑફ બ્રિટન' વખતે એ યંત્રો જર્મન પાયલટોને ભારે પડી ગયાં. બ્રિટનની રેડારસંચાલિત (આપમેળે નિશાન લેતી) વિમાનવિરોધી તોપોએ કેટલાંય જર્મન ફાઇટરબોમ્બરોને ઊડતી બતકની જેમ વીંધી નાખ્યાં. આ યંત્ર જો વખતસર ન શોધાયું હોત તો 'બૅટલ ઑફ બ્રિટન'માં અને તેના પગલે બીજા વિશ્વયુદ્ધમાં પણ બ્રિટનનો પરાજય નક્કી હતો.

હિટલરનું યુદ્ધતંત્ર તો શસ્ત્રો બનાવતાં કારખાનાં પર નભતું હતું. હિટલરનું જોર હણી લેવું હોય તો એ કારખાનાંને ફૂંકી દેવાં જોઇએ.

હવે ખોખરા થવાનો વારો જર્મનીનો આવ્યો. દરરોજ સરેરાશ દોઢસો બ્રિટીશ વિમાનો જર્મનીનાં વિવિધ શહેરો પર બોમ્બવર્ષા કરવાં લાગ્યાં. વિનાશ મોટે પાયે થાય એ હેતુસર અંગ્રેજ નિષ્ણાતો બોમ્બનું કદ પણ વધારતા ગયા. વિમાનોનાં ધાડાં પણ એટલી હદે મોટાં કર્યાં કે મે ૩૦, ૧૯૪૨ના રોજ સામટાં ૧,૦૪૬ વિમાનો કુલ ૫૩ હવાઇમથકો પર દોટ મૂકીને જર્મની તરફ ઊડ્યાં ! એ પછી આકાશમાં તેમનું સરઘસ જોયું હોય તો ૧૧૦ કિલોમીટર લાંબું ! જર્મનીના કોલોન શહેરને તેમણે પાયમાલ કરી નાખ્યું. જૂન ૧, ૧૯૪૨ની રાત્રે એ જ રીતે ૯૫૬ વિમાનો અને જૂન ૨૫, ૧૯૪૨ની પરોઢે ૧,૦૦૬ વિમાનો જર્મન શહેર પર ત્રાટક્યાં! અબલત્ત, પરિણામ લગભગ ઝીરો ! શહેરો પર અને શહેરીજનો પર બોમ્બવર્ષા કરવાનો શો અર્થ ? હિટલરનું યુદ્ધતંત્ર તો વિમાનો, રણગાડીઓ, તોપો, દારૂગોળો વગેરે શસ્ત્રો બનાવતાં કારખાનાં પર નભતું હતું. હિટલરનું જોર હણી લેવું હોય તો એ કારખાનાંને ફૂંકી દેવાં જોઇએ. બ્રિટીશ પાયલટોને એ જ કામ મુશ્કેલ જણાતું હતું. કદાચ અશક્ય, કેમ કે અમુક કારખાનાં ભૂગર્ભમાં હતાં.

♦ 'નાઇટ ફાઇટર' જર્મન વિમાનોએ બ્રિટનનાં સેંકડો હુમલાખોર બોમ્બરોને આમ તોડી પાડ્યાં. ચિત્રમાં નીચલું પ્લેન જર્મન છે



ભૂમિ પરના દરેક કારખાના ફરતે આશરે પાંચ કિલોમીટર જેટલી ત્રિજ્યામાં સંખ્યાબંધ વિમાનવિરોધી તોપો ગોઠવેલી હતી. ઘણાં કારખાનાંનું તો અસ્તિત્વ પણ અંગ્રેજો માટે અજાણ્યું હતું. અધૂરામાં પૂરૂં, જર્મન સંશોધકો રેડાર બનાવવામાં સફળ થયા હતા. ૧૯૪૨ના અંતે ૧,૨૦૦ રેડારમથકો તેમણે સ્થાપી દીધાં, એટલે મુશ્કેલ કામ સાચે જ અશક્ય બન્યું. રાત્રે થતા હુમલાને રોકવા જર્મન ઇજનેરોએ વળી ૭૦૦ 'નાઇટ ફાઇટર' વિમાનો બનાવ્યાં, જેમની ઇલેક્ટ્રોનિક આંખો ઘુવડ સમાન હતી. હુમલા વખતે આકાશને ઝળહળતું કરી દેવા એર માર્શલ હેરમાન ગોરિંગે ૬ સર્ચલાઇટ રેજિમેન્ટો પણ રચી હતી. આ કડક જાપ્તાનું રીઝલ્ટ એ આવ્યું કે પાંચેક મહિનામાં બ્રિટને ૫૪૩ બોમ્બર વિમાનો ગુમાવ્યાં ! બ્રિટીશ હવાઇદળના બોમ્બર કાફલાનો વડો એર માર્શલ આર્થર હેરિસ મૂંઝવણમાં પડ્યો, પણ કરે શું ? નસીબજોગે શું કરવું એ તેને અચાનક યાદ આવ્યું. ઇન્ટરકોમ પર તેણે પોતાના મદદનીશ અફસરને સૂચના આપી: 'ડૉ. બર્ન્સ વૉલિસને સંદેશો મોકલો કે મારે તેમને મળવું છે. વિલંબ કરતા નહિ. કામ તાકીદનું છે.'



♦ બ્રિટીશ હવાઇદળનો એર માર્શલ આર્થર હેરિસ

વિલંબ તો એર માર્શલ હેરિસે પોતે નાહકના ઘમંડમાં રહીને કર્યો હતો. ઘણા વખત અગાઉ તેણે ડૉ. બર્ન્સ વૉલિસને એમ જણાવી ધુત્કારી કાઢેલો કે, 'હું અહીં હવાઇદળનું સંચાલન કરૂં છું, હવાઇ કિલ્લાનું નહિ! સમજ્યા ? તમારા જેવા ધૂની માણસોના પ્લાન જો અમલમાં મૂકું તો આપણે યુદ્ધ જીતી રહ્યા!'

ડૉ. બર્ન્સ વૉલિસ કોણ હતો ? અને હવાઇદળના એર માર્શલને હવાઇ કિલ્લા જેવો લાગેલો તેનો પ્લાન શો હતો ? બેઉ પ્રશ્નોના જવાબ માટે ચાલો, સહેજ દૂરના ભૂતકાળમાં..

◆

જુલાઇ ૨૦, ૧૯૪૦ના રોજ 'બૅટલ ઑફ બ્રિટન'નો તુમુલ આકાશી સંગ્રામ જામ્યો ત્યારે બ્રિટનના લડાયક વિમાનોના ઉત્પાદનનું ખાતું સંભાળતા લોર્ડ બીવરબ્રૂકે પોતાની કચેરીમાં સવાલ કર્યો : 'તમારા દસ ટનના બોમ્બનો મામલો શો છે ? દિવસોથી તમે શા માટે ચારેકોર તેની વાત ફેલાવ્યા કરો છો ?

'કોઇ મારી વાત એકાદ વખત પણ સાંભળવા તૈયાર ન હોય તો મારે શું કરવું?' વિમાનોની ડિઝાઇન બનાવવામાં કુશળ એન્જિનિયર ગણાતો ડૉ. વૉલિસ બોલ્યો. 'મેં વિચારેલો બોમ્બ ખાસ જાતનો છે. ભૂકંપ બોમ્બ છે.'

'જે હોય તે, પણ દસ ટન ભાર ખમી શકતું બોમ્બર આપણા કાફલામાં છે ખરૂં ? કે પછી તમે એ બોમ્બને હાથગોળાની જેમ ફેંકવા માગો છો ?' લોર્ડ બીવરબ્રૂકે તીખા શબ્દોમાં કહ્યું.

'મને પૂરી વાત કહેવા દો તો સારૂં.' ડૉ. વૉલિસે અરજ કરી. 'જુઓ, હવાઇ આક્રમણો કરીને આપણે જર્મનીને પરાજય આપી શકવાના નથી. રણગાડીઓ કે તોપો વડે પણ નહિ--કેમ કે વળતો જવાબ એવાં જ શસ્ત્રો વડે મળવાનો ! શસ્ત્રો બનાવતાં જર્મન કારખાનાંનો પણ આપણે નાશ કરી શકતા નથી. હું એમ કહું છું કે કારખાનાંને ભલે તોડી ન શકાય, પણ તેમાં ચાલતા કામકાજને સ્થગિત કરી દેવું અશક્ય નથી. શસ્ત્રો બનાવવા માટે બે ચીજો અનિવાર્ય છે : વીજળી અને પાણી.'

હવે લોર્ડ બીવરબ્રૂકને જરા રસ પડ્યો. વૉલિસે પોતાની બ્રીફકેસમાં રહેલો જર્મનીનો નકશો કાઢી ટેબલ પર મૂક્યો. જર્મનીના પ્રખ્યાત ઔદ્યોગિક પ્રદેશ રૂહરને પેન્સિલ વડે ચીંધી બતાવતાં તેણે કહ્યું : 'અહીં મોહ્ન્યે, એડર તથા સોર્પે નામના ત્રણ મોટા બંધો છે. મોહ્ન્યે બંધ રૂહર નદી પર છે, જ્યાં બંધ પાછળ સાડા તેર કરોડ ટન પાણીને સંઘરી રાખતું કૃત્રિમ સરોવર રચાયું છે. નદીની સપાટી બરાબર જળવાય એ રીતે જર્મનો બંધ દ્વારા તેમાં સરોવરનું પાણી જરૂરિયાત પ્રમાણે મુક્ત કરે છે. આથી છીછરા તળિયાનાં જહાજો તેમાં હંકારીને કોલસો અને લોખંડનો જથ્થો શસ્ત્રો બનાવતાં કારખાનાંને પહોંચાડે છે. મોહ્ન્યેનું જળવિદ્યુત મથક એ કારખાનાંને વીજળી આપે છે. એડર નદી પરના બંધ પાછળ તો જળાશયમાં એકવીસ કરોડ ટન પાણી છે. આ પાણી છેક પાંસઠ કિલોમીટર દૂરના કાસલ સુધી પહોંચાડવામાં આવે છે, જ્યાં શસ્ત્રો માટે પોલાદ બનાવતાં કારખાનાં છે. એડર પણ કોલસાની અને લોખંડની હેરફેર માટે વપરાતી નદી છે. રૂહરના ત્રીજા બંધ સોર્પેના જળાશયમાં પણ દસ કરોડ ટન કરતાં ઓછું પાણી નથી. તમે કદાચ જાણતા હો કે એક ટન જર્મન સ્ટીલ બનાવવા માટે દોઢસો ટન પાણી જોઇએ--અને છેવટે જર્મન કારખાનાં એ સ્ટીલ વડે રણગાડીઓ, તોપો, બોમ્બગોળા, રેલ્વે એન્જિનો, લશ્કરી ખટારા, મશીનગન અને બીજો દરેક શસ્ત્ર-સરંજામ બનાવે છે. આ બંધોને જો

વિશ્વયુદ્ધમાં કયા દેશે કેટલાં શસ્ત્રો બનાવ્યાં?

	૧૯૩૯	૧૯૪૦	૧૯૪૧	૧૯૪૨	૧૯૪૩	૧૯૪૪	૧૯૪૫
લડાયક વિમાનો							
બ્રિટન	૭,૯૪૦	૧૫,૦૪૯	૨૦,૦૯૪	૨૩,૬૭૨	૨૬,૨૬૩	૨૬,૪૬૧	૧૨,૦૭૦
અમેરિકા	૫,૮૫૬	૧૨,૮૦૪	૨૬,૨૭૭	૪૭,૮૨૬	૮૫,૯૯૮	૯૬,૩૧૮	૪૯,૭૬૧
રશિયા	૧૦,૩૮૨	૧૦,૫૬૫	૧૫,૭૩૫	૨૫,૪૩૬	૩૪,૯૦૦	૪૦,૩૦૦	૨૦,૯૦૦
જર્મની	૮,૨૯૫	૧૦,૨૪૭	૧૧,૭૭૬	૧૫,૪૦૯	૨૪,૮૦૭	૩૯,૮૦૭	૭,૫૪૦
જાપાન	૪,૪૬૭	૪,૭૬૮	૫,૦૮૮	૮,૮૬૧	૧૬,૬૯૩	૨૮,૧૮૦	૧૧,૦૬૬
યુદ્ધજહાજો							
બ્રિટન	૫૭	૧૪૮	૨૩૬	૨૩૯	૨૨૪	૧૮૮	૬૪
અમેરિકા	-	-	૫૪૪	૧,૮૫૪	૨,૬૫૪	૨,૨૪૭	૧,૫૧૩
રશિયા	-	૩૩	૬૨	૧૯	૧૩	૨૩	૧૧
જર્મની (માત્ર સબમરીનો)	૧૫	૪૦	૧૯૬	૨૪૪	૨૭૦	૧૮૯	૦
જાપાન	૨૧	૩૦	૪૯	૬૮	૧૨૨	૨૪૮	૫૧
ટેન્ક							
બ્રિટન	૯૬૯	૧,૩૯૯	૪,૮૪૧	૮,૬૧૧	૭,૪૭૬	૫,૦૦૦	૨,૧૦૦
અમેરિકા	-	સી.૪૦૦	૪,૦૫૨	૨૪,૯૯૭	૨૯,૪૯૭	૧૭,૫૬૫	૧૧,૯૬૮
રશિયા	૨,૯૫૦	૨,૭૯૪	૬,૫૯૦	૨૪,૪૪૬	૨૪,૦૮૯	૨૮,૯૬૩	૧૫,૪૦૦
જર્મની	સી૧,૩૦૦	૨,૨૦૦	૫,૨૦૦	૯,૨૦૦	૧૭,૩૦૦	૨૨,૧૦૦	૪,૪૦૦
જાપાન	સી.૨૦૦	૧,૦૨૩	૧,૦૨૪	૧,૧૯૧	૭૯૦	૪૦૧	૧૪૨

તોડી નાખ્યા હોય તો જળાશયોના પૂરમાં વિદ્યુતમથકો, પુલો, રેલ્વેના પાટા, નદીકાંઠે આવેલાં કારખાનાં, જહાજો અને તે સિવાય તમે કલ્પી શકો એ બધું ખતમ !'

લૉર્ડ બીવરબ્રૂક તો હેરતભરી નજરે ડૉ. બર્ન્સ વૉલિસને જોતો જ રહી ગયો. અદ્‌ભુત યોજના હતી. કોઇને અત્યાર સુધી કેમ સૂઝી નહિ? હિટલરના નાઝી સૈન્ય માટે ચોવીસે કલાક શસ્ત્રોના ખડકલા કરી રહેલાં જર્મન કારખાનાંને ન લોખંડ મળે, ન કોલસો મળે અને ન વીજળી કે પાણી મળે, તો ટૂંક સમયમાં તેનું આખું યુદ્ધતંત્ર પડી ભાંગે ! ધમધમતાં કારખાનાંમાં ચક્રો અટકી પડ્યાં બાદ શસ્ત્રસરંજામ ન બને, એટલે યુદ્ધને આગળ ચલાવવું પણ જર્મનો માટે અશક્ય બને!


♦ જર્મનીને પાંસરુંદોર કરવા માટે ડૉ. બર્ન્સ વૉલિસે માસ્ટર પ્લાન ઘડી કાઢ્યો


'બંધોને તોડવા કેમ ?' લૉર્ડ બીવરબ્રૂકે પૂછ્યું. આ સવાલ જ મહત્વનો હતો, કારણ કે બ્રિટન પાસે ત્યારે સૌથી મોટો બોમ્બ ફક્ત ૧,૦૦૦ રતલી (૪૫૪ કિલોગ્રામનો) હતો. સિમેન્ટ કોન્ક્રિટના ૧૩૦ ફીટ ઊંચા, ટોચના ઉપલા ભાગે ૨૫ ફીટ પહોળા અને પાયામાં તો ૧૧૨ ફીટ જાડા મોહ્‌ન્યે બંધને એવો બોમ્બ કદાચ ઘસરકો પાડી શકે--અને જો એવા દસ બોમ્બ ફટકાર્યા હોય તો સમજી લો કે દસ ઘસરકા ! ડૉ. વૉલિસના મનમાં લાડુની જેમ ફૂટતો ૧૦ ટનનો બોમ્બ લગભગ વીસ ગણો મોટો ખરો, છતાં એ પણ સિમેન્ટ કોન્ક્રિટના મજબૂત અને મહાકાય ચણતર તોડી શકે નહિ. જર્મનીનો એડર બંધ મોહ્‌ન્યે કરતાં વધુ કદાવર હતો.

'એક યોજના છે મારી પાસે.' ડૉ. વૉલિસે મૂળ વાત શરૂ કરી. 'જમીન પર ટીચાતો બોમ્બ તેની સ્ફોટકશક્તિ જેટલો સંહાર કરી શકતો નથી. વિસ્ફોટ ચોતરફ થાય છે, પણ જમીન માત્ર એક તરફ હોવાને લીધે ઘણી ખરી તાકાત સાવ બાતલ જાય છે. મેં કરેલી ગણતરી મુજબ બોમ્બને સરોવરમાં જળસપાટી નીચે ફોડ્યો હોય તો પાણીમાં આઘાતનાં પ્રચંડ મોજાં જન્મે, બંધને ભૂકંપ જેવો આંચકો વરતાય અને દસ ટનનો બોમ્બ તેના પાયામાં સો ફીટના વ્યાસનું ગાબડું પાડી દે.'

બંધો ક્યાં હતાં ?

આટલા વિસ્તાર નીચે આપેલા નકશામાં મોટા સ્વરૂપે બતાવ્યા છે. આ પ્રદેશ રૂહર કહેવાય છે. આજે પણ ઘણાં ખરાં જર્મન ઉદ્યોગો રૂહરમાં છે.





'યોજના તો આકર્ષક છે,' લૉર્ડ બીવરબ્રૂકે કહ્યું. 'પણ સો ફીટનો આંકડો તમે શેના આધારે તારવ્યો ?'

'હું વિજ્ઞાની છું. મારી દરેક ગણતરી ફોર્મ્યુલા પર આધારિત હોય છે.'

'વિમાનનું શું ? તમારો બોમ્બ દસ ટનનો છે. હવાઇદળનું વેલિંગ્ટન વિમાન ફક્ત બે ટનનો ભાર ખમી શકે છે, જ્યારે છ ટનના બોમ્બને ઊંચકી શકતું ચાર એન્જિનવાળું લેન્કેસ્ટર હજી ઊડતું થયું નથી. લેન્કેસ્ટર બનવામાં એકાદ વર્ષ નીકળી જવાનું છે.'

'આપણે શરૂઆત તો કરીએ ! નિષ્ફળતા જ મળવાની છે એમ ધારી નિષ્ક્રિય બેસી રહેવાનો શો અર્થ ?' ડૉ. વૉલિસે મક્કમતાથી કહ્યું.

'સારું, તમારે કરવું છે શું ?'

'પ્રયોગો.' ડૉ. વૉલિસે જવાબ દીધો. 'મોહ્‌ન્યે બંધના મોડેલ પર મારે અખતરા કરી જોવા છે.'

લૉર્ડ બીવરબ્રૂકે મંજૂરી આપી.

દિવસો પછી બ્રિટનના પાટનગર લંડનની પશ્ચિમે સદંતર એકાંત સ્થળે કારીગરોએ ખુલ્લા મેદાન ફરતે ઊંચી દીવાલ બાંધી. મેદાનમાં ખાડો કર્યો, જેની એક તરફ મોહ્‌ન્યે બંધનું $^1/_{૫૦}$ના સ્કેલ પ્રમાણેનું મોડેલ સિમેન્ટ કોન્ક્રિટ વડે ચણવામાં આવ્યું. મોહ્‌ન્યેના ૫૦ ફીટ બરાબર મોડેલનો ૧ ફીટ એવું સમીકરણ હતું. અસલ બંધ પોતે મહાકાય, એટલે તેનું મોડેલ ૩૩ ફીટ લાંબું બન્યું. ઊંચાઇ પોણા ત્રણ ફીટ અને જાડાઇ બે ફીટ હતી. કારીગરોએ જબરજસ્ત ખાડામાં પાણી ભરીને કૃત્રિમ સરોવર પણ સર્જ્યું. ડૉ. વૉલિસે બોમ્બ પણ એ જ રીતે ૫૦:૧ના સ્કેલમાં તૈયાર કર્યો હતો.

મોડેલથી ચાર ફીટ દૂર જળસપાટી નીચે બોમ્બ ફાટ્યો. પ્રમાણમાપ અનુસાર તે ધડાકો પેલા જર્મન બંધ કરતાં ૨૦૦ ફીટ દૂર ફાટતા ૧૦ ટનના બોમ્બ જેવો હતો. મોડેલ બંધ જો કે અકબંધ રહ્યો ! પ્રયોગ નિષ્ફળ ! ડૉ. વૉલિસે ત્યાર પછી બીજો ધડાકો ફક્ત એક ફૂટ છેટે કર્યો. આ ધડાકો અસલ બંધ કરતાં ૫૦ ફીટ દૂર ફાટતા અસલ કદના બોમ્બની તોલે આવતો હતો, પરંતુ તેણે પણ મિનિ બંધના ફક્ત બાહ્ય ભાગ પર કેટલાંક ગાપચાં જ ઊખાડ્યાં. ફરી વાર પ્રયોગ નાકામિયાબ!

ડૉ. વૉલિસે નવા હિસાબો માંડવા પડ્યા. ગણતરીના અંતે બારૂદનું પ્રમાણ વધારવાનું જરૂરી બન્યું, એટલે તેણે વધુ મોટો બોમ્બ તૈયાર કર્યો. આ વખતે ધાર્યું પરિણામ આવ્યું. મોડેલથી એક ફૂટ છેટે રાક્ષસી હોજ જેવા કૃત્રિમ સરોવરમાં બોમ્બનો પલીતો જેવો ચંપાયો કે તરત મોડેલ બંધમાં નાનું બાકોરું પડી ગયું અને તેના વાટે સરોવરના પાણીનો 'ધોધ' વહ્યો !

પ્રયોગ સફળ ? હા, પ્રયોગ તો જાણે સફળ, પરંતુ ડૉ. બર્ન્સ વૉલિસે એ ત્રીજા અખતરામાં વધુ મોટો (કહો કે ઓછો ટચૂકડો) બોમ્બ વાપર્યો તેનું શું ? આ કદને ધ્યાનમાં લેતાં સમીકરણનું નવું તારણ કાઢવું રહ્યું.

મોડી રાત્રે ડૉ. વૉલિસ ઘરે પહોંચ્યો. ઊંઘવાનું માંડી વાળી દિમાગી કસરત પાછી શરૂ કરી. એ જમાનામાં નવા શોધાયેલા આર.ડી.એક્સ. નામના અત્યંત સ્ફોટક બારૂદના ગુણધર્મો મુજબ ફોર્મ્યુલા ગણી, તો પણ જવાબ હતાશાજનક મળ્યો. જાડાઇમાં ૧૧૨ ફીટના મોહ્‌ન્યે બંધનો પાયો તોડી નાખવા માટે ૧૫ ટન આર.ડી.એક્સ.નો બોમ્બ જરૂરી હતો! આ વજન તો ફક્ત આર.ડી.એક્સ.નું હતું. બારૂદને મઢી લેતું પોલાદનું આવરણ બીજા ૧૦ ટન જેટલું હોય, એટલે બોમ્બનું કુલ વજન થાય ૨૫ ટન ! બ્રિટનનું સૌથી બળવાન ગણાતું વેલિંગ્ટન પ્રકારનું વિમાન ફક્ત બે ટન બોજો વેઠી શકતું હોય ત્યારે સમસ્યામાં વચલો માર્ગ પણ શો કાઢવો ? વેલિંગ્ટનનાં ઓછાં મહત્વપૂર્ણ પાર્ટ્સ કાઢીને તેની 'ચરબી' ઘટાડ્યા પછી તે બહુ તો એકાદ ટન વધુ બોજો ખમે અને વૉલિસ પોતાના બોમ્બનું વજન કદાચ બે-ત્રણ ટન જેટલું ઘટાડી શકે, પરંતુ તોય મેળ ન બેસે ! છએક ટનના બોમ્બ વડે સજ્જ કરી શકાતું ચાર એન્જિનોવાળું રાક્ષસી લેન્કેસ્ટર હજી બન્યું ન હતું--અને બન્યું હોત તો પણ શું ? ક્યાં છ ટન અને ક્યાં પચ્ચીસ ટન ! કીડીને માથે અંબાડી ગોઠવાય જ કેમ ?



એક પ્રશ્ન બર્ન્સ વૉલિસને મૂંઝવતો હતો : બોમ્બને જર્મનીના મોહ્‌ન્યે, એડર તેમજ સોર્પે બંધના પાયા સુધી પહોંચાડવો કેમ ?

કઠિન સમસ્યા હતી. વજનનો જબ્બર તફાવત જોતાં ભલભલા સંશોધકનું મગજ બહેર મારી જાય, પરંતુ વૉલિસનું મગજ વધારે સક્રિય બન્યું. વિચારોની ગાડીને તેણે જુદા પાટે વાળી : બોમ્બને જર્મન બંધ કરતાં ૨૦૦ ફીટ છેટે ફોડવાને બદલે પરબારો બંધના પાયા સાથે જ ટકરાવ્યો હોય તો ? સપાટીથી બરાબર ૩૦ ફીટ નીચેના લેવલે પાણીમાં દાગ્યો હોય તો ? આ લેવલે મોહ્‌ન્યે બંધના ૧૧૨ ફીટ જાડા પાયા જોડે થતી ટક્કર શી અસર જન્માવે? વૉલિસે ફરી સમીકરણો લડાવ્યાં. કોન્ક્રિટની મજબૂતી, આર.ડી.એક્સ.ની સ્ફોટકશક્તિ, દબાણ સર્જતાં આઘાતનાં મોજાંની ઉત્પત્તિ વગેરેના આંકડા માંડ્યા બાદ જવાબ મળ્યો : બંધ તૂટે અને ચોક્કસ તૂટે ! બંધ પાછળના સરોવરનું સાડા તેર કરોડ ટન પાણી સામટું રૂહર નદીમાં ઠલવાય, એટલે હજારો ચોરસ કિલોમીટરનો પ્રદેશ જળબંબાકાર બને !


બહુ આકર્ષક જવાબ મળ્યો. ડૉ. બર્ન્સ વૉલિસે જોયું કે બંધના પાયા સાથે અફળાતા બોમ્બ માટે ૧૫ ટન નહિ, બલકે ૧.૩૫ ટન આર. ડી. એક્સ. જોઇએ ! લગભગ અગિયાર ગણો ઓછો ! પોલાદનું આવરણ, ફયૂઝ, ડિટોનેટર (પલીતો) અને બીજાં કેટલાંક પાર્ટ્સ સાથે એ બોમ્બ સરવાળે મહત્તમ પાંચ ટનનો થાય તેમ હતો. બીજી તરફ ચાર એન્જિનોવાળું જંગી લેન્કેસ્ટર બોમ્બર છ ટનનો ભાર ઝીલી શકે તેમ હતું.

એક પ્રશ્ન છેલ્લે બાકી રહ્યો : બોમ્બને જર્મનીના મોહ્‌ન્યે, એડર કે સોર્પે બંધના પાયા સુધી પહોંચાડવો કેમ ? બ્રિટીશ નૌકાદળનાં વિમાનો ટોરપિડો વડે બંધને તોડી ન શકે અગર તો ભાંગફોડિયા જાસૂસી મરજીવાઓ પાયામાં ટાઇમ બોમ્બ મૂકી ન જાય માટે જર્મનોએ પૂરતી તકેદારી લીધી હતી. દરેક બંધના આગલા ભાગમાં જાડા તારની જાળી તેમણે કતારબંધ બૉયાં વડે લટકતી રાખી હતી. જાળીની નીચલી ઝાલરનું સરોવરના તળિયા સાથે મુશ્કેટાટ જોડાણ કરી દેવાયું હતું. સ્ટીલના તારને જો ટોરપિડો પોતાના ધડાકા વડે છિન્નભિન્ન કરી બાકોરૂં પાડી દે તો થોડે દૂર બીજી એટલી જ મજબૂત જાળી હતી. વિમાનોએ પછી તેમાં ગાબડું પાડવા બીજો ટોરપિડો ફેંકવો રહ્યો. આ ટોરપિડો પ્રથમ જાળીના ખુલ્લા માર્ગ વાટે પસાર થાય તેની શી ગેરન્ટી? અને થાય તો પણ બીજી જાળીમાં પોલાણ બનાવવા જતાં પોતે ફાટીને નાશ પામે, એટલે ત્રીજા ટોરપિડોએ બંધના પાયા સુધી પહોંચવા સામટા બેય ગાબડા વાટે પસાર થવું રહ્યું! અશક્ય! નામુમકિન ! બ્રિટીશ નૌકાદળના પાયલટોને તેમનું નસીબ એટલો બધો સાથ ન આપે !

ટોરપિડોને બદલે સામાન્ય બોમ્બ પણ વાપરી શકાય નહિ. ઍટેક લાવતા બોમ્બરનો વેગ ખાસ્સો હોવાને લીધે તેણે ફેંકેલો બોમ્બ હંમેશા ત્રાંસી લીટીમાં (બેલિસ્ટિક ટ્રેજેક્ટરિમાં) પડે અને સરોવરમાં ખાબક્યા બાદ પોતાના વજનને કારણે એ ત્રાંસ ઘટી જતાં લગભગ સીધી લીટીમાં એ તળિયે પહોંચે, એટલે બંધના પાયા જોડે તો હરગીઝ ટકરાય નહિ. ડૉ. બર્ન્સ વૉલિસના હિસાબે બોમ્બનો પ્રહાર ૩૦ ફીટ નીચે બંધના પાયે થવો જરૂરી હતો. ટોરપિડોની માફક એ બોમ્બ આડી લીટીમાં બરાબર ૩૦ ફીટ નીચે ઝીંકાય તો જ કામ બને ! ઊંચે રહી મોહ્‌ન્યે, એડર તથા સોર્પેને માત્ર ટૉપ પૉઝમાં દેખી શકતા બોમ્બર વિમાનના પાયલટો ગમે તેટલી સમયસૂચકતા દાખવે તો પણ સફળતા મળવાનો ચાન્સ સોએ એક ટકોય ન હતો.

મહિનાઓ વીત્યા. હિટલરની નાઝી સેના માટે શસ્ત્રો બનાવતાં કારખાનાં એ દરમ્યાન ધમધોકાર ચાલતાં રહ્યાં. (વિમાનો, રણગાડીઓ અને સબમરિનોનું ૧૯૪૧ના વર્ષમાં થયેલું જંગી ઉત્પાદન બતાવતો કોઠો જુઓ.) આ કારખાનાંને મળતું પીઠબળ છેવટે તો રૂહરના પ્રદેશનું હતું. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું તે અરસામાં વાર્ષિક ૧.૫ કરોડ ટન લોખંડ ત્યાં મેળવવામાં આવતું હતું, જેના વડે જર્મનો ૧.૨ કરોડ ટન પોલાદ બનાવતા હતા. લગભગ ૧૧ કરોડ ટન કોલસો પણ કાઢવામાં આવતો હતો. ઉપરાંત રાસાયણિક ઉદ્યોગોમાં કામ લાગતાં બીજાં ખનિજો પણ ખરાં. ઉદ્યોગોનું મુખ્ય કામ દારૂગોળો બનાવવાનું હતું. હિટલરે યુદ્ધના આરંભ પછી તો આવા કાચા માલનું ઉત્પાદન વધારીને પોણા બે ગણું કરાવ્યું હતું. હિટલરની લશ્કરી તાકાતનાં મૂળિયાં એ દ્રષ્ટિએ રૂહરના પ્રદેશમાં હતાં. આ મૂળિયાંને બ્રિટન જો ઉખાડવા માગતું

બંધની નાકાબંધી કરતી નેટ



હોય તો પેલા ત્રણ બંધોને તોડવાં રહ્યાં.

વિચારવા જેવું છે કે અટપટી જણાતી સમસ્યાનો જવાબ પણ હંમેશા અટપટો હોય એ જરૂરી ખરૂં ? ક્યારેક ડાબા હાથના ખેલ સમાન પણ હોય કે નહિ ? દાખલા તરીકે ક્રિકેટનો ખેલ, જેમાં બોલર ક્યારેક ટૉપ-સ્પિન (toppie) દડા ફેંકી બેટ્સમેનને ભરમાવે છે. બેટ્સમેનની દિશામાં સ્પિન થતો દડો સામાન્ય રીતે પોતાની બેલિસ્ટિક ટ્રેજેક્ટરિને અનુસરતો નથી. ટ્રેજેક્ટરિ (ફલાઇટ) જરા ટૂંકાય છે. ઊડ્ડયનની 'કમાન' ટૂંકાતા એ દડાનો ટપ્પો વહેલો (૧૮'' થી ૨૪'' આગળ) પડે છે એટલું જ નહિ, ટપ્પો ખાધા બાદ તે અસાધારણ રીતે ઉછળે છે. બોલરની દિશામાં ટર્ન લેતો ટૉપ-સ્પિનર વળી બેટ્સમેનની વધુ નજીક ટપ્પો ખાય છે. ઊડ્ડયનની લાંબી કમાન રચે છે--અને પછી તે પણ ઉછાળો મારે છે.

આઇડિયા ! વૉલિસના મગજમાં નવો વિચાર ઝબક્યો. નાનપણમાં પોતાની દીકરી એલિઝાબેથ જેમના વડે રમતી એ કાચના લખોટા તેણે શોધી કાઢ્યા. એક ગિલોલ ખરીદ કરી. બગીચામાં લાંબું ટબ ગોઠવ્યું અને પાણી વડે છલોછલ ભર્યું. ટબના સામા છેડે પાણીની સપાટી ઉપર ગણતરીપૂર્વકના લેવલે બે દોરીઓ ચોક્કસ અંતરે બાંધી. બીજે છેડે અધૂકડા બેસીને તેણે ગિલોલમાં કાચનો લખોટો વચ્ચોવચ્ચ નહિ, પણ સહેજ નીચે ગોઠવ્યો. આ રીતે ગોઠવાયેલો લખોટો એકાએક છૂટ્યા બાદ વૉલિસની દિશામાં સ્પિન લેતો આગળ જવાનો હતો--અને ગયો ! પહેલે ટપ્પે પહેલી દોરી પાર અને બીજે ટપ્પે બીજી દોરી પાર ! એ પછી લખોટો સામેના પાટિયા જોડે ટકરાયો, છતાં પાછો ન ફેંકાયો. પાટિયાને જ ચીપકેલો રહીને છેવટે નીચે પાણીમાં ગબડ્યો !

યુરેકા ! ક્રિકેટના બોલ કરતાં ઘણા નાના લખોટાએ ટૉપ-સ્પિનરનું કાર્ય બજાવ્યું, તો ક્રિકેટના બોલ કરતાં ઘણો મોટો બોમ્બ પણ એવું કાર્ય જરૂર બજાવે ! જર્મનોએ દરેક બંધ આગળ કરેલી જાળીરૂપી નાકાબંધીને એ બોમ્બ ટપી જાય એમાં શંકા ન હતી. અલબત્ત, પ્રેક્ટિકલ રીતે નુસ્ખાનું પરિક્ષણ કરવું જરૂરી હતું. પાટનગરથી દૂરના એકાંત સ્થળે ચાર દીવાલો વચ્ચે બાંધવામાં આવેલું મોહ્‌ન્યે બંધનું ૩૩ ફીટ લાંબું મોડેલ તો અગાઉના પ્રયોગ વખતે તૂટી ચૂક્યું હતું. સત્તાવાળાઓ નવા ચણતરનો ખર્ચ કરવા તૈયાર ન હતા. કૃતનિશ્ચયી વૉલિસે તેમને માંડ સમજાવ્યા. દિવસો પછી નવું મોડેલ તૈયાર થયું અને વૉલિસે કૅટેપોલ્ટ (યાંત્રિક ગિલોલ) વડે ક્રિકેટના જ બોલ જેવડો ગોળાકાર આર. ડી. એક્સ. બોમ્બ છોડી તેના ફૂરચા કાઢી નાખ્યા! ખુશાલીની વાત એ હતી કે જળસપાટી પર બોમ્બના ટપ્પા વૉલિસે ધાર્યા મુજબના પડ્યા!

હવે સાચેસાચા બંધ પર અખતરો કરવાનો વખત આવ્યો. વિમાનો અંગે બ્રિટનના સંરક્ષણખાતાને માર્ગદર્શન આપતા વિજ્ઞાની સર હેન્રી ટિઝાર્ડના કાને વૉલિસે એ વાત નાખી ત્યારે સર ટિઝાર્ડ તો ચોંકી ઊઠ્યો. બ્રિટનના જ એકાદ બંધને વૉલિસ પાયમાલ કરવા માગતો હતો ! આવા પ્રયોગ માટે મંજૂરી અપાય જ કેમ?

'વિચાર તો કરો !' તેણે કહ્યું. 'દુશ્મનો આપણા બંધોને ઈજા ન પહોંચાડે એ માટે તકેદારી લેવામાં આપણે પાછું વળીને જોતા નથી અને તમે એ જ ભાંગફોડિયું કામ ફક્ત પ્રયોગ ખાતર કરવા માગો છો ?'

'વાતની ગંભીરતા મને પણ સમજાય છે, પરંતુ બર્મિંગહામ પરગણામાં એક બંધ એવો છે કે જે વર્ષો થયે વપરાતો નથી. સિંચાઇ માટે નહિ અને વીજળી માટે પણ નહિ. બંધ પાછળનું બંધિયાર જળાશય ગંદુ છે, એટલે તેનું પાણી લોકો માટે પીવાલાયક રહ્યું નથી. દરેક રીતે એ બંધ નકામો છે, તો પછી તેને ફૂંકી દેવામાં શો વાંધો ?'

'સારૂં, બર્મિંગહામની નગરપાલિકા જો મંજૂરી આપે તો મને વાંધો નથી.' સર હેન્રી ટિઝાર્ડ બોલ્યો. બંધ તોડવાનો પ્લાન તેને રસપ્રદ લાગ્યો હતો, એટલે ડૉ. બર્ન્સ વૉલિસના ગયા પછી તેણે જ બર્મિંગહામ નગરપાલિકાનો સંપર્ક કરી પ્રયોગનું કામ સરળ બનાવ્યું.


◆ ધડામ ! સ્ફોટક દારૂગોળાએ બર્મિંગહામના બંધના ભુક્કા બોલાવી દીધા. ડૉ. વૉલિસ તથા મદદનીશો સામેનું દ્રશ્ય ફાટી આંખે જોતા જ રહી ગયા

આ રેઢો પડેલો બંધ ૧૫૦ ફીટ લાંબો હતો. પાયાના લેવલે વીસેક ફીટ જાડો હતો. વૉલિસે ચણતર તપાસીને અંદાજ કાઢ્યો કે મોહ્‌ન્યેના બંધ કરતાં તેની મજબૂતી ૧/૫ જેટલી હતી. એ પછી ફોર્મ્યુલા દ્વારા ગણી નાખ્યું કે ન્યૂનતમ કેટલો આર.ડી.એક્સ. જોઇએ. ફક્ત એટલા બારૂદનો સુરંગ જેવો બોમ્બ તેણે બનાવડાવ્યો. ટૉપસ્પિનિંગનો નુસ્ખો યોજવાનું તેણે માંડી વાળ્યું. દોરડા વડે બોમ્બને પરબારો જ પાણીમાં અમુક હદ સુધી ઉતાર્યો. અંતે દૂરના ખડકની ઓથે રહી તેણે પલીતો ચાંપ્યો. મદદનીશો પણ તેની સાથે હતા. જ્વાળામુખી પર્વતનું 'સીલ' અચાનક તૂટ્યું હોય એવો કર્ણભેદી ધડાકો થયો અને જળાશયની સપાટી ઊંચકાતાં ઘડીકવાર માટે પાણીનો ૧૦૦ ફીટ ઊંચો ગુંબજ રચાયો ! બીજી ક્ષણે આખું જળાશય તૂટેલા બંધ આગળના કોરાકટ નાળામાં ખાલી થવા લાગ્યું ! ચમત્કાર ! વૉલિસે જોયું તો બંધમાં પડેલું ભંગાણ આશરે ૧૫ ફીટ પહોળું હતું! અને ૧૨ ફીટ ઊંડું!

◆

ડિસેમ્બર ૪, ૧૯૪૨.

વેલિંગ્ટન પ્રકારનું બે એન્જિનવાળું બોમ્બર વિમાન દક્ષિણ બ્રિટનના ડોર્સેટ સાગરકાંઠા તરફ જવા ઉપડ્યું. મટ સમર્સ નામનો મુખ્ય પાયલટ તેનું સંચાલન કરી રહ્યો હતો. વિમાનનો તોપચી જ્યાં રહીને ફાયરિંગ કરે એ પારદર્શક કાચના આગલા મોરામાં ડૉ. બર્ન્સ વૉલિસ બેઠો હતો. વેલિંગ્ટનના પેટાળ નીચે ફૂટબોલ કરતાં ડબલ મોટા એવા ગોળાકાર બોમ્બ હતા, જેમને ધાતુના લાંબા ચાપડા વડે ફીટ કરાયા હતા. બોમ્બને

રીવર્સ સ્પિન આપતી હાઇડ્રોલિક મોટર તેમની સાથે જોડાયેલી હતી. પરિણામે વેલિંગ્ટનનો બાહ્ય દેખાવ એટલી હદે જુદો બન્યો કે બ્રિટીશ નૌકાદળની તટવર્તી વિમાનવિરોધી તોપોના ચાલકોએ તેને દુશ્મનનું પ્લેન સમજી ગોળા છોડ્યા ! મિશન ખાનગી હતું, માટે તોપચી-ટુકડીને એ ફલાઇટ અંગે કશી જાણ ન હતી. પાયલટ સમર્સે વેલિંગ્ટનને બીજી દિશામાં વાળી ડોર્સેટનો સહેજ લાંબો રસ્તો પકડ્યો. કાચના ગુંબજમાં બેઠેલો વૉલિસ બબડ્યો: 'આ બધા લોકો મારી યોજનાને રોકી પાડવા માટે કેટલી હદે પ્રયાસો કરે છે !'



◆ બ્રિટીશ રૉયલ એર ફોર્સના વેલિંગ્ટન વિમાને બોમ્બવર્ષાની નેટ પ્રેક્ટિસ કરવાની હતી. ખરી કસોટી જો કે વિમાનને બદલે ડૉ. વૉલિસની જ હતી !

અંતે વેલિંગ્ટન જાણે ડોર્સેટ પર હુમલો કરવા માગતું હોય તેમ સીધી લીટીમાં કાંઠા તરફ ઊડ્યું. હાઇડ્રોલિક મોટરે બોમ્બને તરત બૅકસ્પિન આપવાનું શરૂ કર્યું. થોડી વાર પછી સમુદ્ર પર ટપ્પા ખાતો દરેક બોમ્બ ડોર્સેટના મજબૂત ખડકો સાથે ટકરાયો અને પછી ડૂબકી મારીને ફાટ્યો !

આ સફળતા પછી જે છેલ્લી સમસ્યા બાકી રહી તે બોમ્બર કમાન્ડના વડા સર આર્થર હેરિસને મનાવવાની ! આ તુમાખી વાયુસેનાપતિ તો ડૉ. વૉલિસને મુલાકાત આપવા પણ તૈયાર ન હતો. મહિનાઓ સુધી તે માન્યો નહિ, એટલે કિંમતી સમય બરબાદ થયો. છેવટે ડૉ. વૉલિસને તેણે ફક્ત ધમકાવવા પૂરતો બોલાવ્યો અને કહ્યું: 'તમે જો એમ માનતા હો કે આવા તરંગી પ્લાન માટે હું તમને નવાં લેન્કેસ્ટર વિમાનોનું સ્ક્વૉડ્રન આપીશ, તો એ તમારી ભૂલ છે !'

'મારા પર વિશ્વાસ રાખો.' વૉલિસે અરજ કરી. 'પ્લાન સહેજ પણ તરંગી નથી.'

'સાબિત કરી દેખાડો તો માનું !'

'સાબિતી હું મારી સાથે જ લાવ્યો છું.' કહી વૉલિસે ૧૬ એમ.એમ.ની ફિલ્મનું રીલ આર્થર હેરિસ સામે ટેબલ પર મૂક્યું.

બન્ને જણા પ્રોજેક્ટર રૂમમાં ગયા. ડોર્સેટના કાંઠે થયેલા ધૂમધડાકાનાં દ્રશ્યો હેરિસે જોયાં અને ખાસ તો બોમ્બના ટપ્પાનું અવલોકન કર્યું. લાઇટો પછી ઑન થયા બાદ હેરિસ બોલ્યો : 'વિચારવા જેવું છે. મને થોડોક સમય આપો.'

ફરી કેટલાક દિવસો વીત્યા. અંતે ફેબ્રુઆરી ૨૬, ૧૯૪૩ના રોજ બ્રિટનના ખુદ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલે સંરક્ષણ મંત્રાલય દ્વારા ડૉ. વૉલિસને સૂચના આપી: 'યોજનામાં આગળ વધો. મે મહિનો પૂરો થાય એ પહેલાં આક્રમણ કરવાનું છે. ઉનાળાના આરંભે બરફ પીગળ્યા બાદ જળાશયોમાં ભરપૂર પાણી ભરાય એવો સંભવ છે. જૂન શરૂ થાય ત્યારે પાણી છોડવા બંધોના દરવાજા ખોલી નાખવામાં આવે છે. મહત્તમ અસર પેદા કરવા મે મહિનો આદર્શ છે.'

વૉલિસ ખુશ પણ થયો અને જરાક ખીજાયો પણ ખરો. અગાઉ તેને લાંબો સમય ટટળાવવામાં આવ્યો, તો હવે ટૂંકા સમયનું ટાઇમટેબલ તેના માથે ઠોકી બેસાડવામાં આવ્યું ! ફક્ત અઢી મહિના બાકી રહ્યા હતા. ગોળાકાર બોમ્બ એટલા વખતમાં ન બને. બોમ્બનો તે આકાર નવા પ્રકારનો ગણાય અને તે માટે જુદી ટેકનૉલજિ જોઇએ. હવે એ ટેકનૉલજિ લડાવવાનો, પ્રેક્ટિકલ ચકાસણી કરવાનો અને ક્યાંક ખામી જણાતી હોય તો તેને સુધારી લેવાનો સમય જ ન હતો. આથી વૉલિસે નળાકાર ડ્રમ જેવા ૫ ફીટ લાંબા અને ૪.૧ ફીટના વ્યાસવાળા બોમ્બની ડિઝાઇન તૈયાર કરી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અત્યંત મોટા બોમ્બ એક સાધનસજ્જ બ્રિટીશ કારખાનામાં બનતા હતા. વૉલિસે તેના ચીફ એન્જિનિઅરને ડિઝાઇનનાં કાગળિયાં આપી દીધાં હોત તો પોતે ચિંતામુક્ત થાત, પણ ન આપ્યાં. ગુપ્તતા જાળવવાનું અનિવાર્ય હતું. આથી બોમ્બના વિવિધ છૂટક ભાગો બનાવવાની કામગીરી તેણે વિવિધ કારખાનાંને સોંપી. કયો ભાગ અંતે કયા શસ્ત્ર માટે વપરાવાનો છે તે એન્જિનિઅરો કે કારીગરો જાણી ન શક્યા. બીજા પણ અનેક પાર્ટ્સ બીજાં અનેક કારખાનાંમાં બનતા હોવાનું તેઓ જાણતા ન હતા.

આ કામ ઘડિયાળના કાંટે ચાલ્યું તે દરમ્યાન મોસ્કિટો પ્રકારના બ્રિટીશ જાસૂસી તેમજ લડાયક પ્લેને ૨૫,૦૦૦ ફીટ ઊંચે રહી જર્મનીના આકાશમાં ઊડ્ડયનો શરૂ કર્યાં. જર્મનીને તેની બદદાનતનો ખ્યાલ ન આવે તે માટે દરરોજ તેણે વાંકોચૂંકો માર્ગ અપનાવ્યો. વારાફરતી ત્રણેય બંધોની મુલાકાત લે અને વધેલી જળસપાટીનો ખ્યાલ આપતા ફોટા પાડી લે. ઉપરવાસમાં ૨,૩૭૬ ફીટ ઊંચે જન્મ લેતી ૨૩૫ કિલોમીટર લાંબી રૂહર નદીનો પ્રવાહ સતત જોરદાર બનતો હતો. પહાડી બરફ ઓગળતાં પાણીની માત્રા વધતી હતી અને મોહ્ન્યે બંધ પાછળના સરોવરમાં જળશયો પણ છલકાવા લાગ્યાં હતાં. આ ખુશખબર સામે ખરાબ સમાચાર એ મળ્યા કે જર્મનોએ મોહ્ન્યે બંધના સામસામા કાંઠે તથા બંધ પર કુલ ૬ વિમાનવિરોધી તોપો ગોઠવીને અંગ્રેજો માટે સંજોગો બદલી નાખ્યા હતા. બે તોપો બંધ પર જ તેમણે બેય છેડાના મિનારા પર મૂકી હતી. મિનારા ફક્ત શોભાના હતા, પણ જર્મનોએ હવે તેમનો સદુપયોગ કર્યો હતો. આ તો મુસીબત ! હુમલો કરતી વખતે બ્રિટીશ લેન્કેસ્ટર વિમાનોએ તે મિનારા વચ્ચે રહીને પસાર થવું પડે તેમ હતું ! એડરને તથા સોર્પેને પણ વિમાનવિરોધી તોપો વડે સુરક્ષિત કરાયા હતા. જર્મનો એકાએક કેમ સતર્ક બન્યા ? હુમલાની ગંધ તેમને જાસૂસો દ્વારા મળી ચૂકી હતી? ઠીક છે. જો ભી હોગા, દેખા જાયેગા. હુમલો



જર્મનોએ મોહ્ન્યે બંધના સામસામા કાંઠે તથા બંધ પર ૬ વિમાન-વિરોધી તોપો ગોઠવીને અંગ્રેજો માટે સંજોગો બદલી નાખ્યા હતા.


♦ યુવાન વિંગ કમાન્ડર ગૅ ગિબસન

કરવાનો એ ફાઇનલ.

♦

માર્ચ ૨૫, ૧૯૪૩.

બોમ્બર કમાન્ડના એર માર્શલ આર્થર હેરિસે નાયબ વાયુસેનાપતિ એર વાઇસમાર્શલ રાલ્ફ કોક્રેનને બોલાવ્યો. હવાઇદળના બોમ્બર કાફલા નં. ૫ નો તે કમાન્ડિંગ ઑફિસર હતો. આક્રમણની યોજનાનો પૂરો ખ્યાલ આપ્યા પછી હેરિસે કહ્યું : 'મને એમ છે કે અનુભવી, છતાં યુવાન અને તરવરિયા પાયલટોની ખાસ ટુકડી તમે રચો અને ગિબસનને તેના સરદાર તરીકે નીમો.'

'કબૂલ.' રાલ્ફ કોક્રેન બોલ્યો. 'પસંદગી તમે મારા પર છોડી હોત તો હું પણ ગિબસનને જ પસંદ કરવાનો હતો.'

વિંગ કમાન્ડર ગૅ ગિબસનની વય ફક્ત ૨૫ વર્ષ હતી. આગલી રાત્રે જ એ જર્મની પર તેનો ૧૭૩મો હુમલો કરીને પાછો ફર્યો હતો. આ તેની લાંબી રજા પહેલાંની છેલ્લી ટ્રિપ હતી. મોડી સવાર લગી તે ઘોરવા માગતો હતો, પણ એર વાઇસમાર્શલ રાલ્ફ કોક્રેને ટેલિફોન કરી તેને જગાડ્યો. છૂટ્ટી રદ થતી હોવાનું જણાવ્યા પછી તેણે કહ્યું : 'એક મહત્વનું સાહસ ખેડવાનું છે. હજી વાર છે, પણ દરમ્યાન રોજેરોજ તાલીમ લેવાની છે.'

'મારે તાલીમ લેવાની ?' ગિબસનને અચરજ થયું. 'શેની?'

'અત્યંત નીચા લેવલે ઊડવાની--અને તે પણ અંધારી રાત્રે.'

'નિશાન કયું છે ?'

'એ હમણાં જાહેર કરાય તેમ નથી. હાલ તો આપણે બેય જણાએ ભેગા મળી કેટલાક બાહોશ અને બહાદુર પાયલટોનો અલાયદો કાફલો રચવાનો છે.'

આ વાર્તાલાપ થયાના પાંચ દિવસ પછી જે કાફલો રચાયો તેમાં ૧૪૭ પાલયટો હતા ! બધા જ બરકંદાજ ! વિરાટકાય લૅન્કેસ્ટર વિમાનો કુલ ૨૧ હતાં! દરેકનું સંચાલન કરવા માટે પાયલટો, તોપચીઓ અને દિશાશોધકો મળીને સાત ચાલકો જોઇએ. વિમાનના બુલેટપ્રૂફ કાચવાળા મોરામાં .૩૦૩''ની બે તોપો હતી. એ જ કેલિબર (.૩૦૩''નો વ્યાસ) ધરાવતી ચાર તોપો છેક પાછળ હતી. ઉપલા ગુંબજમાં બધી દિશા તરફ વળી શકતી એવી જ વધુ બે તોપો હતી. ચાર એન્જિનોના લૅન્કેસ્ટરનું દરેક એન્જિન ૧,૨૮૦ હોર્સપાવર પેદા કરતું હતું. આશરે ૧૫,૦૦૦ ફીટ ઊંચે લૅન્કેસ્ટર પ્રતિકલાકે ૪૫૦ કિલોમીટરના વેગે એકધારૂં ૪,૦૦૦ કિલોમીટર સુધી ઊડી શકે, જ્યારે બોમ્બ અને બળતણ સહિત ૯,૯૫૦ કિલોગ્રામના બોજા સાથે ઊડે તો રેન્જ ૨,૫૦૦ કિલોમીટર સમજવાની.



♦ આ મગતરાછાપ વિમાનનું નામ મોસ્કિટો અને કામ શત્રુ પર જાસૂસીનું હતું

આ નવા કાફલાનું નામ સ્ક્વૉડ્રન નં. ૬૧૭ રાખવામાં આવ્યું. પાયલટો, કુશળ તોપચીઓ, દિશાશોધકો વગેરેની સરેરાશ વય ફક્ત ૨૨ વર્ષ હતી ! અમુક જણા તો ૧૯ વર્ષના હતા ! આ વયના જુવાનિયાઓ સામાન્ય રીતે મોજમસ્તીનું જીવન ગુજારે, જ્યારે અહીં દરેક જણે દેશના કાજે મોત સાથે જીવનનો દાવ લડાવવાનો હતો. પૂરો સંભવ કે અમુક હવાબાજોનું જીવન તે જુગારી દાવમાં હારી જાય અને મોત જીતે!

વિંગ કમાન્ડર ગૅ ગિબસને ઍરબેઝના બ્રીફિંગ રૂમમાં સૌને એકઠા કર્યા. જમીન નીચે ભૂગર્ભમાં બાંધેલો ઓરડો સાઉન્ડપ્રૂફ હતો. ગિબસને બધા પાયલટોને આંચકો દેતો બોલ્યોઃ 'એક જોખમી મિશન તમારે હાથ ધરવાનું છે. હું તમને વધુ માહિતી આપી શકતો નથી, કારણ કે ખુદ મને ખબર નથી. એક જ વાત હું જણાવવા માગું છું. આજથી શરૂ કરીને દરરોજ તમારે વૃક્ષના લેવલે ઊડવાનો મહાવરો લેવાનો છે, રાત્રે અને દિવસે ! તમે સૌ બંધ આંખે લૅન્કેસ્ટરનું સંચાલન કરવાનું શીખી ન લો ત્યાં સુધી મહાવરો ચાલુ રહેશે !'

નિશાન અંગે ગિબસન પોતે ખરેખર હજી સાવ અજાણ હતો. થોડા દિવસ પછી એર વાઇસમાર્શલ રાલ્ફ કોક્રેનની સૂચના મુજબ તે ડૉ. બર્ન્સ વૉલિસને મળ્યો. વૉલિસે પેલી ફિલ્મનાં દ્રશ્યો સ્ક્રીન પર રજૂ કર્યાં. વેલિંગ્ટન પ્લેને ડૂબકી માર્યા પછી ફૂટબોલ જેવો દેખાતો ગોળો એકાએક નીચે પડ્યો, જળસપાટી પર બાઉન્સ થયો, બીજી અને ત્રીજી વાર પણ બાઉન્સ થયો અને છેવટે ધડાકાભેર ફાટ્યો.

'મેં બનાવેલો એ સિક્રેટ બોમ્બ છે. આપણે તેને યોગ્ય મુકામે પહોંચાડવાનો છે. ના, આપણે નહિ--તમારે સૌએ પહોંચાડવાનો છે.' વૉલિસે કહ્યું.

'પાણી પર ?' ગિબસને પૂછ્યું.

'હા, પાણી પર.' જવાબ મળ્યો. 'રાત્રે અંધકાર હોય અને જળસપાટી નજીક ધુમ્મસ પણ હોય એવે વખતે ૧૫૦ ફીટ ઊંચે કલાકના બરાબર ૩૮૦ કિલોમીટરના વેગે ઊડીને ચોક્કસ સ્થળે તમારે બોમ્બને પહેલો ટપ્પો ખવડાવવાનો છે.'

'ધુમ્મસથી છવાયેલા અંધકારમાં ખબર કેમ પડે કે જળસપાટી કેટલે દૂર છે? ટપ્પો થોડોક આઘોપાછો પડે તો ચાલે ?'

'નહિ ! અને નહિ એટલે નહિ !' ડૉ. વૉલિસે ભારપૂર્વક ચેતવણી આપી.

વિમાનોના પાયલટોને રોજ મહાવરો આપવા વિંગ કમાન્ડર ગિબસને બ્રિટનના વગડાઉ પ્રદેશોમાં જુદા જુદા દર્શ આકાશી માર્ગો આંક્યા હતા. જમીનથી દરેક લૅન્કેસ્ટરે ફક્ત ૧૦૦ ફીટનું અંતર રાખવાનું હતું. ઊંચું ઝાડ કે ચીમની અચાનક સામે નજર ચડે ત્યારે પાયલટ ટીમ એ તરફની પાંખને ઊંચકે, ટેકરો દેખાય ત્યારે પ્લેનનો મોરો ઊંચો કરે અને અને જરા ઢોળાવ લેતું મેદાન દેખાય ત્યારે મીનીમમ ૧૦૦ ફીટનું અંતર જાળવવા પ્લેન સહેજ નીચા લેવલે ઉતારે! દિવસો પછી ગિબસને ૫૦ ફીટનું નવું ધોરણ નક્કી કર્યું.

ઘણાંખરાં વૃક્ષો પચાસ ફીટ કરતાં મોટાં હોય, એટલે વારંવાર તેમની સીધ ચૂકાવતા પાયલટોનું બ્લડ પ્રેશર આસમાને પહોંચ્યું. કેટલાંક વિમાનો તો અહીંતહીં ફાટોમાં ચોંટેલાં પાંદડાં અને ડાળખાં સાથે પાછા આવતાં હતાં ! ગિબસન પણ તેના લેન્કેસ્ટરમાં લગભગ રોજ ઊડ્યો. વધુ કેટલાક દિવસો બાદ સરોવર અને સમુદ્ર પર મહાવરો લેવાનો વખત આવ્યો.

વિશાળ ક્ષેત્રફળનાં બે-ત્રણ જળાશયો પસંદ કરાયાં, પણ ગિબસનના 'જી ફોર જ્યોર્જ' તરીકે ઓળખાતા લેન્કેસ્ટરનું પેટાળ કેટલીયે વખત જળસપાટીને અડકી ગયું. વૉલિસના બોમ્બની માફક જ તેણે ટપ્પો ખાધો ! ગિબસને માંડ તેને કાબૂમાં લીધું. ઊંચાઇમાપક યંત્ર (ઑલ્ટિમીટર) ફક્ત હવાનું દબાણ માપીને ઊંચાઇ બતાવતું હતું, પરંતુ રાત્રે સરોવર પર બધે ઠેકાણે એકસરખું દબાણ હોય નહિ. બીજી તરફ અંધારામાં શાંત પાણીની સપાટી નરી આંખે દેખાય નહિ. એક રાત્રે તો ઑલ્ટિમીટરે સાવ ખોટો આંકડો બતાવ્યો. વિમાન અને સરોવર વચ્ચે ખાસ્સું છેટું હોવાનું દર્શાવ્યું. આથી ગિબસને લેવલ ઓર ઘટાડ્યું અને જ્યારે એકાએક જળસપાટીને સાવ લગોલગ દીઠી ત્યારે હોનારત રોકવા ઓચિંતો મોરો ઊંચક્યો. પરિણામે ત્રાંસા થયેલા લેન્કેસ્ટરની પૂંછડીએ તે છેડેના ગુંબજ અને તોપચી સહિત પાણીમાં બતકચાંચ મારી ! આખો ગુંબજ પાણી વડે છલોછલ! ગળચકાં ખાતા તોપચીની હાલત તો એ જ જાણે ! વિમાન પાછું આકાશમાં ચડ્યું ત્યારે આપોઆપ ખળખળ કરતી પિચકારી નીકળી અને ગુંજબ ખાલી થયો. ગિબસન પર ગિન્નાયેલો ભીનોલોથ તોપચી બબડ્યો : 'બ્લડી ડેન્જરસ! આ માણસ પ્લેન ચલાવે છે કે સબમરિન?'

ગૅ ગિબસનનો પણ મૂડ જો કે બગડ્યો હતો. ઍરબેઝ પર આવ્યા બાદ તેણે એર વાઇસમાર્શલ રાલ્ફ કોક્રેનને ફોન કર્યો : 'ઊંચાઇ જો સચોટ જાણી શકાતી ન હોય તો મિશન રદ થયું માનજો!'

'એ મુદ્દો આપણે પછી વિચારીશું. દરમ્યાન લક્ષ્યાંકનું મોડેલ તમારે જોવું છે?'

ગિબસન તરત હેડક્વાર્ટરે પહોંચ્યો. કોક્રેને લાંબા-પહોળા ખોખા પરનું કેનવાસ ખસેડીને કહ્યું : 'મિશનનું રહસ્ય પહેલીવાર ખૂલી રહ્યું છે, પણ ધ્યાન રહે કે બીજા એકેય પાયલટના કાને વાત જાય નહિ.'

ગિબસને જોયું તો જર્મનીના મોહ્ન્યે, એડર તથા સોર્પે બંધો, આસપાસના પર્વતો, મેદાનો, નદી-નાળાં અને જળાશયોની ૪૦૦:૧ના માપમાં પ્રતિકૃતિ બનાવેલી હતી. 'આ ત્રણેય બંધોનું અસ્તિત્વ નાબૂદ કરવાનું છે.' કહી રાલ્ફ કોક્રેને દરેકનું છૂટું પાટિયું વારાફરતી ખેંચી કાઢ્યું કે તરત ખાબોચિયાં જેવડાં સરોવરોનું પાણી ચોમેર ફરી વળ્યું.

મિશનની ગંભીરતાનો હવે ગિબસનને સાચો ખ્યાલ આવ્યો. મિશન તેને અનિવાર્ય લાગ્યું. અલબત્ત, સાહસની ગંભીરતાનું શું? વેધશાળાના કેલેન્ડર મુજબ મે મહિનાની ૧૩મી અને ૧૯મી તારીખો દરમ્યાન જર્મનીનાં સરોવરો પર ચંદ્રનું અજવાળું પથરાવાનું હતું. ચંદ્રનું પ્રતિબિમ્બ ત્યારે કદાચ જળસપાટીનું અંતર કહી આપે, છતાં અંતરનો ચોક્કસ આંકડો શેના આધારે માપવો ? અને બંધ પોતે કેટલા અંતરે છે તે કેમ જાણવું ? આ બન્ને આંકડા ડૉ. બર્ન્સ વૉલિસે ગણેલી ફોર્મ્યુલા મુજબના હોવા જોઇએ. આંકડાનો મેળ બેસે એ જ ક્ષણે બોમ્બ ફેંકવો જોઇએ. ટપ્પો સહેજ આઘોપાછો પડે તો બૅકસ્પિન લેતો બોમ્બ જળસપાટી પર ખાબક્યા પછી ટોરપિડો નેટને કૂદાવવા માપસરના કાંગારૂજમ્પ મારી શકે નહિ. ધારો કે કૂદાવે તો પણ કદાચ છેલ્લા જમ્પ વખતે બંધની દીવાલ પર નિર્ધારિત ફીટ જેટલો નીચે ફાટે નહિ.

♦ વિરાટ સમડી જેવું લેન્કેસ્ટર વિમાન

આ સમસ્યા જ્યારે લોર્ડ બીવરબ્રૂકે જાણી ત્યારે પોતાના એક વિશ્વાસુ એન્જિનિઅરને તેણે બોલાવ્યો. ત્રિકોણમિતિના ઉસ્તાદ એન્જિનિઅરે તરત નુસખો શોધી કાઢ્યો. નુસખો એટલો સરળ કે બીવરબ્રૂક તો અચંબો પામી ગયો. મોસ્કિટો પ્રકારના જાસૂસી વિમાને પાડેલી તસવીરો જોતાં મોહ્ન્યે, એડર તથા સોર્પે બંધો પરના બબ્બે મિનારા વચ્ચે બરાબર ૬૦૦ ફીટનું છેટું હતું. પ્લાયવૂડનો નાનો ત્રિકોણ અમુક માપે તૈયાર કરી તેના બે ખૂણે ઊભા ખીલા માત્ર ટેરવા સુધી ખોડી દેવાય અને ત્રીજા ખૂણે ધાતુની મોટા કાણાવાળી પટ્ટી જડી લેવાય, એટલે પછી લેન્કેસ્ટરનો દિશાશોધક નિશ્ચિંત! ત્રિકોણને હાથમાં પકડી કાણા વાટે તે બન્ને ખીલાનું નિરીક્ષણ કરતો રહે અને બેય ખીલા જે ક્ષણે બંધના સામસામા મિનારા સાથે 'મેચ' થાય એ વખતે લેન્કેસ્ટર અને બંધ વચ્ચે ૧,૨૭૫ ફીટનું અંતર હોવાનું નક્કી માનો!

કેટલા મુશ્કેલ ઉખાણાનો કેટલો સરળ ઉકેલ ! હવે બીજો પ્રશ્ન : ઊંચાઇનું સચોટ માપ શેના આધારે કાઢવું ? આ પ્રશ્નનો જવાબ લોર્ડ બીવરબ્રૂકના વળી બીજા ખોપરીબાજે આપ્યો : લેન્કેસ્ટરના મોરા નીચે અને પૂંછડી નીચે એકેક સ્પોટલાઇટને ચોક્કસ એન્ગલે ફીટ કરી દો. મોરાની સ્પોટલાઇટનો શેરડો જરા પાછળ તરફ અને પૂંછડીની સ્પોટ-લાઇટનો શેરડો જરા આગળ તરફ મંડાયેલો રાખો. સરોવરની જળસપાટી પર બે શેરડાનાં પ્રકાશિત ચકામાં પરસ્પર ભેગાં મળી અંગ્રેજી 8 નો ફિગર રચે, એટલે માનવાનું કે વિમાન બરાબર ૬૦ ફીટના લેવલે છે!

ત્રાંસા થયેલા લેન્કેસ્ટરની પૂંછડીએ ગુંબજ અને તોપચી સહિત પાણીમાં બતકચાંચ મારી ! આખો ગુંબજ પાણી વડે છલોછલ!

બેય પ્રશ્નોના જવાબો મળી ચૂક્યા ! તલવાર કામ ન લાગે ત્યાં સોય કામ આપે તે આનું નામ! અનુક્રમે ૧,૨૭૫ની અને ૬૦ની સંખ્યા એ જ કે જેમને ડૉ. બર્ન્સ વૉલિસે પોતાનાં સમીકરણમાં વાપરી હતી. મિશન શરૂ થાય એ પહેલાં સ્ક્વૉડ્રન નં. ૬૧૭ના પાયલટોને આખરી તાલીમ આપવા બધાં વિમાનોની કોકપિટના પારદર્શક કાચને રંગમિશ્રિત ટર્પેન્ટાઇન વડે અર્ધપારદર્શક કરી દેવામાં આવ્યા. દરેક પાયલટે ભૂરા કાચનાં ગોગલ્સ પણ ચડાવ્યાં. ધોળે દિવસે તેમના માટે રાત્રિનું અંધારિયું વાતાવરણ સર્જાયું. નાઇટ ફલાઇંગનો મહાવરો તેમણે

ખરેખર તો રાત્રે જ લેવો જોઇએ, પરંતુ એપ્રિલના છેલ્લા સપ્તાહનો અને મેના પહેલા સપ્તાહનો એ સમય ચાંદની રાતનો ન હતો. હવે જો કે અધકચરા બ્લેકઆઉટને કારણે ભરબપોરનો સૂર્ય તેમના માટે ચંદ્ર બન્યો. દરરોજ કલાકો સુધી પાયલટો નીચી સપાટીએ ઊડ્યા. બીવરબ્રૂકના એન્જિનિઅરે બનાવેલો પ્લાયવૂડનો ત્રિકોણ ચકાસવા રાલ્ફ કોકેને મધ્ય બ્રિટનના એક બંધ પર બે 'ડમી' મિનારા પણ ચણાવ્યા. પરિક્ષણ સફળ રહ્યું. એ પછી સ્કેમ્પટન ઍરબેઝના રન-વે પર રાત્રે બે લેન્કેસ્ટર વિમાનો ૬૦ ફીટના લેવલે ઊડ્યાં, સ્પોટલાઇટના શેરડા તાક્યા અને કન્ટ્રોલ ટાવરમાં બેઠેલા નિરીક્ષકોએ રન-વેની મૂવી ફિલ્મ ઉતારી. પ્રોજકટર રૂમના સ્ક્રીન પર એ ફિલ્મને સ્લો મોશનમાં જોતાં ખબર પડી કે અંગ્રેજી 8 નો આંકડો બરાબર રચાયો હતો ! આ બધાં પ્રયોગો, પરીક્ષણો અને પ્રેક્ટિસ કરવામાં દિવસો વીત્યા એ દરમ્યાન બ્રિટીશ ઇજનેરોએ ડૉ. બર્ન્સ વૉલિસની ડિઝાઇન મુજબના બોમ્બ મોટી સંખ્યામાં બનાવી દીધાં હતાં.

મે ૧૬, ૧૯૪૩નો દિવસ ઊગ્યો. બીજા વિશ્વયુદ્ધની બાજીને ખાસ્સી હદે બ્રિટનની તરફેણમાં પલટી નાખનાર ઐતિહાસિક દિવસ !



♦ જીવસટોસટનું સાહસ શરૂ થાય એ પહેલાં દિવસો સુધી સ્ક્વૉડ્રન નં. ૬૧૭ના પાયલટોએ લેન્કેસ્ટર વિમાનો ઊડાડવાની કડક તાલીમ લીધી

બાજી પલટાવવાનું કામ જો કે પાયલટ ટુકડીનું હતું, જેના સભ્યોને વિંગ કમાન્ડર ગિબસને છેક સાંજે ચાર વાગ્યે હુમલાનો પ્લાન બ્રીફિંગ રૂમમાં સમજાવ્યો. હવે ટુકડીમાં ૧૪૭ નહિ, ૧૩૩ સભ્યો હતા. ૧૪ સભ્યો બિમાર પડ્યા હતા, માટે લેન્કેસ્ટરની સંખ્યા પણ હવે ૨૧ને બદલે ૧૯ હતી. બરાબર એ જ વખતે પેલું જાસૂસી મોસ્કિટો પ્લેન તેનો છેલ્લો આંટો મારીને પાછું ફર્યું. ખબર લાવ્યું કે જર્મનીનું આકાશ સ્વચ્છ હતું. ચાંદનીનો લાભ મળવાની પૂરી શક્યતા હતી. મોસ્કિટોના પાયલટે ખેંચેલા લેટેસ્ટ જાસૂસી ફોટોગ્રાફ્સ પણ તત્કાળ ડેવલપ કરવામાં આવ્યા. મોહ્ન્યે બંધની ટોચ અને જળાશયની સપાટી વચ્ચે ફક્ત ચાર ફીટનું અંતર જોવા મળ્યું. મતલબ કે હુમલાનો સમય પાક્યો હતો. સવારે કદાચ બંધના દરવાજા ખોલી નાખવામાં આવે, માટે આજે રાત્રે જ ત્રાટકવું રહ્યું.

ગિબસને સ્ક્વૉડ્રન નં. ૬૧૭ને ત્રણ ટુકડીમાં વહેંચી નાખી. પ્રથમ ટુકડીમાં ૯ લેન્કેસ્ટર વિમાનો, જેઓ વળી ત્રણ-ત્રણનાં જૂથોમાં વિભાજીત થયાં. એક જૂથનો સરદાર ગૅ ગિબસન પોતે, બીજાનો નેતા સ્ક્વૉડ્રન લીડર ડિંગી યંગ અને ત્રીજાનો કમાન્ડર હેન્રી મૉડસ્લે.

જૂથ નં. ૨માં કુલ પાંચ વિમાનો હતાં, જેમનું નેતૃત્વ ફલાઇટ-લેફટનન્ટ જૉ મેકાર્થી નામના સિનિઅર પાલયટે લીધું હતું. મૂળ તે અમેરિકન, પણ બ્રિટનના મિત્રદેશનો વતની હોવાને લીધે બ્રિટીશ રૉયલ એર ફોર્સમાં જોડાયો હતો. વાસ્તવમાં બધું મળીને ૧૩૩ પૈકી ઘણા પાયલટો મિત્રદેશોના હતા, કારણ કે એવા દેશો સંયુક્ત રીતે જર્મની સામે વિશ્વયુદ્ધ લડતા હતા. પાયલટોમાં ૧૩ જણા ઑસ્ટ્રેલિયન હતા, અમેરિકાના બે અને ન્યૂ ઝિલેન્ડના બે હતા. બાકીના ૧૧૬ બ્રિટીશ, પણ બધા હવે 'ધ ડેમ બસ્ટર્સ' એવું પ્રભાવશાળી બેનર પામ્યા હતા. ધ ડેમ બસ્ટર્સ એટલે બંધ તોડનારા ભાંગફોડિયાઓ !

વધુ પાંચ વિમાનોનું જૂથ નં. ૩ રીઝર્વ (અનામત) ફોર્સ હતું, જેનો નેતા જૉ બ્રાઉન હતો. પ્રથમ બે કાફલા ગયા પછી બે કલાકે તેણે ટેક-ઑફ કરી આવશ્યકતા મુજબ જે તે બંધ તરફ જવાનું હતું.

ઇજનેરોએ દરેક લેન્કેસ્ટરને છેલ્લી વાર તપાસી લીધું. વિમાનમાં બોમ્બનું વજન પાંચ ટન અને બળતણનું પણ વજન પાંચ ટન હતું. વિદ્યુત મોટર વડે બૅકસ્પિન લેનારો દરેક બોમ્બ પેટાળ નીચે આડી ધરીમાં ચાપડા વચ્ચે ફીટ થયેલો હતો.


રાત્રિના ૯:૦૦નો સમય થયો. જૂથ નં. ૨નાં પાંચ લેન્કેસ્ટર બેની અને ત્રણની હરોળમાં સ્કેમ્પટન એરબેઝ પર રન-વેના છેડે ગોઠવાયાં. ફલાઇટ-લેફટનન્ટ જૉ મેકાર્થી તેમનો ટીમ લીડર હતો. આગલી હરોળનાં બે વિમાનો પૈકી એક વિમાન તેનું હતું. હવે સનસનાટી અને સસ્પેન્સભર્યું જોખમી સાહસ શરૂ થવા આડે જૂજ મિનિટો બાકી રહી હતી. દરેક મિનિટ એક યુગ જેવડી લાંબી !

ટર્મિનલ પાસે થોભેલા વિંગ કમાન્ડર ગૅ ગિબસનના વિમાનની સંકેતસૂચક બત્તીનો આખરે ૯:૧૦ના સમયે લાલ ઝબકારો થયો. મેકાર્થીએ જોયો અને રેડિઓ સંદેશા દ્વારા પોતાના સાથીદારોને જણાવ્યું: 'ટેક-ઑફ !' એન્જિનોની ઘૂઘવાટી બોલાવતાં પાંચેય લેન્કેસ્ટરોએ દોટ મૂકી, સખત બોજાના કારણે મહામહેનતે સ્પીડ પકડી અને લગભગ આખા રન-વેનું અંતર કાપી નાખ્યું. સામો છેડો આવે તે પહેલાં આકાશમાં તેઓ ચડી ગયાં. આ જૂથે ઉત્તરના લાંબા માર્ગે જવાનું હતું, માટે તેણે પ્રવાસ વહેલો શરૂ કર્યો હતો. ઓગણીસ બોમ્બરોનું ધાડું એક જ રસ્તે જવાને બદલે અલગ દિશા પસંદ કરે એ જરૂરી હતું. ઉત્તર સમુદ્રને ઓળંગ્યા પછી યુરોપનો કાંઠો આવે, જ્યાં ગોઠવાયેલાં દુશ્મન રેડારયંત્રોને સામુહિક હુમલાનો અણસાર ન આવવો જોઇએ. આથી ત્રણેય જૂથો માટે યુરોપનાં તટવર્તી 'પ્રવેશદ્વારો' એકમેકથી જુદાં નક્કી કરાયાં હતાં.

પંદર મિનિટ વીત્યા બાદ ૯:૨૫ વાગ્યે ગિબસનના 'જી ફોર જ્યોર્જ' કહેવાતા લેન્કેસ્ટર સહિત નં. ૧ જૂથવાળાં પ્રથમ ત્રણ વિમાનો ઊડ્યાં. બીજું વિમાન 'એમ ફોર મધર' ફલાઇટ-લેફટનન્ટ હોપગૂડનું હતું. ત્રીજું વિમાન 'પી ફોર પોપ્સી' ફલાઇટ-લેફટનન્ટ મીકી માર્ટિનનું હતું. થોડી વાર પછી ફલાઇટ-લેફટનન્ટ યંગ, મૉલ્ટબી, એસ્ટેલ, મોડ્સ્લે, નાઇટ અને શેનનનાં કુલ ૬ લેન્કેસ્ટરો પણ રવાના થયાં. (શેનન

ઑસ્ટ્રેલિયન હતો.) મિશન શરૂ! સ્કેમ્પટન એરબેઝ પર એકાએક સોપો પડી ગયો. સદંતર શાંતિ! આ જવાઁમર્દો પૈકી કેટલા જણા હેમખેમ પાછા ફરી શકવાના ? મુદ્દલ તો પેલા જર્મન બંધો લગી તેઓ હેમખેમ પહોંચી શકવાના ખરા? આ યુવાન નરબંકાઓ ગમે તેટલી બહાદુરી દેખાડે, પરંતુ નસીબની બલિહારી સામે કોનું ચાલે?

ડૉ. બર્ન્સ વૉલિસનો બૅકસ્પિનર બોમ્બ



સ્કેમ્પટનથી ઘણા કિલોમીટર દક્ષિણે ગ્રેન્થામ ખાતે બોમ્બર કમાન્ડના વૉર રૂમમાં આર્થર હેરિસ, ડૉ. બર્ન્સ વૉલિસ અને રાલ્ફ કોક્રેન બેચેનીપૂર્વક આંટાફેરા કરતા હતા. મોર્સ કોડમાં પહેલો 'સબ સલામત'નો મેસેજ ક્યારે આવે તેની રાહ જોવાતી હતી. ઘડિયાળમાં ૧૦:૩૫ વાગ્યા, એટલે કોક્રેને અનુમાન કર્યું : 'એ લોકો નેધરલેન્ડના કાંઠે પહોંચ્યા હોવા જોઇએ.'

◆

ઉત્તર સમુદ્ર ઉપરનું તારાજડિત આકાશ બિલકુલ સ્વચ્છ હતું. દરેક લેન્કેસ્ટરના દિશાશોધકો ધ્રુવ અને બીજા તારાના આધારે તેમજ દિશામાર્ગના અંશ માપીને પોતપોતાના પ્લેનનું આકાશી સ્થાન નકશા પર આંકતા હતા. હિટલરે જીતી લીધેલા નેધરલેન્ડનો સાગરકિનારો નજીક આવ્યો ત્યારે તેના દક્ષિણી 'પ્રવેશદ્વાર'માં દાખલ થતા પહેલાં ગિબસનની બન્ને તરફના હોપગૂડે તેમજ માર્ટિને પોતપોતાના લેન્કેસ્ટરને અનુક્રમે વધુ ડાબી અને જમણી તરફ વાળ્યું. અંતર વધાર્યું, જેથી એન્ટિ-એરક્રાફટ ગન ચલાવતા જર્મનોને અંધારામાં ઘોંઘાટનું ઉદ્‌ભવસ્થાન એક ઠેકાણે કેન્દ્રિત થયેલું જણાય નહિ અને તેના આધારે તેઓ નિશાન તાકી શકે નહિ. વિમાનો એકમેકના સંદર્ભમાં જરા છેટાં હોય તો અવાજ તથા પડઘા વચ્ચેનો ભેદ પામવાનું કપરૂં બને. ચંદ્ર ખીલ્યો હતો, છતાં કાળા આકાશના બ્રેકગ્રાઉન્ડમાં વિમાનો ઓતપ્રોત હતાં. હવે તેઓ ઊંચા લેવલે ઊડતાં હતાં.

નેધરલેન્ડનો કાંઠો આવ્યો. કિનારે ફૂટતાં મોજાંની આછી સફેદ લીટી દેખાતી હતી. થોડી વારે પાણીમાં ચંદ્રનું પ્રતિબિમ્બ દેખાતું બંધ થયું, કેમ કે જમીનનો પટ શરૂ થયો. એ જ વખતે કાંઠા પર સેંકડો ચમકારા નજરે ચડ્યા અને બીજી ક્ષણે આકાશમાં ધૂમધડાકાની આતશબાજી જામી! વિમાનવિરોધી તોપો ગરજવા માંડી હતી, પણ તેમના ગોળા વિમાનો કરતાં ખાસ્સે દૂર ફૂટતા હતા. તોપોની હરોળ વટાવ્યા પછી વિમાનો ફરીવાર એકદમ નીચા લેવલે ઊતરી આવ્યાં, નેધરલેન્ડના આઇન્ડહોવન નગરને સહીસલામત પાર કર્યું અને જર્મનીના રૂહર પ્રદેશ તરફ આગળ વધ્યાં. (આગામી પાને નકશો જુઓ.) અહીં તો કાળમુખી વિમાનવિરોધી તોપો ઠેર ઠેર હોય, એટલે દરેક લેન્કેસ્ટર છાશવારે દિશા બદલીને ચલકચલાણું ખેલતું રહ્યું. ગિબસનના નેતૃત્વ હેઠળના નં. ૧ જૂથવાળાં બીજાં છ વિમાનો એ જ રીતે સંતાકૂકડી રમતાં પાછળ આવતાં હતાં.

જૂથનાં નવ લેન્કેસ્ટરે અંતે જર્મન સરહદ ઓળંગ્યા બાદ મોહ્‌ન્યે બંધનો માર્ગ પકડ્યો. બંધ જો પ્રથમ ઍટેકમાં જ ભાંગી પડે તો જેમણે બોમ્બમારામાં ભાગ ન લેવો પડ્યો હોય તેમણે કાર્યક્રમ બદલી એડર બંધ પર ત્રાટકવાનું હતું.

ઉત્તરનો લાંબો રાઉન્ડ મારીને આવતો ફલાઇટ-લેફટનન્ટ જૉ મેકાર્થીનો નં.૨ જૂથવાળો રસાલો ક્યાં હતો? આ પાંચ લેન્કેસ્ટર લાંબા અંતરને ધ્યાનમાં લેતાં વહેલાં રવાના થયેલાં, માટે ગિબસનની ટુકડી નેધરલેન્ડમાં પ્રવેશી એ જ વખતે તેઓ સહેજ ઉત્તરે નેધરલેન્ડના સાંકડા વ્લાઇલેન્ડ ટાપુ સુધી પહોંચી ગયાં હતાં. ટાપુ આવ્યો કે તરત સમુદ્ર ઉપર બહુ નીચી સપાટીએ ઊડતાં વિમાનો છલાંગભેર ઊંચે ચડ્યાં, છતાં જર્મન તોપોના ગોળા છેક તેમના સુધી ઉછળ્યા. ન્યૂ ઝિલેન્ડના લૅસ મન્રોનું વિમાન મોખરે હતું. પ્રથમ તેણે ટાપુને પાર કર્યો. સલામત અંતરે નીકળી જાય એ પહેલાં અચાનક તેનું લેન્કેસ્ટર હચમચી ઊઠ્યું! પ્લેનનો વાયરલેસ ઑપરેટર કોકપિટમાં ગયો અને મોટા સાદે મન્રોને કહ્યું : 'બદમાશોએ રેડિઓને ખતમ કરી નાખ્યો ! હવે ?'

'વાંધો નહિ.' એવું લૅસ મન્રો બોલ્યો તો ખરો, પણ ત્યાર પછી તેને ભાન થયું કે બીજાં વિમાનો સાથેના રેડિઓ સંપર્ક વિના સોર્પે બંધ પર હુમલો કરી શકાય તેમ ન હતો. આથી તેણે લેન્કેસ્ટરને બ્રિટન તરફ વાળ્યું. મિશનમાં ૧૮ લેન્કેસ્ટર બાકી રહ્યાં.


થોડી મિનિટો બાદ એ જ ટુકડીના બીજા પાયલટ જ્યોફ રાઇસને મુસીબત નડી. વ્લાઇલેન્ડ ટાપુને પસાર કરી તે પોતાના લેન્કેસ્ટરને ફરી વખત નીચે લાવ્યો ત્યારે અંધારામાં ઊંચાઇનું અનુમાન ખોટું પડ્યું. કશીક ગરબડને કારણે પેલી ૬૦ ફીટનું અંતર બતાવનારી સ્પોટ-લાઇટો વધુ ત્રાંસી બની હતી, એટલે તેનું પ્લેન ધુબાકાભેર જળસપાટી સાથે ટકરાયું. પેટાળમાં ચીરો પડ્યો અને ત્યાં લટકતો બોમ્બ સમુદ્રમાં ગયો. મોકાણ તો એ કે લેન્કેસ્ટરે બોમ્બ ગુમાવ્યો અને તેના સાટામાં ખુલ્લા પેટાળ દ્વારા ટનબંધ પાણી ઉલેચ્યું ! 'બાઉન્સર' કહેવાતા બોમ્બનો કમાલ બાજુ પર રહ્યો અને તેના બદલે વિમાન પોતે ટપ્પો ખાતું ફરી હેમખેમ આકાશમાં ચડ્યું! જ્યોફ રાઇસ એટલો નસીબદાર! વળી કમનસીબ પણ ખરો, કારણ કે લૅસ મન્રોની જેમ તેણેય બ્રિટનનો રસ્તો માપવો પડ્યો. મિશનમાં ૧૭ લેન્કેસ્ટર બાકી રહ્યાં.



સમુદ્ર ઉપર બહુ નીચી સપાટીએ ઊડતાં વિમાનો છલાંગભેર ઊંચે ચડ્યાં, છતાં જર્મન તોપોના ગોળા છેક તેમના સુધી ઉછળ્યા.

સત્તર પણ નહિ. જૉ મેકાર્થીના જૂથ નં. ૨નાં વધુ બે વિમાનો ગ્રાઉન્ડ ફાયરનો ભોગ બન્યાં અને પ્રચંડ ધડાકા સાથે ફાટ્યાં. બધા ચાલકો માર્યા ગયા. ઓચિંતો જ ખાત્મો બોલ્યો, એટલે ક્યારે શું થયું તે પણ મેકાર્થી જાણી શક્યો નહિ. ઉત્તરી જૂથમાં તે એકલો બચ્યો. હવે તેણે જ સોર્પે બંધ પર આક્રમણ કરવાનું હતું. મિશનમાં હવે કુલ ૧૫ લેન્કેસ્ટર બાકી રહ્યાં.

મોહ્ન્યે બંધ તરફ ઝડપી ઊડાન ચાલુ રાખનાર ગિબસન, હોપગૂડ અને માર્ટિન શત્રુનાં રેડારમોજાંને ચૂકાવવા ફક્ત ૪૦ ફીટ ઊંચે રહીને ધસી રહ્યાં હતાં. પાછળ આવતાં બાકીનાં ૬ લેન્કેસ્ટરનું પણ એ જ લેવલ હતું. ઊંચા ટેકરા, હાઈટેન્શન વીજળીના ટાવરો કે તોતિંગ વૃક્ષો અચાનક સામાં ધસી આવતાં દેખાય ત્યારે ઓચિંતી છલાંગ ભરવા માટે અડધી સેકન્ડનો પણ સમય મળે નહિ. સહેજ ઓછા સતર્ક રહ્યા તો ગયા કામથી ! ઝડપ બેસુમાર હોય અને ચંદ્રનું અજવાળું પણ ઝાંખું હોય ત્યારે ભલભલો ચુનંદો હવાબાજ સમયસૂચકતા દેખાડવામાં ક્યારેક તો થાપ ખાય કે નહિ?


◆ લેન્કેસ્ટરના 'પેટ' નીચે ફીટ કરેલો નળાકાર બોમ્બ


બીજું જોખમ પાછું જર્મન એન્ટિ-એરક્રાફ્ટ ગનના ફાયરિંગનું ! વાઘની અંધારી બોડમાં દાખલ થયા પછી ક્યારે પંજાનો અણધાર્યો પ્રહાર વેઠવો પડે એ કહેવું જેમ અશક્ય તેમ અહીં પણ મૃત્યુનો અદ્રશ્ય હાથ કયા પાયલટોનો 'થપ્પો' કરે તે કોણ જાણે ? દુશ્મનના આકાશમાં દરેક લેન્કેસ્ટર સમજો કે સૂતરના તાંતણે લટકતું હતું. ગમે તે પ્લેનનો નાજુક તાંતણો ગમે ત્યારે તૂટે ! જેવું જેનું નસીબ ! ગિબસનના કાફલાએ સરહદી જર્મન નદી રહાઈને પાર કરી કે તરત આકાશને બદલે જમીન પર સંખ્યાબંધ 'ચંદ્રો' ઝળહળી ઊઠ્યાં ! સર્ચલાઈટ રેજિમેન્ટના પાવરફુલ શેરડા હુમલાખોરની શોધમાં આમતેમ ઘૂમવા લાગ્યા ! એક શેરડો વિંગ કમાન્ડર ગૅ ગિબસનના 'જી ફોર જ્યોર્જ' પર મંડાયો, પરંતુ એ જ ક્ષણે વિમાનના મોરામાં ડ્યૂટી બજાવતા તોપચીએ શેરડાની સીધ પકડી ટ્રેસર બુલેટ છોડી. બીજી ક્ષણે આરપાર વીંધાયેલી તે સર્ચલાઈટ આંધળી બની ! બચ ગયે બાલ બાલ ! કાફલાનાં બીજાં વિમાનોએ પણ ટ્રેસર બુલેટોનો સેકન્ડના ૧૨ બુલેટ લેખે જોરદાર મારો ચલાવ્યો, એટલે જર્મન રેજિમેન્ટે દરેક લાઈટને સ્વિચ-ઑફ કરવામાં જ ડહાપણ માન્યું! ગિબસનની ટીમનું એક વિમાન જો કે કમનસીબ નીવડ્યું. સર્ચલાઈટના શેરડા વચ્ચે આવ્યા પછી તેના પાયલટે 'બહાર' નીકળી જવા માટે તીવ્ર ટર્ન લીધો, વિમાન પરનો કાબૂ ગુમાવ્યો અને તે લેન્કેસ્ટર બહુ ખરાબ રીતે પલટી ખાતું નીચેના ખેતરમાં તૂટી પડ્યું. તરત પેટ્રોલે આગ પકડી. એ પછી બોમ્બ ફાટ્યો. લેન્કેસ્ટરના ફૂરચી નીકળી ગયા. હવે સલામત રહેલા વિમાનો : ૧૪.


આ સ્કોર હજી ઘટવાનો કે શું ? કોણ જાણે! ગિબસનના શેષ બચેલાં આઠ વિમાનો માટે સાહસનો છેલ્લો તબક્કો આવ્યો. ગિબસનનું 'જી ફોર જ્યોર્જ' તદ્દન સલામત હતું. સાથીદાર હોપગૂડનું 'એમ ફોર મધર' હેમખેમ રહ્યું હતું. બીજા જોડીદાર માર્ટિનના 'પી ફોર પોપ્સી'ને પણ નુકશાન થયું ન હતું. રાત્રિના આકાશમાં ચંદ્રના ઝાંખા અજવાળા વચ્ચે રાક્ષસી વડવાગોળ જેવાં દેખાતાં વિમાનો હેમ તરીકે ઓળખાતા જર્મન રેલ્વેયાર્ડને પસાર કરી મધ્યમ કદની પર્વતમાળા તરફ વળ્યાં. ઊંચાઈ પકડીને તે અડચણને જેવાં ટપ્યાં કે તરત પૂર્ણ કળામાં ખીલેલો ચંદ્ર ઉપરને બદલે નીચે ચમકતો જોવા મળ્યો ! મોહ્ન્યે સરોવર ! હાશ, આખરે પહોંચી ગયા મુકામે ! સરોવરનું શાંત અને સપાટ પાણી આકાશીચંદ્રના પ્રતિબિમ્બને અરીસાની માફક ઝીલતું હતું ! અને સામા છેડે પેલો દેખાય મોહ્ન્યે બંધ !

'મરી ગયા !' વિંગ કમાન્ડર ગૅ ગિબસનનો કો-પાયલટ બોલ્યો. 'આવડા મોટા બંધને આપણે તોડવાનો છે !'

ગિબસન જવાબ આપે તે પહેલાં તો બંધના ટાવરો પર રહેલી વિમાનવિરોધી તોપોના ગોળા છૂટવા શરૂ થયા.

'સંભાળો, મિત્રો!' ગિબસને રેડિઓ સંદેશો વહેતો મૂક્યો. ગિબસને બીજાં વિમાનો માટે પ્રસારિત કરેલો એ પ્રથમ મેસેજ હતો, કેમ કે આખી સફર દરમ્યાન સૌએ પોતાની હાજરી ગુપ્ત રાખવા સતત 'રેડિઓ સાયલેન્સ' જાળવ્યું હતું. 'ઍટેક કરવાનો વખત આવ્યો છે. પહેલાં હું આક્રમણ કરૂં છું. હેલ્લો, એમ ફોર મધર ! મારૂં પ્લેન તૂટી પડે તો ટુકડીની સરદારી તરત સંભાળી લેજો !' સાથીદાર હોપગૂડ માટે એ સંદેશો હતો--અને તેમાં રહેલું ફરમાન બાકીનાં સૌ વિમાનો માટે હતું. સૌએ જવાબમાં હકારાત્મક મેસેજ પાઠવ્યો. સિવાય કે એસ્ટેલ નામના દુર્ભાગી પાયલટે, કેમ કે થોડા વખત પહેલાં ખેતરમાં તૂટી પડેલું અને ધડાકાભેર ફાટેલું લેન્કેસ્ટર વિમાન તેનું હતું. એસ્ટેલ સહિત પ્લેનના





સાત જણા આગમાં ભડથું થયા હતા.

'ઓ. કે., મારી શુભેચ્છા !' હોપવૂડે વિંગ કમાન્ડરને જણાવ્યું.

ગિબસને લેન્કેસ્ટરનો મોરો નમાવ્યો. ઊતરાણ પૂરતી ઝડપ તેણે ઘટાડી. છીછરી સપાટીએ આવ્યા પછી વધારી. મોહ્ન્યે બંધ હજી ચારેક કિલોમીટર છેટે હતો.

'ઝડપ બોલો !' ગિબસને ફલાઇટ એન્જિનિઅર પાસે જવાબ માગ્યો.

'૩૪૦... ૩૬૦... હવે ૩૮૦...'

'ઊંચાઇ નક્કી કરો !' ગિબસને તરત બીજો તાકીદનો હુકમ આપ્યો. 'તોપચીઓ ફાયરિંગ શરૂ કરી દે ! મિનારાનું નિશાન બરાબર લેજો !'

મોરાની અને પૂંછડીની સ્પોટલાઇટના બે વેધક શેરડા જળસપાટી તરફ મંડાયા અને ત્યાં પ્રકાશના બે ગોળ ચકરડાં બન્યાં. 'નીચે... હજી નીચે... ઓર નીચે ! ઊંચાઇ ઘટાડો !' ગિબસનને સ્પોટલાઇટના નિરીક્ષક ફલાઇંગ ઑફિસર ટેરેમે કહ્યું.

વિમાન સહેજ નીચે ઉતર્યું. જળાશયની સપાટી પર અંગ્રેજી 8 નો આકાર રચાયો, એટલે ટેરેમે બૂમ પાડી : '૬૦ ફીટ! બસ! ઊંચાઇ સચોટ છે !'


સ્પોટલાઇટો જર્મન તોપખાના માટે પણ માર્ગદર્શક બની. એન્ટિ-એરક્રાફટ ગનનાં નાળચાં 'જી ફોર જ્યોર્જ' તરફ વળ્યાં. ગોલંદાજીની રમઝટ બોલી. ગિબસન કયા ગોળાનો ઘા ચૂકવે ? હવે તો વાંકોચૂંકો માર્ગ પકડી આટાપાટા ખેલવાનોય પ્રશ્ન ક્યાં હતો? બર્ન્સ વૉલિસના સમીકરણ અનુસાર માર્ગ આંક્યા પછી ટસના મસ થવાય નહિ. ઉપરાઉપરી ફાટતા ગોળાના ઝૂંડ વચ્ચે જ લેન્કેસ્ટર એકસરખી ઝડપ, લેવલ તથા દિશા પકડીને બંધ તરફ ધસતું રહ્યું.

'મિનારાની સીધ મેળવો ! જલદી!'

પ્લાયવૂડની પટ્ટીના ત્રિકોણને આંખની સમાંતર રાખી દિશાશોધક ટેરેમે ત્રિકોણમિતિનો નુસખો અમલમાં મૂક્યો. બંધની સામસામી તરફના મિનારા જેવા ત્રિકોણના ઊભા ખીલા સાથે 'મેચ' થયા કે તરત એણે ચાંપ દાબી. વિદ્યુત મોટર તો ક્યારની પેટાળ નીચેના બોમ્બને મિનિટના ૫૦૦ આંટા લેખે બૅકસ્પિન આપી રહી હતી. ચાંપ દબાતાવેંત બોમ્બને પકડી રાખતા ડાબા-જમણા ચાપડા આપોઆપ ખસી ગયા અને ઘૂમરાતો બોમ્બ એ જ હાલતે નીચે જળસપાટી પર પડ્યો !

હવે લેન્કેસ્ટર સીધું બેય મિનારા વચ્ચેના ખુલ્લા માર્ગ તરફ જતું હતું. 'જી ફોર જ્યોર્જ'ના તોપચી નિશાનબાજોએ મિનારા પર સખત ફાયરિંગ ચલાવ્યું. વિમાન હેમખેમ રીતે બંધને ઓળંગી ગયું એ સમયે પૂંછડીના ગુંબજમાં રહેલો તોપચી ક્યાંય સુધી જર્મનોને વિદાયવેળાની 'ભેટ' મોકલાવતો રહ્યો !

--અને બોમ્બ ? ગણિતના મહારથી ડૉ. બર્ન્સ વૉલિસનું સમીકરણ ખોટું પડે ખરૂં ? મિનિટમાં ૫૦૦ આંટા ફરતો પાંચ ફીટ લાંબો, ચારેક ફીટના વ્યાસનો અને પાંચ ટન વજનનો બોમ્બ જળસપાટી પર ખાબક્યો તેવો ઉછળ્યો. લૉંગ જમ્પ મારીને ફરી ખાબક્યો અને ફરી ઉછળ્યો. બીજા કૂદકે પ્રથમ ટોરપિડો નેટને કૂદી ગયો. એ પછીના કૂદકે બીજી ટોરપિડો નેટને પાર કરી ગયો અને વળી છલાંગ મારી બંધની દીવાલના ઉપલા ભાગ જોડે ટકરાયો. બૅકસ્પિનિંગ હજી ચાલુ હતું. આગામી પાને આકૃતિમાં બતાવ્યું છે તેમ રિવર્સ દિશાનું હતું, માટે બંધરૂપી અડચણ નડ્યા પછીયે બોમ્બના ભ્રમણે તેને બંધની દીવાલ સાથે 'ચીપકેલો' રાખ્યો. આ સ્થિતિમાં તે નીચે તરફ સરક્યો, કેમ કે આગળ જવાય તેમ ન હતું. ડૉ. બર્ન્સ વૉલિસે તેને પાણીનું દબાણ માપતા પ્રેશરગૅજ વડે સજ્જ કર્યો હતો. બરાબર ૩૦ ફીટ નીચે પાણીમાં હોય એટલું દબાણ જેવું મપાયું કે તરત ધડાકો ! ધડાકો નહિ, પણ ધરતીકંપ!



આખું મોહ્ન્યે સરોવર ખળભળી ઊઠ્યું! છટકેલી સ્પ્રિંગની જેમ નીચેનો ભૂસ્તરીય પોપડો જાણે ઊંચકાયો હોય તેમ હજારોને બદલે લાખો ટન પાણીનો જબરજસ્ત ફુવારો ૧,૦૦૦ ફીટ ઊંચે સુધી ઊડ્યો ! આખરે તો બોમ્બ આર.ડી. એક્સ.નો હતો, સામાન્ય બારૂદનો નહિ. પરિણામે તેના વિસ્ફોટે બાકીના સરોવરને વિરૂદ્ધ દિશામાં ધકેલી દીધા પછી થોડીવારે એ પાણીનો સમુદાય ફરી બંધ તરફ ધસ્યો. મોહ્ન્યેને સખત પ્રહાર થયો, છતાં એ ન તૂટ્યો.


'હેલ્લો, એમ ફોર મધર ! તમારો વારો!' ગિબસને વાયરલેસ સંદેશો વહેતો મૂક્યો.

'અમે તૈયાર છીએ.' હોપગૂડે કહ્યું. અત્યાર સુધી તેનું લેન્કેસ્ટર બીજાં વિમાનો સાથે દૂર રહી ચકરાવા લેતું હતું. આગામી ચકરાવે તેણે સરોવર તરફ મોરો ફેરવ્યો, નીચી સપાટીએ ઉતર્યું, ઝડપ વધારી, સ્પોટલાઇટના બે શેરડા જળસપાટી પર માંડ્યા--અને તે પ્રકાશ વડે તેનું સ્થાન છતું થયું એ જ ક્ષણે જર્મન મશીનગનો ફૂટવા લાગી. એક બુલેટે 'એમ ફોર મધર'ની ડાબી ફ્યૂઅલ ટેન્કને વીંધી નાખી. વિમાન એ તરફ સહેજ નમ્યું. ત્રિકોણમિતિ વડે બંધના મિનારાની સીધ માપતો ચાલક દિશાશૂન્ય બન્યો. ટાંકી દ્વારા પહેલાં ધૂમ્રસેર નીકળી. એકાદ સેકન્ડ વીતી ત્યાં લાંબી રિબન જેવી અગ્નિશિખાનો કેસરી લબકારો આકાશમાં પથરાયો. ફલાઇટ-લેફટનન્ટ હોપગૂડ તેના માર્ગને વળગી રહ્યો, છતાં બોમ્બ ફેંકવાનો યોગ્ય અવસર ચૂકી જવાયો અને દરમ્યાન પ્લેન તો ૩૮૦ કિલોમીટરના વેગે અંતર કાપતું હતું. ચાલક ડઘાયો હતો. બંધને વટાવ્યા પછી તે લેન્કેસ્ટરે ટર્ન લેવાનું શરૂ કર્યું ત્યારે છેક તેણે બોમ્બને મુક્ત કર્યો. પરિણામે ઘૂમરી ખાતો એ સ્ફોટક નળાકાર બોમ્બ મોહ્ન્યે સરોવરને બદલે પાછલી તરફ રૂહર નદીમાં ત્રાંસો પડ્યો. કાંઠા તરફ ઉછળીને સીધો ત્યાંના

વિદ્યુતમથકમાં ગબડ્યો, જ્યાં ટક્કર વાગતાં તેનું દબાણમાપક યંત્ર સક્રિય થયું અને વિદ્યુતમથકનો ખાત્મો બોલી ગયો !

સરોવર ફરતે રાઉન્ડ મારતા વિંગ કમાન્ડર ગિબસનની આંખો તો હોપગૂડના 'એમ ફોર મધર' પ્રત્યે જ મંડાયેલી હતી. ઉચાટનો પાર નહિ. મનમાં થોડીક હતાશા પણ વ્યાપી, કેમ કે હોપગૂડના વિમાનમાં આગના ભડકા વધ્યે જતા હતા.

પેરેશૂટ વડે કૂદી પડવાના આશયે હોપગૂડે વિમાનને ઊંચે ચડાવવાનો પ્રયાસ કર્યો. પેરેશૂટ હંમેશા અમુક સમય પછી ખૂલે, માટે વિમાનનું લેવલ નીચું હોય તે ન ચાલે. અફસોસ ! ઊંચાઇ પ્રાપ્ત કરી શકાય તે પહેલાં ફ્યૂઅલ ટેન્ક ફાટી. હોપગૂડ સહિત લેન્કેસ્ટરના સાતેય ચાલકો ખતમ ! આંજી દેતા અગનગોળાએ રાત્રિના આકાશને લાલઘૂમ કરી દીધું ! કેવું દુર્ભાગ્ય! 'ધ ડેમ બસ્ટર્સ'ના પ્રથમ બે હુમલા સાવ બાતલ ગયા, જ્યારે બંધ હજી અડીખમ હતો. શું કરવું ? ડૉ. વૉલિસે બોમ્બને જરૂર કરતાં ઓછી સ્ફોટકતાનો બનાવ્યો એમ ધારી પાછા વળી જવું? સ્ફોટકતા પૂરતી હોય તો પણ આવા સાહસમાં અનેક પાયલટો હોમાયા પછી વધુ યુવાનોની બલિ ન આપી શકાય એમ સમજી ભારોભાર જોખમી સાહસ પડતું મૂકવું ? નહિ ! વિંગ કમાન્ડર ગૅ ગિબસન પીછેહઠમાં માનતો ન હતો.



'હેલ્લો, પી ફોર પોપ્સી ! તૈયાર છો ?' તેણે વાયરલેસ સંદેશો પ્રસારિત કર્યો.

'એકદમ તૈયાર !' માર્ટિને જવાબ દીધો.

'હું દુશ્મનોને મારી તરફ લોભાવવાનો પ્રયત્ન કરૂં છું. નિશ્ચિંત રહેજો!' ગિબસને ફરી વાયરલેસ પર કહ્યું.

વાહ કપ્તાન ! ટીમના સભ્યોને બચાવવા માટે પોતાનો જાન ખતરામાં મૂકે એ જ ખરો સરદાર ! આને જ કહેવાય નેતૃત્વ ! બંધની સમાંતર એટલે કે જમણા મિનારે શરૂ કરીને ડાબા મિનારા સુધી જરા ઊંચી સપાટીએ ઊડવા ગિબસને ટર્ન લીધો. જર્મન તોપચીટુકડીનું ધ્યાન ખેંચાય એ માટે તેણે પાંખના બન્ને છેડે લાઇટોને જરાકવાર ઝબૂકતી રાખી. ગિબસનના 'જી ફોર જ્યોર્જ' પર તરત અમુક જર્મન તોપોનો હલ્લો શરૂ થયો. દરમ્યાન 'પી ફોર પોપ્સી'નાં કન્ટ્રોલ્સ સંભાળતો મીકી માર્ટિન હુમલા માટે પૂરવેગે સરોવર પર આવ્યો. મોહ્ન્યેના બરાબર મધ્યભાગ તરફ આગળ વધ્યો. અલબત્ત, માર્ટિનની સ્પોટલાઇટો ઝળહળી ત્યારે ઘણા જર્મનોએ તેનુંય નિશાન તાક્યું.

પાંચ ટનનો બૅકસ્પિનર બોમ્બ સચોટ સેકન્ડે પાણીમાં પડ્યો. કાંઠા પરની દુશ્મન તોપોના બે ગોળા એ જ સમયે માર્ટિનના લેન્કેસ્ટરની ફ્યૂઅલ ટેન્કમાં ફાટ્યા. માર્ટિન અને તેના સાથીદારોનું નસીબ બળવાન કે એ રીઝર્વ ટાંકી ખાલી હતી. લેન્કેસ્ટરે પહેલાં એ ટાંકીનું બળતણ વાપરી ખાધું હતું.

ધ...ડા...મ...! બૅકસ્પિનરે સરોવરના પેટાળમાં ભૂકંપ સર્જ્યો ! ચોમેર ખળભળાટ મચ્યો ! ફરી ૧,૦૦૦ ફીટ ઊંચો ફુવારો ઊડ્યો. ઘોડાપૂરની જેમ કેટલોક જળસમુદાય મોહ્ન્યે બંધને ઓળંગી ગયો. આ પ્રચંડ ધોધનું પાણી બીજી તરફ રૂહર નદીમાં ઠલવાયું, પણ બંધ તો સલામત ! પૂરાં ૧૧૨ ફીટ જાડો પાયો મચક આપતો ન હતો.

'એ ફોર એપલ,' ગિબસને સૂચના વહેતી મૂકી. 'હુમલો કરો !'

'અમે બંધ તરફ જ આગળ વધી રહ્યા છીએ.' એ પ્લેનના ડિંગી યંગે જવાબ આપ્યો. ગિબસને તથા માર્ટિને પણ ઊંચે રહી બંધની દિશા પકડી. જર્મનો સામટાં ત્રણ વિમાનોનું આગમન જોતાં મૂંઝાયા કે કોનું નિશાન તાકવું ? નિર્ણય લેવાનો વખત મળે એ પહેલાં યંગે બોમ્બને મુક્ત કર્યો. ચાર વખત બાઉન્સ થયા પછી બોમ્બ મોહ્ન્યેની દીવાલને જ બાઝેલો રહી સરોવરમાં ડૂબ્યો. પંદરેક સેકન્ડે ફાટ્યો. સરોવરનું પાણી ફરી વખત ઉછળ્યું. હજાર ફીટ ઊંચો જળસ્થંભ પણ રચાયો અને પાણીનો ભરપૂર જુવાળ પણ રૂહર નદીમાં ઠલવાયો, છતાં બંધ તો જ્યાંનો ત્યાં !


હવે પાંચમા લેન્કેસ્ટર 'જે ફોર જહોની'ના પાયલટ ડેવિડ મૉલ્ટબીનો વારો હતો. મોહ્ન્યે બંધે ત્રણ બોમ્બની ટક્કર ઝીલી, તો એ જ પ્રકારનો ચોથો બોમ્બ તેને શી અસર કરી શકવાનો ? ગિબસનની ચિંતા વધ્યે જતી હતી, કેમ કે જૂથ નં. ૧ના કુલ ૯ પૈકી હવે પાંચ બોમ્બ તે વાપરી કે ગુમાવી ચૂક્યો હતો.

આ વખતે ડેવિડ મૉલ્ટબીનો પ્રયાસ સફળ બનાવવા ગિબસન અને માર્ટિન તેની બેય તરફ અંગરક્ષકો તરીકે ઊડ્યા, જેથી જર્મન તોપગોળાના પ્રહાર તેમનાં લેન્કેસ્ટરને વાગે! મિશનની સફળતાને ખાતર તેઓ મરી ફીટવા તૈયાર થયા. સ્પોટલાઇટો પણ ચાલુ રાખી, જેથી દુશ્મનો તેમને બરાબર જુએ ! બન્ને વિમાનોના તોપચીઓ અત્યંત દાઝપૂર્વક મિનારા તરફ જર્મન ચોકિયાતો પર ફાયરિંગ કરવા લાગ્યા.

ડેવિડ મૉલ્ટબીએ દર મિનિટે ૫૦૦ આંટા લેખે રિવર્સ સ્પિન લેતા બોમ્બને પાણીમાં જવા દીધો. મિનારા પરના એ સામસામા કાંઠાના જર્મનો સંયુક્ત રીતે ઝડી વરસાવતા હતા, તો પણ ૩૮૦ કિલોમીટરની સ્પીડે પસાર થતાં વિમાનોનું પગેરું રાખવું અને તેમના બદલાતા સ્થાન મુજબ તોપનું નાળચું વાળવું એ સહેલી વાત ન હતી. ગોળો પાછો ફ્યૂઅલ ટેન્ક પર ટીચાય તો જ કામ બને. કોઇ બીજા ભાગ પર થતા પ્રહારને તો લેન્કેસ્ટર ખમી શકે એટલાં ખડતલ હતાં.

મોહ્ન્યે બંધ પણ ખડતલ હતો, છતાં ધરતીકંપની અસર પેદા કરતો ધડાકો થયા પછી ડાબી તરફ વળાંક લેનાર માર્ટિને ઉત્તેજનાપૂર્વક બૂમ પાડી : 'ગયો ! બંધ ગયો ! જુઓ, જુઓ!'

ગિબસનના આદેશ મુજબ શેનન નામનો પાયલટ ત્યારે હુમલા માટે તરાપનું આયોજન કરતો હતો, પણ માર્ટિનનો વાયરલેસ મેસેજ સાંભળી તેણે બનતી ઝડપે ડૂબકી વાળી લીધી. ગિબસને ચંદ્રના પ્રકાશમાં જે દ્રશ્ય જોયું તે ખરેખર તેના ચિંતિત મનને ટાઢક આપે તેવું હતું. મોહ્ન્યેમાં વચ્ચોવચ્ચ અંદાજે ૧૦૦ ફીટ પહોળું અને ૧૦૦ ફીટ ઊંડું ભંગાણ પડ્યું હતું. જળાશયનું સફેદ ફીણવાળું પાણી તે બંધના વધુ ને વધુ ચક્કાને તોડી રૂહરમાં ઠલવાતું હતું. જળાશયના સંદર્ભમાં એ નદી બહુ નીચે હતી. બીજી તરફ સાડા તેર કરોડ ટન પાણીને સંઘરી રાખતા જળાશયનું કુદરતી દબાણ એવું સખત કે જાણે ફાયર બ્રિગેડનો પ્રચંડ કદવાળો હોઝપાઇપ ખૂલ્યો હોય તેમ ધોધ છેક ૨૦૦ ફીટ દૂર પડતો હતો ! 'પિચકારી' એટલી લાંબી હતી! આહા ! શું અદ્‌ભુત દ્રશ્ય ! જોતજોતામાં રૂહર નદી સાપને બદલે અજગર બની ! ગિબસનના આનંદનો પાર ન રહ્યો. વાયરલેસ દ્વારા તેણે એર માર્શલ આર્થર હેરિસને સંદેશો મોકલ્યો: 'કામિયાબ !'



બ્રિટનના ગ્રેન્થામ ખાતે વૉર રૂમમાં ક્યારના ઉચાટ તેમજ ઉશ્કેરાટ અનુભવતા હેરિસ, કોક્રેન અને વૉલિસ એકમેકને ભેટી પડ્યા. 'ધ ડેમ બસ્ટર્સ'નું મુખ્ય સાહસ આખરે સફળ થયું, એટલે રૂહર પ્રદેશનું સત્યાનાશ વળ્યું સમજો ! ગિબસને બીજો સંદેશો પોતાના સાથીદારો માટે વહેતો મૂક્યો. સૂચના હતી : માર્ટિન અને મૉલ્ટબી પાછા બ્રિટન જવા વળતો પ્રવાસ શરૂ કરી દે. યંગ, શેનન, નાઇટ અને મોડ્સ્લે એમ ચાર જણા ગિબસન સાથે એડર બંધ તરફ આગળ વધે. નાઇટ, મોડ્સ્લે અને શેનન હજી તેમના બોમ્બ વડે સજ્જ હતા. યંગ તેનો બોમ્બ ફેંકી ચૂક્યો 'હતો, છતાં ગિબસનનું લેન્કેસ્ટર રખે તૂટી પડે તો યંગે બાકી રહેલી ટીમનું નેતૃત્વ લેવાનું હતું.

એડરને શોધી કાઢતાં નાકે દમ આવ્યો, કારણ કે પહાડો વચ્ચે કોતરોમાં ધુમ્મસના ઢગ ખડકાયા હતા. ઘણી કોશિશોને અંતે તેનો પત્તો લાગ્યો. કોને ખબર કેમ, પણ અહીં વિમાનવિરોધી તોપો હોવાનું જણાતું ન હતું. હિટલરના જર્મન અફસરોને કદાચ ખાતરી હોય કે પર્વતો વચ્ચે ઘેરાયેલા એડર બંધ પર હુમલો લાવતાં બોમ્બરો સાંકડી ખીણમાં ડૂબકી મારી જ શકે નહિ.

ગિબસનના હુકમને અનુસરી ડૅવ શેનને જો કે ડૂબકી મારી. બોમ્બને તે યોગ્ય સમયે મુક્ત ન કરી શક્યો અને ડૂબકી વાળવાના સમયે તેનો શ્વાસ અધ્ધર ચડી ગયો. સામેના પર્વતને કૂદાવવા તેણે લેન્કેસ્ટરનો મોરો લગભગ ૯૦°ના ખૂણે આકાશ તરફનો કરવો પડ્યો. આ રીતે પાંચ કોશિશો તેણે કરી--અને પાંચેય નિષ્ફળ !

'હેલ્લો, ઝેડ ફોર ઝિબ્રા !' ગિબસન છેવટે હેન્રી મોડ્સ્લેને સંબોધતો બોલ્યો. 'તમે જ કામ પતાવો !'

મોડ્સ્લેના લેન્કેસ્ટરે ડાઇવ મારી. દુર્ભાગ્યે એ પણ અસફળ ! ઊતરાણ જેવી તરાપના અંતે ૬૦ ફીટનું લેવલ સ્થાપી શકાય તે પહેલાં મોડ્સ્લેનું પ્લેન એડર બંધને પસાર કરી ગયું. બીજી કોશિશ પણ નાકામિયાબ રહી ત્યારે ગિબસનને થયું કે પોતાનો બોમ્બ તેણે અનામત રાખી મૂક્યો હોત તો સારૂં હતું ! મોડ્સ્લે રાઉન્ડ મારીને ત્રીજી વખત એડર તરફ ધસ્યો. સ્પોટલાઇટો ચાલુ કરી. ઊંચાઇ સચોટ રીતે ૬૦ ફીટ માપી. ડાઇવિંગને લીધે 'ઝેડ ફોર ઝિબ્રા'નો વેગ જો કે ૩૮૦ કિલોમીટરના આંક કરતાં વધારે હતો, એટલે બૅકસ્પિનર પડ્યો સરોવરને બદલે પરબારો એડર બંધના માથે ! ઉલ્કાની જેમ તેનો મહાસ્ફોટક આર.ડી.એક્સ. ફાટ્યો. હેન્રી મોડ્સ્લેનું લેન્કેસ્ટર હજી એડરને પાર કરી બહુ છેટે ગયું ન હતું, એટલે હવામાં પ્રસરેલાં વિસ્ફોટનાં આઘાતનાં પ્રચંડ મોજાં એ પ્લેન માટે અસહ્ય બન્યાં. ઊંચાઇ પકડતું પ્લેન અંધારામાં છેવટે અદ્રશ્ય થયું ત્યારે ગિબસને પૂછ્યું : 'ઝેડ ફોર ઝિબ્રા! તમે સલામત છો ?'

'હા, પણ હું ધારૂં છું કે...' મોડ્સ્લેનો અત્યંત ધીમો જવાબ આવ્યો. છેલ્લો જવાબ! એ પછી ન બીજો સંદેશો મળ્યો કે ન લેન્કેસ્ટરનો પત્તો લાગ્યો. હેન્રી મોડ્સ્લે અને તેના સાથીદારો કદી સ્વદેશ પાછા ફરી શકવાના ન હતા.

મોહ્ન્યે કરતાં પણ સહેજ મોટો અને સાડા તેર કરોડ ટનને બદલે એકવીસ કરોડ ટન પાણી ધરાવતા એડરને તોડવા માટે ફક્ત બે જણા બાકી રહ્યા. ડૅવ શેનન અને લૅસ નાઇટ, જેમની પાસે એકેક બોમ્બ હતો.

ડૅવ શેનને પહેલાં ડાઇવ મારી. સીધી, ઊંચાઇ અને સ્પીડ પકડવાનું ફાવ્યું નહિ, એટલે ચકરાવો લેતો પાછો આવ્યો. બહુ સચોટ રીતે તેણે બૅકસ્પિનરને મુક્ત કર્યો. ધડાકો પણ ધાર્યા મુજબનો થયો અને સમગ્ર ખીણ ઉપરાઉપરી ફેલાતા પડઘા વડે ગાજી ઊઠી. સરોવરમાં તાંડવ મચ્યું, છતાં બંધને કશી અસર નહિ ! ગિબસનને થયું કે નસીબ કેટલી હદે કસોટી લેતું હતું ! એક જ બોમ્બ ઝીંકીને હવે આટલા તોસ્તાન બંધને તોડવાનો ?

આ છેલ્લા બોમ્બ વડે સજ્જ થયેલા ઑસ્ટ્રેલિયન પાયલટ લૅસ નાઇટના લેન્કેસ્ટરે ખીણમાં તરાપ મારી. ડાઇવિંગનો ખૂણો એટલો તીવ્ર કે ગિબસન ચોંકી ઊઠ્યો. પ્રવાસમાં ખાસ્સું બળતણ વપરાયા પછીયે તે બોમ્બરનું વજન બેસુમાર હતું. નાઇટ કદાચ ડૂબકી મારી બોમ્બરને પાછું સીધી લીટીમાં ન આણી શકે એવો ફફડાટ ગિબસનને હતો. ખીણની વધુ ઘનતાવાળી હવા નસીબજોગે લૅસ નાઇટને મદદરૂપ બની. સ્પોટલાઇટના શેરડા છૂટ્યા, બોમ્બ છૂટ્યો અને પછી ધડાકાભેર ફૂવારો છૂટ્યો ! જળસપાટી લગભગ બંધના લેવલે હોવાને કારણે તેનો પ્રચંડ જુવાળ બંધ પર વહીને નદી તરફ ધસ્યો. ગિબસન, નાઇટ, શેનન અને યંગ એ ચાર જણાને એ જ સમયે પ્રકાશના બે શેરડા દેખાયા. એક લશ્કરી મોટરકાર બંધ પર દોડી રહી હતી. હેડલાઇટનો પ્રકાશ દૂર સુધી ફેલાતો હતો. એ પછી તેમણે જોયું તો પાણીના જુવાળ

વચ્ચે પીળા રંગનો પ્રકાશ આછો ભૂરો બન્યો. થોડી વાર બાદ પ્રકાશ અદ્રશ્ય ! જુવાળ ભેગી એ મોટર અનેક ફીટ નીચે એડર નદીમાં પડી !

અરે, સરપ્રાઇઝ ! એડરની દીવાલ ભાંગી ! નાનું ગાબડું પડ્યું, છતાં સરોવરના ધસમસતા જળપ્રવાહે તેને જોતજોતામાં મોટું કરી નાખ્યું. ગિબસને રાહતનો દમ ખેંચ્યો. નાઇટના તો આખા શરીરમાં રોમાંચનાં ઘોડાપૂર ફરી વળ્યા ! જળાશયનું પાણી સેકન્ડના અંદાજે ૩૦ ફીટના વેગે નદીમાં ફેંકાતું હતું! ચણતર વધુ ને વધુ તૂટી રહ્યું હતું!

'વળતો પ્રવાસ શરૂ કરો! અહીં વધુ રોકાવામાં જોખમ છે!' ગિબસને સંદેશો આપ્યો. 'સીધા સ્કેમ્પટન ! બને તેટલી નીચી સપાટીએ ઊડજો !'

વિમાનોએ ઉત્તર-પશ્ચિમ દિશા પકડી. મિનિટો વીતી ત્યાં તો જર્મનીના આકાશમાં ટ્રેસર બુલેટોના પીળા લીસોટા અંકાવા લાગ્યા. વિમાનોની ધમધમાટીના આધારે જર્મન વિમાનવિરોધી તોપો બેફામપણે ગોલંદાજી કરતી હતી. જર્મની-નેધરલેન્ડ સરહદ પર તો જર્મન એન્ટિ-એરક્રાફટ ગનનું સળંગ રીતે ગોઠવાયેલું તોપખાનું સક્રિય હતું. માનો કે આકાશમાં ૧૨,૦૦૦ ફીટ સુધી નાકાબંધી રચી દીધી હતી. ગિબસને નેધરલેન્ડનો કાંઠો વટાવ્યા બાદ સાથીદારોને પ્રશ્ન કર્યો : 'કોલિંગ ઑલ એરક્રાફટ ! તમે સલામત છો?'

સૌનો જવાબ મળ્યો, પણ ડિંગી યંગનો નહિ. જર્મનોએ તેનું લેન્કેસ્ટર તોડી પાડ્યું હતું. ઇંગ્લિશ ખાડીમાં તે વિમાન પડ્યું, છતાં ડિંગી યંગ બચી ગયો હતો. ગિબસનના જૂથ નં. ૧માં કુલ નવ વિમાનો પૈકી હોપગૂડ, એસ્ટેલ તથા મોડ્સ્લે એમ ત્રણનાં વિમાનો ખતમ થયાં, જેનો અર્થ એ કે 'ધ ડેમ બસ્ટર્સ' પૈકી ૨૧ પાયલટો માર્યા ગયા. બચી ગયેલા પાયલટ સરદારોમાં માર્ટિન અને મૉલ્ટબી તો મોહ્ન્યે પરના હુમલા પછી તરત બ્રિટન જવા રવાના થયા હતા. ગિબસનની ટુકડીમાં એ પોતે, શેનન તથા નાઇટ તદ્દન સલામત રહ્યા.






♦ મોસ્કિટો વિમાને લીધેલી મોહ્ન્યે બંધની તસવીર : સ્ક્વૉડ્રન નં. ૬૧૭ના હુમલા પહેલાં અને હુમલા પછી

ત્રીજા બંધ સોર્પેનું શું થયું ? વેસર નદી પરનો એ બંધ તૂટ્યો ? જૂથ નં. ૨નાં પાંચ વિમાનોએ તેના પર ત્રાટકવાનું હતું, પણ છેવટે તો એકલો ફલાઇટ-લેફ્ટનન્ટ જૉ મેકાર્થી બાકી રહ્યો હતો. જૂથનાં ચાર લેન્કેસ્ટર ગુમાવ્યાં છતાં તેણે સોર્પે તરફ પ્રવાસ ચાલુ રાખ્યો. અંધારી રાત્રે દુશ્મનના આકાશમાં સાવ એકલા રહીને દૂર સુધી પેસારો કરવો એ તો પોલાદી જ્ઞાનતંતુઓ ધરાવતા શૂરવીરનું જ કામ ! નીડરતાનો ગુણ તેની નસેનસમાં વણાયેલો હોવો જોઇએ ! અલબત્ત, મેકાર્થીએ રીઝર્વ ફોર્સ કહેવાતા જૂથ નં. ૩ના સરદાર જૉ બ્રાઉનને મદદનો સંદેશો ક્યારનો મોકલી આપ્યો હતો, પણ દરમ્યાન તેણે એકલેહાથે ઝઝૂમી લેવાનું નક્કી કરી નાખ્યું હતું. ધુમ્મસિયા વાતાવરણમાં સોર્પે બંધ તેને માંડ જડ્યો. મેકાર્થીના નસીબ સારાં કે અહીં પણ વિમાનવિરોધી તોપો ન હતી. એડરની જેમ સોર્પે માટે પણ જર્મનોએ કદાચ એમ માન્યું હોય કે પર્વતો વચ્ચે ઘેરાયેલો તે બંધ કુદરતી રીતે સુરક્ષિત હતો. એક નાની ચોકિયાત ટુકડી જ ત્યાં મશીનગનો સાથે મોજૂદ હતી. મેકાર્થીએ તેની અવગણના કરી બે 'ટ્રાયલ રન' લીધા. ધુમ્મસને ચીરતું તેનું લેન્કેસ્ટર ત્રીજી વાર ૩૮૦ કિલોમીટરના વેગે ધસ્યું. દિશાશોધકે બોમ્બને મુક્ત કર્યો. પહેલાં ગજબનાક ધડાકો અને પછી બંધમાં ૧૫૦ ફીટના વ્યાસનું ગાબડું ! એક જ ફટકે સોર્પેના ફૂરચા ! ગાબડાને વધુ મોટું બનાવવાનું કામ સોર્પે જળાશયના ધૂંઆધાર વહેતા પાણીએ કર્યું.

સૌની માફક મેકાર્થી પાસે એક જ બોમ્બ હતો, માટે તેણે બ્રિટનનો પ્રવાસ શરૂ કર્યો. જૉ બ્રાઉનના 'એફ ફોર ફ્રેડી' સહિત પાંચ અનામત લેન્કેસ્ટર કેટલાક સમય પછી સોર્પે પહોંચ્યાં. દરમ્યાન ધુમ્મસ ઓર ઘટ્ટ બન્યું હતું, એટલે બંધ તેમને દેખાયો નહિ. દાઝે ભરાયેલા જૉ બ્રાઉને આસપાસનાં જર્મન લશ્કરી મથકો પર તોપમારો કરાવ્યો. બે લેન્કેસ્ટરને તેણે નજીકના લિસ્ટર તથા એનેર્પ નામના બે ટચૂકડા બંધો તરફ રવાના કર્યાં. એક લેન્કેસ્ટર 'ઓ ફોર ઓરેન્જ' હતું, જેણે એનેર્પને તોડી નાખ્યો. બીજું લેન્કેસ્ટર 'સી ફોર ચાર્લી' લિસ્ટર તરફ ઊડ્યું, પણ તે ગયું તે ગયું. પાછું ન આવ્યું. જૉ બ્રાઉનના લેન્કેસ્ટર 'એસ ફોર શુગર'ને પણ જર્મનોએ તોડી પાડ્યું. ખુવારીનો છેલ્લો આંક: સ્ક્વૉડ્રન નં. ૬૧૭ના કુલ ૧૩૩ પૈકી ૫૪ પાયલટો માર્યા ગયા હતા. નવ લેન્કેસ્ટર તૂટી પડ્યાં અને ચારને ભંગાર ખાતે માંડી વાળવાં પડ્યાં! 'ધ ડેમ બસ્ટર્સ'નું સાહસ કામિયાબ રહ્યું, પરંતુ ૫૪ દેશભક્ત યુવાનોના ભોગે !

હિટલરની લશ્કરી તાકાતનો જે ભોગ લેવાયો તેની તો શી વાત કરીએ ? ત્રણ જળાશયોનું લગભગ ૩૩ કરોડ ટન પાણી રૂહર પ્રદેશના હજારો ચોરસ કિલોમીટરમાં ફરી વળ્યું. કોલસાની બધી ખાણો છલોછલ બની. આઠ પુલો તૂટ્યા, રેલ્વેલાઇનોનું ધોવાણ થયું, જર્મન વાયુસેનાનું ફ્રિટ્ઝલર નામનું એરબેસ પાણીમાં ડૂબ્યું, નદીનાં ઘોડાપૂર પોલાદનાં ચાર કારખાનાંને તાણી ગયાં, બોમ્બગોળાની એક ફેક્ટરી નાશ પામી, વિદ્યુતમથકનો ખુરદો બોલાવ્યો હોવાને કારણે આખા રૂહર પ્રદેશમાં મહિનાઓ સુધી શસ્ત્રોનું ઉત્પાદન અટકી પડ્યું. માનવખુવારીની વાત કરો તો 'ધ ડેમ બસ્ટર્સ'ના હુમલામાં ૧,૨૯૪ જર્મનો માર્યા ગયા. વિશ્વયુદ્ધનું પલ્લું બ્રિટનની તરફેણમાં નમ્યું. હિટલર તેના મિત્રદેશ ઇટાલિને શસ્ત્રોના અભાવે મદદ ન કરી શક્યો, એટલે તે દેશને બ્રિટન-અમેરિકાએ જીતી લીધો. હિટલરે પોતાના કબજા હેઠળના દેશોમાં શસ્ત્રોનું ઉત્પાદન ઝડપી બનાવ્યું ખરૂં, છતાં રૂહર પ્રદેશના રક્ષણ માટે સરહદના અસંખ્ય સૈનિકોને તેણે રૂહર લાવવા પડ્યા. આથી તેના સરહદી મોરચા કમજોર બન્યા. હિટલરને 'ધ ડેમ બસ્ટર્સ'નું સાહસ ભારે પડ્યું. ગિબસનની હવાબાજ ટુકડીનો ફાળો અમૂલ્ય ગણવો રહ્યો, કેમ કે વિશ્વયુદ્ધની બાજી તેનાથી સમૂળગી બદલાઇ. ■



3

'ટિર્પિટ્ઝ' પર કમાન્ડો ટુકડીનો હુમલો

હિટલરના પ્રચંડ અને પોલાદી યુદ્ધજહાજ 'બિસ્માર્ક'ને કુલ ૩૦૦ તોપગોળા મારીને ૨૭ મે, ૧૯૪૧ના રોજ મહામહેનતે ડૂબાવ્યા પછી બ્રિટીશ નૌકાદળે રાહતનો દમ ખેંચ્યો ત્યાં 'બિસ્માર્ક'નું જોડકું યુદ્ધજહાજ 'ટિર્પિટ્ઝ' તેના નાકે દમ લાવવા માંડયું હતું. પોલાદના તરતા કિલ્લા જેવું 'ટિર્પિટ્ઝ' પણ હિટલરનું માનીતું યુદ્ધજહાજ હતું. 'ટિર્પિટ્ઝ'ને તે અનસિન્કેબલ જહાજ ગણતો હતો. અલબત્ત, અંગ્રેજોએ હિટલરની એ માન્યતા છેવટે ખોટી ઠરાવી !


તારીખ સપ્ટેમ્બર ૯, ૧૯૪૩. દિવસ ગુરૂવાર, સમય વહેલી પરોઢનો અને સ્થળ ઉત્તર ધ્રુવ નજીકનો અત્યંત ઠંડોગાર અને બર્ફીલો એવો આર્કટિક સમુદ્ર.

ધુમ્મસિયા વાતાવરણમાં ભૂતાવળ જેવો એક નૌકાકાફલો ધ્રુવપ્રદેશ તરફ ચૂપચાપ આગળ વધતો હતો. આજુબાજુ ધૂંધળા હવામાન વચ્ચે ક્યાંક દુશ્મન જહાજો સફર ખેડતા હોય તો તેમને શોધી કાઢવા માટે એ નૌકાકાફલાનાં રેડારયંત્રો ચોતરફ વીજાણુ મોજાં ફેંકતાં હતાં. શિયાળાની મોસમમાં અહીં પરોઢનો સમય પણ છેક બપોરે હોય અને ત્યાર બાદ સૂર્યને આથમતાં પણ વાર ન લાગે ! ધ્રુવપ્રદેશનો સૂર્ય પાછો દેખાય ચંદ્ર જેવો ફિક્કો, માટે ગુપચુપ હંકારી રહેલો નૌકાકાફલો તેના ઝાંખા અજવાળામાં તરત નજરે ચડે તેમ ન હતો--અને છતાં રખે ધ્યાન જાય તો જોતાવેંત ચોંકી પડાય તેવું એક રાક્ષસી યુદ્ધજહાજ એ કાફલામાં વચ્ચોવચ હંકારી રહ્યું હતું.


આ પોલાદી યમદૂત એટલે હિટલરે બીજા વિશ્વયુદ્ધ માટે બંધાવેલું ૫૨,૬૦૦ ટનનું મહાકાય અને મહાશક્તિશાળી 'ટિર્પિટ્ઝ' કે જે પેલા 'બિસ્માર્ક'નું જોડકું યુદ્ધજહાજ હતું. બેઉની રચના તદ્દન સરખી હતી. કદ સરખું, તોપો સરખી અને બખ્તર પણ સરખું જાડું હતું. એક જ બ્લ્યૂપ્રિન્ટના આધારે બન્ને જહાજો બાંધવામાં આવ્યાં હતાં, એટલે કશે પણ નટ-બોલ્ટનોય તફાવત સુદ્ધાં નહિ. એક વાતે તેમના વચ્ચે તફાવત જો કે ખરો : 'બિસ્માર્ક' કરતાં 'ટિર્પિટ્ઝ' જરા વધુ શસ્ત્રસજ્જ હતું, કારણ કે તેના મસમોટા તૂતક પર આઠ ટોરપિડો ટ્યૂબ ફીટ કરેલી હતી, જે 'બિસ્માર્ક'માં ન હતી. એ જ રીતે 'ટિર્પિટ્ઝ' પર આરાડો પ્રકારનાં ચાર સમુદ્રી ફાઇટર-કમ-જાસૂસી પ્લેનને ક્રેન વડે લટકતાં રાખી શકાતાં હતાં. પેટ્રોલિંગ માટે કે લડવા માટે એકાદ પ્લેનને આકાશમાં ચડાવવાનું હોય ત્યારે ક્રેન તેને પાયલટ સહિત ફંગોળે, એટલે તે પરબારૂં હવામાં ! ફલાઇંગ પત્યા બાદ વિમાન પાછું સમુદ્રસપાટી પર સ્કિઇંગ કરતું હળવે રહી જહાજના પડખા નજીક સરકે, એટલે પેલી ક્રેન ફરી તેને અદ્ધર લટકતું કરી દે.

હિટલરનો નૌકાકાફલો અત્યારે ક્યાં જતો હતો ? નોર્વેની ૬૫૦

◆ *હિટલરનું 'બિસ્માર્ક' જેટલું જ માનીતું યુદ્ધજહાજ 'ટિર્પિટ્ઝ'*



કિલોમીટર ઉત્તરે આવેલા સ્પિટ્સબર્જેન નામના હિમાચ્છાદિત ટાપુની દિશા તેણે પકડી હતી. અહીં નોર્વેના રહ્યાંસહ્યાં લશ્કરી મથકોનો તેણે સફાયો કરવાનો હતો. નોર્વેની મુખ્યભૂમિને તો હિટલરના નાઝી સૈન્યે ૧૯૪૦માં જીતી લીધી હતી, પરંતુ ત્રણ વર્ષ પસાર થયાં છતાં એ દેશના જ સ્પિટ્સબર્જેન ટાપુ પર નોર્વેજિયન સૈનિકો હજી જર્મનીના શરણે આવ્યા ન હતા. બીજું તો ઠીક, પણ ટાપુ પર તેમણે ડિઝલનો અને દારૂગોળાનો જબ્બર પુરવઠો સંઘરી રાખ્યો હતો અને તે બધો સપ્લાય તેઓ રશિયા તરફ જતાં બ્રિટીશ માલવાહક જહાજોને તથા યુદ્ધજહાજોને આપતા હતા. વધારામાં જર્મન નૌકાદળ અંગે જાસૂસી બાતમી પણ વાયરલેસ દ્વારા તેમને મોકલતા હતા, જેથી આર્કટિક સમુદ્રમાં પ્રવાસ દરમ્યાન તેઓ જર્મનોને હાથતાળી આપવા પોતાનો માર્ગ બદલી નાખે. એ જ રીતે સ્પિટ્સબર્જેનમાં આવેલી નોર્વેજિયન વેધશાળા તેમને આર્કટિક સમુદ્રના જોખમી હવામાન અંગે માહિતી રીલે કરતી હતી.



હિટલરના 'ટિર્પિટ્ઝે' તે બધી મદદ રોકવા માટે સ્પિટ્સબર્જેન પર ગોલંદાજી કરી ત્યાંના ફોજી મથકોનો કચ્ચરઘાણ કાઢવો જ રહ્યો. બ્રિટનનો એવો તે શો રૂઆબ કે પૂર્વ મોરચે જર્મની સામે લડતા રશિયાને તે જહાજી માર્ગે ટનબંધ શસ્ત્રો અને દારૂગોળાનો પુરવઠો મોકલી તેના હાથ મજબૂત બનાવે? બીજા વિશ્વયુદ્ધમાં રશિયા તો એ વખતે જર્મની સામે બહુ ખરાબ રીતે હારી રહ્યું હતું. હવે તેને પરદેશી મદદ વડે પણ ભૂલેચૂકે જીતવા ન દેવું જોઇએ. હિટલરે માટે જ 'બિસ્માર્ક'ને જેમ ઍટલાન્ટિક મહાસાગર તરફ રવાના કર્યું તેમ 'ટિર્પિટ્ઝ'ને નોર્વે પાસે નાકાબંધી કરવા મોકલ્યું. 'ટિર્પિટ્ઝ'ના નૌકા સેનાપતિ એડમિરલ ઓસ્કાર કમેટ્ઝને તેણે હંમેશનું ફરમાન આપી રાખ્યું કે રશિયાના મુરમાન્સ્ક બંદર તરફ જતાં દરેક બ્રિટીશ પુરવઠા જહાજને આંતરી લો અને ફૂંકી દો !

આજે અંગ્રેજ જહાજોનો નહિ, પણ સ્પિટ્સબર્જેન ટાપુ પર રહી તેમને મદદ તથા માર્ગદર્શન આપતી નોર્વેજિયન છાવણીનો વારો હતો. તોપોની ગોલંદાજી વડે જાણે આખા ટાપુનો જ ખુરદો કાઢી નાખવાનો હોય તેમ 'ટિર્પિટ્ઝ' ભેગાં બીજાં દસ જર્મન યુદ્ધજહાજો પણ ટાપુ તરફ આગળ વધ્યાં. સૌની મોખરે જર્મન નૌકાદળનું ૩૮,૯૦૦ ટનનું બળવાન યુદ્ધજહાજ 'સ્કેર્નહોર્સ્ટ' હતું, જેણે આગલાં બે વર્ષ દરમ્યાન ઍટલાન્ટિક મહાસાગરમાં અંગ્રેજોનાં કેટલાંય જહાજોને સમુદ્રના તળિયે પહોંચાડ્યાં હતાં.

સ્પિટ્સબર્જેન ટાપુ રેડાર પર દેખાયા બાદ પાંચેક કિલોમીટર છેટે રહ્યો ત્યારે ૧૩ નાઝી યુદ્ધજહાજોની કુલ સોએક જેટલી તોપો વારાફરતી ધણધણવા લાગી ! ઉપરાઉપરી ધડાકાને કારણે ધ્રુવપ્રદેશનું શાંત વાતાવરણ ગાજી ઊઠયું. દર વખતે પહેલો ધડાકો તોપનો સંભળાય અને ઘડીકવાર પછી બીજો ધડાકો ટાપુ પર પ્રચંડ રીતે ફાટતાં તેના ૨૦૦ કે ૫૦૦ રતલી ગોળાનો ! સૌથી જોરદાર ફટકા 'ટિર્પિટ્ઝે' માર્યા, કેમ કે તેની આઠ તોપોનાં નાળચાં ખાસ્સા ૧૫''ના વ્યાસના તોતિંગ ગોળા ફેંકી શકતાં હતાં.

સ્પિટ્સબર્જેન પર અડ્ડો જમાવનાર નોર્વેના ગેરિલા સૈનિકોનું શું ગજું કે તેઓ આવા પોલાદી નૌકાકાફલાને વળતો જવાબ આપે ? સૈનિકો વળી માંડ ૧૫૦ જેટલા હતા. આ દેશભક્તોના નોર્વે પર નાઝી સૈન્ય ક્યારનું ફરી વળ્યું હતું, છતાં સ્પિટ્સબર્જેનમાં તેમણે નોર્વેનો વાવટો ત્રણ વર્ષ સુધી ફરકતો રાખ્યો હતો. પરંતુ આજે તો એ ધ્વજ પણ સલામત ન રહી શક્યો. 'ટિર્પિટ્ઝ'ની ગોલંદાજીમાં વાયરલેસ મથકોના ફૂરચા નીકળી ગયા અને બળતણ તેમજ દારૂગોળાના ભંડારો ધડાકાભેર ફાટ્યા. વિસ્ફોટના ચમકારા અને ભીષણ આગના ભડકાને લીધે ક્યાંય સુધીનું આકાશ તેજસ્વી બન્યું.

જર્મન નૌકાકાફલાના શસ્ત્રસજ્જ સૈનિકો ત્યાર બાદ જોતજોતામાં કાંઠે ચડી આવ્યા. નોર્વેજિયનો તે આક્રમણને રોકી શક્યા નહિ. હવે તો એ સૈનિકોમાં લડવાના પણ હોશહવાસ ન હતા. શસ્ત્રો હેઠાં મૂકી તેઓ યુદ્ધકેદી તરીકે જર્મનોના શરણે થયા--અને તે સાથે રશિયા તરફ જતા બ્રિટીશ પુરવઠા જહાજો માટે આર્કટિક સમુદ્રનું ફાટક પણ તત્પુરતું બંધ! આ પરાક્રમ મુખ્યત્વે 'ટિર્પિટ્ઝ'નું જ હતું, એટલે બ્રિટીશ વડા પ્રધાન સર વિન્સ્ટન ચર્ચિલે પોતાના અંગ્રેજ નૌકાદળને સૂચના આપી કે ગમે તે ભોગે 'ટિર્પિટ્ઝ'નો ફેંસલો આણી દો.

આ જંગી યુદ્ધજહાજનો ફેંસલો આણવો તે ખરૂં જોતાં તો અશક્ય વાત ગણાય, કેમ કે 'બિસ્માર્ક' જેટલું જ તે પ્રચંડ, પોલાદી અને પારાવાર શક્તિશાળી હતું. 'ટિર્પિટ્ઝ'નો બાયોડેટા સાવ ટૂંકમાં લખ્યો હોય તો પણ એટલો જ

◆ 'ટિર્પિટ્ઝ'નું સાથી યુદ્ધજહાજ 'સ્કેર્નહોર્સ્ટ' પણ જેટલું ભવ્ય એટલું ભયાનક હતું




♦ જર્મનીનો સરમુખત્યાર એડોલ્ફ હિટલર

પારાવાર અચંબો થયા વગર રહે નહિ. આ રહ્યા તેના ખૂંખાર બળનો ખ્યાલ આપતા કેટલાક આંકડા--

લંબાઇ : ૮૨૧ ફીટ અને ૧૦ ઇંચ, પહોળાઇ: ૧૧૮ ફીટ અને ૧ ઇંચ, એન્જિનશક્તિ : ટોટલ ૧,૩૮,૦૦૦ હોર્સ-પાવરનાં ત્રણ પ્રોપેલર, ઝડપ : કલાકના ૨૯ દરિયાઇ માઇલ (૫૩ કિલોમીટર), બખ્તરની મહત્તમ જાડાઇ : ૧૨.૬'' યાને કે ૧ ફૂટ કરતાં વધારે, નૌકાયુદ્ધની તોપોઃ ૧૫''નો વ્યાસ ધરાવતી આગળ ચાર તથા પાછળ ચાર એમ કુલ આઠ તોપો અને ૬''ના વ્યાસવાળી બીજી નાની બાર તોપો, વિમાનવિરોધી તોપો : નાની-મોટી બધું મળીને ૧૦૨ એન્ટિ-એરક્રાફ્ટ ગન્સ, ટોરપિડો ટ્યૂબ : ૨૧''ના વ્યાસની આગળ ચાર અને પાછળ ચાર એમ કુલ મળીને આઠ, વિમાનોની સંખ્યા : ચાર, નાવિકોની સંખ્યા : ૨,૫૩૦, જહાજનું ખાલી વજન : ૪૨,૯૦૦ ટન, બળતણ અને દારૂગોળા સાથેનું ટોટલ વજન : ૫૨,૬૦૦ ટન.

વિચારો કે બખ્તરબંધ યુદ્ધજહાજ પોતે આવું તોતિંગ હોય અને ખુલ્લા સમુદ્રમાં પાછું ડઝનેક બીજાં લડાયક જહાજોના કાફલા વચ્ચે હંકારી રહ્યું હોય ત્યારે બ્રિટીશ નૌકાદળ તેનો શી રીતે ફેંસલો આણે ? અને છતાં તેને સમુદ્રના તળિયાભેગું કર્યા વગર ચાલે તેમ ન હતું. આ કામ વળી તાત્કાલિક થવું જોઇએ, કારણ કે બીજા વિશ્વયુદ્ધમાં છેવટે કોણ જીતે અને કોણ હારે તેનો જેટલો આધાર 'બિસ્માર્ક' પર હતો એટલો જ 'ટિર્પિટ્ઝ' પર હતો. શા માટે, એ પણ સમજવા જેવું છે.

હિટલરે બીજું વિશ્વયુદ્ધ જાહેર કર્યા પછી થોડા મહિનામાં હોલેન્ડ, ડેનમાર્ક, લક્ઝેમ્બર્ગ, નેધરલેન્ડ, બેલ્જીયમ, નોર્વે, ફ્રાન્સ, યુગોસ્લાવિયા, ગ્રીસ એમ કેટલાય યુરોપી દેશોને જીતી લીધા. વિશ્વયુદ્ધના આરંભે રશિયા અને જર્મની વચ્ચે દોસ્તી હતી, પણ રશિયાનો ત્યાર બાદ પામી ગયા કે હિટલર તો આખા જગતને કબજે લેવા માગતો હતો. પરિણામે વખત આવે ત્યારે રશિયાને પણ તે છોડે નહિ. અંતે ખરેખર એવું જ બન્યું. હિટલરના નાઝી લશ્કરે જૂન ૨૨, ૧૯૪૧ના રોજ ૧૫૦ બખ્તરિયા ડિવિઝનો અને ૩૦,૦૦,૦૦૦ સૈનિકો વડે રશિયા પર હુમલો કર્યો. રશિયન સૈનિકો ૨૦,૦૦,૦૦૦ જેટલા હતા. ત્રણ હજાર કિલોમીટર જેટલી લાંબી સરહદ પર બર્ફીલા પ્રદેશમાં બન્ને ગંજાવર સૈન્યો વચ્ચે તુમુલ યુદ્ધ જામ્યું. યુદ્ધમાં સામસામે ૨૦,૦૦૦ તો રણગાડીઓ હતી. ઇતિહાસમાં પહેલાં ક્યારેય આટલો જબરજસ્ત સંગ્રામ ખેલાયો ન હતો. આ સંગ્રામમાં જો કે રશિયનો હારવા લાગ્યા. બહાદુરી-પૂર્વક ઝઝૂમ્યા છતાં તેમણે પીછેહઠ કરવાનો વારો આવ્યો. રશિયા પાસે સૈનિકો ઓછાં તેમ પૂરતાં શસ્ત્રો પણ નહિ, કારણ કે અચાનક જર્મન આક્રમણ સામે લડવાનું થાય એવો તો સ્વપ્નેય તેને ખ્યાલ ન હતો-- અને માટે શસ્ત્રોનો અનામત ભંડાર તેણે ખડકી રાખ્યો ન હતો. બ્રિટનને સહેજે બીક પેઠી કે જર્મન સૈન્ય જો રશિયા પર ફરી વળી તેનાં ખેતરો, અનાજ વડે ભરેલાં ગોદામો, કારખાનાં અને બીજી સંપત્તિ હડપ કરી જાય તો પછી બ્રિટન વધુ તાકાતવાન બનેલા હિટલરને કદી હાર આપી શકે નહિ.

બ્રિટને આર્કટિક સમુદ્રના માર્ગે રશિયાને જહાજો દ્વારા શસ્ત્રસરંજામ મોકલવાનું શરૂ કર્યું. આ પુરવઠામાં રણગાડીઓ, વિમાનો, તોપો, મશીનગનો અને દારૂગોળાનો સમાવેશ થતો હતો. ટનબંધ સપ્લાય આમ તો જમીનરસ્તે મોકલવાનું સુગમ પડે, પણ બ્રિટન અને રશિયા વચ્ચેના લગભગ બધા દેશો જર્મન હકૂમત નીચે આવ્યા પછી જમીનનો માર્ગ શોધવો ક્યાં ? માલવાહક જહાજોએ ફક્ત આર્કટિક સમુદ્રમાં હંકારીને રૂસી બંદર મુરમાન્સ્ક સુધી પહોંચવું રહ્યું. દરિયાનો એ માર્ગ પણ ભારે વિકટ, કેમ કે અહીં તહીં હિમશીલાઓ તરતી હોય અને તાપમાન તો ક્યારેક શૂન્ય નીચે ૧૦° સેલ્શિયસ ! ઠંડી વડે ગાત્રો થીજી જાય, ઉછળતાં મોજાં જે વાંછટ ફેંકે તે જહાજના તૂતક પરની ધાતુને બાઝે કે તરત હિમમાં ફેરવાય અને નાવિકો તે હિમને તરત જ પાવડા વડે સંકેલી પાછું સમુદ્રમાં નાખી ન દે તો ક્રમે ક્રમે વજન-દાર બનતું જહાજ ડૂબવા લાગે! અને તે મોકાણ ઓછી હોય તેમ જર્મનીએ આર્કટિક સમુદ્રમાં રશિયા જવાના રસ્તે હજારો સુરંગો બિછાવેલી રાખી હતી. અગાઉ નકશામાં બતાવ્યા મુજબ સુરંગક્ષેત્રો વળી એક નહિ, બે હતા. માલવાહક જહાજો એકને સલામત રીતે પાર કરી જાય તો વધુ ઉત્તરે આવેલું બીજું ક્ષેત્ર કદાચ તેમના બાર વગાડી દે ! સૌથી મોટી

બીજું વિશ્વયુદ્ધ લડવા માટે કયા અને કેટલા દેશો સામસામી છાવણીમાં જોડાયા તેનું લિસ્ટ

બ્રિટન અને મિત્રદેશો	
અમેરિકા	નિકારાગુઆ
આર્જેન્ટિના	નોર્વે
અલ સાલ્વાડોર	ડેનમાર્ક
ઑસ્ટ્રેલિયા	ડોમિનિકન રિપ.
ઇક્વાડોર	પનામા
ઇજિપ્ત	પારાગ્વે
ઇથિયોપિયા	પેરૂ
ઇરાક	પોલેન્ડ
ઇરાન	બેલ્જિયમ
ઉરૂગ્વે	બોલિવિયા
કેનેડા	બ્રાઝિલ
ક્યુબા	ભારત
કોલમ્બિયા	મેક્સિકો
કોસ્ટા રિકા	યુગોસ્લાવિયા
ગ્રેટ બ્રિટન	રશિયા
ગ્રીસ	લબનાન
ગ્વાટેમાલા	લક્ઝેમ્બર્ગ
ચીન	લાઇબેરિયા
ચીલી	વેનેઝુએલા
ચેકોસ્લોવેકિયા	સાઉદી અરેબિયા
તુર્કી	સાન મરિનો
દક્ષિણ આફ્રિકા	સિરિયા
નેધરલેન્ડ	હાઇતી
ન્યૂ ઝિલેન્ડ	હોન્ડુરાસ

જર્મની અને મિત્રદેશો	
ઇટાલી	બલ્ગેરિયા
જર્મની	રોમાનિયા
જાપાન	હંગેરી
ફિનલેન્ડ	સ્વિત્ઝરલેન્ડ તટસ્થ દેશ હતો

સમસ્યા એ કે 'ટિર્પિટ્ઝ'ના નેતૃત્વ હેઠળનો જર્મન નૌકાકાફલો ગમે ત્યારે અચાનક ફૂટી નીકળે અને તેના સપાટામાં આવતાં બ્રિટીશ માલવાહક જહાજો કેમેય કરીને બચવા ન પામે. બ્રિટનથી રશિયાનો આર્કટિક સમુદ્રવાળો માર્ગ કહેવાય શૉર્ટ-કટ, છતાં તે ઓછામાં ઓછા ૨,૨૫૦ કિલોમિટર લાંબો હતો અને સંખ્યાબંધ જોખમો વચ્ચે પ્રવાસ ચાલે પૂરા ૧૦ દિવસ !

અલબત્ત, બ્રિટીશ જહાજો ખતરનાક આર્કટિક સમુદ્રને ગમે તે રીતે ઓળંગી રશિયાના મુરમાન્સ્ક બંદરે ઢગલાબંધ પુરવઠો ઠાલવવાં લાગ્યાં. આ રીતે નવો સ્ટૉક મળતો થયો એટલે રશિયનો પાછા જોરમાં આવ્યા. હવે જર્મન ફોજે પીછેહઠ કરવાની ફરજ પડી. હિટલરે રોજેરોજ તે મોરચા અંગે માઠા ખબર સાંભળવાના થયા, માટે તેણે નક્કી કર્યું કે રશિયનોને બ્રિટીશ જહાજો દ્વારા મળતો શસ્ત્રોનો અને દારૂગોળાનો સપ્લાય કોઇ પણ ભોગે રોકી પાડવો. જૂન, ૧૯૪૨નો એ વખત હતો. હિટલરે 'ટિર્પિટ્ઝ'ને હજી નોર્વેના કાંઠે ડ્યૂટી પર લગાડ્યું ન હતું. આ પ્રચંડ યુદ્ધજહાજને સાચે જ ત્યાં સંત્રીનો રોલ ભજવવા મૂકી દીધું હોય તો દુશ્મન માલવાહક જહાજો માટે કર્ફ્યુ ઑર્ડર જ લાગ્યો સમજવો ! આમેય નોર્વે પાસેનો જર્મન નૌકાકાફલો અત્યંત તાકાતવાન હોવો જોઇએ, કારણ કે બ્રિટીશ માલવાહક જહાજો એકલાં હંકારતાં ન હતાં. બોડીગાર્ડ તરીકે કેટલાંક યુદ્ધજહાજો પણ તેમનાં અડખેપડખે રહેતાં હતાં. પરિણામે હિટલરે નાકાબંધીનું કામ 'ટિર્પિટ્ઝ'ને જ સોંપવાનું નક્કી કર્યું. કોની મજાલ કે 'ટિર્પિટ્ઝ'ને પડકાર ફેંકે અથવા તો 'ટિર્પિટ્ઝે' ફેંકેલા પડકારને અવગણે ? આ લડાયક જહાજે નોર્વેના કાંઠે ફરજ બજાવવાનું શરૂ કર્યા પછી વારાફરતી અનેક માલવાહક જહાજો તેના કાતિલ તોપગોળાનો ભોગ બન્યાં. આમાં કેટલાંક યુદ્ધજહાજોનો પણ સમાવેશ થતો હતો. 'ટિર્પિટ્ઝ'ના નૌકાકાફલાએ કરેલા શિકારોનો સ્કોર થોડા જ વખતમાં ૨૪ ના આંકડે પહોંચ્યો !



◆ શસ્ત્રસરંજામ બનાવવા માટે અંગ્રેજ પ્રજાજનોએ નકામી ચાવીઓ પણ ફંડફાળામાં આપી દીધી !



બ્રિટનના પેટમાં તેલ રેડાયું અને જહાજોની વધુ ખુવારી રોકવા માટે તેણે પોતાના જહાજી ટ્રાફિકને લગભગ બંધ કરી દેવો પડયો

બ્રિટનના પેટમાં તેલ રેડાયું અને વધુ ખુવારી રોકવા માટે તેણે જહાજી ટ્રાફિકને લગભગ બંધ કરી દેવો પડ્યો. રશિયા માટે તો જાણે કે ધોરી નસ કપાયા જેવું થયું. શસ્ત્રોનો એકધારો પુરવઠો મળ્યા વગર લડવું કેમ ? અને રશિયા હારી જાય તો પૂર્વ મોરચે જર્મન સૈન્યો નવરાં પડે અને બ્રિટન પર જબરજસ્ત આક્રમણ કરી તેને પણ જોતજોતામાં પરાજય આપી દે. બ્રિટનને આમ રશિયા જેટલી જ ફિકર હતી. રશિયાને મદદ કરવા માટે સામાન્ય અંગ્રેજ જનતા પણ સખત ભોગ આપી રહી હતી. ઉદાહરણ તરીકે ૧૯૪૨માં સરકારે પ્રજાજનોને અપીલ કરી કે ધાતુની જે પણ નકામી વસ્તુ ઘરવખરીમાં પડી રહી હોય તેને શોધી કાઢી સરકારના હવાલે કરી દો, જેથી એ ધાતુ રશિયા માટે શસ્ત્રો બનાવવામાં કામ લાગે. પ્રજાજનોએ ત્યાર પછી શોધખોળ કરીને જે ચીજો સરકારને આપી તેમાં નકામી ચાવીઓ જ લાખો જેટલી હતી. થોડા જ કલાકોમાં બે ટન ચાવીઓ સરકારને 'ફંડફાળા' તરીકે મળી, જેમને ભઠ્ઠીમાં ઓગાળ્યા પછી તેમના લોખંડ વડે લગભગ ૨૦ મોટા (૫૦૦ રતલી) બોમ્બ તૈયાર કરી શકાય તેમ હતા--અથવા તો ૨૧૫ મશીનગનો બનાવી શકાય તેમ હતી. અલબત્ત, રશિયાને તે સરંજામ માંડ પહોંચતો કરાયા બાદ જર્મની સામેના ભીષણ યુદ્ધમાં તેનો ભૂક્કો નીકળી જતાં પણ વાર લાગતી ન હતી.

ગમે તેમ, પણ માલવાહક જહાજો દ્વારા રશિયાને શસ્ત્રસરંજામનો પુરવઠો મળ્યા કરવો જોઇએ. એક જ કામ તે માટે કરવાનું હતું-- 'ટિર્પિટ્ઝ'નો ખાત્મો બોલાવવાનું !

અશક્ય વાત ! બ્રિટીશ નૌકાદળ આર્કટિક સમુદ્રમાં ખુદ 'ટિર્પિટ્ઝ'નો કેડો માંડ છોડાવતું હોય ત્યાં સામી છાતીએ આગળ વધી અને તેનો પીછો કરી ખાત્મો કેમ બોલાવવો ? મધદરિયે તો એ યુદ્ધજહાજ પોતાના અંગરક્ષક કાફલા વચ્ચે રહેતું હતું. દરમ્યાન તેનાં જાસૂસી પ્લેન આકાશમાં પેટ્રોલિંગ કરતાં રહીને કડક જાપ્તો રાખતાં હતાં, માટે અણધાર્યો હુમલો કરવાનો ચાન્સ જ મળે નહિ. 'ટિર્પિટ્ઝ'નું એક ફૂટ કરતાં જાડું બખ્તર પણ એવું મજબૂત કે સેંકડો તોપગોળાનો માર તે સહન કરી લે. બીજી તરફ 'ટિર્પિટ્ઝ'ની ૬૦ ફીટ લાંબી મુખ્ય તોપોના અમુક ગોળા સરેરાશ ૨૮ કિલોમીટર છેટે પહોંચી શકતા હતા. પરિણામે તેના પર હુમલો કરવા આગળ વધતા બ્રિટીશ યુદ્ધજહાજે પહેલાં તો એ પ્રહારમર્યાદામાં (રેન્જમાં) દાખલ થવું પડે અને નસીબ વાંકું હોય તો એકાદ ગોળો તેને પૂરેપૂરું ટીચી નાખે ! બ્રિટીશ સમબરિનો પણ 'ટિર્પિટ્ઝ' સામે લાચાર હતી. 'ટિર્પિટ્ઝ' ફરતે હંકારતા જર્મન કાફલાના બધા યુદ્ધજહાજો અદ્યતન


સોનારયંત્રો વડે સજ્જ હતાં. કોઇ સબમરિન તે યંત્રોના ચુગલીખોર મોજાં પાસે છાની રહી શકે નહિ. 'ટિર્પિટ્ઝ' તરફ ટોરપિડો છોડવા જેટલા નજીક જવાનો પ્રશ્ન તો ત્યાર પછીનો!

હિટલરના આવા લાજવાબ યુદ્ધજહાજને ખરૂં જોતાં એક જ રીતે આંબી શકાય તેમ હતું : ઊંચા તથા કાળમીંઢ પહાડો વડે ઘેરાયેલી નોર્વેજિયન ખાડીમાં 'ટિર્પિટ્ઝ' જ્યાં પોતાનાં સમુદ્રી કારસ્તાનો પતાવ્યા બાદ આરામ ફરમાવવા જતું હોય ત્યાં અચાનક તેના પર સશસ્ત્ર છાપો મારવો લંગર નાખીને સાવ નિષ્ક્રિય અને નિશ્ચિંત પડેલા એ યુદ્ધજહાજને સ્વબચાવ માટે લડવાનો મોકો આપ્યા વગર ખાડીમાં જ તેના બાર વગાડી દેવા ! પરંતુ એ વાત પણ અશક્ય !

--અને કેટલી હદે અશક્ય તેનો ખ્યાલ મેળવવો હોય તો પેલા સ્પિટ્સબર્જેન ટાપુ પરના હુમલા બાદ શિકારી વાઘ જેવું 'ટિર્પિટ્ઝ' કયા સમુદ્રી માર્ગે અને કેટલી મજબૂત સુરક્ષા વચ્ચે હંકારતું પોતાની બોડમાં પાછું ફર્યું તેનું જરા ટૂંકું વર્ણન કરી દઇએ. વર્ણનને અગાઉના પાને રજૂ કરેલા નકશા જોડે પણ સરખાવતા રહેજો. એક મહત્ત્વપૂર્ણ ભૌગોલિક બાબતનો ખ્યાલ જો કે નકશામાં આપી શકાયો નથી, માટે પહેલાં તેના અંગે ચોખવટ કરી દઇએ. મુક્કો લગાવીને શેકેલા પાપડના જાણે ચૂરા કરી નાખ્યા હોય તેમ નોર્વેનો સાગરકાંઠો તદ્દન ભાંગ્યોતૂટ્યો છે. વેરવિખેર એવા લગભગ ૫,૦૦૦ નાનામોટા ટાપુઓ ત્યાં સમગ્ર કાંઠે પથરાયેલા છે. નોર્વેની મુખ્ય ભૂમિ સહિત એ દરેકનો કાંઠો વળી બીજા તટવર્તી દેશો કરતાં સદંતર જુદો છે. કિનારો હોય ત્યાં સામાન્ય રીતે ધરતી ક્રમશ : સમુદ્ર તરફ ઢોળાવ લેતી જોવા મળે, કાંઠા પર રેતી પણ હોય, ફીણવાળા મોજાં સતત આવતાં રહે તથા ઓસરતાં રહે અને દરિયા તરફ જેમ આગળ વધો તેમ સાગરપેટાળ વધુને વધુ ઊંડું બને.

નોર્વેનો કાંઠો એ જાતનો નથી. કિનારાની જમીન આસ્તે આસ્તે પાણીમાં ડૂબતી હોવાને બદલે અચાનક જ ગરક થાય છે. જુદી રીતે કહો તો નોર્વેનો સાગરકાંઠો ઊભી કરાડોનો બનેલો છે. કરાડની સો બસ્સો ફીટ ઊંચી ધાર પાસે જાતે ઊભા રહીને નજર કરો તો નીચે ઠંડોગાર સમુદ્ર ઘૂઘવતો દેખાય--અને વળી 'સ્ટ્રેઇટ' કરાડ પણ જેટલી બહાર એટલી પાણીની અંદર ! નોર્વેના કાંઠે અનેક ખાડીઓ આવા જ કાંઠા વડે બનેલી છે. દુનિયાની બીજી સામાન્ય (ઢળતા કિનારાવાળી) ખાડીઓ કરતાં તેમને અલગ રીતે ઓળખવા માટે તેમનું નામ જોર્ડ રાખવામાં આવ્યું છે. દા.ત. નકશામાં આલ્ટાજોર્ડ.


સ્પિટ્સબર્જેન પર હુમલો કરીને પાછા ફરતા 'ટિર્પિટ્ઝે' પણ આલ્ટાજોર્ડનો જ રસ્તો પકડ્યો, કેમ કે ઊંચી કરાડો ધરાવતી એ ખાડીમાં તેનો મુકામ હતો. નકશામાં બતાવ્યું છે તેમ વળતા પ્રવાસ દરમ્યાન પહેલાં તેણે વાંકાચૂંકા માર્ગે હંકારીને સુરંગનું ક્ષેત્ર હેમખેમ પસાર કર્યું. 'સ્કેર્નહોર્સ્ટ' અને બીજાં શિકારી જર્મન યુદ્ધજહાજો પણ સાથે જ હતાં. વળી સુરંગક્ષેત્ર જર્મન નૌકાદળે જ બ્રિટીશ માલવાહક જહાજોને અડફેટે લેવા માટે બિછાવ્યું હતું. આર્કટિક સમુદ્રના પ્રથમ (નકશામાં ડાબી તરફના) સુરંગક્ષેત્રને તે જહાજો માનો કે સહીસલામત પાર કરી જાય અને ત્યાર બાદ આખા રસ્તે જર્મન કાફલાને હાથતાળી



આપવામાં પણ સફળ થાય તો એ પછીનું (નકશામાં જમણી તરફનું) સુરંગક્ષેત્ર ઓળંગતી વખતે અમુક જહાજો નાશ પામે ! કઇ સુરંગ ક્યાં છે એ તો ફક્ત જર્મનોને ખબર હતી.


હવે જર્મન નૌકાકાફલો સુરંગોનો મેપ તપાસીને જ નોર્વેના હેમરફેસ્ટ બંદર તરફ આગળ વધ્યો. અહીંથી તેણે રાઇટ ટર્ન મારી સોરોયની સાંકડી સામુદ્રધુનીમાં દાખલ થવાનું હતું. હિટલરનો સ્વસ્તિકછાપ નાઝી ધ્વજ લહેરાવતા પડછંદ 'ટિર્પિટ્ઝે' બે-ત્રણ વખત ભૂંગળાના અવાજો કર્યા, જેનો સંકેત પામીને કાંઠા પરના ચોકિયાત દળે ફાટક ખોલવા માટે તૈયારી કરી. નૌકાદળની લશ્કરી ભાષામાં એ ફાટકને સબમરિન 'બૂમ' કહેવાય--અને 'બૂમ' એટલે સંખ્યાબંધ બોયાંને મણકાની જેમ હરોળમાં પરોવીને કે વાંસડા સાથે બાંધીને તૈયાર કરેલું તરતું ફાટક.

સોરોયના મુખ પાસે જર્મનોએ દુશ્મન સબમરિનોને 'ટિર્પિટ્ઝ'ના મુકામ સુધી આવતી રોકવા માટે જે ફાટક તૈયાર કરેલું તે જડબેસલાક હતું. તળિયાથી શરૂ કરીને લગભગ સપાટી લગી ત્યાં હવા ભરેલા ફૂગ્ગા જેવી અસંખ્ય સુરંગો તરતી હતી, જેનો મતલબ એ કે શત્રુ સબમરિન ઊંડેના સાગરપેટાળમાં તો હંકારીને અંદર પ્રવેશી શકે નહિ. સુરંગોથી બચવા



◆ સોરોયની સામુદ્રધુનીના મુખ પાસે જર્મનોએ સબમરિન 'બૂમ'નો એટલે કે ફાટકનો પણ બંદોબસ્ત કર્યો હતો. બાજુની આકૃતિમાં બંધ તથા ખુલ્લા 'બૂમ'ના ટોપ પોઝ બતાવ્યા છે. પ્રવેશતાં યુદ્ધજહાજો દેખીતી રીતે જર્મન છે

તેણે સપાટી પર આવવું પડે અને પછી સામુદ્રધુનીમાં અંદર પહોંચી જવાય ત્યાં સુધી એ જ રીતે તેણે હંકારવું રહ્યું. પરંતુ સપાટી પર તરતા ફાટકનો બંદોબસ્ત કરાયો હોય ત્યારે એ રીતે પણ સામુદ્રધુનીમાં તેને એન્ટ્રી મળી શકે નહિ. આ સબમરિન 'બૂમ' સાથે પાછું વિદ્યુત આલાર્મનું જોડાણ કરવામાં આવ્યું હતું. સામસામા બન્ને કાંઠે નૌકાછાવણીમાં આલાર્મના બૅલ હતા, સેંકડો નાઝી ચોકિયાતો હતા અને પેટ્રોલ બોટ પણ એટેન્શનમાં તૈયાર હતી.



'ટિર્પિટ્ઝ' અને સાથી યુદ્ધજહાજોને સોરોયની સામુદ્રધુનીમાં પ્રવેશ આપવા માટે ફાટક ખૂલ્યું. નૌકાકાફલો અંદર દાખલ થયો. હવે સામુદ્રધુનીનું ચોતરફી દ્રશ્ય જોયું હોય તો જર્મનોના શિસ્તબદ્ધ, કડક અને સજ્જડ લશ્કરી જાપ્તા પર આફ્રિન પોકારી જઈએ. ઊંચી કરાડો પર જબરજસ્ત તોપો ગોઠવેલી હતી. ચોકિયાતો દૂરબીન વડે ખૂલ્લા સમુદ્ર તરફ એકધારી નજર માંડીને બેઠા હતા. રેડારોની એન્ટેના બધી જ દિશામાં મોજાં ફેલાવતી હતી. આકાશમાં ત્રણ-ચાર નિરિક્ષક વિમાનો 'ટિર્પિટ્ઝ'ને હવાઈ રક્ષણ આપવા માટે રાઉન્ડ મારી રહ્યાં હતાં. ઊંચી દીવાલો જેવી કરાડો પર એ જ રીતે થોડાં થોડાં અંતરે ગોઠવેલી વિમાનવિરોધી તોપો આકાશ તરફ મંડાયેલી હતી, જ્યારે સામુદ્રધુનીના પેટાળનું નિરીક્ષણ કરવા માટે હવે બન્ને પેટ્રોલ બોટ પોતાના રેડાર મોજાં ફેંકીને આંટાફેરા મારતી હતી.

સુરક્ષાના આવા કડક બંદોબસ્ત વચ્ચે મગરૂર 'ટિર્પિટ્ઝ' દક્ષિણે હંકાર્યું, જ્યાંથી ફરી વખત ડાબે વળી તેણે જેર્નોય અને સીલેન્ડ ટાપુ વચ્ચેના ઓર સાંકડા માર્ગે જવાનું હતું. પ્રવાસ અનેક કિલોમીટર લાંબો હોવા છતાં જર્મન પહેરો તો આખે રસ્તે જેવો ને તેવો જ મજબૂત હતો. બન્ને તરફ કરાડો પર એટલી જ તોપો, હેલ્મેટ પહેરેલા એટલા જ સજાગ નાઝી ચોકિયાતો અને જળસપાટી પર પેટ્રોલ બોટ તો આકાશમાં વિમાનો !



મધદરિયે તો જેને સહેજ પણ છંછેડી ન શકાય એવા હુમલાખોર વાઘને અહીં તેની બોડમાં વીંધી શકાય ખરો ? સવાલ જ નહિ !

'ટિર્પિટ્ઝ' છેવટે આલ્ટાજોર્ડ તરીકે ઓળખાતી ખાડીના છેડે પહોંચ્યું. વાઘની એ જ બોડ ! મુકામ દેખાયો કે તરત બધાં યુદ્ધજહાજોના નાવિકોએ હર્ષનાદો કર્યા. કરાડો પરના નાઝી ચોકિયાતોએ પણ તેમને સત્કારવા માટે સ્વસ્તિકના ચિહ્નવાળો ધ્વજ ફરકાવ્યો. આનંદની જ વાત હતી. શિકારે ગયેલું 'ટિર્પિટ્ઝ' વધુ એક પરાક્રમ ખેડીને સહીસલામત પાછું આવ્યું હતું. 'ટિર્પિટ્ઝ' સલામત ત્યાં સુધી જર્મની સલામત, કેમ કે આર્કટિક સમુદ્રના માર્ગે તેણે વગાડેલો ડંકો જ છેવટે દુશ્મનના પરાજયમાં કારણભૂત બનવાનો હતો. પહેલી હાર રશિયાની અને ત્યાર બાદ બ્રિટનની ! અને માટે જ હિટલરે 'ટિર્પિટ્ઝ'ના એડમિરલ ઑસ્કાર કમેટ્ઝને ખાસ તાકીદ કરેલી કે એ યુદ્ધજહાજ માટે સલામતીની વ્યવસ્થામાં જરાય કચાશ રહેવી ન જોઇએ ! દરિયાથી છેટે આલ્ટાજોર્ડની ખાડીમાં જ્યાં તે લંગર નાખીને પડી રહેવાનું હોય ત્યાં પણ નહિ!

છેલ્લે યુદ્ધજહાજે પોતાનું લંગર જ્યાં નાખ્યું તેનું દ્રશ્ય જુઓ : હવે બે તરફ ઊંચી કરાડો હતી, માટે એ બાજુ 'ટિર્પિટ્ઝ' તદ્દન સુરક્ષિત હતું. બાકી રહી બે દિશાઓ, તો એ તરફ જહાજને આવરી લેવા માટે જબરજસ્ત પડદારૂપી તારની જાળીઓ બોયાંના આધારે તરી રહી હતી. ત્રણ ભાગે વહેંચાયેલી એ જાળીનો પ્રથમ જાડા તારવાળો હિસ્સો જો કે બોયાં જેટલો ભાર ખમી શકે એટલો જ લાંબો હતો. એ પછી વચલી જાળી અને ત્યાર બાદ લંગરની જેમ તળિયે ફીટ કરીને બોયાં વડે તરતી રખાયેલી છેલ્લી જાળી.

મધદરિયે તો જેને સહેજ પણ છંછેડી ન શકાય એવા વાઘને અહીં તેની બોડમાં વીંધી શકાય ખરો ? સવાલ જ નહિ ! અને છતાં અહીં જ તેના પર જીવસટોસટનો હુમલો થવાનો હતો !

હિટલરના પ્રચંડ અને પોલાદી યુદ્ધજહાજ 'બિસ્માર્ક'ને કુલ ૩૦૦ તોપગોળા મારીને ૨૭ મે, ૧૯૪૧ના રોજ મહામહેનતે ડૂબાવ્યા પછી બ્રિટીશ નૌકાદળે રાહતનો દમ ખેંચ્યો ત્યાં હવે 'બિસ્માર્ક'નું જોડકું યુદ્ધજહાજ 'ટિર્પિટ્ઝ' તેના નાકે દમ લાવવા માંડ્યું હતું. આ યુદ્ધજહાજના કારણે તો બીજા વિશ્વયુદ્ધની આખી બાજી જ પલટાવા માંડી હતી. બ્રિટીશ માલવાહક જહાજો રશિયાના મુરમાન્સ્ક બંદર તરફ જતી વખતે માર્ગમાં 'ટિર્પિટ્ઝ'નો શિકાર બનતાં હતાં. પરિણામે જર્મનો સામે લડવા માટે રશિયાને મદદ તરીકે મોકલાયેલો શસ્ત્રસરંજામ રશિયાના મુરમાન્સ્કને બદલે મહાસાગરના તળિયે પહોંચી જતો હતો. નોર્વેની ઉત્તરે માલવાહક જહાજોનો એકાદ બ્રિટીશ કાફલો જ્યારે પણ 'ટિર્પિટ્ઝ'ના સપાટે ચડી જાય ત્યારે એ કાફલાનો સપ્લાય ન મળવાને લીધે જર્મનો સામે રશિયન ફોજને લડવાના ફાંફાં પડે અને રશિયા માટે પરાજયનો ખતરો અચાનક વધી જવા પામે ! રશિયાની હાર એટલે બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટનની પણ હાર, કેમ કે ટચૂકડું બ્રિટન એકલા પોતાના જોરે હિટલરના બળુકા નાઝી લશ્કરને ક્યારેય મહાત કરી શકે તેમ ન હતું. એક ફટકો બ્રિટન પોતે મારે અને બીજો ફટકો રશિયાનો વાગે તો જ વિશ્વયુદ્ધનું પલ્લું બ્રિટન તરફ નમે ! બ્રિટીશ વડા પ્રધાન સર વિન્સ્ટન ચર્ચિલે ૧૯૪૨માં પોતાના નૌકાદળને એટલે જ તાકીદનો હુકમ


ફરમાવ્યો કે બધી તાકાત હવે 'ટિર્પિટ્ઝ' સામે લડાવો! આ યુદ્ધજહાજ તરી રહ્યું છે ત્યાં સુધી આપણે યુદ્ધમાં જીતી શકવાના નથી.

તદ્દન ખરી વાત હતી. બ્રિટન અને રશિયા વચ્ચે હંકારતા કાફલાનું એકાદ જહાજ પણ ગુમાવવું પડે તો કેવો જબરજસ્ત માર વેઠવાનો થાય તેનો એક જ દાખલો જોઈએ : ૧૯૪૨માં રશિયન સરકારે કેટલાંક શસ્ત્રો અને સરંજામ ખરીદ્યાં પછી તેમના મૂલ્ય તરીકે નગદ સોનું ચૂકવવાનું થયું. બ્રિટનની ક્રૂઝર મનવાર 'એડિનબર્ગ'ના કપ્તાનને તેણે મુરમાન્સ્ક બંદરે સોનાની ૪૬૫ પાટો સુપરત કરી. ઈંટ કરતાંય મોટી દરેક પાટ રતલોના હિસાબે વજનદાર હતી. આજના ભાવે તેમનું મૂલ્ય લગભગ ૬૫૦ લાખ ડોલર હતું ! બ્રિટન તરફનો પ્રવાસ શરૂ થયો તેના બીજે જ અઠવાડિયે નોર્વેના જર્મન નૌકાકાફલાએ 'એડિનબર્ગ'ને ભરસમુદ્રે આંતરી લીધી અને તેના ફૂરચા કાઢી નાખ્યા ! આ ભવ્ય મનવાર પોતાના ખજાના સહિત બર્ફિલા સમુદ્રમાં ૮૦૦ ફીટ નીચે હંમેશ માટે દફન પામી ! આ તો જાણે નોર્વેના કાંઠે જર્મન નૌકાકાફલાના હિંસક ત્રાસનો એક જ દાખલો હતો. ૧૯૪૨ના આખા વર્ષનો હિસાબ જોવા બેસો તો જર્મનીએ ૨,૭૫,૦૦૦ ટન જેટલા શસ્ત્રસરંજામને જળસમાધિ અપાવી હતી ! આ વજન ફક્ત શસ્ત્રોનું અને સરંજામનું હતું. મહાસાગરમાં તેમની સાથે ગરક થયેલાં અસંખ્ય જહાજોના વજનનો હિસાબ વળી જુદો માંડવાનો !


બ્રિટીશ નૌકાદળે 'ટિર્પિટ્ઝ' સામે જોર તો ઘણી વખત લડાવ્યું હતું--પણ ફોગટ ! હિટલરે 'ટિર્પિટ્ઝ'ને નોર્વેના કાંઠે અંગ્રેજ માલવાહક જહાજોના શિકાર કરવા માટે મોકલી આપ્યું તે પહેલાં તેના પર જબરજસ્ત આકાશી હુમલા કરવામાં આવ્યા હતા. બ્રિટીશ વાયુસેનાના બોમ્બર વિમાનોએ જીવ પર આવીને પાંચ વખત તેના પર આક્રમણ કર્યું હતું. પરિણામ એટલું જ કે કુલ ૧૪ વિમાનો તૂટી પડ્યા, જ્યારે 'ટિર્પિટ્ઝ'ને નજીવો ઘસરકો પણ વાગ્યો નહિ ! હિટલરના ફરમાન મુજબ 'ટિર્પિટ્ઝ' નોર્વે ગયું એ પછી તો બ્રિટનના હવાઈઅડ્ડા તેમજ 'ટિર્પિટ્ઝ'ના અડ્ડા વચ્ચે પૂરા ૧,૬૦૦ કિલોમીટરનું અંતર પડી ગયું, એટલે ત્યાં ફરી આકાશી હુમલો કરવાનો ચાન્સ જ ન હતો. બ્રિટનની લાચારી પણ કેટલી દયાજનક કે તેનાં લડાયક બોમ્બર વિમાનો માટે 'ટિર્પિટ્ઝ' છેક આટલે દૂર હતું, જ્યારે 'ટિર્પિટ્ઝ' માટે બ્રિટીશ માલવાહક જહાજોનો સમુદ્રી માર્ગ ફક્ત ૮૦ કિલોમીટર છેટે હતો ! આ જર્મન યુદ્ધજહાજને અચાનક ત્રાટકવાનો ફાવતો લાગ હાલતા ને ચાલતા મળી રહે અને ખુદ તેના પર ત્રાટકવા માગતા બ્રિટીશ નૌકાદળે તો ઠીક, હવાઈદળે પણ લાંબા ભૌગોલિક અંતરના પાપે મૂંગે મોઢે એ તમાશો જોયા કરવાનો !

અંગ્રેજો બીજું શું કરી શકવાના હતા ? મધદરિયે 'ટિર્પિટ્ઝ' સામે ખૂલ્લેઆમ લડવું તે મોતને તેડું આપવા બરાબર હતું. વિમાનો મોકલીને એ સમુદ્રમાં તેના પર આકાશી હુમલો પણ કરી શકાય તેમ ન હતો, કારણ કે નોર્વેના આખા કાંઠે અનેક રન-વે પર જર્મનોનાં સેંકડો ફાઈટર-બોમ્બર વિમાનો ડ્યૂટી બજાવવા માટે એટેન્શનમાં તૈયાર પડ્યાં હતાં. કેટલાંક તો ચોવીસે કલાક નોર્વેજિયન સમુદ્રના આકાશમાં પેટ્રોલિંગ કરતાં હતાં. 'ટિર્પિટ્ઝ' પોતાના સુરક્ષિત પાંજરા જેવા આલ્ટાજોર્ડમાં જતું રહે એ પછી તો ચારેબાજુ જબરજસ્ત પહેરો રખાતો હતો. બ્રિટીશ વિમાનોના હવાઈ આક્રમણનો ઝાઝો ભય ન હોવા છતાં ત્યાં 'ટિર્પિટ્ઝ'નાં આરાડો પ્રકારનાં લડાયક-કમ-જાસૂસી વિમાનો આકાશમાં રાઉન્ડ માર્યાં કરતાં હતાં. ઊભી દીવાલ જેવી ખાડીની કરાડો પર સંખ્યાબંધ એન્ટિ-એરક્રાફટ તોપો ગોઠવાયેલી હતી. વધારાની તકેદારી

♦ *આલ્ટાજોર્ડની ખાડીમાં 'ટિર્પિટ્ઝ' જંગી કરાડો અને તારની જાળ વચ્ચે લાંગર્યું હોય ત્યારે તેનાં આરાડો પ્રકારનાં લડાયક-કમ-જાસૂસી વિમાનો આકાશમાં પેટ્રોલિંગ ચાલુ રાખતાં હતાં*



માટે ધૂમાડાના ગોટેગોટા ફેંકતા મશીનો પણ રાખવામાં આવ્યાં હતાં, જેથી હુમલાખોરો રખે અહીં સુધી ચડી આવે તો પણ ધુમાડાની ઓથે



◆ 'ટિર્પિટ્ઝ' પર કમાન્ડો હુમલો કરવા માટે જાપાનના કામીકાઝી જેવા માનવટોરપિડોનું સાહસ પણ હાથ ધરવામાં આવ્યું ! આ ફોટામાં બે અંગ્રેજ સાહસિકો ટોરપિડો પર સવારી કરવાની તાલીમ લેતા દેખાય છે

'ટિર્પિટ્ઝ' તેમને દેખાય નહિ ! બ્રિટનની વાયુસેના એ રીતે સાવ લાચાર હતી. બીજી તરફ નૌકાસેના માટે પણ જર્મનોએ કશો ચાન્સ રહેવા દીધો ન હતો. બ્રિટન ભલે પોતાનો આખો નૌકાકાફલો મોકલે, છતાં તેનાં યુદ્ધજહાજો સપાટી પર હંકારીને આલ્ટાજોર્ડમાં 'ટિર્પિટ્ઝ'ના મુકામ સુધી હેમખેમ રીતે પહોંચી શકે નહિ !

સબમરિનો માટે કરાયેલી નાકાબંધી વળી ઓર મજબૂત હતી. આલ્ટાજોર્ડની ખાડીમાં દાખલ થવાના બધા માર્ગો પર ખતરનાક સુરંગો પથરાયેલી હતી. કોઇ સબમરિન માનો કે સુરંગક્ષેત્રને હેમખેમ પાર કરવામાં સફળ થાય તો પણ ખાડીમાં જર્મન પેટ્રોલ બોટનો કાફલો પોતાના સોનાર યંત્રો વડે સાગરપેટાળને તપાસ્યા કરતો હતો. સબમરિન કદાચ તેમને પણ હાથતાળી આપવામાં સફળ થાય તો છેવટે 'ટિર્પિટ્ઝ' ફરતે બોયાં વડે લટકતી તારની જાળી ભલભલા ટોરપિડોને રોકી પાડે એટલી મજબૂત હતી. ઊભા પડદા જેવી કુલ ત્રણ જાળીઓ હતી, જેમની વચ્ચેથી રસ્તો કાઢીને બ્રિટનની ગંજાવર કદવાળી શિકારી સબમરિન પોતે તો 'ટિર્પિટ્ઝ' સુધી પહોંચી શકે એ જરાય શક્ય ન હતું. ટૂંકમાં, હુમલો પણ અશક્ય હતો.



ટોરપિડો પર સવારી કરીને વતન માટે શહીદ થવા માટે થનગનતા ચાર અંગ્રેજ નાવિકો પણ 'આર્થર'ના ભંડકિયામાં મોજુદ હતા.

જે હોય તે, પણ જીવનમરણના ખેલ જેવું બીજું વિશ્વયુદ્ધ હારીને જર્મન સરમુખત્યાર હિટલરના ગુલામ ન બનવું હોય તો 'ટિર્પિટ્ઝ'ને મરણતોલ ફટકો મારવો જ રહ્યો ! આ વાત સો ટકા નક્કી હતી. હવે તો ફક્ત એટલું નક્કી કરવાનું રહે કે નોર્વેની ખાડીમાં લાંગરેલા હિટલરના માનીતા યુદ્ધજહાજ 'ટિર્પિટ્ઝ'ના ભુક્કા કાઢી નાખવા માટે છેવટે ક્યો નુસ્ખો અજમાવવો ?

--અને છેવટે બ્રિટીશ નૌકાદળના ભેજાબાજ અફસરોએ જે નુસ્ખો અજમાવ્યો એ તો સ્વપ્નેય કલ્પી ન શકાય તેવો અજબગજબનો હતો.

◆

ઓક્ટોબર ૨૬, ૧૯૪૨નો એ દિવસ. બ્રિટનની ઉત્તરે શટલેન્ડ ટાપુના કાંઠે લાંગરેલી 'આર્થર' નામની એક સામાન્ય માછીમાર નૌકા 'ટિર્પિટ્ઝ'નો શિકાર કરવા માટે રાત્રિના ગાઢ અંધકારમાં ગુપચુપ નોર્વે તરફ ઊપડી !

આ સાહસ તે વળી કેવા પ્રકારનું ? શિકાર જ્યારે ૫૨,૬૦૦ ટનનું યુદ્ધજહાજ હોય ત્યારે શિકારી તરીકે ફક્ત ૩૦૦ ટનની માછીમાર નૌકાને મોકલવાનો શો મતલબ ? નૌકા ભલે નોર્વેજિયન હતી અને નોર્વેનો જ વતની એવો તેનો કપ્તાન લીફ લાર્સન ભલે પોતાના દેશને કચડી નાખનાર જર્મનો સામે મરણિયો બન્યો હતો, છતાં બખ્તરબંધ ગેંડા સામે મચ્છરનું શું ગજું ?

બ્રિટીશ નૌકાદળે જો કે યુક્તિપૂર્વકનો દાવ ખેલ્યો હતો. 'ટિર્પિટ્ઝ'ને જીવલેણ ડંખ મારવાનું કામ 'આર્થર' કહેવાતી એ નૌકાએ બજાવવાનું ન હતું. ખરા મચ્છરો તો તેના ડાબા અને જમણા તૂતક પર કેનવાસ નીચે ઢાંકેલા પડ્યા હતા. આ મચ્છરો એટલે બે માનવસંચાલિત ટોરપિડો ! અને ટોરપિડો પર સવારી કરીને વતન માટે શહીદ થવા માટે થનગનતા ચાર અંગ્રેજ નાવિકો પણ 'આર્થર'ના ભંડકિયામાં મોજુદ હતા. દરિયામાં જાણે સ્કૂટર ચલાવવાનું હોય એ રીતે ટોરપિડો પર બેસીને તેમણે 'ટિર્પિટ્ઝ' તરફ ધસી જવાનું હતું. બને ત્યાં સુધી તો છેલ્લી ઘડીએ તેમણે ટોરપિડોને તજી દેવાનો હતો, જેથી પ્રોપેલરના જોરે આગળ વધતું એ સ્ફોટક શસ્ત્ર જાતે જ 'ટિર્પિટ્ઝ'ના પોલાદી પડખાને વીંધી નાખે ! નસીબ જરા સારૂં હોય અને સમય વધુ મળે તો ટોરપિડોમાં રહેલો મેગ્નેટિક બોમ્બ તેમણે યુદ્ધજહાજના તળિયે ચોંટાડી દેવાનો હતો. આ કામ ચૂપચાપ આટોપી શકાય તો તેઓ એ જ ટોરપિડો પર બેસીને પાછા ફરી શકે તેમ હતા. પરંતુ જર્મનોનું ધ્યાન પડી જાય અને ત્યાર પછી સમય ઓછો હોય તો તેમણે ટોરપિડોને સીધો યુદ્ધજહાજ સાથે ભટકાડીને જાનનો ભોગ આપી દેવાનો હતો.

આ સાહસ માટે બ્રિટીશ નૌકાદળે માછીમાર નૌકાને પસંદ કરી તેનું કારણ એટલું જ કે નોર્વેજિયન કપ્તાન લીફ લાર્સનને નોર્વેના કાંઠે જર્મન ચોકિયાતો પરદેશી ગણીને પકડે નહિ. જર્મનીએ યુદ્ધમાં આખું નોર્વે જીતી લીધું હતું, પણ તેનાં માછીમાર વહાણોને સમુદ્રકાંઠા નજીક હંકારવાની છૂટ હતી. ચોકિયાતો જાતતપાસ માટે કદાચ 'આર્થર'ના

તૂતક પર ચડી આવે તો પણ ભંડકિયામાં ખડકાયેલો માછલાંનો ઢગ જોયા પછી તેમને શંકા પણ કેમ જાય કે આવી સામાન્ય નૌકા 'ટિર્પિટ્ઝ'ના શિકારે નીકળી હતી ? હા, માછલીની ગંધ વચ્ચે પેલા ચાર અંગ્રેજ નાવિકો પણ ભંડકિયાના એક ખૂણે છૂપાયા હતા.

મધદરિયે હવે બન્ને ટોરપિડોને નૌકા સાથે દોરડે બાંધી દેવાયા હતા અને સમુદ્રસપાટી નીચે સહેજ ડૂબેલા રખાયા હતા. નૌકા જાણે આગળ વધતી જાય તેમ માછલીની પાણીમાં રહેલી જાળ તેની પાછળ ખેંચાતી આવતી હોય એ જાતનું છેતરામણું દ્રશ્ય હતું.

દરિયાઇ રસ્તો ઘણો લાંબો હતો. દિવસો સુધી પ્રવાસ ચાલ્યો એ દરમ્યાન સામી મળતી કેટલીક જર્મન પેટ્રોલ બોટોના તથા ટોરપિડો બોટોના ચોકિયાતોએ 'આર્થર'ને થંભી જવાનો હુકમ આપ્યો, તૂતક પર આવીને ઝડતી લીધી અને પછી નસીબજોગે આગળ જવા દીધી. જાળ પાથરીને માછલા પકડવાનો ડોળ કરતા કેપ્ટન લીફ લાર્સનને છેવટે 'આર્થર'ને જેર્નોય ટાપુના દક્ષિણી માર્ગે આલ્ટાજોર્ડની ખાડીમાં દાખલ કરી. (નકશામાં જેર્નોયનું સ્થાન જુઓ.) બન્ને માનવટોરપિડો હજી દોરડા વડે નૌકા પાછળ ખેંચાઇ આવતા હતા.



♦ ચેરિયટ (રથ) તરીકે ઓળખાતા ટુ-સીટર બ્રિટિશ નૌકાદળના ટોરપિડોનો બહાદુર ચાલક મરજીવાના પોશાકમાં સજ્જ થયેલો બેઠો છે. ચેરિયટની મૂળભૂત રચના બતાવતો ડાયાગ્રામ નીચે આપ્યો છે


ખાડીમાં ભલે પ્રવેશ મળી ગયો, છતાં એક સવાલ બહુ મોટો હતોઃ આ જાતનું ગાંડું સાહસ કદી સફળ થાય ખરૂં ?

આલ્ટાજોર્ડની ખાડીમાં માછીમાર વહાણોને પ્રવેશવા માટે લેશમાત્ર પરવાનગી ન હતી. ઊલટું, ઘૂસણખોર વહાણોને જોતાવેંત ફૂંકી દેવાનો ઓર્ડર હતો. પરંતુ રાતના અંધકારમાં કપ્તાન લાર્સન પોતાની ટચૂકડી 'આર્થર'ને પેલા 'ટિર્પિટ્ઝ'ના અડ્ડા તરફ આગળ વધારતો જ ગયો. હુકમનો ભંગ કરીને આટલે સુધી અંદર ગયા બાદ પાછા ફરવાનો વિચાર સુદ્ધાં કરી શકાય નહિ--અને ખરૂં જોવા બેસો તો પાછા ફરવાનો ચાન્સ પણ ન હતો. બાકી રહેલી સોળ કિલોમીટર લાંબી સફર ખેડવામાં, પછી 'ટિર્પિટ્ઝ'ને આવરી લેતી જાળી પાર કરવામાં, એ પછી ટોરપિડોનો મેગ્નેટિક ટાઇમબોમ્બ તેના પડખા સાથે ચોંટાડી દેવામાં અને છેવટે કેદખાના સમાન જાળીને ફરી વટાવવામાં જે સમય વીતે એ દરમ્યાન અજવાળું પથરાવવા માંડ્યું હોય એટલે જર્મન ચોકિયાતો તેમને જીવતા છોડે નહિ !

આ જવાઁમર્દો માટે જો કે પોતાના જાનને બદલે જીવસટોસટનું સાહસ જ મહત્ત્વનું હતું. જાનના ભોગે પણ એ સાહસ યોજના મુજબ સફળ થવું જોઇએ.

પરંતુ નસીબ જેનું નામ ! 'ટિર્પિટ્ઝ'થી સોળ કિલોમીટર છેટે જ નસીબે 'આર્થર'નો સાથ છોડી દીધો. નૌકાની પાછળ ખેંચાઇ આવતા બન્ને ટોરપિડોનાં દોરડાં ભરતી પછી ઝડપભેર ઓટાતા પાણીના જોરને લીધે તૂટી ગયાં. ટોરપિડો પણ એ સાથે ગાયબ ! અને સાહસનુંય પૂર્ણવિરામ !

ખરેખર બૅડ લક ! હવે શસ્ત્ર વગર 'ટિર્પિટ્ઝ' પર હુમલો શેના વડે કરવો ? મરણિયા બનીને નીકળી પડેલા સાહસિકોનું મન ભાંગી પડ્યું. નોર્વેનો લીફ લાર્સન તો બહુ જ હતાશ થયો, કેમ કે પોતાના દેશ પર રાજ કરવા માંડેલા જર્મનો પર વેર વાળવાની સોનેરી તક તેણે ગુમાવવી પડી ! આ મુસીબત પછી 'આર્થર'નું શું કરવું એ પણ મોટી સમસ્યા હતી. નૌકાને ખાડીમાં રેઢી મૂકીને તેઓ જમીનરસ્તે સ્વીડન તરફ ભાગી શકે તેમ હતા. (સ્વિત્ઝરલેન્ડની જેમ સ્વીડન પણ બીજા વિશ્વયુદ્ધમાં સામેલ થયું ન હતું.) આમ છતાં સવાર પડ્યે ખાડીમાં એ નૌકાને જોયા પછી જર્મનો અચૂક તેમનો પીછો કરતા આવે. માટે 'આર્થર'નાં કેટલાંક પાટિયાં કાઢી તેમણે એ નૌકામાં સમુદ્રનું પાણી



ભરાવા દીધું અને ત્યાર બાદ પોતે તરીને કાંઠે પહોંચી ગયા. બર્ફીલા પ્રદેશમાં બાકીની રાત દરમ્યાન તેઓ રીતસર દોટ મૂકીને સ્વીડન પહોંચી જવા માગતા હતા.

અહીં નસીબે સાથ આપ્યો--પરંતુ બધાને નહિ. માનવટોરપિડો પર સવારી કરવા માટે સાહસમાં જોડાયેલો એ.બી.ઈવાન્સ નામનો અંગ્રેજ યુવાન શંકુદ્રુમ જંગલો વચ્ચે રસ્તો શોધીને નોર્વેની સરહદ ઓળંગી શકે


◆ કપ્તાન લાર્સનની નહિ, પણ બીજી એક નોર્વેજીયન માછીમાર નૌકાને અહીં જર્મન ટોરપિડો બોટે તપાસ માટે રોકી પાડી છે. આકાશમાં જર્મન વાયુસેનાનું ચોકિયાત પ્લેન પેટ્રોલિંગ કરે છે

તે પહેલાં શસ્ત્રસજ્જ નાઝી ટૂકડીએ તેને ઘેરી લીધો. સાચી વાત કઢાવવા માટે સખત મારપીટ કરી અને છેવટે ઠાર મારી દીધો.

કેવું અદ્દભૂત સાહસ ! અને કેવો તેનો કરૂણ અંત ! બ્રિટીશ નૌકાદળને જો કે નાસીપાસ થવાનું પોસાય તેમ ન હતું. નાવિકોનો અને નાણાંનો ગમે તેટલો ભોગ આપવાનો થાય તો પણ 'ટિર્પિટ્ઝ'નો અંત તેણે આણવો રહ્યો, કારણ કે રશિયા તરફ હંકારતાં માલવાહક જહાજો ડૂબવાને લીધે આમેય સેંકડો નાવિકો મરતા હતા અને નાણાંનું બેહિસાબ નુકશાન થતું હતું. આ જબ્બર ખુવારીને રોકવા માટે કેટલાક અંગ્રેજ સાહસિકોએ શહીદ બનવાનું થાય તો પણ શો વાંધો ? વિશ્વયુદ્ધમાં દેશને બચાવવાનો પ્રશ્ન હોય ત્યાં આવાં બલિદાનોનો શો હિસાબ ?

◆

હવે વારો આવ્યો યોજના નં. ૨ નો.

બ્રિટીશ નૌકાદળને લાગ્યું કે 'ટિર્પિટ્ઝ' સુધી પહોંચવા માટે ટચૂકડા માનવટોરપિડો ધાર્યું કામ ન આપી શકે, એટલે કમાન્ડો હુમલો જરા વધુ મોટી સબમરિન વડે કરવો જોઇએ. જરા એટલે જરા, બહુ મોટી નહિ. આલ્ટાજોર્ડમાં 'ટિર્પિટ્ઝ'ને આવરી લેતી ધાતુના તારની કુલ ત્રણ પૈકી બે જાળીઓ વચ્ચે એ સબમરિન આસાનીપૂર્વક હંકારીને અંદર ઘૂસી શકે તે માટે સબમરિનનો વ્યાસ વધુમાં વધુ ૬ ફીટ હોવો જોઇએ. નોર્વેના કાંઠે પેલા સુરંગક્ષેત્રમાં બબ્બે સુરંગો વચ્ચે પણ સરેરાશ બારેક ફીટનું અંતર હતું, એટલે મોટા કદવાળી સબમરિન તેનેય પાર કરી શકે નહિ. હુમલા માટે ખાસ બનાવેલી ટચૂકડી સબમરિન પાછી ૩૦૦ ફીટ ઊંડે સુધી ડૂબકી મારી શકે એટલી મજબૂત પણ હોવી જોઇએ. તારની જાળીને કાપવા માટેના જરૂરી સાધનો વડે પણ તેને સજ્જ કર્યા વગર ન ચાલે અને છેલ્લી શરત તરીકે સબમરિન લાગલગાટ ૩૬ કલાક સુધી પાણીમાં ડૂબેલી રહીને પ્રવાસ ખેડી શકે તો જ આવા સાહસ માટે એ કામની ! સૌથી કડક શરત પણ એ જ ગણાય, કેમ કે આલ્ટાજોર્ડમાં સામસામા બન્ને કાંઠે ઊંચી કરાડો પર જર્મન પહેરો ગોઠવાયો હતો. ખાડીથી છેક ખુલ્લા સમુદ્ર લગી હજારો ચોકિયાતોનો કડક જાપ્તો હતો.

બ્રિટીશ નૌકાદળે બાહોશ એન્જિનિયરોને રાતોરાત કામે લગાડી દીધા! કુલ ૬ મીની સબમરિનો તૈયાર કરી આપવાનો તેમને હુકમ ફરમાવ્યો. વિજ્ઞાનમાં જાણીતી કહેવત છે કે જરૂરિયાત હોય ત્યારે તેને પહોંચી વળવા માટે નવી શોધ પણ આપોઆપ જન્મે, એટલે તદ્દન નવા પ્રકારની ૬ મીની સબમરિનો બ્રિટનના જહાજવાડામાં આકાર લેવા માંડી. આકાર સદંતર બેડોળ હતો. પ્રથમ નજરે જોતા તેમનો દેખાવ સબમરિનને બદલે ફેક્ટરીના રાક્ષસી બોઇલર જેવો લાગતો હતો. અલબત્ત, કામ સાથે મતલબ હોય ત્યાં દેખાવનું શું મહત્ત્વ?

થોડા દિવસ પછી નૌકાદળના દરેક ટોચના ઓફિસરને અત્યંત ગુપ્ત એવો મૌખિક સંદેશો કહેવામાં આવ્યો : 'તમારી ટૂકડીમાં એવા બહાદુર નાવિકોને શોધી કાઢો કે જેઓ મોત સામે ઝઝૂમવા તૈયાર હોય, સારા તરવૈયા હોય અને સાહસની ગુપ્તતા જાળવવા માટે હોઠ પર તાળું પણ મારી રાખે.'

બીજે જ અઠવાડિયે કેટલાક યુવાન અફસરોને પસંદ કરી પ્લેન દ્વારા સ્કોટલેન્ડ મોકલી દેવામાં આવ્યા. ક્યાં જવાનું છે અને શું કરવાનું છે એ તેમને છેવટ સુધી કહેવામાં ન આવ્યું. આ સાહસ ટૉપ-સિક્રેટ હતું, માટે સૌને તેમના મિત્રો અને સગાંવહાલાં કરતાં અલગ પાડ્યા બાદ જ સાહસ અંગે જાણ કરવામાં સલામતી હતી. ઉત્તર સ્કોટલેન્ડના કાંઠે નોર્વેના આલ્ટાજોર્ડ જેવી જ એક ઊંચી કરાડ હતી, જેની નજીક રહેતા નાગરિકોને બ્રિટીશ નૌકાદળે તત્કાળ બીજે મોકલી આપ્યા. કરાડ પાસે આવેલી વીશીને તેણે ભાડે રાખી લીધી. વીશીના માલિકને પણ બીજે ક્યાંક રવાના કરી દીધો. કોઇ અજાણી વ્યક્તિનો હવે કમાન્ડો મિશનના સાહસિકો જોડે સંપર્ક ન રહેવો જોઇએ. આ સાહસ અંગ્રેજો માટે છેલ્લી આશા જેવું હતું. જર્મનોને તેના અંગે જરા સરખી પણ ગંધ જાય અને તેઓ ચેતી જાય તો કોણ જાણે બીજાં કેટલાં વર્ષ સુધી 'ટિર્પિટ્ઝ' પોતાનો તરખાટ ચાલુ રાખે.



યુવાન અફસરોને ક્યાં જવાનું છે અને શું કરવાનું છે એ તેમને છેવટ સુધી કહેવામાં ન આવ્યું. આ સાહસ ટૉપ-સિક્રેટ હતું.

દેશ માટે સ્વયંસેવકો બનેલા નાવિકોને આખરે સાહસનો પ્રકાર


સમજાવવામાં આવ્યો. કાફલાના નાયબ સેનાપતિ રીઅર-એડમિરલ બેરીએ ત્યાર પછી તેમને છૂટ પણ આપી કે જેનું મન ન માનતું હોય અથવા જેને સાહસ દરમ્યાન મરી ફીટવાનું મંજૂર ન હોય તે હજી સામે ચાલીને ના પાડી દે ! કોઇને પોતાના સગાંવહાલાં ખાતર જીવતા રહેવું હોય તો તેણેય કમાન્ડો મિશનમાં સામેલ થવું જરૂરી નથી !

રીઅર-એડમિરલ બેરીની ઑફર યોગ્ય જ હતી, કેમ કે ઢચુપચુ મનનો નાવિક 'ટિર્પિટ્ઝ' પરના હુમલા દરમ્યાન છેલ્લી ઘડીએ પાછીપાની કરે અને હુમલો ફેલ જાય એ કરતાં અત્યારે જ એવા નાવિકને પડતો મૂકવો સારો ! અલબત્ત, ચોવીસ પૈકી એક પણ નરબંકો ડગ્યો નહિ. લડાઇમાં જવું અને મોતનો પણ ભય રાખવો એ બન્ને વાતો સાથે કેમ બને ? આ પ્રકારનું સાહસ ખેડવા જતાં ફરી જીવતા પાછા ન આવી શકાય એ સૌને ખબર હતી, છતાં જાનનું બલિદાન આપીને પણ જો 'ટિર્પિટ્ઝ'નો નાશ કરી શકાતો હોય તો દેશસેવાનો એવો મોકો જતો કરાય નહિ.

ઉત્તર સ્કોટલેન્ડનો કાંઠો નોર્વે જેવો જ ઊંચી કરાડોનો બનેલો હતો. ભૌગોલિક રીતે પણ આલ્ટાજોર્ડની ખાડી જેવી જ તેની રચના હતી. આ જગ્યા બ્રિટીશ નૌકાદળે રીઅર-એડમિરલ બેરીના નેતૃત્વ હેઠળ ૨૪ યુવાન નાવિકોને તાલીમ આપવા માટે ખાસ પસંદ કરી હતી--અને તાલીમ ખાનગી રહે તે માટે આજુબાજુમાં ચકલુંય ન ફરકે તેવો કર્ફ્યુ ઓર્ડર જાહેર કરી દીધો હતો. બનવાજોગ કે અહીં કાંઠાના પ્રદેશમાં રહેતા કે અવરજવર કરતા નાગરિકોમાં જર્મનીના કેટલાક જાસૂસો પણ હોય અને તેઓ મીની સબમરિનોને જોયા પછી જર્મન નૌકાદળને ચેતવણીનો સંદેશો મોકલી આપે, માટે સૌ નાગરિકોને દૂર જ રાખવા જોઇએ.


સાહસની ગુપ્તતા જાળવવા માટે બ્રિટીશ નૌકાદળે કેટકેટલી તકેદારી લીધી એ પણ જુઓ : 'સબમરિન' શબ્દ તેણે કશે વાપર્યો નહિ. મૌખિક વાયરલેસ સંદેશામાં પણ નહિ અને લેખિત મેસેજમાં પણ નહિ. દરેક ટચૂકડી સબમરિન માટે તેણે 'એક્સ'નો સાંકેતિક અક્ષર પસંદ કર્યો. દુશ્મનના કાને તે અક્ષર પડે તો પણ તેનો ખરો મતલબ કોણ સમજી શકવાનું હતું ? બ્રિટનના જહાજવાડામાં અત્યંત ગુપ્ત રીતે જે પહેલી અને બીજી સબમરિનો બની તેમનું નામ 'એક્સ-૧' તથા 'એક્સ-૨' રાખવામાં આવ્યું હતું. ઇજનેરોએ પોતે જ તેમનું જહાજવાડા પાસેના છીછરા સમુદ્રમાં રાતના સમયે બરાબર ટેસ્ટિંગ કર્યું અને ત્યાર બાદ કેટલાક ફેરફારો સાથે 'એક્સ-૩' તથા 'એક્સ-૪' એમ વધુ બે સબમરિનો તૈયાર કરી. નાવિકોની તાલીમ માટે એ જ બન્નેને ઉત્તર સ્કોટલેન્ડ મોકલી આપી. તાલીમનો કોર્સ બહુ મહત્ત્વનો હતો. બધા નાવિકો મૂળ તો સબમરિનોના ચાલકો ખરા, છતાં 'એક્સ' કહેવાતી મીની સબમરિનો તેમના માટે સાવ જુદી હતી.

જુદી પણ એટલી હદે કે અંદરખાને દરેક સબમરિનનો દેખાવ જોયા પછી નાવિકો પોતે માથું ખંજવાળતા રહી ગયા. મોરાથી પૂંછડી સુધી ખીચોખીચ ઠાંસેલાં યંત્રો સિવાય કશું જ નહિ ! સામાન્ય લડાયક સબમરિનમાં નાવિકોને પગપાળા ચાલવા માટે સાંકડો માર્ગ હોય, અહીં તહીં નિસરણીઓ હોય, બિછાના હોય, જમવા માટે ટેબલ-ખુરશી હોય અને બીજી પણ કેટલીક સગવડો હોય, જ્યારે અહીં તો ટસના મસ ન થવાય એટલી સંકડાશ હતી. કોઇ બટકો નાવિક પણ માંડ ટટ્ટાર ઊભો રહી શકે તેવી એકમાત્ર જગ્યા પેરિસ્કોપ નીચે હતી. બાકી તો આસન જમાવીને બેઠા એટલે બેઠા ! સાહસ પૂરૂં થાય ત્યાં સુધી અને ભેગાભેગ હાડકાંના સાંધા દુખી જાય ત્યાં સુધી એમ જ બેસી રહેવાનું ! કોઇ પણ સબમરિનમાં અમુક યંત્રો અને સરંજામ તો અચૂક હોવાં જોઇએ. એ વગર તેને સાગરપેટાળમાં હંકારી શકાય નહિ. પરિણામે 'એક્સ' સબમરિનનું કદ અત્યંત નાનું રાખ્યા છતાં દરેક જરૂરી સાધનસામગ્રીનો તેમાં સમાવેશ તો કરવો જ પડ્યો હતો. પાણીની ટાંકી, વિદ્યુત મોટર, પમ્પ, ગીયર બોક્સ, પાઇપો વગેરે ચીજો પોતે મીની કદવાળી હતી, તો પણ તેમને ગોઠવ્યા પછી નાવિકો માટે ખાસ કશી જગ્યા રહેતી ન હતી. ઇજનેરોએ જગ્યાનો બચાવ કરવા એટલી હદે નુસ્ખા લડાવેલા કે દરેક 'એક્સ' સબમરિનમાં (જળસપાટી પર હંકારવાના સમયે વપરાતું) ડિઝલ એન્જિન બ્રિટનના પાટનગર લંડન ખાતે દોડતી ડબલડેકર પબ્લિક બસનું હતું !



♦ 'ટિર્પિટ્ઝ' પર કમાન્ડો હુમલા માટે 'એક્સ' પ્રકારની વામન સબમરિન બન્યા પછી તેનું નિરીક્ષણ કરતો બ્રિટિશ નૌકાદળનો નાયબ સેનાપતિ રીઅર-એડમિરલ બેરી

--અને તોય છેવટે થયું એવું કે 'એક્સ' સબમરિન બન્યા પછી તેમાં ટોરપિડો માટે લેશમાત્ર જગ્યા રહેવા ન પામી ! 'ટિર્પિટ્ઝ'ને ફૂંકી દેવા માટે ટોરપિડો ટ્યૂબનો બંદોબસ્ત કરવાનું જરૂરી હતું. આ શસ્ત્ર જો ન વાપરવું હોય તો પછી સબમરિને 'ટિર્પિટ્ઝ'ના તગડા બખ્તરને તોડવા માટે કમ સે કમ બે ટન જેટલો દારૂગોળો સાથે રાખવો જોઇએ. પરંતુ એ દારૂગોળા માટે પણ જગ્યા રહી નહિ ! ઇજનેરોએ છેવટે નક્કી કર્યું કે બોમ્બ જેવો એ દારૂગોળો સબમરિનની બહારના ભાગમાં



બાંધેલો રાખવો ! હુમલો કરવાનો થાય ત્યારે નાવિકોએ મરજીવાના પોશાકમાં સજ્જ થવું, સબમરિનની બહાર નીકળવું અને દારૂગોળો છૂટો પાડીને 'ટિર્પિટ્ઝ'ના તળિયા નીચે ફીટ કરી દેવો!

'એક્સ'ની રચના આમ કઢંગી હતી, પરંતુ સદ્ભાગ્યે તેનું કાર્ય સામાન્ય કદવાળી સબમરિન જેવું જ હતું. હા, એક મુસીબત ખરી. વણઅટક્યો પ્રવાસ ખેડવામાં તેની રેન્જ ફક્ત ૧,૯૦૦ કિલોમીટર હતી, જ્યારે આલ્ટાજોર્ડમાં 'ટિર્પિટ્ઝ' જ્યાં લંગર નાખીને પડેલું એ જગ્યા સ્કોટલેન્ડ કરતાં ખાસ્સી દૂર હતી. આવવા-જવાનો પ્રવાસ ગણો તો કુલ અંતર ૩,૦૦૦ કિલોમીટર હતું ! 'એક્સ' સબમરિન ફક્ત પોતાના એન્જિનબળે તે પૂરેપૂરું અંતર કાપી ન શકે, માટે રીઅર-એડમિરલ બેરીએ નક્કી કર્યું કે નોર્વેના કાંઠા પાસે સુરંગક્ષેત્ર સુધીના પ્રવાસ દરમ્યાન અકેક મોટી સબમરિન દરેક 'એક્સ'ને દોરડા વડે બાંધીને ખેંચી જાય અને ત્યાર બાદ જાતે આગળ વધવા માટે છૂટી મૂકી દે. 'એક્સ'ને ખેંચવામાં આવતી હોય એટલો વખત દરેકના નાવિકો મોટી સબમરિનમાં રહે, જેથી તેમને લાંબા પ્રવાસ દરમ્યાન એટલી તો હાડમારી ઓછી!

'એક્સ-૫'થી શરૂ કરીને 'એક્સ-૧૦' સુધી એ જ સિરિયલ નંબરમાં કુલ છ મીની સબમરિનોને બ્રિટીશ નૌકાદળે હુમલા માટે બરાબર સજ્જ કરી. દરેકમાં ચાર નાવિકો બેઠા, પરંતુ એ નાવિકો કે જેમણે હુમલામાં ભાગ લેવાનો ન હતો. નોર્વેજિયન સમુદ્રમાં પેલું સુરંગક્ષેત્ર આવે ત્યારે મોટી સબમરિનમાં તેમણે પાછા આવતા રહેવાનું હતું અને તેમની જગ્યાએ કમાન્ડો નાવિકો 'એક્સ'માં પ્રવેશી તેનો કબજો સંભાળી લેવાના હતા. કમાન્ડો મિશન પૂરું થયા બાદ ફરી તેમણે એ જ સ્થળે રાહ જોતી મોટી સબમરિનોને મળવાનું હતું. સ્કોટલેન્ડ તરફનો વળતો પ્રવાસ ત્યાર પછી એ જ રીતે મોટી સાથે નાની સબમરિનને બાંધીને ખેડવાનો હતો. નાવિકોએ પણ તે પહેલાં અદલબદલ થવાનું હતું. આ કામ રાત્રિના અંધકારમાં જ પતાવવું રહ્યું, જેથી નોર્વેના સમુદ્રમાં ચોકી ભરતી જર્મન સબમરિનો કે વિમાનો તેમને ન જુએ.

સપ્ટેમ્બર ૧૧, ૧૯૪૩ના રોજ કુલ છ 'એક્સ' સબમરિનો છ મોટા કદની સબમરિનો ભેગી નીકળી પડી. નોર્વેની ઉત્તરે પેલા સ્પિટ્ઝબર્જેન ટાપુનાં મથકો પર 'ટિર્પિટ્ઝ' અને 'સ્કેર્નહોર્સ્ટ'ના જર્મન નૌકાકાફલાએ સપાટો બોલાવતો હુમલો કર્યો એ વાતને ફક્ત બે દિવસ થયા હતા. આથી

તેનો હિસાબ બરાબર રીતે ચૂકતે કરવા માગતા બધા અંગ્રેજ નાવિકો ગુસ્સામાં અને જુસ્સામાં હતા.

અલબત્ત, દરેક 'એક્સ'માં બેઠલા ચાર નાવિકોની અગવડનું તો શું પૂછવું ? તોફાની પવનમાં દોરી સાથે બંધાયેલી પતંગ ગાંડીચૂર થાય તેમ ૯૦ મીટર (૨૯૫ ફીટ) લાંબા નાયલોનના દોરડે બંધાયેલી દરેક 'એક્સ' પાણીમાં ૧૫ મીટર (૫૦ ફીટ) જેટલી ઉપર-નીચે થયા કરતી હતી. આ હાલતમાં અંદરના ચાર નાવિકોને તમ્મર ન ચડે તો જ નવાઈ ! થોડી જ વારમાં સૌનું માથું ભમવા લાગ્યું, છતાં કઠણ મન રાખીને તેઓ પોતાની સાંકળી અને કઢંગી સીટ પર બેસી રહ્યા. ગણીને માંડ ૬ કલાકે તેમને પંદર મિનિટ પૂરતી રાહત મળતી હતી. મીની સબમરિને એ વખતે તાજી હવાનો પુરવઠો લેવા માટે સપાટી પર આવવાનું થતું હતું. બાકી તો છ કલાક દરમ્યાન તેમણે ગજબનો ત્રાસ વેઠવો પડતો હતો. બંધિયાર વાતાવરણમાં પોતાના જ ઉચ્છ્વાસ વચ્ચે તેઓ ગૂંગળાતા હતા. પરસેવો વળવાને લીધે હવામાં ભેજ વધ્યા જ કરતો હતો અને ભેજને કારણે પાછો વધુ પરસેવો વળતો હતો. આ જાતના વાતાવરણમાં વગર કામે પણ થાક લાગે અને નિરાંત જીવે ઊંઘવાનું તો શક્ય જ નહિ. ઊંઘવા માટે એક નાની અમથી પાટલી સિવાય બીજી જગ્યા પણ ક્યાં હતી ? નાવિકો માટે દિવસ અને રાત સરખા હતા. બહારની દુનિયા જોડે તેમને લેશમાત્ર સંપર્ક ન હતો. નાયલોનના દોરડા સાથેના ટેલિફોન વાયર દ્વારા તેઓ ફક્ત પોતપોતાની મોટી સબમરિનનો દર બે કલાકે સંપર્ક કરી શકતા હતા. આ જાતના કષ્ટદાયક પ્રવાસમાં તેમણે પ્રથમ ચાર દિવસો તો માંડ કાઢ્યા.

સિંહ અને સસલા વચ્ચે સરખામણી

	'ટિર્પિટ્ઝ'	'એક્સ' સબમરિન
તરતું મૂકાયાની તારીખ	ફેબ્રુઆરી, ૧૯૩૯	જાન્યુઆરી, ૧૯૪૩
કુલ વજન	૫૨,૬૦૦ ટન	૨૭ ટન
લંબાઇ	૮૨૧ ફીટ અને ૧૦ ઇંચ	૫૧ ફીટ
પહોળાઇ	૧૧૮ ફીટ અને ૧ ઇંચ	૬ ફીટ
ઝડપ	૫૩ કિલોમીટર	૧૦ કિલોમીટર
નાવિકો	૨,૫૩૦	૪

પાંચમે દિવસે સબમરિનોના કાફલાને બ્રિટીશ નૌકાદળનો વાયરલેસ સંદેશો મળ્યો કે, 'સ્પિટફાયર પ્રકારનાં આપણાં વિમાનોએ આલ્ટાજોર્ડની ખાડીના હમણાં જ આકાશી ફોટા લીધા છે, જેમાં ત્રણેય મોટાં યુદ્ધજહાજો સ્પષ્ટ નજરે ચડે છે. લંગર નાખીને તેઓ પડ્યાં રહ્યાં છે--અને હમણાં તરત પ્રવાસે નીકળે એમ લાગતું નથી. હવે શક્ય હોય તો ત્રણેય પર હુમલો કરજો!'



દોરડા વડે ખેંચાતી મીની સબમરિનો જાણે રોલરકોસ્ટર પર સવારી કરતી હોય તેમ ૧૫ મીટર જેટલી ઉપર-નીચે થયા કરતી હતી.

આ ત્રણ યુદ્ધજહાજો એટલે 'સ્કેર્નહોર્સ્ટ', 'લુટ્ઝોવ' અને 'ટિર્પિટ્ઝ'! કદમાં પહેલો નંબર 'ટિર્પિટ્ઝ'નો ખરો, પરંતુ બીજાં બે યુદ્ધજહાજો પણ નાનાંસૂનાં ન હતાં. કદમાં ત્રીજે નંબરે આવતું 'લુટ્ઝોવ' પણ ૬૦૯ ફીટ લાંબું અને ૧૧,૭૦૦ ટનનું હતું. હિટલરના નૌકાદળે તેને નાની-મોટી કુલ ૨૮ તોપો વડે સજ્જ કર્યું હતું.


સબમરિનોના અંગ્રેજ નૌકાકાફલામાં આનંદનું મોજું ફરી વળ્યું. આ તો ખરા અર્થમાં ગૂડ ન્યૂઝ, કેમ કે એક જ હુમલામાં તથા એક જ ઠેકાણે ત્રણ શિકાર સામટા કરી શકાય તેમ હતા. આક્રમણનો પ્લાન તરત બદલવામાં આવ્યો. હવે એમ નક્કી થયું કે 'એક્સ-૫', 'એક્સ-૬' તથા 'એક્સ-૭' સબમરિનો પ્રચંડ તોતિંગ એવા 'ટિર્પિટ્ઝ' પર હલ્લો બોલાવે, જ્યારે એ જ વખતે 'એક્સ-૮' સબમરિન 'લુટ્ઝોવ'ને તથા 'એક્સ-૯' તેમજ 'એક્સ-૧૦' સબમરિનો 'સ્કેર્નહાર્સ્ટ'ને પોતાના બે ટન દારૂગોળા વડે ફૂંકી દે. આ કામનો બેડો સાચે જ પાર થાય તો નોર્વેજિયન સમુદ્રમાં આવ-જા કરતાં બ્રિટીશ માલવાહક જહાજો માટે જર્મન નૌકાદળનો ખતરો નાબૂદ!

જો કે બેડો પાર થાય એ પહેલાં આફત પર આફત વારાફરતી ટપકી પડવા લાગી. પ્રથમ વારો 'એક્સ-૮' સબમરિનનો આવ્યો, જેનાં યંત્રો ખોટકાયાં અને લાખ પ્રયાસો કરવા છતાં કશું વળ્યું નહિ. નાવિકોએ તેનો દારૂગોળો છૂટો પાડીને સમુદ્રના તળિયે મોકલી દેવો પડ્યો. એ પછી તેમણે પોતે 'એક્સ-૮'નો ત્યાગ કરી તેને પણ સમુદ્રમાં ડૂબાડી દીધી. આ સબમરિને આલ્ટાજોર્ડમાં લાંગરેલા જર્મન યુદ્ધજહાજ 'લુટ્ઝોવ'નો શિકાર કરવાનો હતો--અને તે કામ હંમેશ માટે બાજુ પર રહ્યું.

સપ્ટેમ્બર ૧૬, ૧૯૪૩ના રોજ વળી બીજી ન બનવાની ઘટના બની. કોને ખબર કેમ, પણ 'એક્સ-૯' સબમરિનનું દોરડું અચાનક તૂટી ગયું. નસીબ વાંકુ હોય ત્યારે કેવા ભૂંડા મોતનો ભેટો થાય એ પણ જુઓ : નાયલોનના દોરડા વડે ખેંચાતી બધી મીની સબમરિનો જાણે રોલરકોસ્ટર પર સવારી કરતી હોય તેમ ૧૫ મીટર જેટલી ઉપર-નીચે થયા કરતી હતી. આ ડિસ્કો ડાન્સને કાબૂમાં રાખવા માટે દરેક મીની સબમરિનની આગલી ટાંકીમાં છલોછલ પાણી ભરી દેવાયું હતું. આને લીધે મોરો સતત નમેલો રહેતો હતો, એટલે સબમરિન ક્યારેય માથું ઊંચકતી ન હતી. 'એક્સ-૯'નું દોરડું એ જ હાલતમાં તૂટી ગયું! પરિણામે છૂટી પડેલી એ સબમરિને પરબારી સાગરપેટાળ તરફ ડૂબકી મારી ! છેવટે તેનું શું થયું એ પણ કોને ખબર, છતાં ચોખ્ખી જ વાત કે નાવિકો સહિત તે ઊંડા સમુદ્રમાં ગરક થતી સરવાળે જળસમાધિ પામી! અને કાફલાને તેનો પત્તો સુદ્ધાં ન લાગ્યો ! આ સબમરિનનું કામ પેલા 'સ્કેર્નહોર્સ્ટ'નો ખાત્મો કરવાનું હતું, પણ તેને બદલે પોતે જ ખતમ થઇ !

હુમલાખોર કાફલામાં એ પછી માત્ર 'એક્સ-૫', 'એક્સ-૬', 'એક્સ-૭' તથા 'એક્સ-૧૦' બાકી રહી. છેવટે તો એટલી પણ નહિ, કેમ કે સુરંગક્ષેત્ર લગી પહોંચાય એ પહેલાં 'એક્સ-૧૦'નાં યંત્રો ખોટકાયાં અને તેને સાહસમાં પડતી મૂકવાનો વારો આવ્યો. 'એક્સ-૧૦' માટે નક્કી થયેલું નિશાન પણ 'સ્કેર્નહોર્સ્ટ' હતું, માટે એ જર્મન યુદ્ધજહાજ આપોઆપ જીવતદાન પામ્યું. હવે તો કમાન્ડો ટુકડીમાં ફક્ત 'ટિર્પિટ્ઝ'નો નાશ કરવા માગતી 'એક્સ-૫', 'એક્સ-૬' તથા 'એક્સ-૭' એમ ત્રણ મીની સબમરિનો હેમખેમ રહી હતી.

વાંધો નહિ ! જે થયું તે ખરૂં, પરંતુ આટલી મજલ કાપ્યા બાદ પાછીપાની કરી શકાય નહિ. બાકીની ત્રણ સબમરિનોએ 'ટિર્પિટ્ઝ' પર જીવસટોસટનું આક્રમણ કરવું જ રહ્યું. 'બિસ્માર્ક'ના જોડકા યુદ્ધજહાજને ડૂબાડવામાં સફળતા મળે તો એ પણ નાનીસૂની વાત ન હતી. આ યુદ્ધજહાજ માટે બહુ મગરૂર એવા જર્મનોને એટલું ભાન જરૂર થાય કે અંગ્રેજ બહાદુરો પણ ગાંજ્યા જાય તેવા ન હતા. ભલું હોય તો એ જર્મનો ત્યાર પછી નોર્વેજિયન સમુદ્રમાં બ્રિટીશ માલવાહક જહાજો પર આડેધડ હુમલા કરે પણ નહિ.



◆

સપ્ટેમ્બર ૧૮, ૧૯૪૩નો દિવસ.

દિવસ આથમ્યા પછી રાતનો અંધકાર ઘેરાયો ત્યારે મોટી તથા મીની સબમરિનોના નાવિકો પરસ્પર ટ્રાન્સફર થયા. મધદરિયે જર્મન નૌકાદળે બિછાવેલી હજારો સુરંગોનો વિસ્તાર સહેજ આગળ જતા શરૂ થતો હતો, એટલે મોટી સબમરિનો માટે ત્યાર પછી નાકાબંધી હતી. આથી તેમણે સુરંગક્ષેત્રના આરંભ પહેલાં જ પ્રવાસ અટકાવવો રહ્યો. સૌ પ્રથમ 'એક્સ-૬'ના નાવિકો અદલબદલ થયા. સ્કોટલેન્ડથી એ ટચૂકડા કદની સબમરિનને 'હંકારતા' આવેલા બદલી કામદારો જેવા નાવિકો રબ્બરની હોડીમાં બેસીને મોટી સબમરિનમાં ગયા અને કમાન્ડો સૈનિકો જેવા ચાર નાવિકોએ પોતાની 'એક્સ-૬' સબમરિનનો ચાર્જ સંભાળી લીધો,

નાવિકો એટલે ઠંડે કલેજે શહીદ બનવા નીકળેલા એકદમ યુવાન વયના બહાદુરો! ઉદાહરણ તરીકે 'એક્સ-૬'નો કપ્તાન ડોનાલ્ડ કેમેરોન માંડ ૨૭ વર્ષનો હતો ! અને તેના હાથ નીચે ડ્યૂટી બજાવનાર રીચાર્ડ કેન્ડેલ નામના મરજીવાની વય તો ફક્ત ૧૯ વર્ષ હતી !

◆ સુરંગને પગ વડે દૂર હડસેલવામાં કેપ્ટન પ્લેસે જાનનું જોખમ ખેડ્યું !

'એક્સ-૬'ની બહાર નીકળી 'ટિર્પિટ્ઝ'ના તળિયે બે ટન દારૂગોળો તેણે ફીટ કરવાનો હતો. સબમરિનની બહાર જવાનો માર્ગ અત્યંત સાંકડો હોવાને લીધે જ બ્રિટીશ નૌકાદળે એ કામ માટે સુકલકડી અને બટકા કદના રીચાર્ડ કેન્ડેલને પસંદ કર્યો હતો. રીઅર-એડમિરલ બેરીએ તેને સતત છ કલાક સુધી પાણીમાં ડૂબેલા રહેવા માટે તાલીમ આપી હતી, કારણ કે 'ટિર્પિટ્ઝ'ને ફરતી લોખંડી જાળી કાપવાનું પરાક્રમ તેણે જ એકલેહાથે કરી દેખાડવાનું હતું. 'એક્સ-૬'ના કેપ્ટન ડોનાલ્ડ કેમેરોનનો બીજો નાવિક એડમન્ડ ગોડાર્ડ ફક્ત ૨૨ વર્ષનો હતો. સબમરિનનાં યંત્રોને તેણે વ્યવસ્થિત ચાલુ રાખવાનાં હતાં. આ માટે ક્યારેક પાછલા એન્જિન તરફ જવાનું થાય તો ગોડાર્ડે માંડ બે ફીટની સાંકળી જગ્યામાં પેટે સરકીને આગળ વધવું પડે અને ત્યાર પછી રીપેરીંગ કરતી વખતે જેના પર લેટી રહેવું પડે એ ફ્યુલ ટેન્ક તો ફક્ત એક ફૂટ પહોળી હતી! મીની સબમરિનમાં મોકળાશ શેની ? કેપ્ટન ડોનાલ્ડ કેમેરોનના ૨૦ વર્ષના નાયબ કપ્તાન જ્હોન લોરીમરે પણ 'એક્સ-૬'ના કન્ટ્રોલ્સ સંભાળતી વખતે લગીરે ચસક્યા વગર એક ઠેકાણે બેસી રહેવાનું હતું, કેમ કે ચસકવા માટે જગ્યા જ ન હતી. 'એક્સ-૬'માં તે ચારેય નાવિકોનું સ્થાન બતાવતો ઉપલો ડાયાગ્રામ જુઓ.

'એક્સ-૬' પછી 'એક્સ-૭'નું દોરડું છોડાય તે પહેલાં સૌના જીવ તાળવે ચોંટાડી દેતો અકસ્માત બન્યો--અથવા તો જરાક માટે બનતો રહી ગયો. પવન ભેગી તણાતી એક જર્મન સુરંગ 'એક્સ-૭' સાથે જોડાયેલી મોટી સબમરિન તરફ આવવા લાગી. સુરંગને લોખંડી કાંટા જેવા અણીદાર ફ્યૂઝ હતા. એકાદ કાંટો પણ જો સબમરિનના પડખા સાથે ટકરાય તો આપોઆપ દબાતી સ્પ્રિંગને લીધે થતો જબરજસ્ત ધડાકો તે સબમરિનના ફૂરચા કાઢી નાખે ! સુરંગ નજીક આવતી જ રહી, પણ સદ્ભાગ્યે ટક્કર પહેલાં સબમરિન જરાક માટે આગળ નીકળી ગઇ ! અને વળી દુર્ભાગ્યે એક સબમરિનનો બચાવ થયો ત્યાં વળી બીજીનો મરો થવાનો હતો, કારણ કે દોરડે બંધાયેલી 'એક્સ-૭' બિલકુલ પાછળ જ ખેંચાતી આવી રહી હતી. હવે તેનો વારો ! આ મગતરીના તો એવા ફૂરચા નીકળે કે ધડાકા પછી તેનો ભંગાર પણ ચારેબાજુ ફેંકાતો નજરે ચડે નહિ !

કમાન્ડો મિશનમાં વધુ એક સબમરિનનો ખાત્મો થવાનો કે શું ? ખરેખર એવું જ બન્યું હોત, પણ 'એક્સ-૭'ના પ્રવેશદ્વાર વાટે ડોકું કાઢીને ઊભેલો તેનો કપ્તાન ગોડફ્રે પ્લેસ ભારે બહાદુર નીકળ્યો. સ્ફૂર્તિપૂર્વક તે બહાર આવ્યો, સબમરિનનો આગલા તૂતક પર ગયો અને જમણો પગ સુરંગ તરફ લંબાવી તેને દૂર હડસેલી મૂકી ! આગળની મોટી સબમરિનના

નાવિકો તૂતક પર રહીને અદ્ધર જીવે તે દ્રશ્ય જોતા હતા. સુરંગ ગમે ત્યારે ફાટે એવી બીક તેમના મનમાં હતી. બીક નહિ, લગભગ ખાતરી જ હતી. ઉછળતા સમુદ્રમાં, તોફાની પવનમાં અને ફક્ત એક પગે માંડ સમતુલા જળવાય એવી હાલકડોલક સ્થિતિમાં કેપ્ટન ગોડફ્રે પ્લેસ જરાક અમથી ગફલત પણ જો કરી બેસે તો સુરંગના કાંટાની સ્પ્રિંગ પર તેનો જમણો પગ સહેજ દબાય એટલે ધડાકો! આ કેપ્ટન તેનું બેલેન્સ ગુમાવીને રખે ગબડે તોય કદાચ પરબારો સુરંગના હવાલે ! છેવટે જો કે યમદૂત સુરંગને દૂર ધકેલી મૂકવામાં તે સફળ થયો અને દિલધડક એવું તે દ્રશ્ય જોતા આગળની મોટી સબમરિનના નાવિકોએ હર્ષનાદો કર્યા.



સપ્ટેમ્બર ૨૦, ૧૯૪૩નો દિવસ--અને સમય મોડી સાંજનો.


ઉત્તર ગોળાર્ધમાં ખૂબ ઉત્તરે સાંજ પણ ખરૂં જોતાં રાત હતી. નક્કી થયેલી યોજના મુજબ કાફલો હવે જરાક વાર માટે અટક્યો. દરેક નાની સબમરિનનું નાયલોન દોરડું છોડી નાખવામાં આવ્યું.

કમાન્ડો મિશન શરૂ ! વળાવિયા સબમરિનોના નાવિકોએ ટચૂકડી સબમરિનોના ૧૨ સાહસિક નાવિકોને જુસ્સો આપતાં સૂત્રો પોકાર્યા અને પછી ભારે હૈયે વિદાય આપી. આ સાહસિકો હેમખેમ જીવતા પાછા ફરી શકે એવો લગીરે ચાન્સ ન હતો, માટે સૌ કદાચ છેલ્લી વખત જ છૂટા પડી રહ્યા હતા.

સાહસિકોના મન પર એ વખતે શું વીતતું હોય તેની તો આપણે કલ્પના સુદ્ધાં ન કરી શકીએ. હવે તેમણે રીતસર મોતના જડબામાં હંકારી જવાનું હતું. મિશન સફળ થાય કે ન થાય, પણ તેમણે શહીદ બનવાનું થાય એ તો લગભગ નક્કી હતું. જર્મનોની મજબૂત કિલ્લેબંધી વચ્ચે આમેય બાર સાહસિકો શું કરી શકવાના હતા ? એક પછી એક કરીને માર્ગમાં તેમના માટે અનેક જોખમો પડ્યાં હોય ત્યારે નસીબ પણ ક્યાં સુધી તેમને સાથ આપે ?

આમ છતાં મરવાનો ડર તજીને બારેય જણા પોતાની ત્રણ સબમરિનોમાં દુશ્મન હકૂમતના દરિયા તરફ આગળ વધ્યા. સુરંગોના ખતરનાક ક્ષેત્રમાં સબમરિનોને તેમણે રાતભર જળસપાટી પર જ હંકારવાનું નક્કી કર્યું હતું, કેમ કે આલ્ટાજોર્ડ ખાડીમાં પ્રવેશ્યા બાદ સપાટી નીચે ગુપચુપ એકધારો લાંબો પ્રવાસ ખેડવાનો થાય એ પહેલાં દરેક સબમરિને પોતાની બેટરીનું ચાર્જીંગ કરી લેવાનું હતું. કોઇ પણ સબમરિન ડૂબકી મારી જાય ત્યારે ડિઝલ એન્જિન બંધ કરીને ફક્ત વિદ્યુત મોટર વડે પ્રોપેલર ફેરવાવું જોઇએ. છૂટકો જ નહિ. ડિઝલ એન્જિનમાં બળતણના દહન માટે ઑક્સિજન વાપરવાનો થાય અને ડૂબકી મારી ગયેલી સબમરિનમાં પ્રાણવાયુના રેશનિંગ વચ્ચે એન્જિનને તેનો પુરવઠો આપી દેવાનું પોસાય કેમ ? પરિણામે ખાડીમાં દરેક સબમરિનનું (પેલી ડબલ-ડેકર બસવાળું) ૪૦ હોર્સપાવરનું ડિઝલ એન્જિન બંધ કરી દેવું જરૂરી હતું. વિદ્યુત મોટર ત્યાર બાદ ફક્ત બેટરીના જોરે પ્રોપેલરને ફેરવે, એટલે બેટરીમાં જોર હોય ત્યાં સુધી પ્રવાસ આગળ ચાલે. સાહસિકો એટલે જ બેટરીને શક્ય એટલા વધુ પ્રમાણમાં ચાર્જ કરી લેવા માગતા હતા.

દરેક જણનું હૃદય જોરશોરમાં ધબકતું હતું. એક તો સૂમસામ રાતનો સમય અને તેમાં વળી સૌને ખબર કે તેઓ હજારો સુરંગો વચ્ચે તદન આધળુંકિયાં કરીને હંકારી રહ્યા હતા. કઇ સુરંગ ક્યારે અને કઇ સબમરિન જોડે ભટકાય તેનો શો ભરોસો ? રાત જો કે અજવાળી હતી. આકાશમાં મોટો ચંદ્ર પ્રકાશતો હતો, એટલે બિલકુલ આગળ તરફ દૂર સુધી જળસપાટી બરાબર દેખાતી હતી. 'એક્સ-૬'ના કપ્તાન ડોનાલ્ડ કેમેરોનને ધરપત વળી કે ચાલો, મિશનના આરંભે તો નસીબે યારી આપી ! તૂતક પરના આગલા પ્રવેશદ્વાર વાટે ફક્ત માથું બહાર કાઢીને તે સામેના ચળકતા સમુદ્રને આંખો ખેંચી ખેંચીને જોતો હતો. રખે માર્ગમાં ક્યાંક જીવલેણ સુરંગ રાહ જોતી પડી હોય અને ટચૂકડી 'એક્સ-૬'ને મોતની સજા ફરમાવી દે ! આગળથી સમુદ્રનાં ઠંડાગાર મોજાં



ગળાડૂબ સબમરિનના તૂતક પર ચડી આવતાં હતાં અને કપ્તાન ડોનાલ્ડ કેમેરોનને જોરદાર વાછટો મારી પાછલા તૂતક તરફ સરકાવી જતાં હતાં. આ જાતનો અનુભવ રજાના દહાડે સાગરસહેલ કરતી વખતે કેટલો રોમાંચક અને મનોરંજક લાગે ! પરંતુ અહીં સુરંગના ક્ષેત્રમાં આનંદ કેવો? ત્રણયે સબમરિનોના યુવાન કપ્તાનો ભારે ટેન્શનમાં હતા.

સમય વીતતો ગયો. મધરાત પછી થોડી ઘણી હિમવર્ષા થવા લાગી. સામેથી વાતો પવન અચાનક કાતિલ ઠંડો બન્યો. અલબત્ત, કપ્તાનોએ સુરંગો પર નજર રાખવા માટે પોતપોતાના ડોકા પણ બહાર રાખ્યા વગર આરો ન હતો. બીજા દોઢેક કલાક પછી 'એક્સ-૬'ના કેમેરોને અનાયાસે જ દૂર ક્ષિતિજ તરફ દૂરબીન વડે જોયું તો ચાંદની રાતમાં કેટલાંક સફેદ ધાબાં દેખાયાં ! પહેલાં તેણે એ ધાબાંને આકાશી વાદળો ધારી લીધાં, પણ ફરીવાર જોતાં ખ્યાલ આવ્યો કે એ તો હિમમાં ઢંકાયેલી કરાડો હતી !



◆ બ્રિટિશ સબમરિન 'એક્સ-૬'નો સાહસિક કપ્તાન ડોનાલ્ડ કેમેરોન ફક્ત ૨૭ વર્ષનો હતો !

આ જંગી કરાડો એ જ નોર્વેની આલ્ટાજોર્ડ ખાડીનું મુખ ! ના, ખાડીનું મુખ નહિ, પણ મોતનું ખૂલ્લું જડબું ! કેપ્ટન ડોનાલ્ડ કેમેરોન એકદમ સચેત અને સાબદો બન્યો. હવે તેની અને તેના સાથીદારોની અગ્નિપરિક્ષાનો સમય આવી પહોંચ્યો હતો. 'એક્સ-૬'માં તેણે જ્હૉન લોરીમર, રીચાર્ડ કેન્ડેલ તથા એડમન્ડ ગોડાર્ડ એમ ત્રણ સાથીદારોને તરત સાવધાન કર્યા : 'નોર્વેનો કાંઠો દેખાય છે. આપણે સુરંગક્ષેત્રને ઓળંગી ગયા છીએ. થોડીવારમાં ડૂબકી મારવા તૈયાર રહેજો !'

ચાંદની રાત લગભગ વીતી ગઇ. પરોઢનું અજવાળું જેવું ફેલાવું શરૂ થયું કે તરત ત્રણ સબમરિનોએ વારાફરતી ડૂબકી મારી. સૌથી મોખરે 'એક્સ-૬' હતી. એ પછી 'એક્સ-૫' અને ત્યાર બાદ 'એક્સ-૭' હતી. આલ્ટાજોર્ડની ખાડીનું મુખ આમ તો ફક્ત ૧.૫ કિલોમીટર પહોળું, છતાં 'ટિર્પિટ્ઝ'ના મુકામ સુધી એ ખાડી ૨૪ કિલોમીટર જેટલી લાંબી હતી. તાત્પર્ય એ કે શિકારને આંબી લેવા માટે સબમરિનોએ સજ્જડ પહેરા વચ્ચે હજી લાંબો પ્રવાસ ખેડવાનો હતો--અને તે પછીયે ૫૨,૬૦૦ ટનનું 'ટિર્પિટ્ઝ' તો તારના પાંજરામાં એકદમ સલામત પડ્યું હતું. આ પાંજરા સુધી પહોંચવાનું તો ઠીક, ખાડીના મુખમાંય દાખલ થવું કપરૂં હતું ! દોઢ કિલોમીટર પહોળા મુખના બન્ને કાંઠે જર્મન નૌકાદળે કરાડોના ખાંચામાં ટોરપિડો ટ્યૂબ અને તોપો ગોઠવી હતી. પેટ્રોલ બોટનો એકસરખો પહેરો ચાલુ હતો. જળસપાટી નીચે ક્યાંક જર્મન સબમરિન પણ ઘૂસણખોરોને શોધવા રાઉન્ડ માસ્તી હોય તો કહેવાય નહિ !


આમ છતાં નસીબ પાધરૂં કે 'એક્સ-૬'ની પાછળ 'એક્સ-૫' અને 'એક્સ-૭' પણ ખાડીના મુખમાં દુશ્મનની નજરે ચડ્યા વગર ઘૂસી ગઇ. આગળના પાને નકશામાં બતાવ્યા મુજબ હવે તેમની ડાબી તરફ જેર્નોય ટાપુ હતો અને જમણી બાજુ નોર્વેની મુખ્ય ભૂમિ હતી. બેઉ કાંઠે જર્મન પહેરો હોય અને નાઝી એરોપ્લેન પણ આકાશમાં પેટ્રોલિંગ કરી રહ્યાં હોય ત્યારે ભૂલેચૂકેય જળસપાટી પર ન અવાય તેમ પેરિસ્કૉપ સુદ્ધાં બહાર કાઢી શકાય નહિ. વિમાનના પાયલટોની નજર ખાડીના સ્વચ્છ પાણીમાં ક્યાંય ઊંડે સુધી પહોંચી શકે તેમ હતી, માટે સબમરિનો ડાબી તરફ જેર્નોય ટાપુના કાંઠાની લગભગ અડોઅડ રહીને આગળ વધી. ઊંચી કરાડોને લીધે પૂર્વ દિશાના સૂર્યનું અજવાળું ત્યાં પહોંચતું ન હતું.

આ રીતે દિવસભર પ્રવાસ ચાલ્યો. સપ્ટેમ્બર ૨૧, ૧૯૪૩ની એ તારીખ હતી. સબમરિનો મોડી સાંજે ખાડીના બ્રેટહોલ્મ ટાપુઓ સુધી પહોંચી. સબમરિનોની બેટરી સહેજ ડાઉન થવા માંડી હતી. નાવિકો પણ વાસી હવામાં ગૂંગળામણ અનુભવતા હતા. બ્રેટહોલ્મના મુખ્ય ટાપુ પાસે જ રાત ગુજારવાનું નક્કી થયું. બહાર નીકળતા પહેલાં સબ સલામતની ખાતરી કરવા માટે સૌ પ્રથમ કપ્તાન કેમેરોને પેરિસ્કૉપ બહાર કાઢ્યું. જોયું તો ચોતરફ અંધકાર સિવાય કશું નહિ. 'ઑલ ક્લિયર.' તેણે બહુ ધીમા અવાજે પોતાના ત્રણ સાથીદારોને હુકમ આપ્યો. 'ટાંકીઓ ખાલી કરો.'

ટાંકીઓમાં રહેલું પાણી નીકળી જતાં 'એક્સ-૬' પોતે જળસપાટીને ચીરતી બહાર નીકળી. આગલો દરવાજો ખોલીને કેમેરોન બહાર આવ્યો. હાશ ! કેટલા વખતે તેનાં રૂંધાતાં ફેફસાંને તાજી હવા મળી ! અંધારામાં કશું દેખાતું ન હતું. હિમની વરસતી અને ત્યાર બાદ સમુદ્ર પર તર્યા કરતી પાંખડીઓ જ થોડી ઘણી નજરે ચડતી હતી.

--અને ત્યાં તો ડાબી તરફ માંડ ૩૦ મીટર છેટે જર્મન

◆ બ્રિટનની 'એક્સ' સબમરિનના ટચૂકડા કદનો ખ્યાલ આપતું ચિત્ર




છાવણીની ચોકીનો દરવાજો ખૂલ્યો અને સર્ચલાઇટનો પાવરફુલ શેરડો જળસપાટી પર ફરવા લાગ્યો. એક જર્મન સૈનિક બીજા સૈનિકને પૂછી રહ્યો હતો : 'તને કશોક અવાજ સંભળાયો ?'

'સંભળાયો, પરંતુ એ તો પાણીની છાલકોનો જ હશે.' બીજાએ જવાબ દીધો.

મીની અને મગતરી 'એક્સ' સબમરિન ! બન્ને વચ્ચેના મુકાબલામાં કમાન્ડો નાવિકોનો છેવટે તો મરો થાય એ નક્કી જ વાત હતી.

બ્રેટહોલ્મના મુખ્ય ટાપુની આડાશે જ 'એક્સ-૫' તથા 'એક્સ-૭'ના કપ્તાનોએ પણ રાતવાસા માટે અનુકૂળ ખાંચા શોધીને પડાવ નાખી દીધો. નાવિકોએ છેલ્લી વાર યંત્રોનું ચેકિંગ શરૂ કર્યું. ડિઝલ



◆ આલ્ટાજોર્ડના બારામાં લંગર નાખીને પડેલું 'ટિર્પિટ્ઝ' પોતે તો બખ્તર બંધ હતું, પણ જર્મનોએ તેની ફરતે લટકતી રાખેલી ઍન્ટિ-ટોરપિડો જાળી એટલી જ મજબૂત

આ તરફ 'એક્સ-૬'ના તૂતક પર તાજી હવા માણવા આવેલો કેપ્ટન ડોનાલ્ડ કેમેરોન તો સજ્જડબંબ ! કાપો તો લોહી નીકળે નહિ ! જર્મન સૈનિકો ફક્ત ૩૦ મીટર છેટે હતા, જેનો મતલબ એ કે સબમરિન ખોટે ઠેકાણે બહાર નીકળી હતી. કેમેરોન સહેજ પણ હીલચાલ કરે તો પોલ ખૂલી સમજો, કેમ કે શાંત વાતાવરણમાં તેના પગરવનોય અવાજ સૈનિકોના કાને તરત પહોંચે !

સર્ચલાઇટ થોડીવારમાં બંધ થઇ, પરંતુ જર્મન સૈનિકો ચોકીની બહાર જ ખૂલ્લી જગ્યામાં બેસીને વાતે વળગ્યા. સબમરિનના તૂતક પર અંધકાર વચ્ચે કેમેરોન આમનો તેમ થયા વગર સ્ટેચ્યુ જેવો ઊભો રહ્યો. ચારેબાજુ ભલે ગાઢ અંધકાર છવાયેલો હોય, છતાં ત્રીસેક મીટર જેટલા નજીવા અંતરે જ જળસપાટી પર તરી રહેલી ૫૧ ફીટ લાંબી સબમરિન અને તેના તૂતક પર ઊભી રહેલી વ્યક્તિ પેલા સૈનિકોને તદ્દન ન દેખાય એવું તો ન જ બને! જો કે સારા નસીબે સૈનિકોનું ધ્યાન હવે ખાડી તરફ ન હતું. થોડી વારે તેઓ પાછા ચોકીમાં જતા રહ્યા અને દરવાજો બંધ કરી દીધો. કેમેરોનના જીવમાં જીવ આવ્યો. જરાક માટે કમાન્ડો મિશનનો ફિયાસ્કો થતો રહી ગયો. આ કપ્તાન ઝટપટ સબમરિનમાં પાછો ફર્યો અને બ્રેટહોલ્મ ટાપુના જરા ખાંચાવાળા કો'ક બીજા ખડકની ઓથે ઓવરનાઇટ પાર્કિંગ કરવા માટે સબમરિનને ધીમા વેગે હંકારી મૂકી.



'એક્સ-૬'ના તૂતક પર તાજી હવા માણવા આવેલો કેપ્ટન ડોનાલ્ડ કેમેરોન તો એકદમ સજ્જડબંબ ! કાપો તો લોહી નીકળે નહિ !

ઊંચી કરાડના પોલાણ જેવા ખાંચામાં કુદરતના ખોળે આમ રાતવાસો કરવો એ ખરૂં જોતાં તો જીવનનો લહાવો ગણાય, પરંતુ અત્યારે શાંત રાત્રિ પણ કેટલી ભયાનક જણાતી હતી ! સાહસિકો માટે એ કતલની રાત હતી. જીવનની પણ કદાચ છેલ્લી જ રાત, કેમ કે સૂર્યોદય પછી હુમલો શરૂ કરવાનો હતો અને હુમલા દરમ્યાન જાનની સલામતી ન હતી. ક્યાં ૫૨,૬૦૦ ટનનું 'ટિર્પિટ્ઝ' અને ક્યાં ફક્ત ૨૭ ટનની

એન્જિન બહુ ધીમા વેગે ચાલુ રાખીને બેટરી વધારે ચાર્જ થવા દીધી. દરેક મરજીવાએ તેના પોશાક અને દારૂગોળાના ફ્યૂઝ તપાસી લીધા.


◆

પ્હો ફાટ્યો. તારીખ : સપ્ટેમ્બર ૨૨, ૧૯૪૩. આ દિવસ નૌકાયુદ્ધોની લાંબી તવારીખમાં સોનેરી અક્ષરે લખાવાનો હતો.

ડૂબકી મારીને ત્રણેય સબમરિનો 'ટિર્પિટ્ઝ'ના અડ્ડા તરફ આગળ વધી. બપોરે એકાદ વાગ્યાનો સમય થયો ત્યારે મુકામ આવી પહોંચ્યો એમ ધારી 'એક્સ-૭'ના કપ્તાન ગોડફ્રે પ્લેસે તેની સબમરિનનું પેરિસ્કૉપ થોડીક સેકન્ડો પૂરતું બહાર કાઢ્યું. સામેનું દ્રશ્ય જોતાં જ તેના શરીરમાં ગજબનો રોમાંચ તથા આનંદ ફરી વળ્યો. હિટલરનું માનીતું અને 'બિસ્માર્ક'નું જોડકું યુદ્ધજહાજ 'ટિર્પિટ્ઝ' તેની નજર સામે હતું. અત્યંત નજીક છતાં અત્યંત દૂર, કેમ કે એન્ટિ-ટોરપિડો તથા એન્ટિ-સબમરિન જાળી વચ્ચે તે સુરક્ષિત પડ્યું હતું. શિકાર અને શિકારી વચ્ચે જાણે કે ચીનની મહાન દીવાલ હતી ! આ દીવાલને પાર કરી શકાય ખરી ?

દિવસ સપ્ટેમ્બર ૨૨, ૧૯૪૩નો અને સમય બરાબર ૧:૪૫નો. આ સમય ખરૂં જોતાં બપોર પછીનો ગણાય, પરંતુ આર્કટિકના પ્રદેશમાં એ વખતે હજી તો પરોઢનું ઝાંખું અજવાળું ફેલાતું હતું. ઉત્તર ધ્રુવ નજીક આવેલા નોર્વેમાં શિયાળાના દિવસો અત્યંત ટૂંકા હોય, માટે સવાર પણ ત્યાં છેક બપોરે પડતી હતી. એ પછી સૂર્યને આથમી જવામાં પણ માંડ થોડા કલાકો લાગે. ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાય તેવા જીવસટોસટના અજોડ સાહસનો ખેલ એ જ વખતે શરૂ થયો. હિટલરના ૫૨,૬૦૦ ટનના તોતિંગ યુદ્ધજહાજ 'ટિર્પિટ્ઝ'ને તેના જ બારામાં સમુદ્રના તળિયે પહોંચાડી દેવા માટે ફક્ત ૨૭ ટનની ત્રણ ટચૂકડી સબમરિનોના બાર સાહસિકોએ છેલ્લી તૈયારી શરૂ કરી !

આલ્ટાજોર્ડમાં 'ટિર્પિટ્ઝ'નો અડ્ડો



શહીદ થવા જ નીકળેલા બાર જણાનું કમાન્ડો મિશન સફળ થવાનો ચાન્સ લગભગ ઝીરો ગણો તો પણ ચાલે. ક્યાં મહાકાય 'ટિર્પિટ્ઝ' અને ક્યાં પોલાદના એ તરતા ગઢનો ખાત્મો બોલાવવા માટે ટોરપિડો પણ ન છોડી શકતી વામન સબમરિનો ! શિકાર અને શિકારીઓ વચ્ચે પાછી મજબૂત જાળીરૂપી દીવાલ હતી. સૌ પ્રથમ તો જાડા તાર કાપીને એ દીવાલમાં ગાબડું પાડવાનું, પછી અકેક કરીને ત્રણ સબમરિનોએ ખૂબ સંભાળપૂર્વક આરપાર નીકળવાનું, ત્યાર બાદ લંગર નાખીને પેલા 'ટિર્પિટ્ઝ' સુધી ગુપચુપ પહોંચવાનું, દરેક મીની સબમરિનના મરજીવાએ બે ટન દારૂગોળો 'ટિર્પિટ્ઝ'ના પડખા સાથે ફીટ કરી દેવાનો, ટાઇમિંગનું ફ્યૂઝ બરાબર સેટ કરવાનું અને પછી ધડાકો થાય એ પહેલાં આલ્ટાજોર્ડની ૨૪ કિલોમીટર લાંબી ખાડીમાં ઝડપભેર હંકારીને ખૂલ્લા સમુદ્રમાં જતા રહેવાનું ! અને દરમ્યાન પીછો કરતી જર્મન પેટ્રોલ બોટો તથા લડાયક એરોપ્લેન તે ખાડીના પાણીમાં જે બોમ્બવર્ષા કરે તેના ધૂમધડાકાનો એકેય ફટકો એકેય સબમરિનને લાગવો ન જોઇએ.

કેવું મુશ્કેલ કામ ? અને 'મુશ્કેલ' શબ્દ પણ તેના માટે તો વાપરવો નકામો, કારણ કે સાચું જોતાં એ કામ સાવ અશક્ય જ હતું. 'ટિર્પિટ્ઝ' પર હુમલો સફળ થાય તો પણ કમાન્ડો સૈનિકો જેવા બાર સાહસિકો પાછા ફરતી વખતે બચી શકવાના ન હતા. 'એક્સ-૫', 'એક્સ-૬' તથા 'એક્સ-૭' પૈકી એકાદ-બેના કે પછી ત્રણેયના ભૂક્કા બોલી જાય એવું જોખમ ભારોભાર હતું.

જોખમ તો જોખમ ! જાનની અહીં કોને પરવા હતી ? આ સાહસિકો તો જાણે કે વન-વૅ ટિકિટ કપાવીને જ નીકળ્યા હતા. જાનના ભોગે પણ તેમને જર્મન યુદ્ધજહાજનો ભોગ લેવો હતો.

સૌ પહેલાં 'એક્સ-૬' સબમરિને હુમલો શરૂ કર્યો. ઘડિયાળમાં પોણા બેનો સમય થયો અને જરાક અજવાળું ફેલાવા માંડ્યું ત્યારે તેના ફક્ત ૨૭ વર્ષના કપ્તાન ડોનાલ્ડ કેમેરોને પોતાના ત્રણ નાવિકો માટે ફરમાન છોડ્યું : 'બારા તરફ આગળ વધો ! ત્રણમાં દસ મિનિટ થાય એ પહેલાં જ આપણે દારૂગોળો ફીટ કરી દેવાનો છે ! આમાં ફરક ન પડવો જોઇએ !'



સાહસ પોતે જ્યાં અશક્ય હોય ત્યાં મુસીબત આવ્યા વગર રહે ખરી ? છેલ્લી જ ઘડીએ સાવ અણધારી મુસીબત ટપકી પડી.

પરંતુ સાહસ પોતે જ્યાં અશક્ય હોય ત્યાં મુસીબત આવ્યા વગર રહે ખરી ? છેલ્લી જ ઘડીએ સાવ અણધારી મુસીબત ટપકી પડી. બન્યું એવું કે દારૂગોળા સાથે જોડાયેલી ઘડિયાળમાં સમુદ્રનું પાણી ઘૂસી આવ્યું. ટાઇમિંગ માટે એ ઘડિયાળનો સમય ગોઠવવાનો હતો, જેથી 'ટિર્પિટ્ઝ'ના પડખે દારૂગોળો ફીટ કરાયા બાદ ૬ કલાક પહેલાં તે ફાટે નહિ. પરિણામે કામ પૂરૂં કરીને નાસી છૂટવા માટે 'એક્સ-૬'ને પણ સહેજે છ કલાકનો સમય મળવાનો હતો. રિચાર્ડ કેન્ડેલ નામના મરજીવાએ બહાર નીકળીને છેલ્લી વખત ઘડિયાળ તપાસી ત્યારે જ તેને ઘડિયાળની હાલતનો ખ્યાલ આવ્યો. સબમરિનમાં પાછા ફરીને તેણે કહ્યું : 'ટાઇમિંગનું સેટિંગ હવે આપણે બે કલાકનું જ કરી શકીશું! દારૂગોળાના છેલ્લા ચાર ફ્યૂઝ પાણી વડે તરબોળ થયા છે !'

કપ્તાન કેમેરોને લમણે હાથ દીધો. આ તો ખરી મોકાણ ! વિસ્ફોટક દારૂગોળા સાથે દર કલાક માટે અકેક ફ્યૂઝ જોડવામાં આવ્યો હતો. ફ્યૂઝની સંખ્યા કુલ મળીને ૬ હતી, એટલે ઘડિયાળનું સેટિંગ જો છ કલાકનું કર્યું હોય તો એટલા વખત પછી જ દારૂગોળો વિસ્ફોટ પામે. પરંતુ ફક્ત આગલા બે ફ્યૂઝ સાજાસમા રહ્યા હોય તો તેનો અર્થ એ થાય કે દારૂગોળો બે કલાકે ફાટે--અને ત્યાં સુધીમાં મીની સબમરિન ભાગવા માટે ઝાઝું અંતર કાપી શકે નહિ. બે કલાકના અંતે સબમરિન હજી ખાડીમાં જ હોય, જ્યાં દુશ્મનો અચૂક તેના બાર વગાડી દે. ખાડીમાં પણ શા માટે ? ભાગતી સબમરિન એ વખતે હજી તો કદાચ 'ટિર્પિટ્ઝ'ના બારામાં જ હોય, જ્યાં દારૂગોળાના ધડાકાએ સર્જેલું પાણીનું ભંયકર દબાણ તેને ભીંસી નાખે !

જે થયું તે ખરૂં. શિકારની આટલી નજીક આવ્યા પછી કમાન્ડો મિશન રહી રહીને કેન્સલ તો કરાય જ નહિ. આ જાતનો લાગ પણ ફરી પાછો ક્યારે મળવાનો હતો ?

'સપાટીથી ત્રીસ ફીટ નીચે રહીને જાળી તરફ આગળ વધો !' કપ્તાન કેમેરોનનો નવો હુકમ છૂટ્યો. સ્ટિયરિંગ સંભાળતા એડમન્ડ ગોડાર્ડ નામના ચાલકે તે હુકમ પ્રમાણે સબમરિનને હંકારી મૂકી.

કિલ્લેબંધ બારામાં ઘૂસવા માટે કપ્તાન કેમેરોને ઘડેલો પ્લાન ટૂંકમાં આવો હતો : સબમરિન પેલી જાળી પાસે જાય ત્યારે ૧૯ વર્ષનો મરજીવો રિચાર્ડ કેન્ડેલ સાંકડા દરવાજા વાટે ફરી વખત બહાર નીકળે, કટર જેવા ઓજાર વડે તે જાળીના કેટલાક તાર કાપે, સબમરિન જેના દ્વારા નીકળી શકે એવડું મોટું ગાબડું બનાવે, ગાબડાની આરપાર સબમરિન પસાર થાય અને છેલ્લે દારૂગોળાનું ટાઇમિંગ સેટ કરીને 'ટિર્પિટ્ઝ'ના તળિયે....

થોભો જરા ! બીજી મોકાણ ! સબમરિન યોગ્ય દિશામાં હંકારે છે કે કેમ તે જાણવા માટે કપ્તાન કેમેરોને 'એક્સ-૬'નું પેરિસ્કૉપ સહેજ બહાર કાઢ્યું ત્યારે શું જોવા મળ્યું ? કશું જ નહિ. પેરિસ્કૉપમાંય સમુદ્રનું પાણી ઘૂસી આવ્યું હતું, એટલે બહારનું દ્રશ્ય લગભગ તો દેખાતું જ ન હતું. સબમરિનની આંખે જાણે પાટો બંધાયો અને તે આંધળી બની ! આ હાલતમાં 'ટિર્પિટ્ઝ'ને પણ શોધવું ક્યાં ? કેમેરોનનું ભેજું બહેર મારી ગયું. પેરિસ્કૉપને ખોલી તેમાંનું પાણી કાઢી શકાય અને તેના ત્રિપાર્શ્વ કાચને બરાબર લૂંછી ચોખ્ખો પણ કરી શકાય, પરંતુ તેમાં સમય બગડે એ લેશમાત્ર પોસાય નહિ. 'એક્સ-૬' લાગલગાટ ૩૬ કલાક સુધી ડૂબેલી રહી શકે તેમ હતી. એ પછી ચાર સાહસિકો

માટે ઑક્સિજન ખૂટી પડે, એટલે નછૂટકે તેણે બહાર આવવું રહ્યું. ટૂંકમાં, છેવટની ડૂબકી મારી ગયા પછી હવે તો સમય બહુ કિંમતી હતો.

નિશાન શોધવા માટે પેરિસ્કૉપને જો કે ચોખ્ખુંચટ કર્યા વગર પણ ન ચાલે. આથી કપ્તાન કેમેરોન હુકમ આપે તેની રાહ જોયા વગર એડમન્ડ ગોડાર્ડ મચી પડ્યો. પેરિસ્કૉપનું સીલ તેણે ખોલી કાઢ્યું. અંદર ભરાયેલું બધું પાણી નીકળી જવા દીધું. આયપીસ કહેવાતો લેન્સ તેણે બરાબર લૂંછીને સાફ કર્યો અને ફરી તે લેન્સ પેરિસ્કૉપના છેડે બેસાડ્યો. મરજીવો રિચાર્ડ કેન્ડેલ હજી સબમરિનમાં જ હતો. સબમરિન પેલી જાળી પાસે જાય ત્યારે તે મરજીવાએ એક ટાંકીમાં પ્રવેશી તેનો દરવાજો વાસી દેવાનો હતો અને પછી બીજી તરફનો દરવાજો ખોલીને બહાર નીકળવાનું હતું. હા, પેરિસ્કૉપ જો રિપેર થવાનું ન હોય તો કમાન્ડો એટેકનું સાહસ અહીં જ સમાપ્ત !

થોડીક સેકન્ડો વીતી ત્યાં તો વળી બીજી નવાજૂની બની--અને તે પણ ભારે વિચિત્ર ! સબમરિનમાં ચારેય સાહસિકોને ઘરેરાટીનો અવાજ સંભળાયો અને તેમણે ચોંકીને કાન સરવા કર્યા. મનોમન સમજી પણ ગયા કે સપાટી પર બિલકુલ સબમરિનના માથે જ એક જર્મન નૌકા તેના પ્રોપેલર વડે પાણીને વલોવતી પસાર થતી હતી. શરૂઆતમાં અવાજ જરા ધીમો આવ્યો, પછી ક્રમશઃ વધતો ગયો અને ત્યાર બાદ પાછો ધીમો પડવા લાગ્યો.

કપ્તાન કેમેરોને તરત 'એક્સ-૬'નું પેરિસ્કૉપ બહાર કાઢ્યું. વાહ રે નસીબ ! હવે સ્વચ્છ થયેલા પેરિસ્કૉપ દ્વારા કપ્તાને જોયું તો ખરેખર એક મોટી નૌકા 'એક્સ-૬'ને પસાર કરી ચૂકી હતી એટલું જ નહિ, પણ નૌકાનો માર્ગ 'ટિર્પિટ્ઝ' તરફનો હતો. આનો મતલબ એ થાય કે જર્મનો 'ટિર્પિટ્ઝ'ને એ નૌકા દ્વારા ખાધાખોરાકી જેવી ચીજોનો સપ્લાય મોકલી રહ્યા હતા. બીજો મતલબ એ પણ થાય કે તેને રસ્તો કરી આપવા માટે ટૂંક સમયમાં જાળીનો દરવાજો ખૂલવાનો!

'ટાંકીઓ ખાલી કરો--જલદી ! ફુલ સ્પીડમાં આગળ વધો !' ઉત્તેજનાપૂર્વક કેમેરોને હુકમ કર્યો.

ટાંકીઓ ખાલી કરવાની ? એટલે કે સપાટી પર આવવાનું ? 'એક્સ-૬'નાં કન્ટ્રોલ્સ સંભાળતો જહૉન લોરીમર નામનો યુવાન સાહસિક તો કપ્તાનનો હુકમ સાંભળીને હેરત પામી ગયો. શિકાર તરફ જતી વખતે તદ્દન છૂપાયેલા રહેવું જોઇએ, પણ તેને બદલે કપ્તાન આવો હુકમ શા માટે આપતો હતો ?

એક જ કારણ એ કે જાળીનો દરવાજો સમુદ્રના છેક તળિયા સુધી નહિ, પણ દસ-બાર ફીટ નીચે સુધી જ ખૂલે એ જાતનો હતો. જર્મનોએ તેને રેલ્વેના ફાટક જેવો બનાવ્યો હતો. ઊંડાઇમાં તે ફાટક નાનું, એટલે સપાટી પર હંકારતી નૌકા માટે એ ખૂલ્લું ગણાય અને સાગરપેટાળમાં રહીને 'ટિર્પિટ્ઝ'ના બારામાં ઘૂસવા માગતી સબમરિન માટે બંધ ! ઘૂસણખોર સબમરિન માટે નીચલા ભાગમાં તો ફીટમ્ફીટ જાળી સિવાય કશું જ નહિ ! પરિણામે 'એક્સ-૬'ને સપાટી પર લાવ્યા વગર કપ્તાન ડોનાલ્ડ કેમેરોનનો છૂટકો ખરો ? અગાઉના પ્લાન મુજબ તો મરજીવા રિચાર્ડ કેન્ડેલે બહાર નીકળીને પેલી જાળી કાપવાની હતી, પરંતુ કપ્તાનને થયું કે આટલા જોખમ ભેગું વધુ એક જોખમ ખેડી લેવામાં શો વાંધો ?

આ શૂરવીરની હિંમતને પણ સલામ કે તેણે ધોળે દિવસે આવું પરાક્રમ કરવાનું બીડું ઝડપ્યું. સિંહની ગુફામાં જ સિંહની નજરે ચડવાનો જુગાર ખેલ્યો. 'ટિર્પિટ્ઝ'ના તૂતક પર જર્મન નાવિકો આરામપૂર્વક ટહેલતા હતા. આકાશમાં ચોકિયાત એરોપ્લેન પેટ્રોલિંગ કરતું હતું. જર્મનોની ટોરપિડો બોટો સમગ્ર ખાડીમાં અહીંતહીં રાઉન્ડ મારતી હતી. આ જાતના ખતરનાક સંજોગોમાં બરાબરનો પકડદાવ જામ્યો. આગળ પેલી વેગવાન જર્મન નૌકા અને પાછળ 'એક્સ-૬' સબમરિન! કોઇનું ધ્યાન ખેંચાય તો છો ખેંચાતું, પણ મરતાં પહેલાં 'ટિર્પિટ્ઝ'ને મરણતોલ ફટકો મારી દેવાય એ શું નાનીસૂની વાત હતી ?

કપ્તાનના નસીબનો કમાલ તો જુઓ ! 'ટિર્પિટ્ઝ'ના તો ઠીક, પરંતુ 'એક્સ-૬' દેમાર હંકારીને પેલી નૌકાની એકદમ નજીક પહોંચી ત્યારે તેના નાવિકોએ પણ બિલકુલ પાછળ આવતી સબમરિનને ન દીઠી ! કોઇનું ધ્યાન જ એ તરફ ગયું નહિ. પહેલાં જર્મન નૌકાએ 'ટિર્પિટ્ઝ'ના કિલ્લેબંધ બારામાં પ્રવેશ કર્યો અને પછી તેના પગલે બ્રિટીશ સબમરિને ! (પાના નં. ૫૮ ઉપર રજૂ કરેલા રેખાંકનમાં 'એક્સ-૬'નો પ્રવેશમાર્ગ જુઓ.) કલ્પી પણ ન શકાય એટલી સરસ રીતે કપ્તાનનો જુગાર સફળ થયો !


♦ હિટલરનું બીજું જંગી યુદ્ધજહાજ 'લુટ્ઝોવ' અને તેની આગળ સમુદ્રમાં લટકતી જાળીનાં કતારબંધ બોયાં

'ડૂબકી લગાવો ! ઊંડાઇ ૭૦ ફીટ !' ફાટકને ઓળંગી જવાયું કે તરત કેમેરોને બૂમ પાડી. સબમરિનમાં તેના સહિત ચારેય સાહસિકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. બ્રિટનથી ૧,૫૦૦ કિલોમીટર છેટે દુશ્મનના નૌકામથકમાં આટલી હદનું ગાંડું સાહસ ખેડ્યા પછી ભલભલા બહાદુરનું કલેજું પણ ઠંડું રહી શકે ખરૂં? આ ચાર અંગ્રેજ બહાદુરો તો દુશ્મનના નૌકામથકને બદલે મોતના જડબામાં ઘૂસી આવ્યા હતા.

સબમરિન થોડીવાર માટે પાણીમાં ૭૦ ફીટના લેવલે સ્થિર પડી રહી અને ચારેય સાહસિકો એકબીજાનાં મોઢાં તાકી રહ્યા. એકદમ પીનડ્રોપ સાયલેન્સ ! કાન સરવા રાખીને તેઓ બહારનો અવાજ સાંભળવા આતુર બન્યા. જર્મનોએ તેમને જોયા હોય તો પાણીમાં

ચારેબાજુ ડેપ્થ ચાર્જ પ્રકારના બોમ્બગોળા હવે ફાટ્યા સમજો ! સૌને એક જ વાતની આતુરતા કે ધડાકાનો અવાજ સંભળાય છે કે નહિ ? પણ ના, કશી ધમાચકડી ન બોલી. જર્મનોએ 'એક્સ-૬'ને ખરેખર દીઠી ન હતી.


◆ 'એક્સ-૭' સબમરિનનો કપ્તાન ગોડફ્રે પ્લેસ

સબમરિન છેવટે આસ્તે આસ્તે સપાટી તરફ સરકી અને કપ્તાન ડોનાલ્ડ કેમેરોને પેરિસ્કૉપનું મુખ ફરી બહાર કાઢ્યું. જોયું તો બારામાં 'સ્કેર્નહોર્સ્ટ' અને 'લુટ્ઝોવ' પણ લાંગરેલી પડી હતી. એ સિવાય છ-સાત બીજી લડાયક જર્મન મનવારો હતી. થોડેક દૂર એક ટેન્કર જહાજ બે મનવારોની ફ્યૂલ ટેન્કમાં જાડા હોઝપાઇપ વડે બળતણ ભરી આપતું હતું. ખાડીમાં સહેજ ડાબી તરફ અત્યંત પડછંદ અને પોલાદી એવા 'ટિર્પિટ્ઝે' પડાવ નાખ્યો હતો.

'દક્ષિણ-પૂર્વ તરફ હંકારો અને સ્પીડ ફક્ત ચાર કિલોમીટર રાખો!' કેમેરોને સૂચના આપી. સબમરિન અને 'ટિર્પિટ્ઝ' વચ્ચે છેવટે માંડ ૫૦૦ મીટરનું અંતર રહ્યું. પેરિસ્કૉપને હવે તો બિલકુલ વાપરવું ન જોઇએ. સબમરિન આટલી નજીક હોય ત્યારે યુદ્ધજહાજના તૂતક પર આંટાફેરા કરતા નાવિકોને પણ નરી આંખે સબમરિનનો પાણી બહાર ડોકાતો છેડો દેખાયા વગર રહે નહિ. 'ટિર્પિટ્ઝ'ની દિશા સચોટ રીતે પકડવા માટે પેરિસ્કૉપ વાપરવું પાછું જરૂરી પણ હતું. આ જોખમ હજી જાણે ઓછું હોય તેમ સબમરિનમાં બીજી મુસીબત જાગી.

વીજળીના એક તારમાં શોર્ટ-સર્કિટને લીધે તણખો ઝર્યો અને બીજી ક્ષણે તો ભડકા નીકળવા લાગ્યા. સાહસિકોને થયું કે મર્યા જ સમજો, કારણ કે આગ તેમને જો સાવ ભડથું ન કરી નાખે તો પણ 'એક્સ-૬'માં રહેલા ઑક્સિજનને જોતજોતામાં વાપરી ખાય અને તેઓ સૌ પ્રાણવાયુ વગર મૃત્યુ પામે. નસીબજોગે જહૉન લોરીમરે આગ બૂઝાવવાનું ટચૂકડું સાધન તરત શોધી કાઢ્યું. ત્રણ મિનિટમાં તો તેણે ભડકો ઠારી નાખ્યો. બંધિયાર સબમરિનમાં જો કે બળેલા વાયરનો ધૂમાડો ચારેકોર પ્રસરી ગયો. ચારેય જણાને ખાંસી ઉપડી. આંખો સખત રીતે બળવા લાગી. સૌથી મોટું નુકશાન એ કે આગના પાપે કેટલાક ઑક્સિજનનો કિંમતી પુરવઠો તેમણે ગુમાવવો પડ્યો.

આ રીતે જો મુસીબતોનો પાર જ ન આવવાનો હોય તો કમાન્ડો મિશન છેવટે સફળ થાય એ વાત ભૂલી જવાની ! કપ્તાન કેમેરોને પોતાના ત્રણ સાથીદારોને પૂછ્યું : 'આપણી પાસે ફક્ત ૫૫ મિનિટ ચાલે તેટલો ઑક્સિજન છે. યુદ્ધજહાજ નીચે દારૂગોળો ગોઠવવામાં જ એટલો સમય તો વીતી જાય તેમ છે એ પછી વળતી સફર પાણીમાં ગરક રહીને ખેડી શકાય તેમ નથી, માટે તમે જ કહો કે શું કરીએ ?'



સબમરિનને શી અડચણ નડી કે અધવચ્ચે જ તે અટકી પડી? અલબત્ત, સબમરિન ક્યાંક ફસાણી એટલી વાત તો ચોક્કસ હતી.

'હવે તો આક્રમણ કરવા સિવાય બીજી વાત નહિ !' સબમરિનનો મુખ્ય ચાલક જહૉન લોરીમર બોલ્યો. રિચાર્ડ કેન્ડેલ અને એડમન્ડ ગોડાર્ડ પણ દેશ કાજે મરી ફીટવા તૈયાર હતા. કપ્તાન ડોનાલ્ડ કેમેરોનને પણ મોતનો જરીકે ડર હોત તો આવા સાહસમાં તે સુકાની તરીકે સામેલ થાત જ નહિ.

બારામાં લંગર નાખીને પેડલું 'ટિર્પિટ્ઝ' જ્યારે થોડાક ફીટ છેટે રહ્યું ત્યારે કેમેરોને છેલ્લીવાર પેરિસ્કૉપ સંકેલીને ડૂબકી મારવાનો હુકમ આપ્યો. તોતિંગ 'ટિર્પિટ્ઝ'ના બખ્તરબંધ તળિયા સુધી જ સબમરિને ડૂબકી લગાવવાની હતી, જેથી મરજીવો રિચાર્ડ કેન્ડેલ બહાર નીકળી સ્ફોટક દારૂગોળાના પેકેટોને એક પછી એક કરીને તળિયા પર ફીટ કરી દે. પરંતુ નીચે જતી સબમરિનને કોણ જાણે શી અડચણ નડી કે અધવચ્ચે જ તે અટકી પડી. અલબત્ત, સબમરિન ક્યાંક ફસાણી એટલી વાત તો ચોક્કસ હતી. ખરૂં કહો તો 'એક્સ-૬'નું પાછલું સુકાન 'ટિર્પિટ્ઝ'ના લંગરમાં અટવાયુ હતું.

હવે શું કરવું ? સબમરિન વધુ નીચે ડૂબતી ન હતી, તો પછી તેની વૉટર ટૅન્કમાં ભરેલું પાણી કાઢી નાખ્યું હોય તો એ સપાટી તરફ ચડવાને કારણે સુકાનનો છૂટકારો થાય ખરો ? કેમેરોને તે અખતરો પણ કરી જોયો અને તેમ કરવા જતાં ભારે આફત વહોરી લીધી. એકા-એક મુક્ત થયા પછી હળવીફુલ સબમરિન જાણે હાઇડ્રોજનનો ફુગ્ગો હોય તેમ પરબારી સપાટી પર ! ઉછાળો મારતી તે બહાર નીકળી ત્યારે ડોનાલ્ડ કેમેરોને જોયું તો 'ટિર્પિટ્ઝ' ફક્ત ૧૮ ફીટ છેટે હતું !

માર્યા ઠાર ! જર્મનો સાવ આંધળા હોય તો જ આટલી નજીક આવેલી સબમરિનને તેઓ ન જુએ ! 'ટિર્પિટ્ઝ' પરના એક નાવિકે ખરેખર દીઠી અને બીજા નાવિકોને સાબદા કરવા બૂમ પાડી : 'જુઓ, સબમરિન !'




એક તરફ છાપામાર 'એક્સ-૬' માટે આવો જીવસટોસટનો ખેલ જામ્યો ત્યારે 'એક્સ-૫' તથા 'એક્સ-૭' ક્યાં હતી ?

યોજના પ્રમાણે ત્રણેય સબમરિનોએ એક પછી એક કરીને લગભગ સાથે જ પેલી જાળી ભેદીને બારામાં પ્રવેશવાનું હતું. એ પછી બબ્બે ટન દારૂગોળાના ફ્યૂઝનું ટાઇમિંગ પણ લગભગ એકસરખું ગોઠવવાનું હતું. નહિતર તો એવું થાય કે પ્રથમ સબમરિનનો દારૂગોળો ફાટે તે સમયે 'ટિર્પિટ્ઝ'ના તળિયે હજી પોતાનો દારૂગોળો ગોઠવતી બીજી કે ત્રીજી સબમરિન પણ જર્મન યુદ્ધજહાજ ભેગી નાશ પામે. કપ્તાન ડોનાલ્ડ કેમેરોનની 'એક્સ-૬'ને ખૂલ્લા ફાટક વાટે બારામાં ઘૂસી જવાનો ચાન્સ મળી ગયો, જ્યારે 'એક્સ-૭'ના કપ્તાન ગોડફ્રે પ્લેસ અને તેના ત્રણ સાહસિકોએ જાળીદાર નાકાબંધી તોડીને બારામાં પ્રવેશવાનું હતું. તારની જાળી નજીક સબમરિન પહોંચી, એટલે જળસપાટી નીચે 'એક્સ-૭'નો મરજીવો બૉબ એટકેન બહાર નીકળ્યો અને તાર કાપવાનું શરૂ કરી દીધું. દિવસો પહેલાં સ્કૉટલેન્ડના બ્રિટીશ નૌકામથકમાં એ કામની તેણે પુષ્કળ તાલીમ લીધી હતી. પરિણામે અહીં તેને બહુ આપદા ન પડી

અને ગાબડું પાડવામાં ઝાઝો સમય પણ ન લાગ્યો. 'ટિર્પિટ્ઝ'ની લગભગ સીધમાં જ ગાબડું પડ્યું એ પાછું બીજું સદ્‌ભાગ્ય ! આમ છતાં જાળીની આરપાર નીકળતી વખતે સબમરિનનું પાછલું આડું સુકાન એક તારમાં ફસાયું, જેને મુક્ત કરવામાં બીજી પંદર મિનિટ વીતી ગઇ.

નાકાબંધીને છેવટે ઓળંગ્યા બાદ કેપ્ટન પ્લેસે પેરિસ્કૉપ બહાર કાઢ્યું, શિકાર તરફ નજર કરી અને પેરિસ્કૉપ ફરી સંકેલી 'એક્સ-૭'ને તે દિશામાં આગળ વધારી. દરમ્યાન કેપ્ટન કેમેરોનની 'એક્સ-૬' ક્યાં છે એ તેને ખબર ન હતી. એ જ રીતે કેપ્ટન પ્લેસની 'એક્સ-૭' અંગે કેમેરોન પણ કશું જાણતો ન હતો. ત્રીજી સબમરિન 'એક્સ-૫' હજી પેલી જાળીની બહાર હતી. શા માટે, એ તો કોને ખબર ! આ સબમરિનને શી તકલીફ નડી તેનો ભેદ કદી ખૂલવાનો ન હતો.

કેપ્ટન ગોડફ્રે પ્લેસ માટે પણ અત્યારે પળેપળ ગણાતી હતી. આ સબમરિનને અણધારી મુસીબત એ નડી કે ખાડીમાં પીગળેલા બરફનું અને સમુદ્રનું એમ બે જાતનું પાણી હતું. એટલે તે એકસરખા લેવલે હંકારી શકતી ન હતી. બરફની પાટો જ્યાં ઓગળી હોય ત્યાં પાણી મીઠું યાને કે ક્ષાર વગરનું હતું. પરિણામે 'એક્સ-૭' સબમરિન ઓછી તારણશક્તિના એ પાણીમાં સહેજ નીચે ગરક થતી હતી. એકાદ મિનિટ પછી સમુદ્રના ખારા પાણીનો ભાગ આવે ત્યારે સબમરિન એકાએક સપાટી તરફ ધકેલાતી હતી. બરાબર એ જ વખતે કેપ્ટન પ્લેસે પેરિસ્કૉપ દ્વારા જોયું તો 'ટિર્પિટ્ઝ'ના તૂતક પર જર્મન નાવિકો દોડધામ મચાવતા હતા. અનેક જણાના હાથમાં રાયફલો હતી.



◆ કેપ્ટન ગોડફ્રે પ્લેસની 'એક્સ-૭' સબમરિનના મરજીવા બૉબ એટકેને જાળીના તાર કાપી તેમાં ગાબડું પાડ્યું

જર્મનો ચેતી ગયા કે શું? હા, બ્રિટીશ સાહસિકોના છૂપા કમાન્ડો મિશનનો ભાંડો સાચે જ ફૂટી ગયો હતો. હવે તો 'ટિર્પિટ્ઝ'ના પડખા સાથે દારૂગોળાના પેકેટો ફીટ કરવા જેટલો સમય પણ મળે નહિ, એટલે કેપ્ટન પ્લેસે પોતાના સાથીદારોને હુકમ આપ્યો : 'સાંભળો, આપણી યોજના બદલાય છે. યુદ્ધજહાજની બિલકુલ નીચે સમુદ્રના તળિયે આપણે દારૂગોળો મૂકી દેવાનો છે!'


આ બદલાયેલી યોજના પણ જરાય ખોટી ન હતી. બારામાં સમુદ્ર અત્યંત છીછરો હતો. 'ટિર્પિટ્ઝ'ના તળિયા અને સમુદ્રના તળિયા વચ્ચે ઝાઝું અંતર ન હતું. આથી કુલ ચાર ટન જેટલો દારૂગોળો સાગરપેટાળમાં ફાટે તો પણ ઉપર તરફ એટલું ભયાનક દબાણ પેદા થાય કે યુદ્ધજહાજનું નીચલું બખ્તર તૂટી જવા પામે. યુદ્ધજહાજનાં પ્રોપેલરનો તો ખીમો જ બને ! 'એક્સ-૭' તરત ડૂબકી મારીને આગળ વધી, ખાડીના છેક તળિયે પહોંચી, દારૂગોળાનો એક જથ્થો તેણે 'ટિર્પિટ્ઝ'નાં પ્રોપેલરની સીધમાં અને બીજો જથ્થો આગલા મોરાની સીધમાં ગોઠવ્યો. ખૂબીની વાત તો એ કે પેલી 'એક્સ-૬'ના કેપ્ટન ડોનાલ્ડ કેમેરોને પણ આવો જ તુક્કો લડાવ્યો હતો ! બેઉને એકબીજા સાથે ચર્ચા વગર સરખી જ યુક્તિ સૂઝી હતી ! 'ટિર્પિટ્ઝ'ના તૂતક પર નાવિકોએ કેમેરોનની સબમરિનને જોયા પછી રાયફલો વડે ફાયરિંગ શરૂ કર્યું અને હાથગોળા પણ ફેંકવા માંડ્યા કે તરત 'એક્સ-૬' સમયસર ડૂબકી મારીને સમુદ્રના તળિયે પહોંચી. બબ્બે ટન દારૂગોળાનાં બે પાર્સલો તેણે પણ 'ટિર્પિટ્ઝ'ની સીધમાં તળિયે મૂકી દીધાં.

ચાલો, બ્રિટનથી ૧,૫૦૦ કિલોમીટરનું લાંબું અંતર કાપીને જે કામ પતાવવા આટલે સુધી આવ્યા તે આખરે પૂરું થયું ! હવે ભાગવાનો એકેય રસ્તો ન હતો, કેમ કે જર્મનો ચેતી ગયા હતા. જીવતા રહેવાનો એક જ રસ્તો હતો : જર્મનોના શરણે જવું !

'અહીંથી છટકવું અશક્ય છે.' કપ્તાન કેમેરોને 'એક્સ-૬'માં પોતાના ત્રણ સાથીદારોને જણાવ્યું. 'આપણે દુશ્મનોના યુદ્ધકેદી બન્યા વગર આરો નથી.'

સાથીદારો શું બોલે? રિચાર્ડ કેન્ડેલ, એડમન્ડ ગોડાર્ડ અને જહૉન લોરીમર એમ ત્રણેય જણા હતાશ નજરે ઘડીભર એકબીજાને જોતા રહ્યા, છતાં એકેયના ચેહેરા પર સહેજે ગભરાટ ન હતો. દેશના કાજે તેઓ શહીદ બનવા તૈયાર હોય ત્યારે યુદ્ધકેદી બનવામાં ડર શેનો ? કેમેરોને નક્કી કર્યું કે ટાંકીનું પાણી ખાલી કરી સપાટી પર જવું અને ત્યાર બાદ શરણાગતિ સ્વીકારવા માટે બહાર પાણીમાં કૂદતાં પહેલાં ટાંકીના દરવાજા પાછા ખોલી નાખવા, જેથી સબમરિન દુશ્મનોના હાથમાં આવે નહિ. સબમરિનની રચના ટૉપ સિક્રેટ હતી, એટલે દારૂગોળાના ધડાકા સાથે તેના પણ ફૂરચેફૂરચા નીકળી જાય એ જ સારૂં. કેમેરોને પહેલું કામ તો 'એક્સ' સબમરિનોના વળતા પ્રવાસને લગતા પ્લાન બાળી નાખવાનું કર્યું. પ્રવાસનું મિનિટ-ટુ-મિનિટ ટાઇમ ટેબલ લખેલા દસ્તાવેજને પણ દીવાસળી ચાંપી. ઉત્તર દિશામાં ખુલ્લા દરિયામાં સુરંગક્ષેત્રની બહાર પેલી મોટી સબમરિનો કાગના ડોળે દરેક 'એક્સ'ના

પાછા ફરવાની રાહ જોતી હતી. આ મોટી સબમરિનોને ક્યાં મળવું અને મળતા પહેલાં ટોર્ચ વડે કેવો સાંકેતિક મેસેજ આપવો તે બધું લખેલી ડાયરીનો પણ કપ્તાન કેમેરોને નાશ કર્યો. આ ગુપ્ત માહિતી રખે જર્મનોને મળી જાય તો પોતાનું મિશન પૂરું કરીને ભાગી રહેલી 'એક્સ-૫'ને તથા 'એક્સ-૭'ને તેઓ ખાડીમાં શોધી કાઢે એટલું જ નહિ, પણ ઉત્તરે રાહ જોતી દરેક મોટી સબમરિનનો પણ મરો!



◆ ઉપલા ડાયાગ્રામમાં 'એક્સ-૬'નો માર્ગ તૂટક લીટી વડે બતાવ્યો છે. આ સબમરિન જાળીના ખૂલ્લા ફાટક દ્વારા બિનધાસ્ત રીતે બારામાં પ્રવેશી હતી. સળંગ લીટીવાળો માર્ગ 'એક્સ-૭'નો છે.

'ટાંકીનું પાણી કાઢી નાખો !' કેમરોને સૂચના આપી. સબમરિનનાં કન્ટ્રોલ્સ સંભાળતા જહૉન લોરીમરને તેણે કહ્યું : 'આપણે સબમરિનનો ત્યાગ કરવાનો થાય એ વખતે પ્રોપેલર ચાલુ કરીને ડાઈવિંગ માટેનું સુકાન વાળી દેજે !'

આ બીજી સૂચનાનો અર્થ એ કે તજી દેવાયેલી સબમરિન આપોઆપ 'ટિર્પિટ્ઝ' નીચે ગરક થાય અને બરાબર દારૂગોળા પાસે જ અંતિમ જળસમાધિ લે !

થોડીવારે 'એક્સ-૬' સમુદ્રસપાટી પર નીકળી અને તેનો વ્હેલ જેવો આકાર નજરે ચડ્યો કે તરત 'ટિર્પિટ્ઝ'ના તૂતક પરના જર્મન નાવિકોએ વળી પાછો રાયફલો વડે ગોળીબાર ચલાવ્યો. 'ટિર્પિટ્ઝ'ની એકાદ તોપનો ગોળો જ આમ તો ટચૂકડી સબમરિનના ચૂરેચૂરા કરી શકે, પણ 'એક્સ-૬' બહુ નજીક હતી. નિશાન લેવા માટે તોપનું નાળચું એટલું બધું નીચું વાળી શકાય તેમ ન હતું. જર્મન નાવિકો એટલે જ હાજર તે હથિયાર સમજીને રાયફલો વાપરતા હતા, પણ એવામાં સબમરિનનો ઉપલો દરવાજો ખૂલતો દેખાયો. નાવિકોએ ફાયરિંગ બંધ કર્યું.

'ટિર્પિટ્ઝ'નો કેપ્ટન હાન્સ મેયર પણ તેની કેબિનમાં નાસ્તો અધૂરો મૂકીને તૂતકના કઠેરા પાસે આવી પહોંચ્યો હતો. આ કપ્તાનને આશ્ચર્ય થયું કે આટલા કડક ચોકીપહેરા અને કિલ્લેબંધી વચ્ચે અજાણ્યા ઘૂસણખોરો આવ્યા ક્યાંથી ? સબમરિનનું ટચૂકડું કદ પણ તેના માટે તો કૌતુક જેવું હતું. હવે આલ્ટાજોર્ડના બારામાં ગગનભેદી અવાજે ભયસૂચક સાયરનો વાગતી હતી. 'ટિર્પિટ્ઝ' પરના લગભગ ૨,૫૦૦ જર્મન નાવિકો બીજું દરેક કામ પડતું મૂકીને યંત્રો, તોપો અને બીજાં શસ્ત્રો સંભાળવા તાબડતોબ ડ્યૂટી પર લાગી ગયા હતા.

ગટરના ઢાંકણા જેવા 'એક્સ-૬' દરવાજા વાટે સૌ પહેલાં એડમન્ડ ગોડાર્ડ બહાર આવ્યો. શરણાગતિનો સંકેત આપવા માટે તેણે બન્ને હાથ ઊંચા કરી દીધા હતા. એ પછી રિચાર્ડ કેન્ડેલ અને જહૉન લોરીમર બહાર નીકળ્યા છેલ્લે 'એક્સ-૬'ની ટાંકીમાં સમુદ્રનું પાણી ખરેખર ભરાતું હોવાની ખાતરી કર્યા બાદ કેપ્ટન ડોનાલ્ડ કેમેરોન જર્મન સૈનિકોના શરણે થયો. 'ટિર્પિટ્ઝ'નો કપ્તાન હાન્સ મેયર ભારે ગુસ્સામાં હતો. ચારેય ઘૂસણખોરોને જહાજના તૂતક પર લાવવા માટે પોતાના નૌકાઅફસર લેફ્ટનન્ટ હર્બર્ટ લેઇનને તેણે મોટરબોટમાં રવાના કર્યો. રાયફલો વડે સજ્જ થયેલા કેટલાક નાવિકોને પણ તેની સાથે મોકલ્યા. એક કડક સૂચના પણ તેમને આપી: 'સબમરિનને દોરડે બાંધી અહીં ખેંચી લાવો !'

સમુદ્રમાં કૂદી પડેલા અંગ્રેજ સાહસિકોને પહેલાં તો મોટરબોટ પર ખેંચી લેવામાં આવ્યા. 'એક્સ-૬' સાથે ત્યાર પછી દોરડું બાંધવામાં આવ્યું. શક્તિશાળી મોટરબોટ તેને 'ટિર્પિટ્ઝ' તરફ બળપૂર્વક તાણી જવા લાગી, પરંતુ થોડીવારમાં તો એ પોતે તણાવા લાગી. સબમરિન ડૂબી રહી હતી. દોરડાના ખેંચાણને લીધે મોટરબોટનો પાછલો ભાગ એવો નમી પડ્યો કે આગલો મોરો હવામાં અદ્ધર !

'જલ્દી દોરડું કાપી નાખો ! ઉતાવળ કરો !' લેફ્ટનન્ટ હર્બર્ટ લેઇને ગળું ફાટી જાય એટલી જોરમાં બૂમ પાડી. મોટરબોટના સુકાનીએ તરત એ હુકમનો અમલ કર્યો. 'આ બદમાશોએ જાણીબૂઝીને સબમરિનને ડૂબાવી છે !' લેફ્ટનન્ટ ચીડમાં બોલ્યો.

ચાર યુદ્ધકેદી અંગ્રેજોને 'ટિર્પિટ્ઝ' પર લાવવામાં આવ્યા. જર્મન નાવિકો રાયફલની અણીએ તેમને પરબારા યુદ્ધજહાજના નીચલા ભંડકિયામાં જ દોરી ગયા. 'ટિર્પિટ્ઝ'નો કેપ્ટન મેયર પહેલાં તો માની જ ન શક્યો કે યુદ્ધકેદીઓ બ્રિટીશ નૌકાદળના અફસરો હતા. વામન સબમરિનમાં બેસીને તેઓ ૧,૫૦૦ કિલોમીટર છેટે અહીં સુધી શી રીતે પહોંચે ? કેપ્ટન મેયરે તેમને સવાલો પર સવાલો કર્યા, પણ ચારેય જણાએ નક્કી કરેલું કે દારૂગોળો ન ફાટે ત્યાં સુધી મોઢું ખોલવું જ નહિ. વિસ્ફોટ પછી તો મોઢું ખોલવા માટે તેઓ કદાચ જીવતા પણ રહેવાના ન હતા. અત્યારે તેઓ યુદ્ધજહાજના નીચલા ભંડકિયામાં હતા, એટલે બરાબર ભંડકિયા નીચે દારૂગોળો ફાટે ત્યારે સૌ પ્રથમ તેમના જ બાર વાગે ! અને દારૂગોળો ફાટવાને કેટલી વાર હતી ? હવે તો માંડ ૩૦ મિનિટ!

આ તરફ 'ટિર્પિટ્ઝ'ના તૂતક પર વળી પાછી ધમાચકડી મચી, કારણ કે બીજી બ્રિટીશ સબમરિન 'એક્સ-૭' યુદ્ધજહાજની જમણી

બાજુ સપાટી પર ટપકી પડી ! કેપ્ટન ગોડફ્રે પ્લેસની એ સબમરિનનું માત્ર પેરિસ્કૉપ દેખાયું, છતાં 'ટિર્પિટ્ઝ' પર હાન્સ મેયર હવે મૂંઝવણમાં પડ્યો કે હિટલરના મહાકાય યુદ્ધજહાજને ખતમ કરવા માટે બ્રિટીશ નૌકાદળે મીની સબમરિનોનું શું આખું ટોળું જ મોકલ્યું હતું ? બે સબમરિનો નજરે ચડી, તો ન દેખાયેલી બીજી સબમરિનો કેટલી હતી? જાળીના પાંજરામાં ઘૂસી આવનાર કેટલી અને બહાર કેટલી ? હવે શું કરવું તે મેયરને સમજાયું નહિ. એક વાત તો નક્કી કે 'ટિર્પિટ્ઝ'ને ફૂંકી દેવા માટે ટચૂકડી સબમરિનોએ ટાઇમબોમ્બ જેવો કશોક દારૂગોળો સમુદ્રના તળિયે ગોઠવ્યો હતો અથવા તો ચોક્કસ સમયે ફાટે એ જાતની સુરંગો મૂકી હતી. જો એમ હોય તો પછી યુદ્ધજહાજને વહેલીતકે દૂર ખસેડવું જોઇએ. પરંતુ આટલું પડછંદ યુદ્ધજહાજ તરત ને તરત હંકારી શકે નહિ. બોઇલરમાં વરાળનું જરૂરી દબાણ પેદા કરવા માટે જ ખાસ્સો એક કલાકનો સમય જોઇએ. બળવાન એન્જિનોને ત્યાર પછી જ ચાલુ કરી શકાય તેમ હતાં. જર્મનોનું નસીબ પણ એવું ખરાબ કે 'ટિર્પિટ્ઝ'ને દોરડા વડે ખેંચીને દૂર ખસેડી શકે એવી ટગનૌકા પણ એ વખતે આલ્ટાજોર્ડના બારામાં ન હતી.


--અને ત્યાં તો સાગરનું પેટાળ અચાનક ફાટી પડ્યું હોય તેવો પ્રચંડ ધડાકો થયો. સમુદ્રના તળિયે પડેલા બબ્બે ટનના ત્રણ બોમ્બ એકસામટા ગર્જ્યા અને તેમણે પાણીમાં એવું તો ભયાનક દબાણ સર્જ્યું કે જેને લીધે બે ટનનો ચોથો બોમ્બ પણ આપોઆપ વિસ્ફોટ પામ્યો ! કુલ આઠ ટનના દારૂગોળાનો ધડાકો થાય, એટલે તેના સંયુક્ત જોરનું તો શું કહેવું ? આ દારૂગોળાએ પાતાળના પાણીને એકાએક સપાટી તરફ સખત હડસેલો માર્યો. બીજી ક્ષણે તો ૫૨,૬૦૦ ટનનું તોતિંગ 'ટિર્પિટ્ઝ' આખેઆખું પાણીની બહાર નીકળી આવ્યું ! સાત ફીટ સુધી તે હવામાં ઉછળ્યું ! ચોતરફ પાણીના સેંકડો ફીટ ઊંચા ફૂવારા અને વચ્ચે ૮૨૧ ફીટ લાંબું તથા ૧૧૮ ફીટ પહોળું 'ટિર્પિટ્ઝ' ! ઉછળ્યા બાદ તેણે એટલી જ સખત રીતે પછડાટ ખાધી. અઢી હજાર નાવિકો અહીંતહીં ફંગોળાયા અને ઠેકઠેકાણે માર વાગવાને કારણે લોહીલુહાણ થયા. તૂતક પરના કેટલાય નાવિકો પોણોસો ફીટ જેટલા હવામાં ઉછળીને પરબારા સમુદ્રમાં ફેંકાયા. ભંડકિયામાં કેમેરોન, લોરીમર, કેન્ડેલ અને ગોડાર્ડના હાલ પણ કીક મારેલા ફૂટબૉલ જેવા થયા--અને તેઓ જીવતા રહ્યા એ તો બહુ મોટો ચમત્કાર હતો, કારણ કે દારૂગોળાના વિસ્ફોટે 'ટિર્પિટ્ઝ'ના તળિયે બે મોટાં ગાબડાં પાડી દીધાં હતાં. માત્ર તેમના ભંડકિયામાં ગાબડું પડ્યું ન હતું.



ઘડીકવાર પહેલાંનું અત્યંત ભવ્ય યુદ્ધજહાજ હવે ભડકે બળીને ડાબી તરફ વધુ નમ્યું--અને છેવટે એ જ હાલતમાં જ નમેલું રહ્યું.

ઉછળ્યા કરતા સમુદ્ર પર 'ટિર્પિટ્ઝ' ક્યાંય સુધી હાલકડોલક થતું રહ્યું. કોઇ સામાન્ય યુદ્ધજહાજ હોત તો કેટલોક દારૂગોળો તેના પાછલા ભાગ નીચે અને કેટલોક દારૂગોળો તેના આગલા મોરા નીચે સામટો ફાટવાને લીધે બરાબર વચ્ચે જ તે બે ટૂકડામાં બટકી જાત, પરંતુ 'ટિર્પિટ્ઝ' ૧૨.૬'' જાડા બખ્તર વડે મઢેલું જહાજ હતું. આને લીધે તે સળીની જેમ ભાંગવાને બદલે અકબંધ રહ્યું. અલબત્ત, તળિયામાં બે ગાબડાં તો જાણે પડી ગયાં એટલું જ નહિ, પણ અંદર રહેલી યંત્ર સામગ્રીને ભારે નુકશાન પહોંચ્યું. કેટલાય મહત્ત્વનાં સાધનો તૂટીફૂટીને ભંગાર જેવાં બની ગયાં. બોઇલરો ફાટ્યાં, વીજળીના તાર કપાયા પછી શૉર્ટ-સર્કિટને લીધે આગ લાગી, બળતણની ગંજાવર ટાંકીનું ટનબંધ ડીઝલ સમુદ્ર પર ઢોળાવા માંડ્યું અને પેલા ગાબડાં વાટે સમુદ્રનું પાણી ધોધમાર રીતે 'ટિર્પિટ્ઝ'માં ઘૂસી આવ્યું. ઘડીકવાર પહેલાંનું અત્યંત ભવ્ય યુદ્ધજહાજ હવે ભડકે બળીને ડાબી તરફ વધુ ને વધુ નમ્યું--અને છેવટે એ જ હાલતમાં પડખાભર નમેલું રહ્યું. સૌથી મોટું નુકશાન તો

◆ તળિયા નીચે સાગરપેટાળ ફાટ્યું હોય તેમ 'ટિર્પિટ્ઝ' પહેલાં તો હવામાં ઉછળ્યું, ત્યાર બાદ જોરદાર પછડાટ ખાધી અને છેવટે પડખાભર નમી પડ્યું !



એ ગણાય કે પાણીના ભીષણ એવા દબાણે તેનાં પ્રોપેલરનો સાવ ડૂચો કરી દીધો હતો. પ્રોપેલરનાં બધાં પાંખિયાં મરોડી નાખ્યાં હતાં. બ્રિટનથી રશિયાના મુરમાન્સ્ક બંદરે શસ્ત્રસરંજામ પહોંચાડવા માટે નોર્વેના રસ્તે નીકળતાં માલવાહક જહાજોનો એક પછી એક શિકાર કરનાર 'ટિર્પિટ્ઝ' અચાનક મરણતોલ રીતે ઘાયલ બન્યું હતું.

બ્રિટીશ સબમરિનો 'એક્સ-૬' તથા 'એક્સ-૭'ના કુલ આઠ ટન દારૂગોળાએ ખાડીના સમુદ્રમાં જે પ્રલય મચાવ્યો તેના ભયાનક તરખાટનો એક દાખલો એ કે ભાગી રહેલી 'એક્સ-૭' પણ સમુદ્રજળ સાથે ઉછળી. દૂધનો ઊભરો ચડે એમ જ ખાડીનો સમુદ્ર તેના પેટાળમાં ફાટેલા દારૂગોળાને લીધે ઊભરાયો હતો, એટલે તેના પાણી ભેગો 'એક્સ-૭'નો પણ ઉલાળિયો થયો ! કેપ્ટન ગોડફ્રે પ્લેસની એ મીની સબમરિને એવો તો જમ્પ માર્યો કે પરબારી જાળીના પાંજરાની બહાર! ફક્ત ૨૭ ટન વજન ધરાવતી એ ટચૂકડી 'એક્સ-૭'ના સાંધેસાંધા ઢીલા પડી ગયા. જોતજોતામાં એ ડૂબવા લાગી. પછડાટ વડે બેભાન થયેલા પોતાના ત્રણ સાથીદારોને ભારે હૈયે એકલા છોડીને એકમાત્ર કેપ્ટન ગોડફ્રે પ્લેસ સમયસર અને સહીસલામત બહાર નીકળી શક્યો. જર્મનોએ તેને પણ યુદ્ધકેદી તરીકે કેદ પકડ્યો.

હવે બાકી રહી 'એક્સ-૫', જેણે કમાન્ડો મિશનમાં શો રોલ ભજવ્યો તેનું રહસ્ય કદી જાણવા મળ્યું નહિ. 'ટિર્પિટ્ઝ'થી આશરે ૧,૬૫૦ ફીટ છેટે એ સબમરિન પહેલી જ વખત સપાટી પર નીકળી. પાણીના ભયંકર દબાણે તેને પણ કદાચ પંગુ કરી દીધી હતી. હવે તો જર્મનો ભારે ગુસ્સામાં હતા. ખાડીની જર્મન મનવારોએ તેના પર સામટો તોપમારો ચલાવ્યો અને તેનાં છોતરાં કાઢી નાખ્યાં ! બીજી તરફ એક કૌતુક બન્યું. કેપ્ટન ગોડફ્રે પ્લેસની સબમરિન વર્ષો પહેલાં સમુદ્રમાં ડૂબેલા એક જહાજ પાસે હંમેશ માટે જળસમાધિ પામી ત્યારે તેનો મરજીવો બૉબ એટકેન વખતસર ભાનમાં આવ્યો. ખૂલ્લા દરવાજા વાટે તે મહામહેનતે બહાર નીકળીને સપાટી લગી પહોંચ્યો. જર્મન સૈનિકોએ તેનેય પકડી લીધો.

◆

'ટિર્પિટ્ઝ'નું છેવટે શું થયું ? હિટલર માટે હુકમના એક્કા જેવું તે યુદ્ધજહાજ સદંતર નકામું બન્યું હતું, છતાં સાવ આડું નમીને પણ તે હજી તરી રહ્યું હતું. બ્રિટીશ કમાન્ડો હુમલાના સમાચાર જર્મન પાટનગર બર્લિનમાં હિટલરને મળ્યા ત્યારે એ સરમુખત્યારના ક્રોધનો પાર રહ્યો નહિ. 'ટિર્પિટ્ઝ'નું રિપેરિંગ કરવા તેણે સમારકામ માટેનાં ૬ જહાજોને તથા ૧,૦૦૦ કારીગરોને તાબડતોબ આલ્ટાજોર્ડ મોકલ્યાં. આ કામમાં જો કે મહિનાઓ લાગી જવાના હતા. દરમ્યાન પૂર્વ મોરચે જર્મન નાઝી લશ્કર સામે લડતા રશિયનોને બ્રિટીશ માલવાહક જહાજો હવે તો છડેચોક રીતે શસ્ત્રોનો સપ્લાય પહોંચાડવાં લાગ્યાં. રશિયાનું સૈન્ય એટલું મજબૂત બન્યું કે નાઝી લશ્કરનો ખુરદો નીકળવા માંડ્યો. રશિયા સામે જર્મનીનો પરાજય નક્કી બન્યો. હિટલર ધૂંઆંપૂંઆં થતો હતો, પણ કરે શું ? 'ટિર્પિટ્ઝ'ને વહેલીતકે સાજુંસમું કરવાના હુકમો તે કેપ્ટન હાન્સ મેયરને વાયરલેસ દ્વારા મોકલતો રહ્યો. ઈજનેરો તથા કારીગરો દિવસરાત મચી પડ્યા હતા. છેવટે તેમણે 'ટિર્પિટ્ઝ'ને મધદરિયે હંકારી શકવા જેટલું તૈયાર કર્યું પણ ખરૂં, પરંતુ બ્રિટીશ વડા પ્રધાન ચર્ચિલને એ વાત જાણવા મળી ત્યારે વાયુસેનાને તેમણે કડક હુકમ છોડ્યો : 'સેંકડોને બદલે હજારો બોમ્બર વિમાનો મોકલવાં પડે તો પણ વાંધો નહિ, પરંતુ જર્મન યુદ્ધજહાજ ટિર્પિટ્ઝનો ગમે તે ભોગે નાશ કરો! આ વખતે આપણી હારજીતનો સવાલ છે !'



◆ બ્રિટિશ વાયુસેનાનાં સેંકડો બોમ્બર વિમાનોએ છેવટે જખમી 'ટિર્પિટ્ઝ'ને નોર્વેની જ ખાડીમાં પૂરેપૂરૂં ખતમ કરી નાખ્યું

ત્રીજે દિવસે તો તીડના ટોળા જેવાં સંખ્યાબંધ બ્રિટીશ વિમાનો નોર્વેના કાંઠે ત્રાટક્યાં. દરેક પ્લેન જાડા બખ્તરને ભેદી શકે તેવા ખાસ પ્રકારના ચાર-ચાર બોમ્બ વડે સજ્જ હતું. ગણ્યા ન ગણાય એટલા બોમ્બ 'ટિર્પિટ્ઝ' પર એકસામટા વરસ્યા. શિયાળાની વહેલી સવારનું વાતાવરણ



બ્રિટીશ કમાન્ડો હુમલાના સમાચાર જર્મન પાટનગર બર્લિનમાં હિટલરને મળ્યા ત્યારે એ સરમુખત્યારના ક્રોધનો પાર રહ્યો નહિ.

ધૂમધડાકા વડે ગાજી ઊઠયું. વિમાનવિરોધી તોપોને જર્મનો કયા વિમાન સામે તાકે અને કેટલાંને તોડી પાડે ? વિમાનોના એક ધાડા પછી બીજું ધાડું આવ્યું ને બીજા પછી ત્રીજું !

ઉપરાઉપરી જખમો વેઠતું 'ટિર્પિટ્ઝ' હવે બચી શકે તેમ ન હતું. લાગલગાટ દોઢ કલાક સુધી તેને મરણતોલ ફટકા પડતા રહ્યા. બરાબર ૧૧૦મી મિનિટે પોલાદી ગઢ જેવું આખું યુદ્ધજહાજ પલટી મારી ગયું. તૂતક નીચે અને તળિયું ઉપર ! બ્રિટીશ પાયલટોએ થોડીવાર પછી વિખેરાતા ધુમાડા વચ્ચે નજર કરી તો 'ટિર્પિટ્ઝ'ના તળિયે પેલા બે ગાબડાં હજી જેમનાં તેમ હતાં ! જર્મન કારીગરો તેમનું રિપેરિંગ કરી જ શક્યા ન હતા. ગાબડાં પાસેના ભંડકિયાને જ તેમણે સીલ માર્યું હતું, જેથી સમુદ્રનું પાણી આખા જહાજમાં ફેલાય નહિ. આ પ્રકારનું લૂલૂંલંગડું યુદ્ધજહાજ નોર્વેના કાંઠા નજીક બ્રિટનની જહાજી વણઝારોને પડકારી શકે એ વાતમાં કશો દમ ન હતો.

'ટિર્પિટ્ઝ'ની હવે તો આખરી ક્ષણો ગણાતી હતી. વિમાનોએ તેના પર હજારો ટન બોમ્બ વરસાવ્યા અને તેના ટૂકડેટૂકડા ન થયા ત્યાં સુધી જંપ્યા નહિ. 'બિસ્માર્ક'ની જેમ 'ટિર્પિટ્ઝ' પણ આખરે પાણીની કબરમાં હંમેશ માટે પોઢી જવા સમુદ્રના તળિયે પહોંચ્યું. હિટલરે બીજું વિશ્વયુદ્ધ જીતવા માટે બનાવેલાં જગતનાં બે સૌથી મોટાં યુદ્ધજહાજો એ રીતે નાશ પામ્યાં.


બ્રિટનની જહાજી વણઝારો ત્યાર પછી તો નોર્વે ખાતેના જર્મન નૌકાદળના કશા ભય વગર હંકારતી રહી, રશિયા સામેના ભૂમિયુદ્ધમાં જર્મનો પીછેહઠ કરતા ગયા અને રશિયન ફોજ તેમને મારી હટાવતી છેવટે ખુદ જર્મનીના સીમાડે પહોંચી ! બ્રિટીશ તથા અમેરિકન દળો પણ બીજી તરફ ગુલામ ફ્રાન્સને આઝાદ કર્યા પછી જર્મનીમાં દાખલ થયા. પશ્ચિમ તથા પૂર્વ એમ બન્ને દિશામાં જર્મની પર બેવડું આક્રમણ થયું, એટલે હિટલરને પરાજય નજર સામે દેખાવા લાગ્યો. દુશ્મનોના હાથમાં તેને જીવતા પકડાવું ન હતું. આથી કાતિલ ઝેર વડે તેણે આપઘાત કરી નાખ્યો.

બીજું વિશ્વયુદ્ધ પૂરૂં થયા પછી કેપ્ટન ડોનાલ્ડ કેમેરોન, જ્હૉન લોરીમર, એડમન્ડ ગોડાર્ડ, રિચાર્ડ કેન્ડેલ, બૉબ એટકેન તથા કેપ્ટન ગોડફ્રે પ્લેસ એમ છ યુદ્ધકેદીઓ સ્વદેશ પાછા ફર્યા. બ્રિટનમાં આવા કુલ ૪૦૦ બહાદુરોનું ભવ્ય સન્માન કરવા માટે એક સમારંભ ગોઠવાયો, જેમાં સૌને કિંગ જ્યોર્જ છઠ્ઠાના હસ્તે ચંદ્રક મળવાનો હતો. સલામી માટે ગરજતી તોપો, લશ્કરી બેન્ડવાજાં અને લાખો અંગ્રેજોના હર્ષનાદો વચ્ચે રાજા જ્યોર્જનો રસાલો પધાર્યો. સમારંભમાં આવતાવેંત તેમણે બ્રિટીશ નૌકાસેનાપતિને કહ્યું :

'સૌથી પહેલાં મારે આલ્ટાજોર્ડના છ બહાદુરોને મળવું છે. પ્રથમ ચંદ્રકો હું તેમને પહેરાવવા માગું છું.'

--અને પછી કેપ્ટન ડોનાલ્ડ કેમેરોનને પહેલો ચંદ્રક પહેરાવતી વખતે રાજા બોલ્યા : 'બ્રિટનના બધા પ્રજાજનો વતી મારી તમને સલામ ! ઈતિહાસમાં તમારૂં પરાક્રમ સદાય માટે અજોડ ગણાશે !'

ઈતિહાસમાં 'એક્સ' સબમરિનોના બહાદુરોનું પરાક્રમ ખરેખર હંમેશ માટે યાદગાર બન્યું છે. ઈતિહાસને જ એ બહાદુરોએ પોતાના સાહસ વડે બદલી નાખ્યો એમ કહો તો પણ શું ખોટું ? ■



4

મોતના મોંમાં કૂદનારા કામીકાઝી પાયલટો

આ બનાવને વર્ષો વીતી ગયા છે, તો પણ હજી તેને યાદ કરતાં લોકોને અચંબો થાય છે કે આવું કદી બને ખરું ? દેશના રક્ષણ માટે આટલા બધા શહીદો આટલી મોટી કુરબાની હસતે મોઢે આપી દે ખરાં? આમ તો પોતાના દેશ માટે દરેક જણ મરવા તૈયાર થાય, પરંતુ મોતના જડબામાં પરબારો કૂદકો જ મારતા જવાંમર્દોને ક્યારેય ભૂલી શકાય નહિ. રણમોરચે જતી વખતે નક્કી જ હોય કે જીવતા પાછા આવવાનું નથી, તો એવા શહીદોને દાદ આપો તેટલી ઓછી.

બીજા વિશ્વયુદ્ધના પશ્ચિમ મોરચે જર્મની, ફ્રાન્સ, ઇટાલિ, પોલેન્ડ, બ્રિટન વગેરે દેશો વચ્ચે લોહીયાળ સંગ્રામ ચાલતો હતો ત્યારે પશ્ચિમ મોરચે જાપાને એકાએક યુદ્ધમાં ઝંપલાવ્યું. પ્રશાન્ત મહાસાગરમાં તેણે પોતાનો ડંકો વગાડી દેવાનું નક્કી કર્યું હતું, માટે પ્રશાન્ત મહાસાગરમાં જ્યાં પણ અમેરિકાનાં તેમજ બ્રિટનનાં નૌકામથકો હોય ત્યાં હુમલો કરી તેમનો ખુરદો કાઢી નાખવાનું તેણે શરૂ કર્યું. એશિયાના બધા દેશો પર જાપાનને પોતાની હકૂમત જમાવવી હતી.


શહેનશાહ હિરોહિતો એ વખતે ટચૂકડા જાપાનના સમ્રાટ હતા, પરંતુ તેમને એશિયાના સમ્રાટ બનવું હતું. ભારત, મલાયા, સિંગાપુર, બ્રહ્મદેશ વગેરે દેશો પર રાજ કરવું હતું. પ્રશાન્ત મહાસાગરના બીજા નાના દેશોને પણ તેઓ જીતી લેવા માગતા હતા. પરંતુ ત્યાં અમેરિકાએ પોતાનાં નૌકામથકો બનાવ્યાં હતાં, માટે પહેલાં તો એ મથકોનો ખુરદો કાઢી બધાં અમેરિકન યુદ્ધજહાજોને ડૂબાડી દેવાં જોઈએ. શહેનશાહે રાજહઠ લીધી એટલે જાપાનના નૌકાદળને પણ જબરો પાનો ચડ્યો. વિમાનવાહક જહાજો સાથે જાપાનનો એક જંગી કાફલો હોનોલુલુમાં પર્લ હાર્બર નામના અમેરિકન નૌકામથક પર હુમલો કરવા માટે ચૂપચાપ નીકળ્યો. દુશ્મનને ખબર ન પડે એ રીતે પૂર્વ દિશામાં આગળ વધ્યો. વિમાનવાહક જહાજો પર સેંકડો બોમ્બર અને ફાઈટર વિમાનો હતાં.

◆ આ રીતે માથા પર જાપાનનો રાષ્ટ્રધ્વજ બાંધીને મરણિયા પાયલટો દેશને માટે બલિદાન આપવા તૈયાર થયા



આ કાફલો ડિસેમ્બર ૭, ૧૯૪૧ના દિવસે સવારે બરાબર સાડા સાત વાગ્યે હોનોલુલુની નજીક પહોંચ્યો કે તરત એકસામટાં ૨૧૪ વિમાનો પર્લ હાર્બર પર હુમલો કરવા માટે ઊડ્યાં. જાપાની પાયલટોએ નક્કી કર્યું કે ગમે તે થાય, પણ અમેરિકાના નૌકામથકનું પૂરેપૂરું સત્યનાશ વાળીને જ પાછા ફરવું. પર્લ હાર્બરમાં અમેરિકાનાં કેટલાંય રાક્ષસી યુદ્ધજહાજો લંગર નાંખીને પડ્યાં હતાં. કાંઠા પર બળતણની ગંજાવર ટાંકીઓ હતી, જેમાં છલોછલ બળતણ (ડિઝલ) ભરેલું હતું. કાંઠા પરનાં જ ગોદામોમાં દારૂગોળાનો ભંડાર હતો. અમેરિકાના નાવિકો પોતપોતાના જહાજમાં આરામ કરતા હતા. કેટલાક જણા મ્યુઝિક સાંભળતા હતા. કેટલાક જણા ગપ્પાં મારતાં હતા. કેટલાક જણા સવારનો નાસ્તો કરતા અને કોફી પીતા બેઠા હતા. થોડી જ વારમાં તેમના ફુરચેફુરચા નીકળી જવાના છે એ વાતની તેમને કલ્પના પણ ન હતી. હુમલાની સહેજ પણ ગંધ તેમને ન હતી. અચાનક તેમણે સેંકડો વિમાનોનાં પ્રોપેલરનો કાન ફાડી નાખે તેવો અવાજ સાંભળ્યો. આકાશ તરફ નજર કરી તો મધમાખીના ટોળાની જેમ ગણ્યાં ન ગણાય એટલાં વિમાનોનું ઝૂંડ તેમના માથે ચડી આવતું દેખાયું.

નાવિકો ચોંકી પડ્યા. કલ્પના પણ ન કરી હોય એવું ભયાનક દ્રશ્ય



♦ વિમાનવાહક જહાજોનાં જાપાની વિમાનો એક પછી એક કરીને પર્લ હાર્બરમાં અમેરિકન નૌકાકાફલા પર ત્રાટક્યાં અને ૧૮ યુદ્ધજહાજોને બંદરના તળિયે પહોંચાડી દીધાં

સાચેસાચ નજર સામે દેખાય ત્યારે બે ઘડી તો કેવો આઘાત લાગે ! નાવિકો પણ થોડી વાર માટે સ્તબ્ધ બની ગયા. સૌએ ભાગદોડ કરી મૂકી, પરંતુ ભાગીને જવું ક્યાં ? ચારેકોર જાણે કે મોતનો વરસાદ શરૂ થયો. બંદરના પાણીમાં એકસાથે સેંકડો ટોરપિડો પડવા લાગ્યા અને પડતાવેંત જહાજો તરફ આવવા લાગ્યા. (દરેક ટોરપિડોને નાનો પંખો હોય અને પંખો ફરે એટલે પાણીમાં તરતી ટચુકડી સબમરિનની જેમ ટોરપિડો દુશ્મન જહાજ તરફ આગળ વધે.) આકાશમાંથી જબરજસ્ત બોમ્બમારો પણ શરૂ થયો. અમેરિકન યુદ્ધજહાજોના તૂતક પર એક પછી એક કરીને અસંખ્ય બોમ્બ પડ્યા અને જોરદાર ધડાકા સાથે ફાટ્યા. વિમાનોની તોપો પણ ધાણીની જેમ ફૂટી. આથી જે નાવિકો ભાગવા ગયા તેઓ પણ ટપોટપ વીંધાવા માંડ્યા. ધારો કે ન ભાગે અને લડત આપે તો પણ શું ? એકસામટાં ૨૧૪ વિમાનો મચી પડ્યાં હોય ત્યાં તેમનો મુકાબલો જ શી રીતે કરવો ?

આ વિમાનો પહેલું આક્રમણ કરીને પાછાં તેમના વિમાનવાહક જહાજો પર ગયાં અને નવાં શસ્ત્રો સાથે ફરી વખત બીજો હુમલો કરવા માટે આવ્યાં. ત્રીસ મિનિટમાં તો નૌકામથકનું તેમણે સાવ નખ્ખોદ કાઢી નાખ્યું. ચારેબાજુ આગના ભડકા ફેલાયા! સમુદ્રનું પાણી જોયું હોય તો લોહી વડે લાલઘૂમ ! ધુમાડાના ગોટેગોટા આકાશમાં સેંકડો ફીટ ઊંચે ચડતા હતા. જાપાની પાયલટોએ બંદરમાં પડેલાં ૧૮ અમેરિકન યુદ્ધજહાજોને હંમેશ માટે તળિયે પહોંચાડી દીધાં. એ સિવાય હોનોલુલુના એરપોર્ટ પરનાં કુલ ૩૪૯ અમેરિકન ફાઈટર બોમ્બરોને જમીન પર જ તોડીફોડી નાખ્યાં. આ હુમલામાં અમેરિકાના ૩,૭૦૦ નાવિકો, અફસરો તથા સૈનિકો પણ માર્યા ગયાં.


ખરેખર જ ગજબ થયો ! ક્યાં હાથી જેવડો અમેરિકા દેશ અને ક્યાં મગતરા જેવડું નાનું અમથું જાપાન ! મગતરામાં શું આટલી બધી તાકાત હોય કે તે હાથીને પણ અધમૂઓ કરી નાખે ? આ મેથીપાકના સમાચાર અમેરિકાના નાગરિકોને મળ્યા ત્યારે તેમનું લોહી ઊકળ્યું. જાપાન સામે તેમને ભારે ખુન્નસ ચડ્યું. અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટે રીતસરનું યુદ્ધ જાહેર કર્યું એટલું જ નહિ, પણ તાબડતોબ બીજાં યુદ્ધજહાજોને પ્રશાન્ત મહાસાગર તરફ હંકારવાનો હુકમ આપ્યો. અમેરિકાની હાજરી જો પ્રશાન્ત મહાસાગરમાં ન હોય તો થાય એવું કે જાપાનનું નૌકાદળ ટેસ કે સાથ એશિયાના સિંગાપુર, મલાયા, ફિલિપાઈન્સ વગેરે દેશો પર હુમલો કરે અને તેમને પોતાના ગુલામ બનાવે. આથી પ્રશાન્ત મહાસાગરમાં નવાં અમેરિકન જહાજોને તરત ને તરત પહોંચાડી દેવાં જોઈએ. આ કામમાં ઢીલ થાય તે ન ચાલે.



નૌકામથકનું જાપાનીઓએ નખ્ખોદ કાઢી નાખ્યું. ચારેબાજુ આગ, આગ ને આગ! સમુદ્રનું પાણી જોયું હોય તો લોહી વડે લાલઘૂમ!

પરંતુ જાપાનીઓ ભારે ચબરાક હતા. શેરને માથે દોઢ શેર જેવા હતા. પર્લ હાર્બર પર હુમલો કર્યા પછી ત્રીજે જ દિવસે તેમનું નૌકાદળ ફિલિપાઈન્સ પહોંચી ગયું અને ત્યાં જાપાનનો વાવટો ફરકાવ્યો. એ જ દિવસે તેનાં કેટલાંક યુદ્ધજહાજોએ પ્રશાન્ત મહાસાગરનો ગુઆમ ટાપુ જીતી લીધો. એ પછી વેક નામના ટાપુ પર આવેલા જંગી અમેરિકન નૌકામથકને પણ ખતમ કરી નાખ્યું અને ત્યાર બાદ હોંગ કોંગ પર કબજો જમાવ્યો. થોડા દિવસમાં એવો તો ખેલ પાડી દીધો કે અમેરિકા તથા બ્રિટન જોતા જ રહી ગયા. ખાસ તો બ્રિટનના અંગ્રેજો ચિંતામાં પડ્યા, કેમ કે તેમણે પોતાનું અત્યંત માનીતું હોંગ કોંગ ગુમાવવાનું થયું. હવે તેમને બીક પેઠી કે હોંગ કોંગ પડાવ્યા બાદ જાપાનીઓ રખે સિંગાપુર અને મલયેશિયા પર ચડી આવે તો ? આ બન્ને દેશો પર એ વખતે બ્રિટનની ગોરી સરકારનું રાજ હતું. જાપાનના શહેનશાહ હિરોહિતો બન્ને દેશોને જીતી લેવા માગતા હતા. એ પછી થાઈલેન્ડ, બ્રહ્મદેશ અને ભારતના પણ તેઓ શહેનશાહ બનવા માગતા હતા.

બ્રિટનને થયું કે જાપાનનું નૌકાદળ પહેલું આક્રમણ કદાચ સિંગાપુર પર કરે, એટલે તેણે સિંગાપુરના રક્ષણ માટે 'રીપલ્સ' અને 'પ્રિન્સ ઑફ વેલ્સ' નામનાં બે તોતિંગ યુદ્ધજહાજોને મોકલ્યાં. સમુદ્ર પર તરતા પોલાદના કિલ્લા જેવા એ જહાજોને એકાદ તોપગોળો વાગ્યો હોય તો ગોળાના ભુક્કા નીકળે, પણ કિલ્લો જેમનો તેમ ! 'રીપલ્સ'નું વજન ૩૨,૦૦૦ ટન હતું. વજન આટલું બધું હોય તેમાં આશ્ચર્ય પામવા જેવું પણ કશું નહિ,



◆ બ્રિટનના યુદ્ધજહાજ 'રીપલ્સ'નું પોલાદી બખ્તર ૯'' જાડું હતું, પરંતુ બ્રિટીશ નૌકાદળે તેને જાપાનીઓ સામે લડવા મોકલીને જબરી ભૂલ કરી !

આ સમાચાર જ્યારે સિંગાપુરમાં બ્રિટીશ નૌકાકાફલાના સેનાપતિ એડમિરલ ટોમ ફિલિપ્સને મળ્યા ત્યારે તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ. 'પ્રિન્સ ઑફ વેલ્સ'નો તે કપ્તાન હતો. 'રીપલ્સ' સહિત બાકી પાંચ જહાજોનો સેનાપતિ પણ એ જ હતો. કાફલાના બધા કપ્તાનોને તેણે હુકમ આપ્યો કે, 'ફુલ સ્પીડમાં મલયેશિયા તરફ હંકારો ! આપણે જાપાનને આગળ વધતું રોકવાનું છે !'

એડમિરલ ફિલિપ્સે જાપાનના નૌકાકાફલા સામે લડવાનું નક્કી કર્યું હતું, પરંતુ તે ભૂલી ગયો કે દરિયાઇ યુદ્ધ એકલાં જહાજો વડે લડી શકાય નહિ. એ માટે વિમાનો પણ જોઇએ. વિમાનોની જરૂર પડે, એટલે વિમાનવાહક જહાજો પણ જોઇએ, જ્યારે એડમિરલ ફિલિપ્સ પાસે તો એક પણ વિમાનવાહક જહાજ ન હતું. મલયેશિયાના કાંઠે રખે યુદ્ધ થાય અને પર્લ હાર્બરની જેમ ઉસ્તાદ જાપાનીઓ પોતાનાં ફાઇટર

કેમ કે 'રીપલ્સ'નાં પડખાં જેના વડે બનેલાં એ પોલાદી બખ્તર ૯'' જાડું હતું ! એટલે કે પોણો ફૂટ ! આ યુદ્ધજહાજમાં આગળ ૬ તોપો હતી. દરેક તોપના નાળચાનો વ્યાસ ૧૫'' હતો. સાડા ચાર ઇંચના વ્યાસની બીજી ૨૦ તોપો પણ ખરી. આ સિવાય ૨૮ તોપો નાના બે રતલી ગોળા ફેંકી શકતી હતી. વિમાનવિરોધી તોપો કુલ મળીને ૬૪ હતી. આઠ ટોરપિડો ટ્યૂબ પણ હતી. દરેક ટ્યૂબ વાટે ૨૧''ના વ્યાસનો ટોરપિડો દુશ્મન જહાજ તરફ છોડી શકાતો હતો. બ્રિટનના લોકો એટલે જ ગળા સુધી એમ માનતા કે ૭૯૪ ફીટ લાંબું 'રીપલ્સ' કદી ડૂબે નહિ.


--અને 'પ્રિન્સ ઑફ વેલ્સ' કેવું હતું ? 'રીપલ્સ' કરતાં પણ ચાર વહેંત ચડી જાય એવું ! આ યુદ્ધજહાજનું પોલાદી બખ્તર ૧૫'' જાડું હતું, માટે 'પ્રિન્સ ઑફ વેલ્સ'નું વજન ૩૮,૦૦૦ ટન હતું. તૂતક પર આગળના ભાગમાં ૧૪''ના વ્યાસની ૧૦ તોપો હતી. વધારામાં ૬૪ બીજી નાની-મોટી તોપો ! હિટલરના માનીતા યુદ્ધજહાજ 'બિસ્માર્ક'નો શિકાર કરવામાં 'પ્રિન્સ ઑફ વેલ્સ'નો મોટો ફાળો હતો.

'રીપલ્સ' સાથે 'પ્રિન્સ ઑફ વેલ્સ' પણ સિંગાપુર પહોંચ્યું અને સિંગાપુરના રક્ષણ માટે બન્ને જહાજોએ સમુદ્ર કાંઠાં નજીક પહેરો ભરવાનું શરૂ કરી દીધું. આ બન્ને જહાજો સાવ એકલા ન હતાં. બ્રિટીશ નૌકાદળની બીજી ચાર મોટી વિનાશિકાઓ તેમની સાથે હતી, કેમ કે જાપાનનો આખો નૌકાકાફલો સિંગાપુર તરફ ધસતો આવે તો તેને રોકવા માટે અનેક જહાજોએ સામટો તોપમારો કરવો જોઈએ. અલબત્ત, જાપાને છેલ્લી ઘડીએ પોતાનો પ્લાન બદલ્યો. સિંગાપુરને બદલે તેણે મલયેશિયા પર હુમલો કર્યો. મલયેશિયાના કાંઠે જાપાને પોતાનું લશ્કર ઉતાર્યું. જાપાનના સૈનિકો ત્યાંનાં જંગલોમાં ઘૂસ્યા અને બ્રિટીશ છાવણીના ગોરા સૈનિકો પર મોતની જેમ વરસ્યા. બ્રિટનના જે સૈનિકો લડીને ગોળીબારમાં ન મર્યાં તેઓ યુદ્ધકેદી તરીકે પકડાયા.

બોમ્બર વડે બ્રિટીશ કાફલા પર હુમલો કરે તો શી રીતે લડવું ? કઇ રીતે દુશ્મન વિમાનોનાં ધાડેધાડાંને અટકાવવાં ? વિમાનવિરોધી તોપો ફોડીને ? હા, તોપો જરૂર ફોડી શકાય, પરંતુ આકાશમાં સેંકડો વિમાનો હોય ત્યારે શું કરવાનું ? જહાજની તોપો બધાં વિમાનોને વીંધી શકે નહિ. એકને વીંધવા જાય તો બીજાં ત્રણ વિમાનો એટલી વારમાં પોતાના ટોરપિડો પાણીમાં ફેંકી દે ! વળી 'રીપલ્સ' અને 'પ્રિન્સ ઑફ વેલ્સ' એકદમ કદાવર યુદ્ધજહાજો હતાં; એટલાં વજનદાર કે પૂરઝડપે હંકારી પણ શકે નહિ. આથી નાસભાગ કરીને દુશ્મન પાયલટોનો ઘા ચૂકાવવાની તો વાત જ ભૂલી જવાની.

આ બન્ને યુદ્ધજહાજો કદી ન ડૂબે એવાં ઘટોત્કચ હોય તો એમના ઘરનાં ! જાપાનને વળી તેમની સાડીબાર શેની ? ડિસેમ્બર ૧૦, ૧૯૪૧ના રોજ બ્રિટીશ કાફલો હજી તો મલયેશિયાના કાંઠે માંડ પહોંચ્યો એવામાં સવારે ૧૦ કલાક અને ૨૦ મિનિટના સમયે જાપાનનું એક જાસૂસી એરોપ્લેન ક્ષિતિજ પર દેખાયું. એરોપ્લેનના પાયલટને બ્રિટીશ

◆ બ્રિટનનું 'પ્રિન્સ ઑફ વેલ્સ' તો 'રીપલ્સ' કરતાં પણ મોટું હતું. આ યુદ્ધજહાજના બખ્તરની જાડાઇ ૧૫'' હતી ! તૂતક પર તોપો પણ લગભગ પોણો સો હતી !



જહાજો પણ દેખાયાં. પાયલટ તરત પાછો વળી ગયો. હાસ્તો, ચૂગલી ખાવા માટે ! મલાયા પહોંચી ગયેલા જાપાની એરફોર્સને જાણ કરવા માટે કે શિકારની તૈયારી કરો ! આ તરફ 'પ્રિન્સ ઑફ વેલ્સ'માં બેઠેલો એડમિરલ ટોમ ફિલિપ્સ પણ સમજી ગયો કે જીવસટોસટનું યુદ્ધ શરૂ થવાને હવે ઝાઝી વાર ન હતી.

ચાલીસ મિનિટ પછી ખરેખર સેંકડો વિમાનોનું ધાડું આવ્યું. શરૂઆતમાં ખૂબ ઊંચા લેવલે ઉડતાં બોમ્બવર્ષક વિમાનોએ બોમ્બના ઢગલે ઢગલા ફેંક્યા. નિશાન લીધા વગર જ ફેંક્યા, કેમ કે હજારો ફીટ ઊંચે રહીને પાયલટને નિશાન લેવાનું ફાવે નહિ. પરંતુ આટલા બધા સામટા બોમ્બ ફેંકતા હોય ત્યારે એકાદ બોમ્બ તો વાગવો જ રહ્યો. બન્ને યુદ્ધજહાજો પર વિમાનવિરોધી તોપો તરાફડીની જેમ ફૂટતી હતી. આકાશમાં ધૂમધડાકા થતા હતા. થોડી વાર પછી ત્રણ-ચાર જાપાની વિમાનો તૂટી પડ્યાં. એ પછી બીજાં ચાર-પાંચ વિમાનોને 'રીપલ્સ'ના અને 'પ્રિન્સ ઑફ વેલ્સ'ના ગોળા વાગ્યા. આ વિમાનો સમુદ્રમાં તૂટી પડવાને બદલે આકાશમાં જ તૂટી ગયાં. યુદ્ધમાં આવું તો બન્યા કરે, એટલે જાપાની એરફોર્સે જરાય પાછીપાની કર્યા વગર હુમલો ચાલુ રાખ્યો. છેવટે એક ભીમકાય બોમ્બ 'રીપલ્સ'ના તૂતક પર ધડામ કરતો પડ્યો અને જોતજોતામાં આગ ફાટી નીકળી. આ જહાજ પર ૧,૨૦૦ નાવિકો હતા. કેટલાક તો બોમ્બધડાકામાં જ મરી ગયા. બીજા ઘણા નાવિકો આગમાં સપડાયા.




જાપાનીઓના વિમાનોમાંથી ફરી વખત હિંસક શાર્ક જેવા ટોરપિડો છૂટયા ! 'રીપલ્સ'ના કપ્તાન ટેનન્ટે ફરી જોરદાર ધડાકા સાંભળ્યા

પાંચ-સાત મિનિટ વીતી ત્યાં તો પાંખ નીચે ટોરપિડો ધરાવતાં બીજાં જાપાની વિમાનોનું ધાડું આવ્યું. વારાફરતી સૌએ જરા નીચે ડાઇવ મારી અને વન-બાય-વન ટોરપિડો પાણીમાં નાખીને પાછાં ઊંચે ચડી ગયાં. લોહીતરસી શાર્ક માછલી જેવા કેટલાય ટોરપિડો બ્રિટીશ જહાજો તરફ આવતા હતા. કુલ બે ટોરપિડો વારાફરતી 'પ્રિન્સ ઑફ વેલ્સ'ના પડખામાં વાગ્યા અને પોલાદના બખ્તરને પણ તેમણે વીંધી નાખ્યું. દરિયાનું પાણી ધોધરૂપે જહાજમાં ઘૂસવા માંડ્યું. એડમિરલ ટોમ ફિલિપ્સે દાંત કચકચાવ્યા, પણ તે સાવ લાચાર હતો. વિમાનો થોડાંક હોય તો તેમને પહોંચી વળાય, પણ અહીં તો વિમાનોનું મોટું લશ્કર હતું. હવે શું કરવું તેની સમજ પડે એ પહેલાં દુશ્મનનો એક બોમ્બ 'પ્રિન્સ ઑફ વેલ્સ' પર પડ્યો. તૂતક પર પ્રચંડ ધડાકો થયો. જહાજ પર ફરજ બજાવતા અનેક નાવિકો મૃત્યુ પામ્યા. એડમિરલ ફિલિપ્સ પણ તે બોમ્બધડાકામાં મૃત્યુ પામ્યો. ખૂનખાર યુદ્ધનો અંત જોવા માટે તે કમનસીબ જીવતો રહી શક્યો નહિ. 'પ્રિન્સ ઑફ વેલ્સ' હજી પણ તરતું હતું. ઘડીકમાં ડૂબી જાય એ માંહ્યલું તે જહાજ ન હતું, છતાં તેને બે મોટા જખમો થયા હતા. લડવા માટે તેનામાં અગાઉ જેટલી શક્તિ રહી ન હતી. તૂતક પર જે બોમ્બ ફાટ્યો તેણે કેટલીક તોપોને પણ હવે નકામી કરી દીધી હતી.

'રીપલ્સ' પણ બચીને કયાં જવાનું હતું ? એક ટોરપિડો તેને પણ વાગ્યો અને પછી તરત બીજો ! 'રીપલ્સ'ના કપ્તાન ડબલ્યુ. વી. ટેનેન્ટે નાવિકોને હિંમત આપી કે, 'લડવાનું ચાલુ રાખજો ! આપણે હજી પણ જીતી શકીએ તેમ છીએ !' નાવિકો તોપમારો તો કરતા રહ્યા, પરંતુ જહાજમાં એટલું બધું પાણી ભરાયું કે તે આડે પડખે નમવા લાગ્યું. જાપાની પાટલટો હજી તેનો કેડો છોડવા માંગતા ન હતા. આ યુદ્ધજહાજ સદંતર ડૂબી ન જાય ત્યાં લગી તેમને સંતોષ થવાનો ન હતો--અને વળી તે નજર સામે જ ડૂબવું જોઇએ. હવે તે ડૂબવાનું જ એમ માનીને હુમલો બંધ કરી દેવાય નહિ. યુદ્ધમાં વળી દયા શી ખાવાની ? યુદ્ધમાં જે મરી જાય તે શહીદ થાય, પણ જો જીતા વો સિકંદર !

ફરી વખત હિંસક શાર્ક જેવા ટોરપિડો છૂટ્યા ! 'રીપલ્સ'ના કપ્તાન ટેનેન્ટે ફરી જોરદાર ધડાકા સાંભળ્યા ! દુનિયાનાં સૌથી શક્તિશાળી જહાજોમાં 'રીપલ્સ'ની અને 'પ્રિન્સ ઑફ વેલ્સ'ની ગણના થતી હતી, પરંતુ અત્યારે બન્ને જહાજોની હાલત કફોડી હતી. ઉપરાઉપરી ચાર ટોરપિડોએ 'પ્રિન્સ ઑફ વેલ્સ'ના પડખામાં ચાર બાકોરાં પાડી દીધાં હતાં. જહાજની અંદર સપાટાબંધ પાણી ભરાતું હતું. 'રીપલ્સ'ને ત્રણ ટોરપિડો વાગ્યા હતા, એટલે તેના બચવાની પણ આશા ન હતી. આ તોતિંગ કિલ્લા આસ્તે આસ્તે સમુદ્રમાં ગરક થતા હતા. કપ્તાન ટેનેન્ટને

◆ દુશ્મનનો એક બોમ્બ 'પ્રિન્સ ઑફ વેલ્સ' પર પડ્યો અને તેના ધડાકામાં એડમિરલ ટોમ ફિલિપ્સ સહિત અનેક નાવિકો તત્કાળ મૃત્યુ પામ્યા



ઘડીભર વિચાર આવ્યો કે તેના દેશે કેટલી મહેનતે અને કેટલા ખર્ચે આવાં ભવ્ય યુદ્ધજહાજો બનાવ્યાં અને જાલિમ દુશ્મનોએ કેટલા ઓછા સમયમાં અને કેવા ઠંડા કલેજે તેમને પૂરાં કરી નાખ્યાં !


હવે જો કે અફસોસ કરીને શું વળવાનું હતું ? ટેનેન્ટે બન્ને યુદ્ધજહાજોના નાવિકોને સૂચના આપી કે, 'બધા જણા તૂતક પર ભેગા થાવ એને લાઇફબોટને નીચે ઉતારો ! જહાજોનો ત્યાગ કરી દો !'

લાઇફબોટ ઘણી હતી. નાવિકો વારા પ્રમાણે એક પછી એક લાઇફબોટમાં બેઠા અને હલેસાં મારીને દૂર હંકારી ગયા. દૂર ન જાય તો રાક્ષસી જહાજો ડૂબવાને લીધે જે તોફાની વમળો પેદા થાય તેમાં લાઇફબોટ પણ ડૂબે ! 'પ્રિન્સ ઑફ વેલ્સ'માં ૧,૬૧૨ નાવિકો હતા, પણ ફક્ત ૧,૨૮૫ જણા બચી શક્યા હતા. 'રીપલ્સ'માં ૧,૨૦૦ નાવિકો હતા અને હવે માત્ર ૭૯૬ નાવિકો જીવતા રહ્યા હતા. આ સૌને પેલી ચાર બ્રિટીશ મનવારોએ પોતાના તૂતક પર ખેંચી લીધા. જાપાનીઓ સામે મનવારો પણ લડી હતી, પરંતુ તેમને કશું જ થયું ન હતું. જાપાનનાં ફાઇટર-બોમ્બરોએ તેમને ડૂબાડવાનો પ્રયત્ન જ કર્યો ન હતો. 'રીપલ્સ' અને 'પ્રિન્સ ઑફ વેલ્સ' જેવા મોટા શિકારોને છોડી નાના શિકારોની પાછળ કોણ દોડે ?

બપોરે સાડા બાર વાગ્યે 'રીપલ્સ' ડૂબી ગયું અને ત્યાર બાદ સવા વાગ્યે 'પ્રિન્સ ઑફ વેલ્સે' પણ જળસમાધિ લીધી. બ્રિટીશ નૌકાદળના જમણા અને ડાબા હાથ જેવાં બન્ને વિરાટ યુદ્ધજહાજો સમુદ્રના ઊંડા તળિયે બેસી ગયાં.

હવે શું કરવું ? પ્રશાન્ત મહાસાગરના દેશો પર જાપાનના આક્રમણને શી રીતે અટકાવવું ? લડાયક જહાજોના મોટા કાફલા વગર કશું જ કરી શકાય નહિ, માટે હમણાં તો જે થાય તે જોયા કરવાનું ! જીવ બાળીને ચૂપચાપ બેસી રહેવાનું ! બ્રિટીશ તથા અમેરિકન નૌકાદળોને ખેદાનમેદાન કરી નાખ્યા પછી જાપાનીઓ પણ જબરા મૂડમાં આવ્યા. ભૂખ્યો અજગર જેમ અનેક સસલાંને વન-બાય-વન ગળી જાય તેમ જાપાની લશ્કર એશિયાના દેશોને હડપ કરવા લાગ્યું. મલયેશિયાને તેણે જીતી લીધું. સિંગાપુરમાં પણ અડ્ડો નાખીને બેસી ગયું. એ પછી જાવા, બોર્નિયો, હિન્દી-ચીન (વિયેતનામ), કોરિયા, બ્રહ્મદેશ, થાઇલેન્ડ, મંચુરિયા વગેરે દેશો પર ફરી વળ્યું. ચીનનો કેટલોક ભાગ પણ આંચકી લીધો. પ્રશાન્ત મહાસાગરમાં છેક ઉત્તરે એલુશિયન નામના અમેરિકન ટાપુઓ સુધી તે પહોંચી ગયું ત્યારે તો હદ થઇ. અમેરિકનો સમસમી ગયા. જાપાન પર ખૂબ ગિન્નાયા. હવે પ્રશાન્ત મહાસાગરમાં અમેરિકા પાસે કે બ્રિટન પાસે બાકી શું રહ્યું ? તૂટેલાફૂટેલા પર્લ હાર્બર સિવાય કશું જ નહિ ! માર્શલ, ગિલ્બર્ટ, ઓકિનાવા, સોલોમન, પાલાઉ, મરિયાના, આઇવો જીમા વગેરે ટાપુઓ પણ જાપાનના હાથમાં ગયા હતા. આ બધા દેશો અને ટાપુઓ નકશામાં જુઓ. નકશામાં કાળી લીટી વડે જે ભાગ દેખાડ્યો છે તે બધા સમુદ્ર પર જાપાનનો ડંકો વાગતો હતો--અને હજી તો જાપાનના શહેનશાહ હિરોહિતો પોતાનું સામ્રાજ્ય આગળ ને આગળ ફેલાવવા માગતા હતા.

બ્રિટન તથા અમેરિકા ચૂપચાપ બેસીને જાપાની દાદાગીરી જોયા કરે એ પણ કેમ ચાલે ? બ્રિટનમાં લડાયક જહાજો ઍટલાન્ટિક મહાસાગરમાં હિટલરનાં જર્મન નૌકાદળ સામે લડવામાં રોકાયેલાં હતાં, એટલે પ્રશાન્ત મહાસાગરમાં તેણે નૌકાકાફલાને મોકલવો હોય તો પણ શી રીતે મોકલે ? આથી તેણે અમેરિકાને વિનંતી કરી કે જાપાનને તમે જ પાઠ ભણાવો !



◆ આ નકશામાં જાડી લીટી જોઇ ? આ લીટીમાં આવતો પ્રશાન્ત મહાસાગરનો બધા પ્રદેશ જાપાને ૧૯૪૨માં જીતી લીધો હતો

બીજે વર્ષે ૧૯૪૨માં અમેરિકાએ પહેલાં તો જાપાની હુમલામાં ખતમ થયેલા પર્લ હાર્બરનું સમારકામ કર્યું અને ત્યાર બાદ નવાં લડાયક જહાજોને પર્લ હાર્બર મોકલ્યાં. તોપગોળા, ખોરાક, દવાદારૂ, બળતણ વગેરેનો સપ્લાય પણ ત્યાં પહોંચાડી દીધો. એ પછી લગભગ ૧૫૦ જેટલાં લડાયક જહાજો ત્યાં શસ્ત્રસજ્જ થયાં. આ કાફલામાં વિમાનવાહક જહાજો હતાં. 'આયોવા' નામનું ૪૮,૫૦૦ ટનનું કદાવર યુદ્ધજહાજ હતું. વિનાશિકાઓ (ડિસ્ટ્રોયર) હતી. કાફલાને મધદરિયે નવું બળતણ આપવા માટેનાં ટેન્કર જહાજો પણ હતાં. વિમાનવાહક જહાજોના તૂતક પર ફાઇટર અને બોમ્બર વિમાનો તો એટલાં કે રીતસરનું એરફોર્સ ભેગું થયું એમ ગણી લેવાનું !

આ જંગી નૌકાકાફલો લડવા માટે તૈયાર થયો એ જ વખતે જાપાને પ્રશાન્ત મહાસાગરમાં પર્લ હાર્બરની ઉત્તરે આવેલા મિડવે ટાપુ પર હુમલો કર્યો. મિડવે અમેરિકાનો ટાપુ હતો. જાપાન તેને પણ જીતી લેવા માગતું હતું. આથી જૂન ૨, ૧૯૪૨ના દિવસે જાપાનનાં ૧૦૦ લડાયક જહાજો ત્યાં પહોંચી ગયાં અને વિમાનો દ્વારા જોરદાર બોમ્બમારો શરૂ કરી દીધો. પરંતુ અમેરિકા પણ લડવા માટે તૈયાર હતું. પર્લ હાર્બર છોડીને તેનો નૌકાકાફલો મિડવે તરફ આગળ વધ્યો. ટાપુ નજીક બન્ને

કાફલા વચ્ચે જોરદાર યુદ્ધ થયું. આકાશમાં વિમાનો લડ્યાં અને સમુદ્ર પર જહાજો લડ્યાં. બે દિવસ સુધી ખૂનખાર જંગ ખેલાયો. યુદ્ધ શરૂ કરતી વખતે જાપાન પાસે ૬ વિમાનવાહક જહાજો હતાં. અમેરિકાએ તેમાંનાં ચારને તો જોતજોતમાં ડૂબાડી દીધાં. એક મોટા યુદ્ધજહાજના પણ ભૂક્કા બોલાવી દીધા. વધુમાં જાપાનના એટએટલા વિમાનો તોડી પાડ્યા કે જેમનો હિસાબ નહિ. બીજી તરફ જાપાન અમેરિકાના ફક્ત એક વિમાનવાહક જહાજનો તથા એક વિનાશિકાનો નાશ કરી શક્યું.


જાપાની કાફલાના સેનાપતિને થયું કે આમ ને આમ લડ્યા કરવામાં તો કદાચ તેણે બીજાં કેટલાંય જહાજો ગુમાવવા પડે, એટલે ત્રીજી સવારે પોતાનાં બધાં કપ્તાનોને હુકમ આપી દીધો કે, 'સુકાન ફેરવો અને જલદી પીછેહઠ કરો !'

પતી ગયું ! આખો પ્રશાન્ત મહાસાગર જીતી લેવા માગતા જાપાનની આગેકૂચ ત્યાં જ અટકી ગઈ. પહેલી જ વાર તેણે પીછેહઠ કરવાનો વારો આવ્યો. શહેનશાહ હિરોહિતોનો બધો રોફ અને બધો રૂઆબ ઓસરી ગયો. હવે તેઓ વધુ મોટા કાફલા સાથે મિડવે પર ફરી વખત હુમલો પણ કરી શકે તેમ ન હતા, કેમ કે ચાર કિંમતી વિમાનવાહક જહાજો તેમણે ગુમાવ્યાં હતાં. જાપાનનાં સેંકડો વિમાનોને પણ અમેરિકાએ તોડી પાડ્યાં હતાં. વિમાનો સાથે તેમનાં પાયલટો માર્યા ગયા હતા. બીજી તરફ અમેરિકનોને તો જબરું શૂરાતન ચડ્યું. દુશ્મનને જોરદાર મુક્કો લગાવ્યા પછી તેને પાછા સાવધાન થવા માટે તક અપાય ખરી ? જરાય વિલંબ કર્યા વિના તરત બીજો અને પછી ત્રીજો મુક્કો લગાવવો જોઈએ. અમેરિકન નૌકાદળે પણ એવું જ કર્યું. જાપાનનાં યુદ્ધજહાજો સોલોમન ટાપુ હડપ કરીને બેસી ગયાં હતાં. અમેરિકન નૌકાકાફલો ત્યાં પહોંચ્યો અને કેટલાંય યુદ્ધજહાજોને ફૂંકી દીધાં.

ટૂંક સમય બાદ જાપાને ગિલ્બર્ટ અને માર્શલ ટાપુઓ પણ ગુમાવ્યા અને પછી તો ઓકિનાવા, મરિયાના, આઈવો જીમા વગેરે ટાપુઓ પણ અમેરિકાએ આઝાદ કરાવ્યા ! દરેક ટાપુને મુક્ત કરવા માટે અમેરિકન નૌકાદળે ટાપુની ચોકી ભરતાં જાપાની યુદ્ધજહાજો સામે આંખ મીંચીને તોપમારો ચલાવ્યો અને તેમને ક્યાંક નાસવા પણ દીધાં નહિ. સમુદ્રના પેટાળમાં જ હંમેશને માટે ગરક કરી દીધાં. દરેક ટાપુ પર જે વિમાનો જાપાને રાખ્યાં હોય તેમનો પણ નાશ કર્યો. બાકી હોય તેમ બ્રિટીશ અને ભારતીય સૈનિકો પણ જાપાનની ફોજને હાંકી કાઢવા માટે બ્રહ્મદેશ તરફ આગળ વધ્યા. પરિણામે જાપાનને પરાજય દેખાવા લાગ્યો. વિશ્વયુદ્ધમાં જીતવાનું તો બાજુ પર રહ્યું, પણ હારી ન જવાય તે માટે શું કરવું તેની ચિંતા તેને થવા લાગી.

હારવું ન હોય તો જાપાને તાબડતોબ નવાં યુદ્ધજહાજો બાંધવાં પડે, કારણ કે નૌકાદળ વગર લડી શકાય નહિ. પ્રશાન્ત મહાસાગરના આટલા બધા દેશો પર અને ટાપુઓ પર તેણે નૌકાદળ વડે જ વિજય મેળવ્યો હતો. એ પછી નૌકાદળ ખલાસ થવા માંડ્યું, એટલે તેણે એ જ દેશો અને ટાપુઓ ગુમાવવાનો વારો આવ્યો. હવે જો આમ ને આમ તેનાં નૌકાદળનો ખુરદો બોલ્યા કરે તો વખત જતાં અમેરિકન કાફલો જાપાનના કાંઠે પણ ચડી આવે કે નહિ ? વિમાનો અને જહાજો વગર તેની સામે કેમ કરીને લડવું ? આથી જાપાને નક્કી કર્યું કે દિવસરાત મચી પડીને નવાં વિમાનો બનાવવાં અને નવાં યુદ્ધજહાજો પણ બાંધવા.

ટોકિયો, ઓસાકા તેમજ કોબે નામનાં શહેરોના જહાજવાડામાં કારીગરો મચી પડ્યા. યુદ્ધ માટે જહાજો તૈયાર કરવા લાગ્યાં. વિમાનોની ફેક્ટરીમાં પણ સૌએ ઘડિયાળ સામે જોયા વગર ખૂબ મહેનત કરી.



◆ જાપાન બે વર્ષ પછી હારવા લાગ્યું. અહીં કાળી લીટી વડે તેના બાકી રહેલા સામ્રાજ્યનો ફેલાવો બતાવ્યો છે. સફેદ તીર બ્રિટન તથા અમેરિકાનું આક્રમણ બતાવે છે

વિમાનો જેમ બનતાં ગયાં તેમ નવા પાયલટોને તાલીમ આપવાનું પણ શરૂ થયું. અગાઉ તો જાપાન પાસે ઘણા પાયલટો હતા. સેંકડો નહિ, પણ હજારો જેટલાં હતાં. પરંતુ અમેરિકા સામે પ્રશાન્ત મહાસાગરમાં જે યુદ્ધો ખેલાયાં તેમાં અનેક પાયલટોએ તેમના જાનનું બલિદાન આપી દીધું હતું. દેશ માટે લડીને તેઓ શહીદ થયા હતા. આથી જાપાન સરકારે દેશના યુવાનોને હાંકલ કરી કે પાયલટ બનવા માટે જલદી નામ નોંધાવો અને એકચિત્તે તાલીમ લો ! વિમાનોના અને જહાજોના બાંધકામમાં મદદ કરી શકે તેવા ઈજનેરોને પણ બોલાવવામાં આવ્યા. જાપાનમાં દેશભક્તોની જરાય કમી ન હતી. એક કહેતાં અનેક જણા હાજર થયા. દેશની રક્ષા માટે તેઓ ગમે તે ભોગ આપવા તૈયાર હતા.

જાપાનની હાલત આટલી ખરાબ હતી, તો પણ અમેરિકા તેની જરાય દયા ખાવા માગતું ન હતું. દયા હંમેશા દોસ્તની ખવાય, દુશ્મનની નહિ. અમેરિકાના નૌકાસેનાપતિને જ્યારે ખબર પડી કે જાપાન નવાં યુદ્ધજહાજો અને ફાઈટરબોમ્બર એરોપ્લેન બનાવે છે ત્યારે તેણે ઓસાકા ટોકિયો અને કોબે શહેરો પર આકાશી હુમલા કરાવ્યા. વિમાનોનાં કારખાનાં પર અને જ્યાં યુદ્ધજહાજો બનતાં હોય એ જહાજવાડા પર રાક્ષસી બોમ્બ ફેંકાવ્યા. વિમાનોના એન્જિન તથા પ્રોપેલર બનાવતા એક કારખાનાને તો અમેરિકન બોમ્બરોએ સાવ જમીનદોસ્ત કરી નાખ્યું.

એક જહાજવાડાનો પણ બોમ્બવર્ષામાં સદંતર નાશ કર્યો.

જાપાનને તો જાણે દુકાળમાં અધિક માસ જેવું થયું. એક તરફ નવો શસ્ત્રસરંજામ ખૂટી પડ્યો હોય અને બીજી તરફ નવો શસ્ત્રસરંજામ તૈયાર ન કરી શકાય તો પછી અમેરિકા જેવા શક્તિશાળી દુશ્મનનો મુકાબલો શેના વડે કરવો ? ટોકિયોમાં લશ્કરી સેનાપતિઓ મૂંઝાતા હતા. દેશને બચાવવાનો એકેય રસ્તો તેમને સૂઝતો ન હતો. પ્રશાન્ત મહાસાગરનો નકશો જોતી વખતે તેમનો જીવ બળીને ખાખ થતો હતો. ક્યાં પહેલાંનો નકશો અને ક્યાં અત્યારનો નકશો ! હવે માત્ર અગ્નિ એશિયાના કેટલાક દેશો જાપાનના કબજામાં હતા. એ સિવાય પ્રશાન્ત મહાસાગરમાં તો માત્ર ફિલિપાઇન્સના ટાપુઓ તેની પાસે હતા. અમેરિકાએ ફિલિપાઇન્સને પણ જીતી લેવાનું નક્કી કર્યું હતું. આ ટાપુઓ જીતાયા પછી અમેરિકન નૌકાદળને જાપાનના કાંઠે પહોંચી જતાં વાર કેટલી લાગે ? આ જાતનો હુમલો ન થવા દેવો હોય તો જાપાને ફિલિપાઇન્સ પાસે જ અમેરિકન નૌકાદળને રોકવું જોઇએ.



♦ જાપાનનાં શહેનશાહ હિરોહિતો

અગાઉના પાને બતાવેલો નકશો નં.૨ જુઓ. પ્રશાન્ત મહાસાગરમાં જાપાનનો ફેલાવો દેખાડતી કાળી લીટી જોઇ ? ૧૯૪૪ના અંતમાં જાપાનનું એટલું જ સામ્રાજ્ય બાકી રહ્યું હતું. કોઇ મુખ્ય ટાપુ તેના કબજામાં હોય તો માત્ર ફિલિપાઇન્સ ! બ્રિટનનાં તથા અમેરિકાનાં યુદ્ધજહાજો એ સમયે પ્રશાન્ત મહાસાગરમાં ચારેબાજુ પહેરો ભરતાં હતાં. ઑક્ટોબર, ૧૯૪૪માં સૌને હુકમ મળ્યો કે પહેરો ભરવાનું હમણાં બંધ કરો અને દુશ્મન સામે છેલ્લું યુદ્ધ ખેલવા માટે ફિલિપાઇન્સ તરફ આગળ વધો !

વાયરલેસ પર બધાં જહાજોને હુકમ મળ્યો કે તરત સૌએ દિશા બદલી. ત્રણ દિવસ પછી ફિલિપાઇન્સના અખાતમાં બ્રિટનનાં તેમજ અમેરિકાનાં કુલ ૧૬૬ યુદ્ધજહાજો ભેગાં થયાં. ઓકટોબર ૨૦, ૧૯૪૯નો એ દિવસ હતો. ફિલિપાઇન્સમાં જાપાનના નૌકામથકનો વડો એ વખતે એડમિરલ ઓહનિશી નામનો સેનાપતિ હતો. દુશ્મનો કેટલાં છે એ જોવા માટે તે જાસૂસી એરોપ્લેનમાં બેસીને કિનારા તરફ ઊડ્યો. બારીમાંથી દૂરબીન વડે નજર કરી ત્યારે તેનું ભેજું પણ બહેર મારી ગયું. સિંહને પણ ઘેરી વળે અને ફાડી ખાય એ પ્રકારના જંગલી કૂતરા જેવાં યુદ્ધ જહાજો અખાતમાં ઠેર ઠેર દેખાતાં હતાં. એડમિરલ ઓહનિશીના પેટમાં તેલ રેડાયું. ઘડીભર ચહેરો ફિક્કો પડી ગયો. ફિલિપાઇન્સનો મોરચો સંભાળવાની જવાબદારી તેના માથે હતી. દુશ્મનો આવવાના છે એ પણ તેને ખબર હતી, એટલે તેણે મદદનો સંદેશો ક્યારનો ટોકિયોને મોકલી દીધો હતો. પરંતુ દુશ્મનનો નૌકાકાફલો જોયા પછી તેને થયું કે ગમે તેટલી મદદ આવે, છતાં આટલા બધા જંગલી કૂતરાઓ સામે લડી શકાય નહિ. લડી તો શકાય, પણ જીતી શકાય નહિ. જાપાનનું ઝનૂન હજીયે સિંહ જેવું હતું. ઓહનિશી દુશ્મનો સામે માથું ઝૂકાવે એ માંહ્યલો ન હતો. બ્રિટીશ તથા અમેરિકન નૌકાકાફલાને બરાબર ઓળખી લીધા પછી જાસૂસી એરોપ્લેનને તેણે ફિલિપાઇન્સના હવાઇમથક પર નીચે ઊતાર્યું. અહીં રન-વે પાસે જાપાનનાં સેંકડો લડાયક વિમાનો પડ્યાં હતાં. ઓહકા નામનાં વિચિત્ર જાતનાં વિમાનો પણ હતાં, જેમનો દેખાવ એકદમ જૂદો હતો. ઓહકાને પ્રોપેલર ફીટ કરેલું ન હતું. દરેક વિમાન ફટાકડાના રોકેટ જેવું હતું. ફટાકડાના રોકેટમાં જેમ દારૂ ભરેલો હોય અને દીવાસળી ચાંપો ત્યારે રોકેટ સડસડાટ કરતું આકાશમાં ચડે તેમ ઓહકાના પાછલા ભાગમાં આવેલાં ત્રણ રોકેટો સળગે એટલે વિમાનને ગતિ મળતી હતી. વીસ ફીટ લાંબું વિમાન તેના પાયલટ સાથે કલાકના ૬૫૦ કિલોમીટરના વેગે આકાશમાં ચડતું હતું. થોડી વાર માટે જ ચડી શકે, કેમ કે વિમાનનો બધો દારૂ બળી જાય એટલે યાત્રા પૂરી ! વિમાન તરત નીચે પડવા લાગે ! ઓહકાનો પાયલટ ગમે તેટલો હોંશિયાર અને ચાલક હોય તો પણ તેને પડતું રોકી શકે નહિ.

આ જાતનાં પ્લેન જાપાને શા માટે બનાવ્યાં ? જાપાનના જ પાયલટોને અકસ્માતમાં મારી નાખવા માટે ? હા, પાયલટોનો બલિ ચડાવવા માટે જ તેણે એકાદ-બે નહિ, પણ ૭૫૫ ઓહકા પ્લેન બનાવ્યાં હતાં. ફિલિપાઇન્સમાં તેમનો ખડકલો કરી દીધો હતો. આપણે જોયું તેમ જાપાન દરેક નૌકાયુદ્ધમાં હાર્યા કરતું હતું. અનેક જહાજો તેણે ગુમાવ્યાં હતાં. ફાઇટર-બોમ્બર વિમાનો પણ લગભગ ખતમ થયાં હતાં. એ જ રીતે તેના બધા ચુનંદા પાયલટો દેશ માટે જાન આપી ચૂક્યા હતા. આમ છતાં જાપાન પાસે હજી પણ એક વસ્તુ અકબંધ હતી અને તે વસ્તુ એટલે દેશપ્રેમ ! મતલબ કે બલિદાનની ભાવના ! વતન માટે હસતે મોઢે શહીદ બનવાની તૈયારી !

એડમિરલ ઓહનિશીએ જાપાનના દેશભક્ત યુવાનોને ફિલિપાઇન્સમાં ભેગા કર્યાં હતાં. જાપાનના નૌકાદળે સૌને એક જ વાત કહી હતી : 'દેશ માટે તમારે મરી ફીટવું છે ? પ્રાણના ભોગે પણ દેશને આઝાદ રાખવો છે ? તો ફિલિપાઇન્સ ચાલો ! દુશ્મનો ફિલિપાઇન્સ પર જબરો હુમલો કરવાના છે, પરંતુ આપણી પાસે તેમનાં નૌકાદળનો સામનો કરવા માટે પૂરતાં જહાજો નથી. વિમાનો ઓછાં છે અને પાયલટો તો સાવ ઓછા છે. આમ છતાં જાપાનને બચાવવું હોય તો આપણે દુશ્મનોનાં શક્ય એટલાં વધુ જહાજોને ડૂબાડવાં જોઇએ. આ કામ તમારે જાનના ભોગે કરવાનું છે !'



પ્રશાન્ત મહાસાગરનો નકશો જોતી વખતે જાપાનીઓનો જીવ બળીને ખાખ થતો હતો. ક્યાં પહેલાંનો નકશો અને ક્યાં અત્યારનો!


ખાઇ-પીને જીવવા માગતા લોકો રેશનીંગની દુકાને લાંબી 'ક્યૂ' લગાડે એ તો સમજી શકાય, પરંતુ મરવા માગતા લોકોની કદી લાઇન લાગે ખરી ? જાપાનમાં ખરેખર એવા યુવાનોએ લાઇન લગાડી. દેશને જીવતો રાખવા માટે તેમણે પોતે મરવાનું પસંદ કર્યું. ૧૯૪૪માં આવા કેટલાય દેશભક્તો ફિલિપાઇન્સ પહોંચી ગયા અને મરવાનો હુકમ ક્યારે મળે તેની રાહ જોવા લાગ્યા.

આ હુકમ તેમને એડમિરલ ઓહનિશીએ સંભળાવ્યો. ફિલિપાઇન્સના હવાઇમથકે તેણે બધા જુવાનોને કહ્યું કે, 'આપણો દેશ હારવાની અણી પર છે. દુશ્મનો અહીં સુધી પહોંચી ગયા છે. જાપાનનો

મોટો નૌકાકાફલો તેમને લડત આપવા માટે આવે છે, પરંતુ આપણી પાસે અગાઉ જેટલી તાકાત રહી નથી. દેશને હવે તમારાં બલિદાનોની જરૂર છે, માટે સૌ તૈયાર રહેજો !'

યુવાનો તૈયાર હતા. કેટલાકને તો સરખી રીતે પ્લેન ઊડાડતા પણ આવડતું ન હતું. બોમ્બમારો શી રીતે કરાય એ પણ તેઓ સમજતા ન હતા. પરંતુ એ બધું શીખવાની જરૂર પણ ક્યાં હતી ? ઓહકા જેવા પ્લેનને દુશ્મન જહાજના તૂતક પર બોમ્બગોળા સહિત પટકી દીધું એટલે વાત પૂરી ! બોમ્બનો જે ધડાકો થાય તેમાં પહેલો ભોગ જાપાનના વીર પાયલટનો લેવાય, પણ તેથી શું ? દુશ્મન જહાજનો ખુરદો વળે એ પણ નાનીસૂની વાત હતી?

બે દિવસ પછી જાપાનનો નૌકાકાફલો ફિલિપાઇન્સના કાંઠે પહોંચી ગયો. આ કાફલામાં ૬૫ જહાજો હતાં, જ્યારે બ્રિટન તથા અમેરિકા પાસે ૧૬૬ હતાં. ઓક્ટોબર ૨૨, ૧૯૪૪ના દિવસે જે ખૂનખાર દરિયાઇ યુદ્ધ શરૂ થયું તેમાં જાપાને ૭૧૬ વિમાનો ઉતાર્યાં, તો બીજી તરફ દુશ્મનો પાસે ૧,૨૮૦ વિમાનો હતાં. પહેલી તોપ ફૂટી કે તરત વિમાનવાહક જહાજોના તૂતક પર દોડીને એ વિમાનો આકાશમાં ચડ્યાં અને જાપાનનાં નૌકાકાફલાની ખબર લેવા માંડ્યાં. કેટલાંકે પાણીમાં ટોરપિડો નાખ્યાં, તો કેટલાકે ૨૫૦ કિલોગ્રામના બોમ્બનો વરસાદ પાડ્યો. જાપાનનાં ચાર જહાજો તો પહેલી ૬૦ મિનિટમાં જ ડૂબી ગયાં. પચાસેક ફાઇટર બોમ્બર વિમાનો પણ તૂટી પડ્યાં. આકાશમાં તેમજ સમુદ્ર પર ભાગદોડ ચાલતી હતી. એકબીજાનો ઘા ચૂકાવવા માટે જહાજો વારંવાર દિશા બદલતાં હતાં. ક્યારેક સાવ અટકી જતાં હતાં અને ક્યારેક ઓચિંતી સ્પીડ પકડતાં હતાં. વિમાનોનું યુદ્ધ પણ જીવસટોસટનું બન્યું હતું. આવે સમયે કોણ મર્યું અને કોણ બચી ગયું તે કોણ જોવા બેસે ? કોઇ યુદ્ધજહાજને તોપગોળો વાગે, એટલે સંખ્યાબંધ નાવિકોની ખુવારી થતી હતી અને કેટલાય જણા પોતાનાં હાથ-પગ ગુમાવીને લોહીલુહાણ થતાં હતાં. કોઇ એરોપ્લેન તૂટી પડે તો પ્લેન ભેગો તેનો પાયલટ સમુદ્રમાં ડૂબી જતો હતો.



♦ બલિદાન આપવા માટે જાપાની પાયલટોએ ઓહકા નામનું પ્લેન વાપર્યું

આ યુદ્ધ સરખેસરખાનું ન હતું. બ્રિટનની તથા અમેરિકાની તાકાત જાપાન કરતાં બમણી હતી, એટલે વધુ ભાગે જાપાને જ માર ખાવો પડ્યો. એક પછી એક કરીને તેનાં જહાજો સમુદ્રના તળિયે પહોંચવાં લાગ્યાં. આમાં બે તો વિમાનવાહક જહાજો હતાં. વિમાનવાહક જહાજ ડૂબે ત્યારે એકલું જહાજ ન ડૂબે, પણ તેની સાથે વિમાનોએ પણ જળસમાધિ લેવાનો વારો આવે--પરિણામે બેવડું નુકસાન !

જાપાનની હાલત બગડવા લાગી ત્યારે એડમિરલ ઓહનિશીએ પોતાના જવાંમર્દોને હુકમ કર્યો : 'કામીકાઝી મિશન શરૂ કરો !'

કામીકાઝી એટલે ? જાપાની ભાષામાં કામીકાઝીનો મતલબ થાય દૈવી પવન ! ઈશ્વરે પેદા કરેલો વાવાઝોડા જેવો પવન ! આ શબ્દ ઘણાં વર્ષ જૂનો હતો. ઈ.સ. ૧૮૨૧માં મોંગોલ સેનાપતિ કુબ્લાઇખાન તેના વિશાળ સૈન્ય સાથે જાપાન પર હુમલો કરવા માટે નીકળ્યો હતો. કુબ્લાઇખાનની તાકાત પાર વગરની હતી. ટચૂકડા જાપાને તેની સામે લડ્યા વગર જ શરણે થવું પડે એટલો તે શક્તિશાળી હતો. વળી જે દેશ પર તે હુમલો કરે ત્યાંના લોકોને પણ મારી-કાપી નાખતો હતો. કોઇ ચમત્કાર ન બને તો જાપાનના લોકોની પણ એ જ હાલત થાય તે નક્કી વાત હતી. પરંતુ કુબ્લાઇખાનનું નૌકાદળ જાપાનના કાંઠે પહોંચ્યું ત્યારે સમુદ્ર પર જોરદાર પવન ફૂંકાયો. સમુદ્રમાં ભયંકર મોજાં ઉછળ્યાં. આ વાવાઝોડાએ કુબ્લાઇખાનના નૌકાદળને સલામત ન રહેવા દીધું. ઘણાં જહાજો ડૂબી ગયાં અને બાકીનાં સાવ નકામાં બની ગયાં. જાપાની પ્રજાએ રાહતનો દમ ખેંચ્યો. પ્રજાજનો એમ માનવા લાગ્યા કે દુશ્મનને હાંકી કાઢવા માટે ઈશ્વરે જ દૈવી પવન મોકલ્યો હતો. કોઇ આશા ન રહી ત્યારે દૈવી પવને (કામીકાઝીએ) જ તેમના દેશનું રક્ષણ કર્યું હતું.

કુબ્લાઇખાનની જેમ હવે બ્રિટન તથા અમેરિકા પણ તેમનું નૌકાદળ વાપરીને જાપાન પર તૂટી પડ્યા હતા. ઈશ્વર ફરી વખત દૈવી પવન એટલે કે કામીકાઝી પેદા કરે એમ ધારીને જાપાનીઓ બેસી રહે તો કશું ન વળે, એટલે જાપાને તેના પાયલટોને જ કામીકાઝી બનાવ્યા. આપ મર્દા તો મદદે ખુદા ! નસીબ પર કશું જ છોડવાનું નહિ; જે કરવું હોય તે જાતે કરવાનું !

એડમિરલ ઓહનિશીનો પડકાર સૌ પહેલાં ફલાઇટ લેફ્ટનન્ટ સેતી નામના યુવાન પાયલટે ઝીલી લીધો. પ્રથમ હુમલો એન્જિનવાળા પ્લેનમાં બેસીને કરવાનો હતો. લેફ્ટનન્ટ સેતી એવા જ પ્લેનનો કુશળ પાયલટ હતો. એડમિરલે તેની આગેવાની નીચે બીજાં ત્રણ વિમાનોને પણ તૈયાર કર્યાં--એટલે કે કુલ ચાર પાયલટો મોતના જડબામાં કૂદકો લગાવવા માટે તૈયાર થયા. કપાળ પર તેમણે જાપાનનો રાષ્ટ્રધ્વજ બાંધ્યો અને નીકળી પડ્યા. કેટલી હિંમત અને કેવો દેશપ્રેમ ! જીવે તે માણસ ક્યારેક તો મરે, તો પછી દેશ માટે કેમ ન મરવું ? અને ગુલામ દેશના વતની તરીકે જીવીને પણ શું કરવાનું ?

લેફ્ટનન્ટ સેતી અને તેના ત્રણ સાથીદારો દુશ્મનના નૌકાકાફલા તરફ ઊડ્યા. દરેકના પ્લેનમાં ૨૫૦ કિલોગ્રામનો એક બોમ્બ હતો. આ ચાર જવાંમર્દોને મોતની તો જરાય ચિંતા ન હતી. ચિંતા હોય તો એટલી કે રખે નિશાન ચૂકી જવાય અને દુશ્મનનું જહાજ બચી જવા પામે ! હસતે મોઢે તેઓ મરવા તૈયાર હતા, પણ કુરબાની એળે જાય તે ન ચાલે ! વિમાનોની અછત હતી, એટલે દરેક વિમાન બરાબર કામ લાગવું જોઇએ. વળી શિકાર પણ બહુ મોટો કરવો જોઇએ.



♦ સાવધાન ! એક મરણિયા પાયલટનું ઓહકા પ્લેન દુશ્મન વિમાનવાહક જહાજ પર તૂટી પડવા માટે ડાઈવ મારે છે. આ ફોટો યુદ્ધ વખતનો જ છે

આ રહ્યો તે શિકાર ! 'સેન્ટ લૉ' નામનું મહાકાય વિમાનવાહક જહાજ ! આ જહાજ એકલું ન હતું. 'સેન્ટ લૉ'ને રક્ષણ આપવા માટે બીજાં ત્રણ નાનાં યુદ્ધજહાજો તેની આજુબાજુ હંકારી રહ્યાં હતાં. લેફટનન્ટ સેતીએ વાયરલેસ દ્વારા પોતાના સાથીદારોને છેલ્લી સૂચના આપી : 'હું વિમાનવાહક જહાજ પર ત્રાટકું છું. જરૂર લાગે તો બીજા એક જણે તેના પર તરાપ મારવાની છે. આ જહાજ ડૂબવું જોઈએ.'

લેફટનન્ટ સેતીએ પોતાના પ્લેનને ખૂબ ઊંચે ચડાવ્યું અને પછી ડૂબકી મારી. 'સેન્ટ લૉ'નું તેણે બરાબર નિશાન લીધું. થોડીક ક્ષણો બાદ એક પ્રચંડ ધડાકો થયો. વિમાનવાહક જહાજના તૂતક પર આતંક મચી ગયો. બોમ્બધડાકામાં કેટલાય અમેરિકન સૈનિકો માર્યા ગયા. વિમાનોનું પણ સત્યાનાશ નીકળી ગયું. જહાજનો અમેરિકી કપ્તાન તો ડઘાયેલી નજરે જોતો જ રહ્યો ! અચાનક શું બની ગયું ? જાપાની એરોપ્લેનને વિમાનવિરોધી તોપનો ગોળો વાગ્યો અને તે આપમેળે તૂટી પડ્યું કે પાયલટે જાણી બૂઝીને પોતાનું બલિદાન આપી દીધું ? કપ્તાનને સમજ પડે એ પહેલાં બીજું કામીકાઝી પ્લેન પટકાયું અને તૂતકના ભુક્કા બોલી ગયા. જહાજની અંદર ભરેલો પુષ્કળ દારૂગોળો પણ ફાટ્યો અને તે ડૂબવા લાગ્યું. હજી બે કામીકાઝી વિમાનો બાકી હતાં. અમેરિકાના બીજાં જહાજો પર તેનાં પાયલટોએ જાન આપી દીધાં.

બિચારો એડમિરલ ઓહનિશી ! આ નૌકા-સેનાપતિની એક આંખમાં દુઃખનાં આંસુ હતાં, તો બીજી આંખમાં આનંદના ! જાપાનના નવલોહિયા જવાનોને તેણે જ મોતના જડબામાં ધકેલ્યા હતા, એટલે તેને ભારે દુઃખ થતું હતું. બીજી તરફ દુશ્મનોને ફટકા પડ્યા એ વાતનો તેને આનંદ પણ હતો. વધુ કામીકાઝી પાયલટોને તેણે રવાના કર્યા. દેશ માટે અનેક પાયલટો મરી ફીટવા તૈયાર હતા, પરંતુ એડમિરલ પાસે તેમના જેટલાં વિમાનો ન હતાં. નવાઈની વાત તો એ કહેવાય કે સૌએ પડાપડી કરી મૂકી. 'આના પછી હું જઈશ. મને જ મોકલજો ! મારૂં નામ મેં ત્રણ અઠવાડિયાં પહેલાં નોંધાવ્યું હતું !' એમ કહીને પાયલટોએ ઓહનિશીને મૂંઝવણમાં નાખી દીધો ! ઓહનિશીએ ગળગળા અવાજે સૌને જણાવ્યું કે, 'જાપાનની પ્રજા તમને કદી ભૂલશે નહિ. મારા દેશમાં આવા સપૂતો પાક્યા એ જાણીને મારી છાતી ગજ ગજ ફૂલે છે. પરંતુ યુદ્ધમાં કોણે જવું એ મને નક્કી કરવા દો !'

પાયલટોનો વારો જેમ આવતો ગયો તેમ માથા પર રાષ્ટ્રધ્વજનો ફેંટો બાંધીને તેઓ પણ મોતના જડબામાં કૂદકો મારતા ગયા. બ્રિટીશ તથા અમેરિકન જહાજો પર જબરો હાહાકાર મચ્યો. આ તે કેવા લડવૈયા કે જેઓ સામે ચાલીને યમરાજાને ભેટવા માટે આવતા હતા ? શી તેમની હિંમત અને શી તેમની બહાદુરી ? ઇતિહાસમાં યુદ્ધો તો ઘણાં ખેલાયાં, પણ કદી એવું યુદ્ધ થયું હોય ખરૂં કે જેમાં આટઆટલાં યોદ્ધાઓ દુશ્મનની હત્યા કરવા માટે પોતે આત્મહત્યા કરે ?

ત્રણ-ચાર દિવસમાં તો કેટલાંય બ્રિટીશ તથા અમેરિકન જહાજો નકામાં બની ગયાં. બહુ થોડાં જહાજો ડૂબ્યાં, પરંતુ જે નકામાં બન્યાં તેઓ હવે લડી શકે તેમ ન હતાં. દરમ્યાન જાપાન પાસે એન્જિનવાળાં વિમાનો પણ ખૂટી પડ્યાં, એટલે પ્રોપેલર વગરનાં પેલાં ઓહકા નામનાં એરોપ્લેનનો વારો આવ્યો. આ વીસ ફીટ લાંબા દરેક પ્લેનનું વજન ૪૪૦ કિલોગ્રામ હતું, પણ તેમાં ૧,૨૦૦ કિલોગ્રામનો જબરદસ્ત બોમ્બ મુકી શકાતો હતો. પાયલટ માટે એક નાની અમથી સીટ હતી. બાકી બીજું કશું જ નહિ.

આ જાતના પહેલા એરોપ્લેનને બરાબર આકાશ સામે તાકીને ફોડવામાં આવ્યું ત્યારે ફટાકડાના રોકેટની જેમ જ તે દેમાર કરતું ઊંચે ચડ્યું. ઝડપ તો કલાકના ૬૫૦ કિલોમીટર ! આકાશમાં ૧૮,૦૦૦ ફીટ સુધી તે પહોંચી ગયું. આટલે ઊંચે તો બ્રિટીશ કે અમેરિકન વિમાનો ક્યારેય પહોંચી શકે નહિ, એટલે તેને રોકી પણ શકે નહિ. દુશ્મનોએ તેને જોયું, પણ માત્ર જોતા જ રહ્યા. ઓહકા પ્લેનનો બધો દારૂ બળીને ખલાસ થયો ત્યારે પ્લેન નીચે પડવા લાગ્યું. નીચેના આકાશમાં ઘણાં દુશ્મન વિમાનો તેની રાહ જોતાં હતાં. લાગ મળે તો તેને ફૂંકી દેવા માગતાં હતાં. પરંતુ લાગ મળે શેનો ? ઓહકાની ઝડપ ખૂબ વધુ હતી. હવે તે કલાકના ૯૨૭ કિલોમીટરના વેગે ઊડતું હતું. દુશ્મન પાયલટ

તેનું નિશાન લેવા માટે ગમે તેટલાં ફાંફાં મારે તો પણ નકામું ! દુશ્મનોના બધા તોપગોળા ખાલી ગયા અને જોતજોતામાં એ કામીકાઝી પ્લેન એક મોટી અમેરિકન મનવાર પર ધડકાભેર પડ્યું અને તેના ફુરચા કાઢી નાખ્યા. ૧,૨૦૦ કિલોગ્રામનો રાક્ષસી બોમ્બ એવો જોરદાર રીતે ફાટ્યો કે મનવારના ૫૪ નાવિકો ત્યાંને ત્યાં મરી ગયા. એ પછી મનવારનો દેખાવ જોયો હોય, તો સાવ ફટીચર ! તૂતક પર તોપો ન હતી, ભૂંગળાં ન હતાં અને વહાણવટીઓ જેને ફૂવાસ્થંભ કહે તે બાંધકામ પણ ન હતું. મનવારનું ફક્ત ખોખું સમુદ્ર પર તરતું હતું. આ મનવારમાં ભરેલો દારૂગોળો પણ છેવટે ફાટ્યો અને મનવાર ડૂબી ગઇ.

આ સફળતા જોયા પછી ફિલિપાઇન્સમાં જાપાનના મરણિયા પાયલટોને જબરૂં શૂરાતન ચડ્યું. કેટલી સરળ યુક્તિ હતી ! એક જ ઘા અને દુશ્મન જહાજના દસ કટકા ! રીતસરનાં ફાઇટર-બોમ્બર વડે હુમલો કર્યો હોય તો કોણ જાણે કેટલાં વિમાનોને દુશ્મનો તોડી પાડે અને છતાં દુશ્મન જહાજ તો ડૂબે કે ન પણ ડૂબે ! એ કરતાં આમ જ કામીકાઝી હુમલો કરવો શું ખોટો ?

--અને દેશભક્તિ પણ આનું જ નામ ! કામીકાઝી હુમલામાં પોતે અચૂક મરી જવાના છે એ વાત જાપાનના પાયલટો જાણતા હતા, તો પણ એ વાતની તેમને જરાય પરવા ન હતી. મરવાનું થાય તો થાય, પણ દુશ્મનનો કચ્ચરઘાણ નીકળી જાય એટલે પત્યું !

◆ કામીકાઝી હુમલાને કારણે બ્રિટનના એક મહાકાય વિમાનવાહક જહાજનો ખુરદો નીકળવા લાગ્યો. આ જહાજ છેવટે પ્રશાન્ત મહાસાગરના તળિયે ગરક થઇ ગયું

આ રીતે ફિલિપાઇન્સનું યુદ્ધ એકદમ ખૂનખાર બન્યું. એક કે બાદ એક કરીને સેંકડો ઓહકા પ્લેન બ્રિટીશ તથા અમેરિકન જહાજોને માથે પટકાયાં. કેટલાંક પ્લેન આકાશમાં ચડવાને બદલે સીધી લીટીમાં જહાજો તરફ ગયાં. સમુદ્રથી માંડ વીસ કે પચ્ચીસ ફીટ ઊંચે રહીને તેઓ આગળ વધ્યાં, જેથી દુશ્મન જહાજના રેડારમાં પણ તેઓ દેખાય નહિ. જહાજ પાસે ગયા પછી તેઓ ઓચિંતા ૧,૦૦૦ ફીટ ઊંચે આકાશમાં ચડ્યાં અને સીધી ડાઇવ મારી. પટકાતી વખતે દરેક પાયલટના છેલ્લા શબ્દો એ જ હોય કે, 'જાપાન અમર રહો !'

પાયલટોના બલિદાનનું પરિણામ છેવટે શું આવ્યું ? પાયલટો જવાંમર્દ હતા, પરંતુ દુશ્મનો જોરદાર હતા. આ યુદ્ધ લાગલગાટ છ દિવસ ચાલ્યું અને જાપાન તેમાં હારી ગયું. જાપાનનાં ૪ મોટાં વિમાનવહાક જહાજો ડૂબી ગયાં. એ સિવાય ૨૨ બીજાં યુદ્ધજહાજો તેણે ગુમાવ્યાં. બ્રિટનનાં તેમજ અમેરિકાનાં માત્ર ૬ જહાજો ડૂબ્યાં. બીજાં ૨૫ જહાજો સાવ ખતમ થયાં, પણ ડૂબ્યાં નહિ.

હવે અમેરિકા જાપાન પર રીતસરનો હુમલો કરવા માટે તૈયાર થયું. જાપાનને બદલે માનો કે બીજો દેશ હોય તો આટલો બધો માર ખાધા પછી ઘૂંટણિયે પડી જાય અને હાર કબૂલી લે. પરંતુ જાપાન હજી પણ લડવા માગતું હતું દેશનો છેલ્લામાં છેલ્લો નાગરિક દેશ માટે કુરબાન થવા તત્પર હતો. ફિલિપાઇન્સથી અમેરિકન નૌકાકાફલો જેવો જાપાન તરફ આગળ વધ્યો કે તરત ત્યાંનાં જાપાની કામીકાઝી વિમાનો હુમલો કરવા સામાં આવ્યાં.

ફરી વખત યુદ્ધ જામી પડ્યું. આ વખતે અનેક વિમાનો સામટાં અમેરિકન નૌકાકાફલા પર ત્રાટક્યાં. જહાજોનાં તૂતકો પર ધમાચકડી બોલી ગઇ અને કાફલાની આગેકૂચ પણ અટકી ગઇ. અમેરિકનોને મનમાં એમ કે જાપાનીઓ ક્યાં સુધી આવાં બલિદાનો આપ્યાં કરશે ? થોડા વખત પછી આપમેળે તેમને પોતાની ભૂલ સમજાશે. આ રીતે લાંબો સમય ન લડી શકાય એ વાતનું તેમને ભાન થશે.

અમેરિકનો જો કે સાવ ખોટા પડ્યા. લાગલગાટ ત્રણ મહિના સુધી જાપાનના કામીકાઝી પાયલટો કુરબાની આપતા જ રહ્યા. આ ત્રણ મહિનામાં અમેરિકાનાં કુલ ૩૬ મોટાં યુદ્ધજહાજોને તેમણે ડુબાવ્યાં અને બીજાં ૩૩૨ યુદ્ધજહાજોને સાવ તોડીફોડીને એવાં નકામાં કરી દીધાં કે અમેરિકન નૌકાદળે તેમને ભંગારમાં કાઢી નાખવાં પડ્યાં. ચોથે મહિને પણ આક્રમણ તો ચાલુ જ રહ્યું. જાપાનને કાંઠે પહોંચી જવાની અમેરિકનોને ખૂબ ઉતાવળ હતી. જાપાન પર અમેરિકન વાવટો ખોડી દેવાય તો સમજો કે છેલ્લાં છએક વર્ષથી ચાલતું બીજું વિશ્વયુદ્ધ પૂરૂં થયું.

પરંતુ એમરિકાના નૌકાસેનાપતિને થયું કે જાપાનીઓ મધદરિયે જ આટલી સજ્જડ લડત આપે છે તો અમેરિકાનું સૈન્ય જાપાનના કાંઠે પહોંચે ત્યારે શું થશે ? જમીનના યુદ્ધમાં જાપાની સૈનિકો કેટલી જોરદાર લડત આપશે ? બન્ને દેશોના કેટલા બધા સૈનિકો તેમાં મરી જશે ? કેટકેટલું લોહી રેડાશે ?

હવે શું કરવું તે નૌકાસેનાપતિને સૂઝ્યું નહિ. આથી તેણે અમેરિકાના પ્રમુખ સાથે વાયરલેસ પર વાત કરી. જાપાનીઓ કેટલા મક્કમ છે તે પણ જણાવ્યું. દરિયાઇ યુદ્ધમાં રોજેરોજ કેટલી ખુવારી થાય છે તેની પણ માહિતી આપી. આ બધું સાંભળીને પ્રમુખ મૂંઝવણમાં પડી ગયા. વિશ્વયુદ્ધમાં અમેરિકાનો વિજય નક્કી હતો, પરંતુ જાપાનના લોકો આમ જ લડતા રહે તો વિજય મળે કયારે ?

પ્રમુખે છેવટે જાપાનને એક જ ધડાકે ખતમ કરી નાખવા માટે તેના પર અણુબોમ્બ ફેંકવાનો હુકમ પોતાના હવાઈદળને આપ્યો. વળી એક નહિ, પણ બે અણુબોમ્બ ! પહેલો હિરોશિમા પર અને બીજો નાગાસાકી પર ! આ પગલું ખરેખર ઘાતકી હતું. લડાઈમાં હથિયારબંધ સૈનિકો એકબીજા સાથે લડે એ વાત જુદી, પણ બિચારા નાગરિકોનો શો વાંક? હિરોશિમા અને નાગાસાકી શહેરોમાં જે નાગરિકો વસતા હતા તેઓ સૈનિકો ન હતા. આ હુમલો થાય તો પોતાનો બચાવ કરવા માટે તેમની પાસે શસ્ત્રો પણ ન હતાં. અમેરિકન વિમાનો આવા નિર્દોષ લોકો પર અણુબોમ્બ ફેંકે તેને ઘાતકીપણું ન કહેવાય તો બીજું શું ? પરંતુ અમેરિકાને તો ગમે તે રીતે યુદ્ધ જીતવું હતું.

ઑગસ્ટ ૬, ૧૯૪૫ના દિવસે અમેરિકાનું બી-૨૯ પ્રકારનું એક બોમ્બર વિમાન અણુબોમ્બ સાથે જાપાનના હિરોશિમા તરફ ઊડ્યું. થોડી વાર પછી તેણે અણુબોમ્બ ફેંક્યો. કાનના પડદા ફાટી જાય એવો મોટો ધડાકો થયો. હિરોશિમાનાં ૯૨,૦૦૦ સ્ત્રી, પુરુષો અને બાળકો તે વિસ્ફોટમાં મરી ગયાં.

ઑગસ્ટ ૯, ૧૯૪૫ના દિવસે અમેરિકાનું બીજું વિમાન બીજા અણુબોમ્બ સાથે નાગાસાકી તરફ ઊડ્યું. નાગાસાકી શહેરના ૪૦,૦૦૦ નિર્દોષ લોકોને ખતમ કરી તે પાછું આવ્યું. અમેરિકાએ જાપાનને ધમકી આપી કે હજી પણ જો શરણે ન થવું હોય તો ત્રીજા અણુહુમલા માટે તૈયાર રહેજો ! જાપાને અંતે શરણે થવું જ પડ્યું. અમેરિકાની નિર્દયતા પાસે તેનું કશું ચાલ્યું નહિ. હથિયારો તેણે હેઠાં મૂકી દીધાં. અમેરિકાનાં યુદ્ધજહાજો જાપાનને કાંઠે આવે તો તેમના પર કામીકાઝી આક્રમણ ન કરવાની પણ ખાતરી આપી.

અંતે સપ્ટેમ્બર ૨, ૧૯૪૫ના રોજ 'મિસૂરી' નામનું અમેરિકન યુદ્ધજહાજ ટોકિયોના અખાતમાં દાખલ થયું. 'મિસૂરી' સાથે કેટલીક મનવારો પણ હતી. અમેરિકાના નૌકાસેનાપતિએ જાપાનના વિદેશમંત્રીને 'મિસૂરી'ના તૂતક પર બોલાવ્યા અને તેમની પાસે શરણાગતિનો પત્ર લખાવ્યો. બીજું વિશ્વયુદ્ધ એ સાથે પૂરું થયું.

જાપાનને ભલે પરાજય મળ્યો, પણ બહાદુરી દેખાડવામાં તેના કામીકાઝી પાયલટોએ દુશ્મનોને ક્યાંય ઝાંખા પાડી દીધા હતા. ■

5



હિટલરના જર્મનોને હરાવવા

મર્યા પછી મોરચે ગયેલો બીજા વિશ્વયુદ્ધનો નંબર વન યોદ્ધો !

સપ્ટેમ્બર, ૧૯૩૯માં પડોશી દેશ પોલેન્ડની ભૂમિ પર હિટલરે નાઝી ધ્વજ ખોડ્યો--અને પછી માત્ર ૩ વર્ષમાં તો લગભગ સમગ્ર યુરોપને બાથમાં લીધું ત્યારે બ્રિટન અને અમેરિકાના જીવ અદ્ધર થયા. હિટલરની ઘોડાપુર જેવી ફોજ પર લગામ નાખવી જરૂરી હતી. પરંતુ એ કામ કરવું શી રીતે? બન્ને દેશો બળિયા ખરા, પણ હિટલરનું તેઓ કશું બગાડી શકે તેમ ન હતા, કારણ કે યુરોપી મોરચે નાકાબંધી હતી. અભેદ્ય કિલ્લા જેવું નાઝી લશ્કર ત્યાં તૈનાત હતું. આ કિલ્લો તોડવો કઠિન હતો, માટે બ્રિટને તથા અમેરિકાએ જુદો નુસખો અપનાવ્યો અને તોપને બદલે ટાંકણીને શસ્ત્ર બનાવ્યું !

બીજા વિશ્વયુદ્ધના પૂર્વાર્ધમાં હિટલરના નાઝી લશ્કરે એક પછી એક જ્વલંત વિજય મેળવ્યા. લગભગ આખા યુરોપ પર આણ ફેલાવી દીધી. ઉત્તરાર્ધમાં જો કે બાજી પલટાવા લાગી. એક પછી એક પરાજય મળતો ગયો --અને તે સિલસિલો છેવટ સુધી અટક્યો જ નહિ. બાજી કોણે પલટી એ પ્રશ્ના જવાબમાં એકાદ બહાદુરનું નામ ગણાવી શકાય નહિ, કેમ કે અનેક સૈનિકોના સંયુક્ત પરાક્રમોનું તે સંયુક્ત પરિણામ હતું.

એક નામ ટાંકવાનું જો કે મન થાય છે, પણ તે સાચું નથી. બીજા વિશ્વયુદ્ધે જોયેલા પરાક્રમી બહાદુરોની સૂચિમાં તેને સામેલ કરો કે બાતલ રાખો--કોઇ ફરક પડતો નથી. કારણ કે એ તેનું માત્ર કામચલાઉ નામ હતું. યુદ્ધ વખતે તેને આપવામાં આવ્યું હતું. આ નામધારી શખ્સ સાચેસાચ કોણ એ રહસ્ય પણ કદી ખૂલે તેમ નથી. માત્ર એટલું કહી શકાય કે અહીં વર્ણવેલી કથા આરંભથી અંત સુધી શબ્દશઃ સાચી છે.

જાન્યુઆરી ૧૨, ૧૯૪૩. અમેરિકાના પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ અને બ્રિટનના વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલ ઇતિહાસને તેમની સંયુક્ત ઇચ્છા પ્રમાણેનો મોડ આપવા રૂબરૂ મળ્યા અને ‘સિમ્બોલ’ એવા સાંકેતિક નામે ઓળખાતી ગુપ્ત મંત્રણા શરૂ કરી. મંત્રણાની તારીખ ૧૨ હતી, પણ રોજેરોજના વિચારવિમર્શ પછી અંતે જ્યારે ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો ત્યારે કેલેન્ડર ૨૩મી તારીખ બતાવવાનું હતું. દરમ્યાન બાર દિવસ સુધી મોરોક્કો દેશના તટવર્તી નગર કાસાબ્લાંકાની વૈભવશાળી હોટેલમાં રોકાણ કરનાર બન્ને આગેવાનો ચેનની નિદ્રા માણી શકવાના ન હતા.

બન્નેની ચિંતા સકારણ હતી--અને કારણ વળી એક નહિ, અનેક હતાં. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયાને ૧,૨૨૭ દિવસો વીતી ચૂક્યા પછી રૂઝવેલ્ટ અને ચર્ચિલ તેના રણમંચ પર જ્યાં નજર દોડાવે ત્યાં પરાજયનાં સ્પષ્ટ ચિહ્નો દેખાતાં હતાં. દાખલા તરીકે :

■ એડોલ્ફ હિટલરનું નાઝી લશ્કર સ્વિડન, પોર્તુગાલ, બ્રિટન અને સ્પેન એ ચાર દેશોને બાદ કરતાં બાકીના યુરોપ પર ફરી વળ્યું હતું એટલું જ નહિ, પણ મોરોક્કો તથા અલ્જિરિયા સિવાયના ઉત્તર-પશ્ચિમ આફ્રિકાનો પણ આશરે ૨૫,૦૦,૦૦૦ ચોરસ કિલોમીટર પ્રદેશ તેણે જીતી લીધો હતો. હિટલરની ૧૧૭ ઇન્ફન્ટ્રી ડિવિઝનો, ૨૯ બખ્તરિયા ડિવિઝનો, ૩,૩૫૦ રણગાડીઓ તથા ૩,૪૦૦ વિમાનોના પ્રચંડ આક્રમણ સામે હવે જોસેફ સ્તાલિનનું રશિયા ઝઝૂમી રહ્યું હતું. કાસાબ્લાંકાની મંત્રણામાં સ્તાલિનની હાજરી અનિવાર્ય હોવા છતાં તેઓ દેશને રેઢો મૂકી આવી શક્યા નહિ.


■ ૧૯૪૨ ના વર્ષ દરમ્યાન બ્રિટન, અમેરિકા તથા મિત્રદેશોનાં કુલ ૧,૬૬૪ જહાજોને તેમજ યુદ્ધજહાજોને જર્મનીએ ડૂબાવ્યાં હતાં. આ જહાજોનું કુલ વજન ૭૭,૯૦,૦૦૦ ટન હતું. ઘણાંખરાં જહાજો બ્રિટિશ હતાં. બીજી તરફ બ્રિટન તો એ વર્ષે માત્ર ૨૩૯ નવાં જહાજો બાંધી શક્યું હતું. આ દરે નુકસાન ચાલુ રહે તો વધુ બાર મહિના પણ ખેંચવાનું કપરું બને. હિટલરની કુલ ૨૧૨ સબમરિનો ઍટલાન્ટિક મહાસાગરમાં અને ભૂમધ્ય સમુદ્રમાં પુષ્કળ ત્રાસ ફેલાવતી હતી.



♦ બ્રિટન-અમેરિકા વચ્ચે કાસાબ્લાંકા ખાતે થયેલી મંત્રણા બીજા વિશ્વયુદ્ધમાં નિર્ણાયક સાબિત થઈ

■ ઈરાન, સાઉદી અરબસ્તાન તથા ઈરાક જેવા અખાતી દેશોનું જે પેટ્રોલિયમ બ્રિટનને મળતું તેમાં જર્મન સબમરિનોનાં કારસ્તાનોને લીધે મોટો કાપ આવ્યો હતો. બ્રિટનની વાર્ષિક જરૂરિયાત (અને યુદ્ધ પહેલાં નિર્વિઘ્ને થતી આયાત) લગભગ ૫ કરોડ ટન, પરંતુ ૧૯૪૨ માં ફક્ત ૩.૪ કરોડ ટન ખનિજ તેલ તેનાં બંદરો લગી પહોંચી શક્યું હતું. બ્રિટન પાસે bunker fuel/જહાજી બળતણનો અનામત સ્ટોક તો હવે માત્ર ૩,૦૦,૦૦૦ ટન હતો, જ્યારે તેનો માસિક વપરાશ ૧,૩૦,૦૦૦ ટન હતો. તેલવાહક જહાજો વાયા સુએઝ નહેર હંકારી ભૂમધ્ય સમુદ્રના માર્ગે બ્રિટન તરફનો પ્રવાસ ખેડે ત્યારે બન્ને કાંઠે જર્મન કબજાનાં નૌકામથકોની મનવારો અને સબમરિનો ઉપરાંત કિનારા પરની લોન્ગ-રેન્જ તોપો પણ ક્યારેક તેમની ખબર લઈ નાખતી હતી. હિટલરના પક્ષે રહીને લડતા ઈટાલિયન સરમુખત્યાર મુસોલિની પાસે ૧,૫૦૦ વિમાનો હતાં, જેમાંનાં કેટલાંકને તેણે ઈટાલિના સાર્ડિનિયા અને સિસિલી ટાપુઓ પર તૈનાત કર્યાં હતાં. બન્ને ટાપુઓ જહાજી ધોરી માર્ગની એકદમ પાસે, એટલે તેમને વટાવવા તે આદમખોર વાઘની બોડ નજીક પસાર થવા જેવું આફતજનક કામ હતું. નેવેરોનની તોપો માટે નામચીન બનેલા ગ્રીસને પણ જર્મનો એપ્રિલ, ૧૯૪૧ માં જીતી ચૂક્યા હતા. ઈરાનના અખાતથી વાયા સુએઝ નહેર જતાં જે બ્રિટિશ તેલવાહક જહાજો ભૂમધ્ય સમુદ્રમાં પ્રવેશે તેમના માટે સદંતર નાકાબંધી કરી દેવા મે, ૧૯૪૧ માં એટલે કે બીજે જ મહિને ગ્રીસના ૮,૩૩૬ ચોરસ કિલોમીટરના દક્ષિણી ટાપુ ક્રીટ પર ૨૨,૦૦૦ છત્રીસૈનિકોને ઊતાર્યા, જેમણે ૫૫,૦૦૦ જેટલા અંગ્રેજ, ગ્રીક તથા ઑસ્ટ્રેલિયન સૈનિકો પૈકી ૩૮,૬૦૦ ને પોતપોતાના વતન માટે શહીદ કરી દીધા. બાકીના સૈનિકોને બ્રિટિશ નૌકાદળ ઇજિપ્તના એલેક્ઝાન્ડ્રિયા બંદરે માંડ ખસેડી શક્યું, કેમ કે જર્મન વિમાનોએ ક્રીટ પરના આક્રમણ વખતે ૩ ક્રૂઝર અને ૬ વિનાશિકા મનવારોને જળસમાધિ આપી હતી. એક વિમાનવાહક જહાજ, બે મોટાં

૧૯૩૯ થી ૧૯૪૨ : યુરોપમાં નાઝી લશ્કરની વિજયકૂચ



યુદ્ધજહાજો અને ૧૩ સૈનિકવાહક જહાજો ભારે નુકસાનને લીધે નકામાં બન્યાં હતાં. ક્રીટ ટાપુ જર્મનોના હાથમાં ગયા પછી તો બ્રિટિશ તેલવાહક જહાજોએ ભૂમધ્ય સમુદ્રને ભૂલી જવો પડ્યો હતો. આફ્રિકાના દક્ષિણ છેડાને રાઉન્ડ મારી તેમણે લાંબા માર્ગે હંકારવાની ફરજ પડી હતી. આ માર્ગ સહેજ ઓછો જોખમી હતો--પરંતુ પૂરેપૂરો સલામત તો નહિ.

■ બીજું વિશ્વયુદ્ધ સપ્ટેમ્બર ૧, ૧૯૩૯ ના દિવસે શરૂ થયા પછી બ્રિટન અને તેના ઘણા મિત્રદેશો સતત પીછેહઠ જ કરતા રહ્યા હતા. બાકીના મિત્રદેશો પરાધીન બની ચૂક્યા હતા. બ્રિટન પોતાની લશ્કરી તાકાત વાપરી તે દેશોનું તારણહાર થાય તો જ તેમને મુક્તિ કદાચ મળી શકે, પરંતુ બ્રિટનના હાથ જો પેટ્રોલિયમના અભાવે બંધાયેલા રહે તો હિટલરની ગુલામીમાં બંધાયેલા ફ્રાન્સ, નોર્વે, ફિનલેન્ડ, ચેકોસ્લોવેકિયા, પોલેન્ડ, બેલ્જિયમ, ગ્રીસ, નેધરલેન્ડ (હોલેન્ડ) અને ડેન્માર્ક સહિતના એ પરાધીન દેશોનું ભાવિ શું?



◆ હિટલરની નાઝી ફોજનો બાહોશ સેનાપતિ ફિલ્ડ-માર્શલ રોમેલ

ભાવિ ફ્રેન્કલીન રૂઝવેલ્ટે અને વિન્સ્ટન ચર્ચિલે તેમની કાસાબ્લાંકા ખાતેની ઐતિહાસિક મિટિંગમાં નક્કી કરવાનું હતું. એક બાબતનો તેમણે અત્યાવશ્યક નિર્ણય લેવાનો હતોઃ

હિટલર સામે વળતું આક્રમણ કરવા માટે કયા યુરોપી દેશના સાગર-કિનારે લશ્કર ઊતારવું ? ઊતારવું કે કેમ એ પ્રશ્ન તો હવે ગૌણ બની ચૂક્યો હતો. હિટલરના નાઝી જર્મનીને હરાવવું હોય તો તેણે જીતેલા યુરોપી દેશોને બ્રિટન, અમેરિકા તથા બીજા મિત્રદેશોના સંયુક્ત લશ્કરે પાછા જીતવા રહ્યા. આ માટે ક્યાંક પણ 'ફાંકું' પાડી યુરોપમાં પેસારો કર્યા વગર તથા યુરોપને ત્યાર પછી નિર્ણાયક સંગ્રામનું મેદાન-એ-જંગ બનાવ્યા વગર આરો નહિ. અત્યારે તો બ્રિટન તથા અમેરિકા તે રણભૂમિની જ બહાર હતા, જ્યાં તેઓ પ્રેક્ષક તરીકે હિટલરના તરખાટ અને વધતી જતી તાકાત પર દુઃખી થવા સિવાય બીજી કશી ખાસ પ્રતિક્રિયા દાખવી શકે તેમ ન હતા.

મોરોક્કોના તટવર્તી નગર કાસાબ્લાંકામાં જાન્યુઆરી ૧૨મીના રોજ વડા પ્રધાન ચર્ચિલ અને પ્રમુખ રૂઝવેલ્ટ વચ્ચે આરંભાયેલી મંત્રણાનો અંત છેક જાન્યુઆરી ૨૩ ના દિવસે આવ્યો. પરિસ્થિતિને સેંકડો દ્રષ્ટિકોણે મૂલવ્યા પછી બેય જણા એ વાતે સહમત થયા કે યુરોપ પર જંગી પાયે આક્રમણ કરવું અનિવાર્ય હતું એટલું જ નહિ, પણ હવે તેમાં વિલંબ માટે ગુંજાશ ન હતી.



હિટલર સામે વળતું આક્રમણ કરવું તો જાણે નક્કી હતું, પણ લશ્કરે કયા યુરોપી દેશમાં ઊતારવું એ ચિંતાનો વિષય હતો.

વિજય માટે પણ ઝાઝી ગુંજાશ તો ન હતી. ઇંગ્લિશ ખાડી કે ભૂમધ્ય સમુદ્ર પાર કરીને લશ્કર દુશ્મન કબજાવાળા દરિયાકાંઠે ઊતરે એ વખતે બધા સંજોગો વ્યૂહાત્મક રીતે તેમની વિરૂદ્ધમાં હોય--અને તેમાં પણ દુશ્મનને આક્રમણની પૂર્વબાતમી મળી જાય તો વિજયની સહેજ પણ આશા નહિ. પૂર્વબાતમી મળે એ પાછી નિઃશંક વાત હતી. સેંકડો જહાજો અને મનવારો સાથે લાખો સૈનિકોની વિશાળ 'શોભાયાત્રા' નીકળે અને દરિયો ખેડતી આગળ વધે ત્યારે સોએ એક ટકો પણ સંભાવના ખરી કે સમુદ્રી આકાશમાં પેટ્રોલિંગ કરતાં જર્મન વિમાનોની નજરે તે છેવટ સુધી ચડે નહિ ? પૂર્વબાતમી મળ્યા બાદ આક્રમણને દરિયા કાંઠે જ રોકી પાડવા માટે જર્મનો રેતીમાં અસંખ્ય સુરંગો બિછાવી શકે તેમ હતા. નૌકાદળનું તટવર્તી તોપખાનું/coastal artillery ધણધણતું કરી સૈનિકો ઉપરાંત આગંતુક જહાજોના ફૂરચા કાઢી શકે તેમ હતા. મશીનગન, બઝૂકા, મોર્ટાર તથા ઑટોમેટિક રાયફલ વડે મારો ચલાવવા માટે જર્મનો પાસે ડઝનના હિસાબે પાયદળ/infantry ડિવિઝનો હતી. આ બધાનો પ્રતિકાર કરીને તેમજ પારાવાર ખુવારી પણ સહન કરીને બ્રિટન-અમેરિકાનું તથા મિત્રદેશોનું સહયોગી/allied લશ્કર જો આગળ વધતું રહે તો મુખ્ય ભૂમિ પર ખુશ્કીયુદ્ધ લડવા માટે પણ જર્મનો પૂરેપૂરા શસ્ત્રસજ્જ હતા. જાન્યુઆરી, ૧૯૪૩ માં ચર્ચિલે અને રૂઝવેલ્ટે મંત્રણા યોજી તેના આગલે વર્ષે જર્મનીએ લગભગ ૧૫,૦૦૦ ભારે તોપો, ૯,૨૦૦ રણગાડીઓ તથા ૧૫,૪૦૦ વિમાનોનું ઉત્પાદન કર્યું હતું. ઉપરાંત જે પોણો ડઝન યુરોપી દેશોને હિટલરે 'ખાલસા' કર્યા તેમનાં જપ્ત કરાયેલાં અઢળક શસ્ત્રો નાઝી જર્મનીના શસ્ત્રાગારમાં ઉમેરાયાં હતાં.

આ દરેક વાસ્તવિકતા બ્રિટન-અમેરિકા માટે વસમી હોવા છતાં યુરોપ પર આક્રમણ તો કર્યે જ છૂટકો હતો. હિટલરને આક્રમણના ભણકારા પહેલીવાર એ વખતે સંભળાયા કે જ્યારે ઉત્તર આફ્રિકામાં ફતેહના વાવટા ખોડી દેવા બદલ ખૂબ પંકાયેલું તેના ફિલ્ડ-માર્શલ એર્વિન રોમેલનું સૈન્ય હારવા લાગ્યું. રણનીતિના અને યુદ્ધકળાના ક્ષેત્રે ગજબનાક કુનેહ ધરાવતો રોમેલ સાચા અર્થમાં મહાન સેનાપતિ હતો, છતાં હિટલરના લશ્કરી હેડક્વાર્ટર પાસે તેણે બળતણ, તોપગોળા, બુલેટો, હેન્ડ ગ્રેનેડ, ખોરાકપાણી વગેરેનો જે પુરવઠો માગ્યો તેના માત્ર ૨૧% જેટલો સપ્લાય મળવાને કારણે જર્મન ફોજની હાલત નાજૂક બની.

લિબિયાના રેગિસ્તાનમાં એકધારી વિજયકૂચ પછી સેનાપતિ રોમેલે લગભગ ૩,૨૦૦ કિલોમીટર સુધી પીછેહઠ કરવાની ફરજ પડી.

નવેમ્બર, ૧૯૪૨ માં મોરોક્કો તથા અલ્જિરિયા તો જર્મનોએ ગુમાવી દીધા હતા. અમેરિકી લેફ્ટનન્ટ-જનરલ ડ્વાઇટ આઇઝનહોવરની સરદારી નીચે ૩૫૦ યુદ્ધજહાજોએ અને ૫૦૦ પુરવઠાવાહક તથા સૈનિકવાહક જહાજોએ નવેમ્બર ૮, ૧૯૪૨ ના રોજ જર્મન હકૂમતના એ બન્ને દેશો પર જંગી હુમલો કરી તેમને કબજે લીધા હતા. ફિલ્ડ-માર્શલ રોમેલ હવે ટ્યુનિશિયાને તથા લિબિયાને સાચવવાના મરણિયા પ્રયાસો કરતો હતો. આ પ્રયાસો વ્યર્થ પુરવાર થાય તે પહેલાં સમાચાર આવ્યા કે હિટલરના આદેશ મુજબ ૩,૫૦,૦૦૦ નાઝી સૈનિકો અને હજારો રણગાડીઓ સાથે રશિયાને જીતવા નીકળેલા જર્મન સેનાપતિ ફિલ્ડ-માર્શલ ફ્રેડરિક પોલસે અનહદ જાનહાનિ વેઠ્યા પછી હાર કબૂલી લીધી હતી. પોલસ અને તેના બચ્યાકૂચ્યા ૯૨,૦૦૦ નાઝી સૈનિકો રશિયાના શરણે થયા હતા.



♦ દક્ષિણ યુરોપ ખાતેની નાઝી ટુકડીનો કમાન્ડર-ઇન-ચીફ આલ્બર્ટ કેસેલરિંગ

બીજા વિશ્વયુદ્ધનું ફોકસ હવે યુરોપ પર મંડાય એ નિશ્ચિત હતું. આ નવું સત્ય જેને સૌ પહેલાં સમજાયું તે ફિલ્ડ-માર્શલ આલ્બર્ટ કેસેલરિંગ આખા દક્ષિણ યુરોપમાં નાઝી સૈન્યનો કમાન્ડર-ઇન-ચીફ હતો. જર્મનીના પક્ષે રહીને લડતા સરમુખત્યાર બેનિતો મુસોલિનીનું ઇટાલિ પણ તેના લશ્કરી કાર્યક્ષેત્રમાં સામેલ હતું. આફ્રિકાથી નિકટતમ યુરોપી દેશ ઇટાલિ અને તેમાંય ખાસ કરીને ઇટાલિનો દક્ષિણી ટાપુ સિસિલી, માટે યુરોપમાં પ્રવેશવા માગતા બ્રિટિશ-અમેરિકન દળો ત્યાંની કિલ્લેબંધીને તોડવાનું વધુ પસંદ કરે એ સંભવિત હતું. 'કિલ્લેબંધી'ને બદલે 'વાડ' શબ્દ વાપરવો કદાચ યોગ્ય ગણાય, કેમ કે પ્રચંડ હુમલાને ખાળી શકે તેવાં બખ્તરિયાં દળો ઇટાલિ પાસે ન હતાં; અર્થાત્ પૂરતી રણગાડીઓ ન હતી અને બખ્તરબંધ લડાયક વાહનોની પણ સંખ્યા ઓછી હતી. ઉત્તર આફ્રિકામાં મે ૧૩, ૧૯૪૩ ના દિવસે ફિલ્ડ-માર્શલ એર્વિન રોમેલનો પરાજય થયા બાદ તેના જે ૨,૪૦,૦૦૦ સૈનિકો યુદ્ધકેદી તરીકે પકડાયા તેમાં ૧,૨૫,૦૦૦ જર્મનો હતા, તો ૧,૧૫,૦૦૦ ઇટાલિયનો હતા. ઇટાલિની રણગાડીઓ અને તોપો સહિત પુષ્કળ શસ્ત્રસરંજામ વિજેતા બ્રિટિશ-અમેરિકી સૈન્યોના હાથમાં ગયો હતો. આથી ૨૫,૦૦૦ ચોરસ કિલોમીટરના સિસિલી ટાપુ પર ગોઠવવામાં આવેલી ૬ તટરક્ષક ડિવિઝનો પૂરેપૂરી શસ્ત્રસજ્જ અને સાધનસજ્જ ન હતી. અમેરિકાના જનરલ ડ્વાઇટ આઇઝનહોવર અને બ્રિટનના

♦ દુશ્મનનો દુશ્મન મિત્ર : હિટલર અને બેનિતો મુસોલિની



જનરલ હેરોલ્ડ એલેક્ઝાન્ડરનું સહિયારું લશ્કર ઝંઝાવાતની માફક સિસિલી પર વહેલુંમોડું ચડી આવે તે શક્યતાએ ઇટાલિયન સૈનિકોને નૈતિક રીતે શિયાંવિયાં કરી દીધા હતા.

ઇટાલિના નાઝી સેનાપતિ ફિલ્ડ-માર્શલ આલ્બર્ટ કેસેલરિંગે દુશ્મનોના સંભવિત આક્રમણને ધ્યાનમાં રાખી હિટલર પાસે infantry/પાયદળ તથા armoured/બખ્તરિયા મળીને કુલ પાંચ ડિવિઝનો માગી. અગાઉ ફિલ્ડ-માર્શલ એર્વિન રોમેલની માગણીઓને ઠેબે ચડાવીને પસ્તાયેલો હિટલર બીજી વાર એવી ભૂલ ન કરે, માટે પાંચ ડિવિઝનો બનતી ત્વરાએ મોકલવાનું તેણે નક્કી કર્યું. આ ખુશખબર હિટલરે પોતાના યુદ્ધપાર્ટનર મુસોલિનીને પાઠવ્યા એ તેની ભૂલ, કેમ કે મુસોલિનીએ ફિલ્ડ-માર્શલ કેસેલરિંગને જણાવ્યા વિના જ ડિવિઝનોની સંખ્યા ઘટાડીને ત્રણ કરી નાખી. નર્યું દોઢ ડહાપણ દાખવ્યું, જેના માટે કેટલેક અંશે તેના અહંકારની તથા અમુક હદે આશંકાની લાગણી જવાબદાર હતી.

ઇટાલિ પોતાના રક્ષણ માટે નાઝી જર્મની પર મદાર રાખતું હોવાની છાપ પડે એ તેના અહંકારને માન્ય ન હતું. ઘમંડને ઠેસ પહોંચતી હતી. ભેગાભેગ આશંકા પણ ખરી કે ઇટાલિયન ભૂમિ પર મોટી સંખ્યામાં જર્મન સૈનિકોને પડાવ નાખવા દેવાય તો વિશ્વયુદ્ધ આટોપાયા પછી પણ તેઓ કદાચ વિદાય થવાનું નામ ન લે ! શંકાખોર મુસોલિનીને નાઝી જર્મનોની ઊંચી મહત્વાકાંક્ષા ઇટાલિ માટે ભયજનક જણાતી હતી. આ ભય નિવારવાની તત્પરતામાં બેનિતો મુસોલિની એ પણ ભૂલી ગયો કે જર્મનો મજબૂત કિલ્લેબંધી ન રચી આપે તો બ્રિટિશ-અમેરિકન હુમલા વખતે ઇટાલિનો અંજામ હાથીના પગ નીચે કચડાતા ઇંડા કરતાં ખાસ જુદો હોવાની સંભાવના ન હતી. ડોશી મર્યાના બહાને નાઝી જમડા ઇટાલિ નામનું ઘર ભાળી જાય એ બીક જાણે બરાબર, પરંતુ ઘરનું જ અસ્તિત્વ ન રહેવાનું હોય ત્યારે એવી બીક રાખીને શો અર્થ ?

અલબત્ત, ઇટાલિના વરિષ્ઠ લશ્કરી અમલદારો મુસોલિનીને જર્મન મદદની અગત્યતા તેમજ અનિવાર્યતા સમજાવવામાં છેવટે સફળ થયા, એટલે પાંચ ડિવિઝનો મંગાવવા તેણે હકાર ભણ્યો. આમ છતાં જર્મન સૈનિકો ઇટાલિયન કમાન્ડરોની સલામી ભરે અને તેમની સૂચના મુજબ લડે એ તેની પૂર્વશરત હતી.

સત્તાલોભી, ઘમંડી અને શંકાખોર



◆ પ્રહારની પૂર્વતૈયારી : ઉત્તર આફ્રિકાની ઉત્તરે આવેલા ટ્યુનિશિયા ખાતે બ્રિટિશ-અમેરિકી દળોનો જંગી જમાવડો કરી રાખવામાં આવ્યો હતો. યોગ્ય મોકો મળે કે તરત તેમણે અહીંથી રવાના થઈ યુરોપી મોરચે હલ્લો બોલાવવાનો હતો.

મુસોલિનીએ પોતાનું હિત જાળવવાનું હતું, તો હિટલરના માથે જુદી ચિંતાનો ભારો હતો. યુરોપની મુખ્ય ભૂમિ પર બ્રિટન, અમેરિકા, કેનેડા, ફ્રાન્સ, બ્રિટિશહિન્દ, ન્યૂ ઝિલેન્ડ તથા ઑસ્ટ્રેલિયાના સંયુક્ત લશ્કરનો જુવાળ ટૂંક સમયમાં ચડી આવે તે હિટલરની દ્રષ્ટિએ ચિંતાની મુખ્ય બાબત ન હતી. પશ્ચિમમાં ફ્રાન્સથી પૂર્વમાં છેક ગ્રીસ સુધી લંબાતા આશરે ૨૭,૫૦૦ કિલોમીટર લાંબા સાગરકાંઠા પર ચોક્કસ કયા સ્થળે હુમલો થવાનો છે તેના વાવડ હિટલરને કેમે કરીને મળતા ન હતા, એટલે પાણી પહેલાં પાળ ક્યાં બાંધવી એ તેને સમજાતું ન હતું. ચિંતાનું એ જ મુખ્ય કારણ હતું.

ઉત્તર આફ્રિકાના છેક ઉત્તર છેડે ટ્યુનિશિયામાં જબરજસ્ત સૈન્ય ધરાવતો સેનાપતિ યુરોપ પર ત્રિપાંખિયું આક્રમણ કરવા ભૂમધ્ય સમુદ્રની પેલે પારના કયા સાગરતટને પસંદગી આપે ? સૌથી નજદીક આવેલા સિસિલી ટાપુના સાગરતટને ? (૭૪ મે પાને નકશો જુઓ.) ટ્યુનિશિયાથી સિસિલીનું અંતર માંડ ૨૪૫ કિલોમીટર હોવાને કારણે તેની જ પસંદગી આમ તો યોગ્ય લેખાય, છતાં બ્રિટન-અમેરિકા તથા તેમના મિત્રદેશો ઇટાલિના પશ્ચિમી ટાપુ સાર્ડિનિયા પર હલ્લો કરે એ હિટલરને વધુ શક્ય જણાતું હતું--અને શક્યતા માટે અનેક કારણો હતાં. ઇટાલિની મુખ્ય ભૂમિ અને સિસિલી વચ્ચેનું અંતર માંડ ૩ કિલોમીટર હતું. પરિણામે બ્રિટન કે અમેરિકાના ઓચિંતા આક્રમણ સામે સિસિલીની સુરક્ષા માટે શસ્ત્રસરંજામ અને સૈનિકો પહોંચાડવામાં ઝાઝી આપદા પડે નહિ. ઇટાલિનું તથા જર્મનીનું પલ્લું ત્યાં ભારે રહે એ જાતના સાનુકૂળ ભૌગોલિક સંજોગો હતા. મુખ્ય ભૂમિથી સાર્ડિનિયા ટાપુ મિનિમમ ૨૨૫ કિલોમીટર છેટે હોવાને લીધે ઇટાલિયન-જર્મન દળોને તેની હિફાજત માટે છેક ત્યાં સુધી મોકલવા અને યુદ્ધ ચાલે એટલો વખત જરૂરી પુરવઠો નિયમિત રીતે મોકલ્યા કરવો એ વ્યૂહાત્મક દ્રષ્ટિએ સલાહભર્યું ન હતું તેમ સંભવ પણ ન હતું. બ્રિટન-અમેરિકાની ફોજ વાયા સાર્ડિનિયા આગળ વધવાનું કદાચ એટલા માટે પણ વિચારે કે ત્યાં પહોંચ્યા બાદ નવું પગલું સહેજ ઉત્તરના ફ્રેન્ચ ટાપુ કોર્સિકા (નેપોલિયનના જન્મસ્થળ) પર માંડી શકાય અને ત્યારે બર્લિન ખાતે હિટલરનું લશ્કરી હેડ્ક્વાર્ટર સાચે જ દ્વિધામાં પડે કે દુશ્મનની સેના હવે તેનું ત્રીજું અને છેલ્લું પગલું ક્યાં માંડશે ? પૂર્વમાં ઇટાલિના કિનારે કે ઉત્તરમાં ફ્રાન્સના કિનારે ? ઇટાલિને કે ફ્રાન્સને બદલે ત્રીજા જ દેશ ગ્રીસ પર સેનાનું પગલું મંડાય એ શક્યતા પણ કાઢી નાખવા જેવી ન હતી.

બ્રિટન-અમેરિકા તથા તેમના મિત્રદેશોના સંયુક્ત લશ્કરનો સર્વાંગી હુમલો કયા સ્થળે થાય એ દ્વિધા હિટલરને સતાવતી હતી, તો સંયુક્ત લશ્કર સમક્ષ જુદી દ્વિધા હતી : હુમલો કયા સ્થળે કરવો ? 'ઑપરેશન હસ્કી' એવા સાંકેતિક નામે ઓળખાતા સૂચિત હુમલા માટે પેલી કાસાબ્લાંકાની મંત્રણા દરમ્યાન જુલાઇ, ૧૯૪૩ નો મહિનો નક્કી થયો હતો અને સંયુક્ત લશ્કરના સર્વોચ્ચ સેનાપતિનો કાર્યભાર જનરલ ડ્વાઇટ આઇઝનહોવર સંભાળે તે પણ નક્કી હતું. બ્રિટનના જનરલ હેરોલ્ડ એલેક્ઝાન્ડરને 'ઑપરેશન હસ્કી'ના નાયબ સેનાપતિનો હોદ્દો અપાયો હતો. (Husky = વિરાટ અને બળવાન.) બન્ને જણા સહમત થયા કે હુમલો સિસિલી ટાપુ પર કરવો જોઇએ, કેમ કે યુરોપની મુખ્ય ભુમિની સૌથી નજીકનો ટાપુ એ હતો. આ બધું ચર્ચિલ અને રૂઝવેલ્ટ વચ્ચેની કાસાબ્લાંકા મંત્રણા વખતે જાન્યુઆરી ૨૦, ૧૯૪૩ ના દિવસે જ ફાઇનલ કરી નાખવામાં આવ્યું હતું--અને બધું પાકે પાયે થયા પછી કશુંક અનિશ્ચિત રહેતું હોય તો એ હુમલાનું માત્ર પરિણામ !

વિજય મળવાની સંભવિતતા ફિફ્ટી-ફિફ્ટી ગણાય, કેમ કે વ્યૂહાત્મક રીતે સંજોગો હિટલરના તથા મુસોલિનીના પક્ષે હતા. માઉન્ટ એટના નામનો વિખ્યાત જ્વાળામુખી પર્વત ધરાવતા સિસિલી ટાપુનું પહાડી

ભૂપૃષ્ઠ જર્મન-ઇટાલિયન ફોજને સાથ આપે તેવું હતું. આ ટાપુને હુમલાના નિશાન તરીકે કદાચ પસંદ કરાયો હોય એમ ધારી જર્મન ફિલ્ડ-માર્શલ આલ્બર્ટ કેસેલરિંગે ત્યાં બે જર્મન ડિવિઝનો ખડકી હતી. ઇટાલિની ૧૦ ડિવિઝનો હતી. વિમાનો લગભગ ૧,૫૦૦ હતાં અને તોપો ૫૦૦ થી ૬૦૦ હતી. એ તો ઠીક, પણ કીડીના રાફડામાં ક્યાંક સળેખડું ખોસો કે તરત આસપાસની હજારો કીડીઓ તે બાકોરું પૂરવા ધસી આવે તેમ સિસિલીમાં બ્રિટિશ-અમેરિકી સહયોગી/allied લશ્કર 'ગાબડું' પાડવા જાય કે તરત ઇટાલિની મુખ્ય ભૂમિ પરના છૂટાછવાયા સૈનિકઅડ્ડાની પલટણો તેનો મુકાબલો કરવા ધસી જાય તેમ હતી. વ્યૂહાત્મક સંજોગો બધી રીતે પ્રતિકૂળ હોય ત્યારે 'ઑપરેશન હસ્કી' સફળ થવાનો ચાન્સ ખરૂં પૂછો તો ફિફ્ટી-ફિફ્ટી પણ નહિ. સિવાય કે હુમલાના લક્ષ્યાંક તરીકે સિસિલી ટાપુને બદલે સાર્ડિનિયાની અથવા ગ્રીસની પસંદગી કરાયાની 'ટોપ સિક્રેટ' બાતમી હિટલરને મળે અને હુમલાનો જવાબ દેવા સિસિલી ખાતેની ડિવિઝનોને એ ત્યાં ટ્રાન્સફર કરી દે. બાતમી હળાહળ ખોટી હોય એ તો દેખીતું હતું.



◆ સંયુક્ત લશ્કરના સૂત્રધારો : જનરલ આઇઝનહોવર (ડાબે) તથા જનરલ હેરોલ્ડ એલેક્ઝાન્ડર

હિટલર નામના કાગડાને આવી રીતે ઠગવાનો વિચાર જેમને સૂઝ્યો તે બ્રિટિશ ખુફિયા વિભાગના બે યુવાન જાસૂસોને પહેલાં તો હસી કાઢવામાં આવ્યા. એક જાસૂસ નૌકાદળનો ખુફિયા અધિકારી લેફ્ટનન્ટ-કમાન્ડર ઈવેન મોન્ટેગ્યુ હતો, જ્યારે બીજો હવાઇદળનો ખુફિયા એજન્ટ સ્ક્વૉડ્રન-લીડર આર્કિબાલ્ડ કોમન્ડલી હતો. હિટલરને ઠગવાના પેંતરાની અછડતી રૂપરેખા કોમન્ડલીએ ઘડી હતી. આ પાયલટ-કમ-જાસૂસે 'ઑપરેશન હસ્કી'ના નાયબ સેનાપતિ જનરલ હેરોલ્ડ એલેક્ઝાન્ડરને તથા બીજા અફસરોને કહ્યું કે બ્રિટનનાં લડાયક વિમાનો સ્પેન અને ઉત્તર આફ્રિકા વચ્ચે નિયમિત ઊડાન ભરતાં હોવાની જર્મનોને ખબર હતી, માટે ત્યાં ભૂમધ્ય સમુદ્રમાં અકસ્માતે તૂટી પડેલા એકાદ વિમાનના પાયલટનું મડદું જર્મનોને મળે અને તે મડદાના ગજવામાં તેમને બનાવટી 'ટોપ સિક્રેટ' બાતમીનાં કાગળિયાં મળી આવે તો અકસ્માત વાસ્તવિક જણાતાં તેઓ કાગળિયાંને પણ વાસ્તવિક ધારી લે કે નહિ ? સાર્ડિનિયાના અથવા ગ્રીસના કાંઠે હુમલો કરવાની ગુપ્ત બ્રિટિશ-અમેરિકી યોજના વિશે બાય ચાન્સ પ્રાપ્ત થયેલી બાતમીને અણધાર્યો 'જૅકપોટ' ગણી જર્મનો સિસિલી ખાતેની લશ્કરી જમાવટ ઓછી કરી અમુક સશસ્ત્ર ડિવિઝનોને સાર્ડિનિયા અને ગ્રીસ તરફ મોકલી આપે તે બનવાજોગ હતું.



મોન્ટેગ્યુ તેના જોડીદાર સ્ક્વૉડ્રન-લીડર આર્કિબાલ્ડ કોમન્ડલીની યોજનાને ઠોસ સ્વરૂપ આપવા દિવસરાત એક કરી રહ્યો હતો

સ્ક્વૉડ્રન-લીડર આર્કિબાલ્ડ કોમન્ડલીના નાટકીય પ્રસ્તાવને એકાદી કાલ્પનિક થ્રિલરકથામાં મઢી લેવાનો હોત તો માત્ર કલમના જોરે તેની કામિયાબીનો ડંકો વગાડી દેવાત, પરંતુ અહીં તો વાસ્તવિકતાના અનેક તકાદા સાથે કામ પાડવાનું હતું. અવ્વલ તકાદો એ કે જર્મનોને ખુદ નાટક જ વાસ્તવિક લાગવું જોઇએ. સંશયનું જરા સરખુંય કારણ તેમને મળે તો નાટક બેકફાયર થાય અને ચેતી ગયેલા જર્મનોએ સિસિલીની લશ્કરી હરોળને અભેદ્ય બનાવ્યા પછી બ્રિટન-અમેરિકાના સૈન્યે યુરોપમાં ઘૂસવા માટે બીજે ક્યાંકનો વધુ કપરો તથા જોખમી માર્ગ પકડવો રહ્યો.

સ્ક્વૉડ્રન-લીડર કોમન્ડલીનું સૂચિત છળકપટ જર્મનોના મનમાં ઘણી વાતે સંશય જગાડી શકે તેમ હતું. ભૂમધ્ય સમુદ્ર પર તરતો મૃતદેહ હાથ લાગે, એટલે સૌ પ્રથમ તો જર્મનો એમ વિચારે કે સ્પેન અને ઉત્તર આફ્રિકા વચ્ચે બ્રિટિશ-અમેરિકન વિમાનો નિયમિતપણે ઊડતાં હોવા છતાં તેમનો એકાદ સામાન્ય પાયલટ આટલાં 'સંવેદનશીલ' દસ્તાવેજો સાથે પ્રવાસ કરે ખરો? જનરલ આઇઝનહોવર કે જનરલ એલેક્ઝાન્ડર સિસિલી પરના ભાવિ આક્રમણને લગતાં કાગળિયાં સામાન્ય પાયલટના હાથમાં મૂકે જ નહિ. વળી આક્રમણની 'ટોપ સિક્રેટ' યોજના વિશે એવું તે શું હોય કે જેની વિગતો સફેદ કાગળ પર કાળા અક્ષરે લખ્યા વિના ન ચાલે ? યોજનાનું અસ્તિત્વ હોવાનું જાણતા પાંચ-સાત આગેવાનો તથા સેનાપતિઓ તેને મનના ઊંડાણમાં જ ભંડારી રાખે તે યોગ્ય ગણાય, માટે કાગળ પર થતો તેનો ઉલ્લેખ નાઝી જર્મનોને શંકાશીલ બનાવે તેમાં આશ્ચર્ય નહિ. વધુ એક સમસ્યા પણ હતી : જર્મન તબીબો પાયલટના મૃતદેહનું પોસ્ટ-મોર્ટમ કરે તો સહેજે ખબર પડી આવે કે પાણીમાં ડૂબવાને લીધે તેનું મૃત્યુ થયું ન હતું, બલ્કે જુદા કારણસર તે અવસાન પામ્યો હતો--અને જો એમ હોય તો એ પાયલટ અવસાન પછી ભૂમધ્ય સમુદ્રમાં કેવી રીતે પહોંચ્યો? વિમાન ઊડાડીને ? અને તે પણ અત્યંત ગુપ્ત એવા લશ્કરી દસ્તાવેજો સાથે ?

◆

સિસિલી પર હલ્લો બોલાવવાનું 'ઑપરેશન હસ્કી' બનતી ત્વરાએ હાથ ધરાય તે જરૂરી હતું, કેમ કે સમયના વીતવા સાથે જર્મનીના લશ્કરી બળમાં લગાતાર વધારો થયે જતો હતો. જાન્યુઆરી, ૧૯૪૩ થી શરૂ કરીને જર્મન કારખાનાં દર મહિને સરેરાશ ૨,૦૦૦ ફાઇટર-બોમ્બર વિમાનો, ૨૩ સબમરિનો અને ૧,૪૪૦ રણગાડીઓ બનાવવા માંડ્યાં હતાં. પરિણામે નાઝી હકૂમત નીચે અઢીથી સાડા ત્રણ વર્ષ ગુજારી ચૂકેલા પોલેન્ડ, ફ્રાન્સ, ડેન્માર્ક, નોર્વે, યુગોસ્લાવિયા, ગ્રીસ, બેલ્જિયમ, નેધરલેન્ડ, હંગેરી, ફિનલેન્ડ વગેરે યુરોપી દેશો ગુલામીમુક્ત

થાય તેની આશા દિવસોદિવસ ઓસરી રહી હતી.

દરમ્યાન બ્રિટિશ નૌકાદળના જાસૂસી વિભાગનો પેલો સિક્રેટ એજન્ટ લેફ્ટનન્ટ-કમાન્ડર ઈવેન મોન્ટેગ્યુ તેના જોડીદાર સ્ક્વૉડ્રન-લીડર આર્કિબાલ્ડ કોમન્ડલીની યોજનાને ઠોસ સ્વરૂપ આપવા દિવસરાત એક કરી રહ્યો હતો. કાલ્પનિક થ્રિલરકથા વાસ્તવિકતાની કસોટીમાં પાર ઊતરી શકે એ માટે તેમાં આવશ્યક ફેરફારો કરતો હતો. જર્મન સૈન્યના ખુફિયા અફસરોના મનમાં જાગી શકતી દરેક શંકાનું સમાધાન પણ લેફ્ટનન્ટ-કમાન્ડર મોન્ટેગ્યુએ શોધી કાઢ્યું : સામાન્ય પાયલટના ગજવામાં અતિ ગુપ્ત દસ્તાવેજો હોવાની જરીકે શક્યતા નહિ, બરાબર? તો પછી એ સદ્‌ગતને પાયલટનો નહિ, પણ ખુશ્કી-દળના જરા સિનિયર હોદ્દાવાળા મેજરનો યુનિફોર્મ પહેરાવો અને જર્મનો પર છાપ પાડો કે તે સંવેદનશીલ દસ્તાવેજો સાથે ખાસ વિમાનમાં પ્રવાસ ખેડી રહ્યો હતો. પરંતુ ખુલ્લા સમુદ્ર પર તરતો મૃતદેહ રખે કાંઠા સુધી ન પહોંચ્યો, તો શું કરવું ?

મોન્ટેગ્યુએ તેનો પણ ઉકેલ વિચારી લીધો : અંધારી રાત્રે સબમરિન દ્વારા એ મૃતદેહને સાગરકાંઠાની શક્ય એટલો નજીક તરતો મૂકી દો, જેથી ત્યાનાં માછીમારોનું ધ્યાન તેના પર અનાયાસે પણ પડ્યા વગર રહે નહિ. આ પ્રકારના બનાવ અંગે માછીમારોએ જર્મન હકૂમતદારોને જાણ કરવાનું તો ફરજિયાત હતું. ઠીક ત્યારે, વળી એક સવાલ : ગુપ્ત દસ્તાવેજો સાથે પ્રવાસ ખેડતા સંદેશવાહક અફસરનું વિમાન યુદ્ધકાળ દરમ્યાન શત્રુના કબજાવાળા પ્રદેશ ઉપર ન ઊડે, તો પછી સિસિલીના આકાશમાં સાચેસાચો હવાઈ અકસ્માત થયાની વાત જર્મનોના ગળે ઊતરે ? આ સમસ્યાનો તોડ કાઢવા લેફ્ટનન્ટ-કમાન્ડર મોન્ટેગ્યુએ યુરોપી દેશ સ્પેનના દરિયામાં તે વિમાન 'તોડી' પાડવાનું વિચાર્યું.

બીજા વિશ્વયુદ્ધમાં સ્પેન તટસ્થ રહ્યું હતું, છતાં હિટલરની નારાજગીના ભોગ ન બનવું પડે એ માટે તેણે પોતાને ત્યાં જર્મન ગુપ્તચર વિભાગનું નેટવર્ક સ્થાપવા દીધું હતું. આથી સ્પેનના કાંઠે મળી આવેલો મૃતદેહ વહેલોમોડો તેના યોગ્ય સરનામે પહોંચ્યા વગર રહેવાનો ન હતો. રહ્યો પ્રશ્ન સમુદ્રમાં ડૂબીને મરણ પામેલા માણસનો યોગ્ય મૃતદેહ શોધવાનો, તો એ કામ જરા કઠિન હતું. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન મડદાંની અછત ન હતી. મોસમી જીવાતની માફક રોજના હજારો લોકોની જીવાદોરી કપાતી હતી, છતાં પાણીની ઘાત જેના માટે ગોઝારી નીવડી હોય એવા પચ્ચીસથી પાંત્રીસ વર્ષના માણસનો હજી દફન ન પામેલો મૃતદેહ (અને તે પણ લાવારિસ મૃતદેહ) શોધી કાઢવો એ જુદી વાત હતી. અલબત્ત, દુશ્મનોને ઊંધે પાટે ચડાવતું નાટક ભજવવાનું નક્કી થયા પછી નસીબ યારી આપે તો સમસ્યાનો પણ હલ નીકળી આવે તેમ હતો.


લેફ્ટનન્ટ-કમાન્ડર ઈવેન મોન્ટેગ્યુની જાસૂસી યોજના પર વિચારણા કરવા જનરલ આઇઝનહોવર, જનરલ એલેક્ઝાન્ડર તથા મેજર-જનરલ પેટન ઉપરાંત ભૂમધ્ય સમુદ્રના બ્રિટિશ નૌકાકાફલાનો એડમિરલ એન્ડ્રયુ કનિંગહામ તથા અમેરિકાનો નાયબ સેનાપતિ જનરલ માર્ક ક્લાર્ક ભેગા મળ્યા. સૌનો મત પડ્યો કે અમલમાં ક્યાંય જો કચાશ ન રહી જાય તો યોજના અફલાતૂન હતી. બ્રિટન-અમેરિકા તથા મિત્રદેશોના લશ્કર માટે યુરોપનું પ્રવેશદ્વાર ખોલી શકતી એ યોજનાને તેમણે સ્વીકારી અને તેના અમલનો સંપૂર્ણ કાર્યભાર ઈવેન મોન્ટેગ્યુના શિરે નાખ્યો.

બ્રિટન પહોંચી મોન્ટેગ્યુ કામે લાગી ગયો. નૌકાદળની જાસૂસી પાંખના તેમજ સ્પેશ્યલ ઑપરેશન્સ એક્ઝિક્યુટિવ નામની સર્વોચ્ચ ખુફિયા સંસ્થાના કેટલાક ગુપ્તચરોને તેણે મદદમાં લીધા. સમય બહુ કિંમતી હોવા છતાં યુદ્ધના ધોરણે કામ શરૂ થયું એવું તો ન કહી શકાય, કારણ કે ધોખેબાજીના ખેલ માટે યોગ્ય 'લાયકાત' ધરાવતો મૃતદેહ ન મળે ત્યાં સુધી આગળ કશી તજવીજ કરવાની રહેતી ન હતી. મળવાનો ચાન્સ પણ બહુ ઓછો હતો. પાણીમાં ડૂબીને મરેલી વ્યક્તિ સ્ત્રીને બદલે પુરુષ હોય, પુરુષ વળી કિશોર યા તરુણ વયને બદલે પુખ્ત વયનો હોય, આજકાલમાં જ તેનું મૃત્યુ નીપજ્યું હોય, મૃત્યુ પછી તેનું પોસ્ટ-મોર્ટમ કરવાના આશયે શરીર પર વાઢકાપ ન થયા હોય, દફનવિધિ હજી બાકી હોય, મૃતદેહ નધણિયાતો હોય અથવા સગાંવહાલાં તેનો હવાલો 'દેશસેવાના કાજે' સંરક્ષક દળોને સોંપી દેવા રાજી હોય વગેરે અનેક પાસાં જો ઉપરાઉપરી સવળા ન પડે ત્યાં સુધી મિશનને લાગેલું ગ્રહણ છૂટે નહિ !

દિવસો વીતતા રહ્યા. હૉસ્પિટલોમાં અને મુડદાઘરોમાં રોજેરોજ તપાસ કરાતી હતી. ક્યાંયથી 'ખુશખબર' મળતા ન હતા. લેફ્ટનન્ટ-કમાન્ડર મોન્ટેગ્યુ નાસીપાસ થયો. આ ખુફિયા એજન્ટની વિમાસણ પણ કેવી વિચિત્ર અને કટાક્ષભરી હતી ! મૃત વ્યક્તિનું શ્રાધ ક્યારેક સળી માટે અટકે, તો અહીં મૃત વ્યક્તિના અભાવને લીધે અતિ મહત્ત્વનું

◆ બ્રિટન-અમેરિકાના સંભવિત આક્રમણને રોકવા માટે હિટલર તથા તેના નાઝી અફસરો ફુલ-પ્રૂફ યોજનાઓ ઘડવામાં વ્યસ્ત હતા





◆ મેજર વિલિયમ માર્ટિન માટે ખાસ તૈયાર કરવામાં આવેલું કેનિસ્ટર

જાસૂસી સાહસ અટકી પડ્યું હતું ! કોઇના મૃત્યુની ઝંખના કરવી તે માનસિક વિકૃત્તિ ગણાય, છતાં મોન્ટેગ્યુ અને તેના સાથી ગુપ્તચરોની એ જ મનોદશા હતી.

એક સવારે નસીબના બંધ કમાડ ખૂલ્યા. પાટનગર લંડનની સ્થાનિક હોસ્પિટલમાં ન્યૂમોનિયા વડે પીડાતા બત્રીસ-તેંત્રીસ વર્ષના દરદીનું મૃત્યુ થયાનું મોન્ટેગ્યુને જાણવા મળ્યું. દિમાગમાં તરત બત્તી ઝબકી. હોસ્પિટલે પહોંચી તેણે એ દરદીના નામ-સરનામા, મેડિકલ રીપોર્ટ, અવસાનનો સમય, આપ્તજનોનાં નામ તથા સંબંધ વગેરેની નોંધ કરી લીધી. બ્રિટનના ખ્યાતનામ પેથોલોજિસ્ટ સર બર્નાર્ડ સ્પિલ્સબરીને તે રૂબરૂ મળવા ગયો. ન્યૂમોનિયાથી મરણ પામેલા માણસનાં પણ ફેફસાંમાં પાણી ભરાયું હોય, એટલે મોન્ટેગ્યુએ પ્રશ્ન કર્યો કે એવો માણસ સમુદ્રમાં ડૂબીને મર્યો હોવાનું નાટક રચી શકાય કે નહિ? સ્પિલ્સબરીનો જવાબ આશા જગાડનારો હતો. મોન્ટેગ્યુને તેણે ખાતરી આપી કે જો સ્પેનિશ તબીબો મરનારનું પોસ્ટ-મોર્ટમ કરવાના હોય તો ભાંડો ફૂટવાનું બિલકુલ જોખમ ન હતું. આનું કારણ સમજાવવા માટે સ્પિલ્સબરી એક જ વાક્ય બોલ્યો : 'પેથોલોજિમાં મારા જેટલો અનુભવ ધરાવતા તબીબો સ્પેન પાસે નથી.'

મોન્ટેગ્યુના જીવને નિરાંત વળી. સહેજ પણ વખત ગુમાવ્યા વગર તેણે મરનારનાં કુટુમ્બસભ્યોનો ખાનગી રીતે સંપર્ક કર્યો. વાતચીતની દરેક વિગત પણ ખાનગી રાખવાની પૂર્વસૂચના આપ્યા બાદ તેણે મૃતદેહનો કબજો માગ્યો ! કુટુમ્બીજનો પહેલાં તો આવો બેહુદો પ્રસ્તાવ સાંભળીને નારાજ થયાં, પરંતુ મોન્ટેગ્યુએ તેમને ભારપૂર્વક જણાવ્યું કે મૃતદેહનો ઉપયોગ રાષ્ટ્રના હિતમાં થવાનો હતો અને યુદ્ધ સાથે તે ઉપયોગને ગાઢ સંબંધ હતો. મૃતદેહનું કામ પૂરૂં થયા બાદ તેને પૂરા સન્માન સાથે દફન કરવાની બાંયધરી પણ મોન્ટેગ્યુએ આપી. કબરની તકતી પર જો કે ભળતું જ નામ કોતરાવાનું હતું. આ વાત પણ તેણે કુટુમ્બીજનોના મોઢે છૂપાવી નહિ. રાષ્ટ્રની સુરક્ષા માટે જે નાગરિકો પોતાની સંવેદનાને કે અનુકંપાને ટૂંપો દેવા તૈયાર હોય તેમની સાથે નિખાલસતા અને નિષ્ઠાભર્યો જ વ્યવહાર કરવો જોઇએ.

કુટુમ્બીજનો માન્યાં. વળતી શરત તેમણે એ મૂકી કે સંરક્ષણખાતાએ તેમના મૃતક સ્વજનનું નામ ભવિષ્યમાં પણ કદી જાહેર કરવું નહિ. યુદ્ધના હેતુસર વપરાતા મૃતદેહની અદબ જળવાય એવી વકી ઓછી હતી, માટે સ્વજન હંમેશ માટે ગુમનામ રહે એ જ તેમને ઉચિત લાગ્યું. લેફ્ટનન્ટ-કમાન્ડર ઈવેન મોન્ટેગ્યુનું કામ હવે ગુમનામને એકાદ ઉપજાવેલું નામ આપી તેની નવી પિછાણ ઊભી કરવાનું હતું. આ કાર્ય મોન્ટેગ્યુની ધારણા કરતાં વધુ પળોજણિયું અને પેચીદું નીવડ્યું. અગાઉ તેની ગણતરી મૃતદેહને બ્રિટિશ ખુશ્કીદળના મર્હૂમ અફસર તરીકે ઓળખાવવાની હતી, પરંતુ એ વિચાર તેણે એટલા માટે પડતો મૂકવો પડ્યો કે યુદ્ધમાં શહીદ થતા અંગ્રેજ ખુશ્કી સૈનિકોની નામાવલિ બારોબાર આર્મી હેડ્ક્વાર્ડરને પહોંચી જતી હતી. અમલદારો જે તે નામને તેમના રેકોર્ડ સાથે બધી રીતે સરખાવતા હતા, માટે કદાચ એવું થાય કે સ્પેનના દરિયા કિનારે મળી આવતા ખુશ્કી અફસરનું નામ જર્મન સત્તાવાળાઓ રેડિઓ ન્યૂઝમાં બ્રોડકાસ્ટ કરે અને તે દાવાને બ્રિટનનું આર્મી હેડક્વાર્ટર કડક શબ્દોમાં રદિયો આપી દે ! હવાઇદળનું પણ વહીવટી તંત્ર એ જ પ્રકારનું ચોકસાઇવાળું હતું.

મૃતદેહને નૌકાઅફસરનો સ્વાંગ પણ ન પહેરાવી શકાય, કેમ કે

◆ ગુમનામની અધિકૃત ઓળખાણ : ઈવેન મોન્ટેગ્યુએ તૈયાર કરાવેલું મેજર વિલિમય માર્ટિનનું ઓળખપત્ર

Page 2. Issued in lieu of No. 09650 lost. Page 3.

Navy Form S.1601

NAVAL IDENTITY CARD No. 148228

Surname MARTIN

Other Names WILLIAM

Rank (at time of issue) CAPTAIN, R.M. (ACTING MAJOR)

Ship (at time of issue) H.Q. COMBINED OPERATIONS

Place of Birth CARDIFF

Year of Birth 1907

Issued by [signature]


At ADMIRALTY

Date 2nd February 1943.

Signature of Bearer W. Martin

Visible distinguishing marks NIL.






૧૯૪૩ ના એપ્રિલ માસ દરમ્યાન ભૂમધ્ય સમુદ્રની આબોહવામાં બ્રિટિશ નૌકાદળના અફસરો 'બેટલ ડ્રેસ'ને બદલે માત્ર સફેદ પેન્ટ-શર્ટ પહેરતા હતા. આ સાદો ડ્રેસ ઊંચી પાયરીના અફસરની પ્રતિભા ખડી કરવા માટે કાફી ન હતો. અંતિમ વિકલ્પ બ્રિટિશ સંરક્ષણ દળોની ચોથી પાંખ રૉયલ મરીન્સનો રહ્યો. આ પાંખ નૌકાદળના સાગરસૈનિકોની બનેલી હતી. સપાટ તળિયું ધરાવતા અને છેક સાગરતટે પહોંચીને ત્યાં લાંઘી જતા landing craft પ્રકારના જહાજ દ્વારા જે સાગરસૈનિકો દુશ્મનના સમુદ્રકાંઠે હુમલો કરે તેઓ રૉયલ મરીન્સ કહેવાતા હતા. અમેરિકાની સરખામણીએ બ્રિટનના મરીન્સનું સંખ્યાબળ એટલું તો ઓછું કે દરેક સૈનિક બીજા દરેક સૈનિકને ઓળખે, માટે તેમના સિવાયનો ઑફિસર કે સૈનિક બિનજરૂરી ચર્ચાનો વિષય બન્યા વગર ન રહે એ ચોક્કસ વાત હતી.

લેફ્ટનન્ટ-કમાન્ડર ઈવેન મોન્ટેગ્યુએ અંતે સલામત નુસખો શોધી કાઢ્યો : બ્રિટિશ નૌકાદળ કામચલાઉ ધોરણે તેના એકાદ કેપ્ટનને રૉયલ મરીન્સ માટે ફાજલ પાડે અને તે કેપ્ટન એટલા વખત પૂરતો રૉયલ મરીન્સ માટે ફાજલ પાડે અને તે કેપ્ટન એટલા વખત પૂરતો સમાન્તર હોદ્દાની રૂએ મરીન્સ ટુકડીનો મેજર બને! નૌકાદળમાં કેપ્ટન તો સેંકડોના હિસાબે હતા અને ઘણા ખરા એકમેક માટે અપરિચિત હતા, માટે કોને મરીન્સમાં તત્પુરતી ટ્રાન્સફર મળી તેના વિશે પૂછતાછ કે ચર્ચા થવાનું જોખમ ન હતું. બીજી તરફ રૉયલ મરીન્સના સૈનિકોએ પણ તેમના અપરિચિત નૌકાઅફસર પ્રત્યે આશંકાની નજરે જોવાનું કારણ ન હતું, બલકે તેઓ એને કદી જોવાના જ ન હતા. ફક્ત નામ જાણી શકવાના હતા. મોન્ટેગ્યુએ પસંદ કરેલું નામ હતું : મેજર વિલિયમ માર્ટિન.

આ ચીવટપૂર્ણ અને લાંબી પૂર્વતૈયારીઓ દરમ્યાન મેજર માર્ટિન ક્યાં હતો ? શબપેટીમાં કે મડદાઘરના સાડા છ ફૂટિયા ડ્રૉઅરમાં નહિ, પણ ખાસ તૈયાર કરાયેલા cannister/નળાકારમાં સૂકા બરફ વચ્ચે તેને પૅક રાખવામાં આવ્યો હતો. મેજર વિલિયમ માર્ટિન તરીકે નામાભિધાન થયા પછી તેનું લશ્કરી ઓળખપત્ર બનાવતી વેળા ફરી એક સમસ્યા જાગી : આઈ-કાર્ડ માટે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ કેમ કરીને મેળવવો ? મૃતકના ફેમિલી આલ્બમમાં સચવાયેલો ફોટો નકામો, કારણ કે મેજર (હકીકતે નૌકાદળનો કેપ્ટન) યુનિફૉર્મસજ્જ હોવો જોઈએ. મૃતદેહને નેવલ યુનિફૉર્મ મહામહેનતે પહેરાવી તો દેવાયો હતો અને ફોટોગ્રાફી કરી શકાય તેમ હતું, પણ મેજરનો ચહેરો તેના ઓળખપત્રની તસવીરમાં સાવ 'મુડદાલ' દેખાય એ કેમ ચાલે ? લેફ્ટનન્ટ-કમાન્ડર ઈવેન મોન્ટેગ્યુએ ત્રીસ-પાંત્રીસ વર્ષના હમશકલ માણસને શોધી કાઢવા પોતાના ગુપ્તચરોને ચારેકોર દોડાવ્યા. કેટલાક દિવસ પછી બાય ચાન્સ એવો હમશકલ મળી પણ આવ્યો. મોન્ટેગ્યુએ તેને સમજાવ્યો, મનાવ્યો, યુનિફૉર્મ પહેરાવ્યો અને કેમેરા સામે ખડો કરાવ્યો. એક મોટું કામ પત્યું!

બીજા વિશ્વવિગ્રહ દરમ્યાન ગોળીબાર અને ગોલંદાજી ઉપરાંત સામસામી ગુપ્તચર પ્રવૃત્તિનું યુદ્ધ પણ ચાલતું હોવાને કારણે બનાવટી ઓળખપત્રનો સહારો વારંવાર લેવાતો હતો. બેય પક્ષોનાં જાસૂસી તંત્રો એ જોખમ પ્રત્યે સભાન હતાં. પરિણામે ફક્ત ઓળખપત્ર વડે મેજર વિલિયમ માર્ટિનની ઓળખ સાબિત થયાનું જર્મનો કદાપિ સ્વીકારે નહિ. ઓળખપત્રમાં કરાયેલા દાવાનું ખરાપણું સો ગાળણે ગાળીને પાણી પીતા શંકાશીલ જર્મનોના ગળે ઊતારવા માટે પૂરક વિગતો પણ જરૂરી હતી. ખાસ કરીને એ વિગતો કે જે પ્રથમદર્શી સાબિતીઓ ન હોવા છતાં જર્મનો ઓળખપત્ર સાથે તેમનો મેળ બેસાડી શકે અને દરેક બંધબેસતી વિગતને સાબિતી ગણી લે.





21st April.
1943.

Dear Admiral of the Fleet.

I promised V.C.I.G.S. that Major Martin would arrange with you for the onward transmission of a letter he has with him for General Alexander. It is very urgent and very "hot" and as there are some remarks in it that could not be seen by others in the War Office, it could not go by signal. I feel sure that you will see that it goes on safely and without delay.


I think you will find Martin the man you want. He is quiet and shy at first, but he really knows his stuff. He was more accurate than some of us about the probable run of events at Dieppe and he has been well in on the experiments with the latest barges and equipment which took place up in Scotland.

Let me have him back, please, as soon as the assault is over. He might bring some sardines with him - they are "on points" here!

Yours sincerely
Louis Mountbatten

...dmiral of the Fleet Sir A.B. Cunningham, G.C.B., D.S.O.,
...mmander in Chief Mediterranean,
...llied Force H.Q.,
...giers.

લુઇસ માઉન્ટબેટન અને તેમણે લખેલો 'સિક્રેટ' પત્ર



◆ બ્રિટિશ નૌકાદળની સબમરિન 'સેરેફ' તથા તેનો કપ્તાન લેફ્ટનન્ટ એન. એ. જેવેલ

જર્મનોને બધું સાહજિક એટલે કે 'બટ નેચરલ' જણાય એ માટે લેફ્ટનન્ટ-કમાન્ડર મોન્ટેગ્યુએ સદ્‌ગત મેજરનું વ્યક્તિત્વ આલેખતી વિગતોના નમૂના વિચારી કાઢ્યા. દાખલા તરીકે મેજરને એક ગર્લ-ફ્રેન્ડ હતી, જેનો ફોટો તે હંમેશા ખિસ્સામાં રાખી મૂકતો હતો. ગર્લ-ફ્રેન્ડના છેલ્લા બે પત્રો તેણે સાચવ્યા હતા. આ પત્રો તેણે ફરી ફરીને વાંચ્યા હોવા જોઇએ, એટલે મોન્ટેગ્યુએ તેમને મેજરના ખિસ્સામાં મૂકતા પહેલાં ગુપ્તચરો પાસે તેમની ગડી દસ-બાર વખત ખોલાવી અને વધુ બેએક સળ પડે એ રીતે પાછા ફોલ્ડ કરાવ્યા. જ્વેલરીની દુકાનનું જૂની તારીખવાળું એક બિલ પણ મેળવવામાં આવ્યું. મેજર વિલિયમ માર્ટિને તેની ગર્લ-ફ્રેન્ડ માટે હીરાની વીંટી ખરીદ કરી હતી, જેના ૫૩ પાઉન્ડ તેણે ચૂકવ્યા હતા. (ખરો દરિયાવદિલ ! ૧૯૪૩ ના અરસામાં પાઉન્ડનું મૂલ્ય કેટલું બધું હતું!) લોઇડ્ઝ બેન્કે એપ્રિલ ૧૪, ૧૯૪૩ ના દિવસે પાઠવેલો ઉઘરાણીનો કાગળ પણ મેજરના ગજવામાં પડ્યો હતો. મેજરે ૮૦ પાઉન્ડના ઑવર-ડ્રાફ્ટની રકમ અદા કરી ન હતી એટલું જ નહિ, પરંતુ અગાઉ રિમાઇન્ડર મોકલાયા છતાં તેણે પૈસા ભર્યા ન હતા. (મોંઘી વીંટીની ખરીદીનું એ જ રહસ્ય!) આનો સૂચિતાર્થ એ કે લશ્કરી ડ્યૂટીમાં વ્યસ્ત રહેતા મેજરને પોતાનાં અંગત કાર્યોનું આયોજન કરવાની ફુરસદ ન હતી અથવા તો એ કાર્યો તેને મન ફાલતુ હતાં. આ કારણસર થિએટરની બે ટિકિટોનાં અડધિયાં (પાછળના પાને આપેલી તસવીરો.), ચબરખીઓ, પિતાનો એક ઠપકાભર્યો કાગળ, બસની દિવસો જૂની ટિકિટો, છૂટક ચાવીઓ, માચિસ અને બીજી નિકાલ કરવાયોગ્ય ચીજો તેનાં ખિસ્સાંમાં પડી રહી હતી.

આ રીતે મેજર વિલિયમ માર્ટિનનો સંપૂર્ણ 'પરિચય' આલેખ્યા પછી લેફ્ટનન્ટ-કમાન્ડર મોન્ટેગ્યુએ નાઝી જર્મનોને આડે પાટે ચડાવતા લશ્કરી દસ્તાવેજો તૈયાર કરાવ્યા. કોઇ દસ્તાવેજમાં એટલે કે ખાનગી પત્રમાં મગનું નામ મરી પાડવાનું ન હતું. અર્થઘટનની બૌધિક કસરત જર્મનો પર જ છોડી દેવાની હતી, જેથી છૂપા અર્થને તેઓ વધુ ગંભીરતાપૂર્વક લે. એક પત્ર બ્રિટનના Combined Operations/સંયુક્ત લશ્કરી કાર્યવાહીના વડા (અને ભારતના છેલ્લા અંગ્રેજ વાઇસરૉય) લુઇસ માઉન્ટબેટન પાસે લખાવવામાં આવ્યો. દિવસો પછીની તારીખ પત્રમાં ટાંકી તેમણે ભૂમધ્ય સમુદ્ર ક્ષેત્રના બ્રિટિશ નૌકાસેનાપતિ એડમિરલ એન્ડ્ર્યુ કનિંગહામને જણાવ્યું કે... મેજર માર્ટિન પાસે જનરલ (હેરોલ્ડ) એલેક્ઝાન્ડરને સુપરત કરવા માટેનો પત્ર છે... જેમાંનું અમુક લખાણ યુદ્ધવિભાગના બીજા કર્મચારીઓ સમક્ષ ખુલ્લું પાડી શકાય તેમ નથી અને વાયરલેસ દ્વારા પણ મોકલી શકાય તેમ નથી... મારી દ્રષ્ટિએ માર્ટિન તમારા કામનો માણસ છે... દિયેપના બનાવો વિશે તેણે જે અનુમાન કરેલું એવું જ સચોટ રીતે બન્યું... એ પછી તેણે સ્કોટલેન્ડમાં આધુનિકતમ બાર્જ નૌકાઓ તથા સરંજામ પર ઘણા અખતરા કર્યા છે...



માઉન્ટબેટનના પત્રમાં ગોપિત અર્થો ઘણા હતા. હિટલરે જીતી લીધેલા ફ્રાન્સને મુક્ત કરાવવા તેના દિયેપ નામના સાગરતટે એપ્રિલ ૧૯, ૧૯૪૨ ના દિવસે ૭,૦૦૦ સૈનિકોએ ચપટા તળિયાનાં જહાજો/landing craft વાપરી હલ્લો બોલાવ્યો હતો. સફળતા નહોતી મળી, છતાં દરિયાઇ માર્ગે આક્રમણ કરવાનું હોય ત્યારે એવાં જહાજો કારગત નીવડી શકે એટલું તો પુરવાર થયું હતું. પુરાવો મળવાની આગાહી મેજર વિલિયમ માર્ટિને કરી હતી ? અસ્તિત્વ ન ધરાવતો માણસ આગાહી શું કરવાનો ? આમ છતાં લુઇસ માઉન્ટબેટને લખ્યું, એટલે જર્મનોએ તે જૂઠને સચ માનવું રહ્યું. સપાટ તળિયાની બાર્જ/barge નૌકાઓ, સ્કોટલેન્ડ, અખતરા, સરંજામ વગેરે શબ્દો સીંદરીના સાપની જેમ બીવડાવે તેવા હતા. પત્રના અંતે માઉન્ટબેટને બ્રિટનમાં સાર્ડાઇન/sardine માછલીના રેશનિંગ અંગે હળવી મજાક કરી હતી. માઉન્ટબેટન જર્મનોને હસાવવા માગતા ન હતા. સાર્ડાઇન શબ્દ એ લોકોના મગજમાં સાર્ડિનિયા ટાપુની બત્તી ઝબકાવે એટલું કાફી હતું.

મેજર વિલિયમ માર્ટિનની બ્રિફ કેસમાં મૂકાયેલા બીજા પત્રનો લેખક બ્રિટનનો નાયબ સેનાપતિ જનરલ આર્કિબાલ્ડ ન્યે હતો. પત્રમાં તેણે જનરલ હેરોલ્ડ એલેક્ઝાન્ડરને દિલગીરી સાથે જણાવેલું કે ગ્રીસના ટાપુઓ પર 'કવરિંગ' હુમલા માટે આઇઝનહોવરે માગેલાં શસ્ત્રો અને સૈનિકો ફાજલ પાડી શકાય તેમ નથી. ઇજિપ્તમાંથી ટૂંક સમય બાદ જબરજસ્ત લશ્કરી કાર્યવાહી હાથ ધરાય એ વખતે 'કવરિંગ ઑપરેશન'



માઉન્ટબેટનના પત્રોમાં ગોપિત અર્થો ઘણા હતા. જર્મનોના હાથમાં પત્ર આવે અને તેઓ યોગ્ય અર્થઘટન કરે એટલું કાફી હતું !

માટે તેમની જરૂર પડવાની હતી.

અતિ મહત્ત્વના લક્ષ્યાંક પર જબરજસ્ત આક્રમણ કરતાં પહેલાં એકાદ મામૂલી નિશાનને તાકી દુશ્મન સૈન્યને એ તરફ દોડાવવું તેને 'કવરિંગ ઑપરેશન' કહેવાય, માટે જનરલ આર્કિબાલ્ડ ન્યેના પત્રનો મતલબ એવો નીકળે કે ગ્રીસના ટાપુઓ જનરલ આઇઝનહોવરનાં મૂળ લક્ષ્યાંકો ન હતાં. માત્ર 'કવર' હતાં. ગ્રીસની મુખ્ય ભૂમિ પણ મૂળ લક્ષ્યાંક ન હતી, કેમ કે ટૂંક સમય બાદ ઇજિપ્તમાંથી લૉન્ચ થનાર જબરજસ્ત લશ્કરી કાર્યવાહી ભૌગોલિક રીતે ગ્રીસની મુખ્ય ભૂમિ સિવાય બીજા પ્રદેશ માટે સંભવે નહિ. (૭૪ મે પાને નકશો જુઓ.) ઇજિપ્તની સામે પાર બીજું મહત્ત્વપૂર્ણ લક્ષ્યાંક જ ક્યાં હતું ? બ્રિટનના નાયબ સેનાપતિ જનરલ આર્કિબાલ્ડ ન્યેના પત્રમાં બીજો પણ એક છૂપો ઇશારો હતો. જનરલ એલેક્ઝાન્ડરને તથા જનરલ આઇઝનહોવરને તેણે 'કવરિંગ ઑપરેશન' માટે સિસિલી ટાપુ વાપરવાની છૂટ આપી હતી. ઇશારો પામી ગયા પછી અક્કલમંદ જર્મનોને ચોક્કસ એવો પ્રશ્ન થાય કે સિસિલી ટાપુ જો 'કવર' હોય તો ટ્યુનિશિયાના કાંઠે વિરાટ સૈન્યની જમાવટ કર્યે જતા દુશ્મનોએ મૂળ લક્ષ્યાંક કયું નિરધાર્યું હતું? ગ્રીસની મુખ્ય ભૂમિ તેમનું લક્ષ્યાંક ન હોય, કેમ કે ત્યાં તો ઇજિપ્તમાંથી હુમલો થવાનો હતો. આ તર્ક મુજબ જોતાં એકમાત્ર સાર્ડિનિયા બાકી રહ્યું. 'ઑપરેશન હસ્કી'નાં ઘોડાપૂર ત્યારે શું ટાપુ પર ચડી આવવાનાં હતાં? લોજિક પ્રમાણે એમ જ બનવું જોઇએ. ઇજિપ્તમાંથી બીજું ઝંઝાવાતી આક્રમણ ગ્રીસની મુખ્ય ભૂમિ પર થવાની વકી હતી.



એપ્રિલ ૧૯, ૧૯૪૩ ના રોજ મેજર વિલિયમ માર્ટિન બ્રિટિશ નૌકાદળની સબમરિન 'સેરેફ'માં હંકારીને યુદ્ધમોરચે જવા નીકળ્યો ! (seraph એટલે સ્વર્ગનો દેવદૂત, માટે એ સબમરિનનું નામ પણ સ્વર્ગલોકની ટિકિટ કપાવી ચૂકેલા મેજરને અનુરૂપ હતું !) મેજરનો અક્કડ મૃતદેહ હજી પેલા નળાકારમાં સૂકા બરફ/dry ice વચ્ચે 'તરોતાજા' હાલતે પડ્યો હતો. નાવિકોને જો કે નળાકારની અંદરના સંપેતરા વિશે ખબર ન હતી. આ છૂપી વાત સબમરિનનો કપ્તાન લેફ્ટનન્ટ એન. એ. જેવેલ એકલો જાણતો હતો. બ્રિટનથી સ્પેનની દિશામાં હંકારતી ૬૧.૭ મીટર (૨૦૨ ફીટ) લાંબી અને ૭૩૦ ટન વજનની 'સેરેફ'ની યાત્રા પણ છૂપી રાખવામાં આવી હતી, એટલે બન્યું એવું કે બેટરી ચાર્જ કરવા માટે એક વખત તે સપાટી પર નીકળી ત્યારે બ્રિટિશ હવાઇદળના જ બોમ્બર વિમાનના પાયલટે તેને સપાટામાં લીધી! સદ્ભાગ્યે લેફ્ટનન્ટ જેવેલે સમયસર તેને 'કલકલિયો' મરાવ્યો, નહિતર બીજા વિશ્વયુદ્ધનો અંજામ શો આવત તે કોણ જાણે !

અગિયાર દિવસ પછી 'સેરેફ' એપ્રિલ ૩૦, ૧૯૪૩ ના રોજ સ્પેનના હ્યુલ્વા નામના બંદર નજીક પહોંચી. વહેલી પરોઢનો સમય હતો. વાતાવરણ હજી અંધકારમય હતું. સબમરિન જળસપાટી પર આવ્યા બાદ લેફ્ટનન્ટ જેવેલે કોનિંગ ટાવરનું ઢાંકણું ખોલ્યું અને પોતાના અફસરો સાથે તે બહાર નીકળ્યો. સબમરિનના નાવિકો તેના આદેશ મુજબ સીલબંધ નળાકારને તૂતક પર લાવ્યા. નળાકાર તેમણે મૂક્યો, એટલે સબમરિનમાં પાછા જતા રહેવાનો આદેશ તેમને મળ્યો. આ ક્ષણ લગી તો અફસરોને પણ મામલો શો છે તે ખબર ન હતી. લેફ્ટનન્ટ જેવેલે તેમને જરૂર કરતાં વધારે જણાવ્યું પણ નહિ. મેજર વિલિયમ માર્ટિનનો ઠીકરા જેવો મૃતદેહ બહાર કાઢી તેના લાઇફ જૅકેટને ફૂલાવવામાં આવ્યું. 'ટોપ સિક્રેટ' પત્રોવાળી બ્રીફકેસની સાંકળ લેફ્ટનન્ટ જેવેલે ચકાસી લીધી. સાંકળના બીજા છેડાની હાથકડી મેજરના કાંડામાં પહેરાવેલી હતી અને તેની ચાવી તેના ગળે લૉકેટ તરીકે લટકતી હતી.

લેફ્ટનન્ટ જેવેલે નૌકાદળની પ્રણાલિકા મુજબ દરિયાઇ દફનક્રિયાના નિમિત્તની પ્રાર્થના ગણગણ્યો. અફસરોએ ત્યાર પછી મૃતદેહને સમુદ્રમાં પધરાવી દીધો. સબમરિનના મોરા વડે કપાતાં મોજાંએ તેને કિનારા તરફ ધકેલ્યો. આ ષડ્યંત્ર કાંતનાર ઇવેન મોન્ટેગ્યુ નામના ચરખાને બ્રિટનના હવામાનખાતાએ જણાવેલું તેમ સ્પેન નજીક પવનની દિશા પણ કાંઠા તરફની હતી. સૂર્યોદય થતા સુધીમાં મૃતદેહ કિનારે પહોંચી જાય તેવી આશા સાથે લેફ્ટનન્ટ જેવેલે સબમરિનને જિબ્રાલ્ટર તરફ સહેજ આગળ વધારી. લગભગ ૮૦૦ મીટરનું અંતર કપાયા બાદ તેણે વળી પ્રવાસ અટકાવ્યો, ફ્લાઇંગ બોટ પ્રકારના વિમાનમાં ચાલકોના સ્વબચાવ માટે રાખવામાં આવતી રબ્બરની ડિંગી નૌકા તેણે સમુદ્ર પર ઊતરાવી, વિમાન 'તૂટી' પડ્યા બાદ મેજર વિલિયમ માર્ટિનને પૂરતો સમય ન મળ્યો એમ બતાવવા લેફ્ટનન્ટ જેવેલે તે ડિંગી નૌકામાં એલ્યુમિનિયમનું માત્ર એક હલેસું મૂકાવ્યું. અલબત્ત, ડિંગીને માંડ વિમાનની બહાર



◆ સમુદ્રીમોજાંનાં હડદોલાં ખાતો મેજર વિલિયમ માર્ટિનનો મૃતદેહ સ્પેનના હ્યુલ્વા કાંઠે પહોંચ્યો



◆ સ્પેનિશ તબીબોએ મેજર માર્ટિનના મૃત્યુનું સત્તાવાર ડેથ સર્ટિફિકેટ ફાડ્યું !

ફેંકી શકેલો મેજર પોતે બિચારો વિમાનને સમયસર તજી શક્યો ન હતો. બહાર નીકળી સપાટી પર આવતા સુધીમાં તો 'ગૂંગળામણ'ને લીધે તેનું અકાળે મૃત્યુ નીપજ્યું હતું.

આ રીતે જર્મન સૈન્યના ગુપ્તચરો માટે છળનું જડબેસલાક છટકું ગોઠવ્યા પછી લેફ્ટનન્ટ એન. એ. જેવેલે 'સેરેફ'ને હંકારી મૂકી ત્યારે પરોઢના ૫:૦૦ થવા આવ્યા હતા. જેવેલે આશા રાખેલી તેમ કિનારાવર્તી પવન વડે ધીમે ધીમે હડસેલાતો મૃતદેહ લગભગ ૭:૧૫ વાગ્યે એક સ્પેનિશ માછીમારની નજરે ચડ્યો. યુનિફોર્મ તથા રાજમહોર જોતાં તેણે માછલાં પકડવાનું મોકૂફ રાખી તરત હ્યુલ્વાની જર્મન લશ્કરી છાવણીને ખબર પહોંચાડ્યા. સાંકળ થકી મૃતદેહના કાંડે બંધાયેલી જલાભેદ્ય બ્રિફકેસ નાઝી ગુપ્તચરોના મનમાં સંશય ઉપરાંત સસ્પેન્સ જગાડે એ તો સ્વાભાવિક હતું. સ્પેનના તબીબો પાસે તેમણે મૃતદેહનું પોસ્ટ-મોર્ટમ કરાવ્યું. તબીબોએ પોતાની આવડત મુજબનું દાક્તરી નિદાન લખી આપ્યું : દરિયામાં ડૂબ્યા પછી ગૂંગળામણને લીધે મૃત્યુ નીપજ્યું હતું.


આ તરફ બ્રિટિશ નૌકાદળના લેફ્ટનન્ટ-કમાન્ડર ઈવેન મોન્ટેગ્યુને પણ સંશયની અને સસ્પેન્સની લાગણી પરેશાન કરતી હતી. તીર નિશાન પર વાગ્યું કે તુક્કો બનીને એળે ગયું ? નાઝીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રત્યાઘાત ન દાખવે ત્યાં સુધી વસ્તુસ્થિતિ જાણી શકાય નહિ. હ્યુલ્વા બંદરના કિનારે બ્રિટિશ અફસરનો મૃતદેહ હાથ લાગ્યાના ખબર સ્પેનની 'તટસ્થ' સરકારને મળી ચૂક્યા હતા. આથી બે દિવસ પછી મે ૨, ૧૯૪૩ ના રોજ જર્મનોએ હ્યુલ્વા ખાતેના નાયબ બ્રિટિશ રાજદૂતને મૃતદેહ સુપરત કરી દેવો પડ્યો. સ્પેનિશ સૈનિકોની હાજરીમાં રાજદૂતે લશ્કરી સન્માન સાથે તેને દફનાવ્યો. બ્રિટનની હૉસ્પિટલમાં ન્યૂમોનિયાનો ભોગ બનેલો અનામી દરદી આખરે ઘણા દિવસે કબ્રસ્તાનભેગો થયો! કબ્રસ્તાન ભળતા જ દેશનું હતું અને તેની કબર પર નામ પણ ભળતું જ કોતરવામાં આવ્યું હતું :

Major William Martin, Royal Marines.

અહીં સુધી તો લેફ્ટનન્ટ-કમાન્ડર ઈવેન મોન્ટેગ્યુની જાસૂસી યોજના સમેસૂતર પાર ઊતરી, પણ યોજનાનો વધુ રસિક ભાગ હજી જાણવા નહોતો મળ્યો. મેજરની બ્રિફકેસમાં રહેલા 'ટોપ સિક્રેટ' દસ્તાવેજો વિશે જર્મન સૈન્યના ગુપ્તચરોએ શો અભિપ્રાય બાંધ્યો ? લુઇસ માઉન્ટબેટનના અને જનરલ આર્કિબાલ્ડ ન્યેના પત્રોને તેમણે સાચા માન્યા કે બનાવટી ગણ્યા તેના પર એક તરફ બ્રિટન અને તેના મિત્રદેશોનું અને બીજી તરફ જર્મની અને તેના મિત્રદેશોનું ભાવિ નિર્ભર હતું. જુદી રીતે કહો તો બીજો વિશ્વવિગ્રહ જર્મન ગુપ્તચરોની પ્રતિક્રિયા જોયા બાદ પોતાની કરવટ એક યા બીજા પક્ષની તરફેણમાં બદલવાનો હતો. જનરલ ડ્વાઇટ આઇઝનહોવરનું બહુરાષ્ટ્રીય અક્ષૌહિણી સૈન્ય તેમાં નિમિત્ત બનવા ક્યારનું તૈયાર હતું.

હિટલરના જાસૂસી તંત્રને, એબવેહર તરીકે ઓળખાતી જર્મન લશ્કરની ખુફિયા પોલિસને કે પછી દક્ષિણ યુરોપ ક્ષેત્રના જર્મન સેનાપતિ આલ્બર્ટ કેસેલરિંગને 'ટોપ સિક્રેટ' દસ્તાવેજોની અસલિયત વિશે સહેજ પણ આશંકા હોય તો અડતાલીસ કલાક પછી તેનો નીવેડો આવી ગયો. મે ૪, ૧૯૪૩ ના દિવસે લંડનના 'ધ ટાઇમ્સ' અખબારમાં બ્રિટિશ નૌકાદળના શહીદોની લેટેસ્ટ સૂચિ પ્રગટ થઇ, જેમાં રૉયલ મરીન્સના કેપ્ટન (એક્ટિંગ મેજર) વિલિયમ માર્ટિનનું નામ હતું. બ્રિટનની સરકારે એ જ દિવસે વાયરલેસ દ્વારા પોતાના સ્પેન ખાતેના મુખ્ય રાજદૂતને એવા મતલબનો સંદેશો પાઠવ્યો કે મેજર માર્ટિન પાસે અગત્યના તથા ખાનગી કાગળિયાં હતાં, જે પરત મેળવવા સ્પેનની તટસ્થ સરકાર પાસે માગણી કરો અને મળે કે તરત અહીં વિદેશ ખાતાને માહિતી આપો.

આ સંદેશો મૂળ તો બ્રિટનનાં ગુપ્ત વાયરલેસ પ્રસારણો સાંભળ્યા કરતા સુપડકન્ના નાઝી જાસૂસોના લાભાર્થે વહેતો મૂકાયો હતો. જાસૂસોએ તે સાંભળ્યો પણ ખરો--અને ત્યાર બાદ જે ઘટનાઓ બની તેમણે સાબિત કરી દીધું કે 'ટૉપ સિક્રેટ' દસ્તાવેજોની ફોટોકોપી છેક બર્લિન પહોંચી હતી અને ત્યાં હિટલરના લશ્કરી હેડ્ક્વાર્ટરને તે દસ્તાવેજોની ગંભીરતા સમજાવતો અહેવાલ પણ રજૂ કરાયો હતો. મે ૧૨, ૧૯૪૩ના દિવસે હિટલરે તેના વરિષ્ઠ નાઝી સેનાપતિઓની મિટિંગ યોજી, સંભવિત હુમલા અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરી છેવટે તેના સહિત બધા જણા બ્રિટિશ સુપરસ્પાય ઈવેન મોન્ટેગ્યુની આડકતરી દોરવણી અનુસાર શીશામાં ઊતર્યા. હિટલરે સૌને લેખિત ફરમાન પકડાવ્યું કે હવે પછી જે પણ વ્યૂહરચના ગોઠવાય તેમાં સાર્ડિનિયાને તથા ગ્રીસને પ્રાધાન્ય મળવું જોઇએ.



1943

THE ROLL OF HONOUR

ROYAL NAVY

The Board of Admiralty regrets to announce the following casualties which have been sustained in meeting the general hazards of war. Next-of-kin have been notified :—

OFFICERS

KILLED

A Capt. Sir T. L. Beevor, Bt., R.N.; T/Lt. D. A. Burgass, R.N.V.R.; Lt. J. L. Fraser, R.N.V.R.; Lt. P. F. S. Gould, D.S.C., R.N.; T/Sub-Lt. (A) J. H. Hodgson, R.N.V.R.; T/Spb-Lt. (A) K. R. Joll, R.N.V.R.; Rear-Admiral P. J. Mack, D.S.O.; T/Lt. (A) G. Mutrie, R.N.V.R.; T/Lt. (A) G. Raynor, R.N.V.R.; T/Sub-Lt. J. N. Wishart, R.N.V.R.

ROYAL MARINES—T/Capt. (A/Major) W. Martin.

DIED FROM WOUNDS OR INJURIES

T/Sub-Lt. (A) J. Hall, R.N.V.R.; T/Lt. A. G. D. Eeybyrne, R.N.V.R.

MISSING, PRESUMED KILLED

T/Lt. (A) H. V. Donald, R.N.V.R.; T/... Edmunds, R.N.V.R.; T/Lt. D...

◆ મેજર માર્ટિનની મોતને જર્મનો 'સિરિઅસલી' ધ્યાન પર લે એ માટે લંડનના 'ધ ટાઇમ્સ' અખબારમાં તેની અવસાન નોંધ પણ છાપવામાં આવી.

હિટલરના બીજા હુકમો પણ તરત છૂટ્યા. ફ્રાન્સના કાંઠે ફરજ બજાવતી જર્મન બખ્તરિયા ડિવિઝનને તેણે ગ્રીસના દક્ષિણ કિનારે મોકલી આપી, જ્યાંથી એ વખત આવ્યે સિસિલી પહોંચી શકવાની ન હતી. પાના નં. ૫૦ નો નકશો બતાવે છે તેમ સિસિલી અને તે ડિવિઝન વચ્ચે બહુ મોટું અંતર

પડી જવાનું હતું. ગ્રીસની ત્રણ જર્મન ઇન્ફન્ટ્રી ડિવિઝનોને જે નવો શસ્ત્ર-સરંજામ રવાના કરવામાં આવ્યો તેમાં સિસિલીના જર્મન દળોની સામગ્રીનો પણ સમાવેશ થતો હતો. હિટલરે જૂન, ૧૯૪૩ માં વધુ એક ડિવિઝનને ગ્રીસ મોકલી પોતાની ભૂલનો ગુણાકાર કર્યો! હિટલરની બદકિસ્મતી જુઓ : આશરે ૧૮ હજાર સૈનિકો અને ૬૦૦ રણગાડીઓ ધરાવતી તે ડિવિઝન રશિયાની સરહદે કુર્સ્કના મોરચે ગોઠવાયેલી હતી અને ત્યાં જુલાઇ ૫, ૧૯૪૩ ના દિવસે જબરજસ્ત ટેન્કયુદ્ધ ફાટી નીકળવાનું હતું. કુર્સ્ક પાસે જર્મનો હારી જાય તો રશિયન દળો બર્લિનની દિશામાં વિજયકૂચ આરંભી શકે તેમ હતા. એક ડિવિઝન જેટલું સંખ્યાબળ ઘટે તે જર્મનો માટે નાનીસૂની ખોટ ન હતી, છતાં એ કહેવત પણ શું ખોટી છે કે વિનાશકાળે બુદ્ધિ વિપરિત દિશામાં ચાલે!

અહીં હજી વાત ન અટકી. મેજર વિલિયમ માર્ટિનની બ્રિફકેસમાં મળી આવેલા પત્રો મુજબ જનરલ આઇઝનહોવરના લશ્કરનો સમાન્તર હુમલો સાર્ડિનિયા ટાપુ પર થવાનો હતો. આ ટાપુના રક્ષણ માટે જર્મનીએ છત્રીસૈનિકોની બે ડિવિઝનોને ફ્રાન્સના તટવર્તી શહેરો મર્સેલી અને તુલોનનાં ઍરબેઝ પાસે તૈયાર રાખી. વિમાનો પણ સેંકડોના હિસાબે ત્યાં ખડકી દીધાં. એક ડિવિઝન સાર્ડિનિયાની ઉત્તરે કોર્સિકા ટાપુ પર ઊતારી. તાજ્જુબી એ છે કે વાત અહીં પણ અટકી નહિ. ભૂમધ્ય સમુદ્રમાં જર્મન નૌકાદળના સેનાપતિ કાર્લ ડોનિટ્ઝને ફરમાન ગયું કે વેગવાન ટોરપિડો બોટના એક મોટા કાફલાને પશ્ચિમમાં જિબ્રાલ્ટર તરફ મોકલો. સાર્ડિનિયા પર હુમલો કરવા માટે ત્યાં બ્રિટન-અમેરિકાનાં યુદ્ધજહાજો આવતા દેખાય કે તરત ટોરપિડો વડે તેમનો નાશ કરવાની દરેક બોટના કપ્તાનને સૂચના આપો!



◆ ...અને આખરે હુમલો ! બ્રિટન-અમેરિકાનું સંયુક્ત લશ્કર સિસિલીના કાંઠે હલ્લો બોલાવવા આવી પહોંચ્યું

બાકી જે ટોરપિડો બોટ રહી તેમને એડમિરલ ડોનિટ્ઝે ગ્રીસના સમુદ્ર તરફ મોકલી દેવાની થઇ, એટલે પછી સિસિલીનો કાંઠો લગભગ રેઢો પડ્યો! જર્મન સૈન્યના ખટારાઓ સિસિલીનાં અમુક શસ્ત્રાગારોમાં પડેલી સુરંગો પણ ગ્રીસ પહોંચાડવા લાગ્યા. સૈનિકો ત્યાં દરિયાકિનારે રેતીમાં ખાડા કરી સુરંગો દાટી રહ્યા હતા--એ હુમલાને રોકવા માટે કે જે કદી થવાનો ન હતો !

◆

જુલાઇ ૧૦, ૧૯૪૩ ના દિવસે છેવટે ટચૂકડા સિસિલી ટાપુ પર જે હુમલો થયો તે એવા જંગી પયમાને થયો કે ગોળની કણી પર જાણે આફ્રિકાના લાખો ડાઇવર મંકોડા તૂટી પડ્યા ! હુમલો દ્વીપાંખિયો હતો. અમેરિકન પાંખનું નેતૃત્વ (રણગાડી ફેઇમ) મેજર-જનરલ જ્યોર્જ પેટને લીધું. સિસિલીના દક્ષિણ-પશ્ચિમ કાંઠે ત્રાટકવા તેની ફોજમાં ૨,૨૮,૦૦૦ સૈનિકો, ૫૮૦ યુદ્ધજહાજો અને પુરવઠા જહાજો તથા ૧,૧૨૪ સપાટ તળિયાનાં landing craft હતાં! બ્રિટિશ પાંખનો સરદાર જનરલ બર્નાર્ડ મોન્ટગોમેરી હતો. વખત જતાં ફિલ્ડ-માર્શલનો હોદ્દો પામનાર મોન્ટગોમેરીની પ્રચંડ ફોજમાં ૨,૫૦,૦૦૦ સૈનિકો, ૭૯૫ યુદ્ધજહાજો અને પુરવઠા જહાજો તથા ૭૧૫ landing craft હતાં. સપાટ


◆ ભારતીય સૈનિકો પારકી ભૂમિ પર પારકા દેશ માટે લડત આપી રહ્યા હતા. અનેક જણા શહીદ પણ થયા, છતાં ચર્ચિલને મન તેની કશી કિંમત નહોતી



તળિયાનાં કુલ ૧,૮૩૯ જહાજો સરોવર કાંઠે ચડતા મગરની જેમ સિસિલીના કિનારે છેક રેતીના પટ સુધી પહોંચીને છીત્યાં અને તેમના મોરાનો દરવાજો કિનારા પર લેટ્યો કે તરત રાફડાના મંકોડાની જેમ જ સૈનિકો બહાર નીકળવા લાગ્યા. આ સૈનિકોમાં ભારતીયો પણ હતા.* ગોળીબારોના અને ગોલંદાજીના ધૂમધડાકા વચ્ચે આકાશ પણ ગાજી ઊઠ્યું. બ્રિટન-અમેરિકાનાં કુલ મળીને ૪,૦૦૦ વિમાનોએ જોતજોતામાં હવાઇ મોરચો સર કરી લીધો. સિસિલીનું રક્ષણ કરવા ઇટાલિ અને જર્મની પાસે ફક્ત ૧,૫૦૦ વિમાનો હતાં, જેમની વ્યાપક ખુવારી થયા બાદ નાઝી સેનાપતિ ફિલ્ડ-માર્શલ આલ્બર્ટ કેસેલરિંગે બાકીનાં વિમાનોને પાછાં ખેંચી લીધાં.

ઇટાલિયન અને જર્મન સૈનિકો પણ આકાશી છત્ર વગર ભૂમિયુદ્ધમાં લાંબો સમય ટકી શક્યા નહિ. આક્રમણને ખાળવા માટે પૂરતી તોપો અને રણગાડીઓ પણ તેમની પાસે ન હતી. ભરતીના જુવાળની માફક આગળ વધી રહેલા જનરલ મોન્ટગોમેરીનાં અને મેજર-જનરલ પેટનનાં લશ્કરોએ તેમને પીછેહઠ કરવાની ફરજ પાડી. આ પીછેહઠ (અથવા તો વિજેતા લશ્કરોની આગેકૂચ) છએક દિવસ ચાલી. જર્મનીના ૬૦,૦૦૦ પૈકી ૪૦,૦૦૦ સૈનિકો છેવટે પોતાનાં ૧૦,૦૦૦ વાહનો, ૪૮ રણગાડીઓ, ૯૪ તોપો અને ૧૭,૦૦૦ ટન જેટલા પુરવઠા સાથે યુદ્ધમેદાન છોડી ઇટાલિની મુખ્ય ભૂમિ પર જતા રહ્યા. ઇટાલિયન સૈન્યના ૧,૯૫,૦૦૦ સૈનિકોમાંથી ૬૦,૦૦૦ જણા ફક્ત ૨૦૦ વાહનો સિવાય બધું પડતું મૂકીને નાસી છૂટ્યા. બાકીના સૈનિકો માર્યા ગયા અથવા તો જનરલ મોન્ટગોમેરીના કે મેજર-જનરલ પેટનના યુદ્ધકેદી બન્યા. બ્રિટન-અમેરિકાનું સંયુક્ત લશ્કર સવા મહિનામાં તો આખો સિસિલી ટાપુ સર કરીને ઑગસ્ટ ૧૭, ૧૯૪૩ ની સવારે ૬:૩૦ વાગ્યે તો ઉત્તર-પૂર્વના મેસિના બંદરે પહોંચી ગયું. (ઉપરનો નકશો જુઓ.) ઇટાલિની મુખ્ય ભૂમિ એ પછી તો હાથવેંતમાં જ હતી.

ઈટાલિ પર મિત્રદેશોનું ઝંઝાવાતી આક્રમણ




'ઑપરેશન હસ્કી'ની સફળતાનું એક પરિણામ એ આવ્યું કે ઇટાલિયન પ્રજાજનોએ તેમને યુદ્ધમાં ધકેલી દેનાર સરમુખત્યાર મુસોલિની સામે બળવો પોકારી તેને પદભ્રષ્ટ કર્યો. ઇટાલિનો સેનાપતિ માર્શલ બદોગ્લિયો તેની જગ્યાએ વડો પ્રધાન બન્યો. બ્રિટનની તથા અમેરિકાની સરકારોને લાગ્યું કે માર્શલ જો ઇટાલિને તેમની છાવણીમાં લાવી દે તો યુદ્ધ ખેલી નાહકનો રક્તપાત કરવો નહિ. પરંતુ એ વડો પ્રધાન નમતું જોખવા તૈયાર ન હતો. ઊલટું, વાટાઘાટો કરવામાં તેણે ઘણો સમય ખેંચી કાઢ્યો, જે દરમ્યાન મેજર-જનરલ પેટનનાં અને જનરલ મોન્ટગોમેરીનાં દળો સિસિલીના પૂર્વ કાંઠે રાહ જોતાં પડી રહ્યાં. આખરે સપ્ટેમ્બર ૩, ૧૯૪૩ ના દિવસે જનરલ મોન્ટગોમેરીના બ્રિટિશ સૈન્યે દરિયો ઓળંગી ઇટાલિની મુખ્ય ભૂમિ પર આક્રમણ શરૂ કર્યું.

પાંચ દિવસ પછી મેજર-જનરલ પેટનના અનુગામી જનરલ માર્ક ક્લાર્કની ફોજે પણ કૂચ આદરી. ખરો સંઘર્ષ ફીલ્ડ-માર્શલ કેસેલરિંગના જર્મન લશ્કર સાથે કરવાનો થયો. હિટલરના આદેશ પ્રમાણે કેસેલરિંગે ઇટાલિમાં આઠ ડિવિઝનો વડે જોરદાર ટક્કર આપી. હવે જર્મની માટે અસ્તિત્વનો સવાલ હતો. હિટલરને માઠા સમાચાર એ મળ્યા કે જનરલ આઇઝનહોવરના નેતૃત્વ હેઠળ બ્રિટન-અમેરિકા તથા તેના મિત્રદેશોનું સૈન્ય ફ્રાન્સના ઉત્તર કાંઠે નોર્મન્ડી પર હુમલો કરવાનું હતું, એટલે તેણે એ મોરચે સૈનિકો તથા શસ્ત્રસરંજામ મોકલવા પડ્યા. ઇટાલિની હરોળ કમજોર બની. જનરલ ક્લાર્કના અને જનરલ મોન્ટગોમેરીના ૫,૩૬,૦૦૦ સૈનિકો આસ્તે આસ્તે ઇટાલિની છેક ઉત્તર સરહદ સુધી ફરી વળ્યા અને ત્યાંથી જર્મની તરફ આગળ વધવાનું શરૂ કર્યું.

જર્મની પર આક્રમણનો બીજો પ્રવાહ વાયા ફ્રાન્સ આવ્યો. લેનિનગ્રાદ, કુર્સ્ક અને સ્તાલિનગ્રાદમાં વિજયી નીવડેલાં રશિયન દળોએ પણ હિટલરના પાટનગર બર્લિન તરફ કૂચ આદરી. ઇટાલિના, ગ્રીસ અને ફ્રાન્સના દક્ષિણી સાગરતટે કુલ મળીને પોતાની ૨૦ ડિવિઝનોને ચલકચલાણું રમાડી ચૂકેલો અને દ્વિધાનો માર્યો હજી રમાડતો હિટલર આવા સંજોગોમાં કયો મોરચો સાચવે ? ચારેક વર્ષ સુધી અણનમ રહેલું તેનું યુરોપી સામ્રાજ્ય આખરે સમેટાવા માંડ્યું. વિશ્વયુદ્ધ દરમ્યાન કુલ મળીને ૧,૧૭,૮૮૦ વિમાનો, ૯૫૪ સબમરિનો અને ૬૧,૭૦૦ રણગાડીઓ ઉપરાંત નાની-મોટી લાખો તોપો અને મશીનગનોનું ઉત્પાદન કરનાર હિટલરને છેવટે એ શસ્ત્રભંડાર કામ ન લાગ્યો !

* *બ્રિટનના તોછડા અને તુંડમિજાજી વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલે એમ કહેલું કે, 'I hate Indians... They are a beastly people with a beastly religion.' (હું ભારતીયોને ધિક્કારું છું... તેઓ જંગલી જનાવર જેવા છે અને તેમનો ધર્મ પણ જંગાલિયતભર્યો છે.) આ દુષ્ટના બ્રિટન માટે બીજા વિશ્વયુદ્ધમાં ૨૦,૦૦,૦૦૦ ભારતીયો લડ્યા અને હજારો મર્યા એ કેવું નિરર્થક બલિદાન હતું !*

૧૯૪૩ થી ૧૯૪૫ : યુરોપમાં નાઝી લશ્કરની પીછેહઠ



આ બધાં શસ્ત્રોને જેમણે હિટલર સામે લડીને તથા જાનનું બલિદાન આપીને ફોક ઠરાવ્યાં તે બહાદુર સૈનિકોની યાદ અપાવતાં કેટલાંય સ્મારકો આજે બ્રિટન, અમેરિકા, કેનેડા, રશિયા, ભારત, ફ્રાન્સ વગેરે દેશોમાં મોજૂદ છે. યોગ્ય તિથિ આવ્યે તેમને પુષ્પાંજલિ કરાતી રહે છે. એક સ્મારક સ્પેનના હ્યુલ્વા નગરના કબ્રસ્તાનમાં છે. સૌથી નામાંકિત તો એ હોવું જોઇએ, કારણ કે તેની નીચે પોઢેલા મેજર વિલિયમ માર્ટિને બીજા વિશ્વયુદ્ધમાં જે 'પરાક્રમ' કરી બતાવ્યું તેનો જોટો નથી. પરંતુ તેનું કબરરૂપી સ્મારક આજે સાવ અજાણ્યું ને અટૂલું છે. સાચું કહો તો અનામી પણ છે.

મેજર વિલિયમ માર્ટિન કોણ હતો ? કોઇ નહિ--અને છતાં કરોડોમાં એક હતો.■

નરમાંસ આરોગીને મોત સામે ઝઝૂમેલા બહાદુરોની રોમાંચક સત્યકથા...

જિંદગી જિંદગી



બાર હજાર ફીટ ઊંચે એન્ડિઝના બર્ફીલા પહાડોમાં ૪૫ મુસાફરો સાથે ફેરચાઇલ્ડ વિમાન તૂટી પડ્યું છે. સત્તર જણા તત્કાળ માર્યા ગયા છે અને બાકીના ૨૮ મુસાફરો માટે જિંદગી મોત જેવી બની ચૂકી છે. ઉનાળામાં બરફ પીગળે નહિ ત્યાં સુધી ગગનચુંબી શિખરોની કિલ્લેબંધીમાંથી બહાર નીકળાય તેમ નથી. સૌની જિજીવિષા પ્રબળ છે, પણ ખોરાક વિના જીવન ટકાવવું શી રીતે ?

એક તરફ ઊડવાની ત્રેવડ ખોઇ બેઠેલા વિમાનનો મૃતદેહ છે. બીજી તરફ મિત્રોનાં શબ પડ્યાં છે.

વિમાન તો તેમને બર્ફીલાં શિખરોના કેદખાનામાંથી ઉગારી શકે તેમ નથી, પણ મિત્રોનાં શબોનું માંસ તેમને થોડા દિવસ જીવાડી શકે ખરું !

આ જુગુપ્સાજનક પ્રસ્તાવ મૂકાય છે.

પ્રસ્તાવ સ્વીકારાય પણ છે !

--અને તે સાથે શરૂ થાય છે સ્તબ્ધ કરી દેતી સત્યકથા, જેમાં સત્ય હિમની જેમ ડંખે છે.

એક જ બેઠકે વાંચી જવા મજબૂર કરે તેવી થ્રિલરકથાનો અનુભવ કરાવતી કલમનું નામ છે--

વિજયગુપ્ત મૌર્ય

સંપાદન : નગેન્દ્ર વિજય

કુલ પાનાં : ૧૦૪ — આજે જ આપના ફેરિયા પાસે 'જિંદગી જિંદગી'નો અંક માગો. દરેક જાણીતા બૂક-સ્ટોલ પર પણ મળે છે. — કિંમત રૂા.૫૦/-